પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક ર.મ.રા.

તંત્રી
ધીરુ પરીખ

માર્ચ ૨૦૦૪
અંક ક્રમાંક : ૩

વર્ષ ૭૭મું
સળંગ અંક : ૯૧૫



તસવીર] હોલી આઈ રે [હેમેન્દ્ર એ. શાહ

નટુ પરીખનાં ચિત્રો





આ બંને ચિત્રો ચિત્રકારની પારંપરિક અને પ્રયોગશીલ શૈલીનાં સુભગ નમૂનાઓ છે. પ્રથમ ચિત્ર તૈલરંગથી બનાવેલું છે અને આધુનિક શૈલીએ પ્રતિબિંબો દર્શાવી સુચારુ સંયોજના ઊભી કરે છે. બીજા ચિત્રમાં જલરંગોથી વાસ્તવિક શૈલીએ ફૂલવારવાઝ ચિતરાયું છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૭મું — અંક ૩

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ટ્રસ્ટીઓ
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

માર્ચ ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૩

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૧૫

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૧૦ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપિરાઈટથી સુરક્ષિત છે.

વાચકો લખે છે

જાન્યુઆરી, ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં સ્વ. અશોક હર્ષની જીવન-ઝરમરમાં કાન્તિભાઈ રામીએ 'નવજીવન ટ્રસ્ટ સ્થાપિત અને ગાંધીજી પ્રેરિત પ્રજાબંધુ'માં સ્વ. અશોક હર્ષ જોડાયા હોવાનો ઉલ્લેખ છે, પરંતુ વાસ્તવિકતા તો એ છે કે 'પ્રજાબંધુ'ની સ્થાપના છેક ૧૮૯૭માં સ્વ. ભગુભાઈ ફતેચંદ કારભારીએ કરી હતી અને માત્ર છ માસમાં જ સ્વ. ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરને વેચી નાખ્યું હતું. 'ગુજરાત સમાચાર'ના સ્થાપક તંત્રી સ્વ. ઈન્દ્રવદન બળવંતરાય ઠાકોર (ભૂરુભાઈ) ૧૯૨૬માં ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા પછી 'પ્રજાબંધુ'માં જોડાયા હતા અને પોતાના પિતાશ્રી સ્વ. બળવંતરાય પરમોદરાય ઠાકોર, સ્વ. ઠાકોરલાલ પરમોદરાય ઠાકોર, સ્વ. નરભેરામ ઠાકોર વગેરેની બનેલી 'પ્રજાબંધુ સિન્ડિકેટ' દ્વારા લેવાયેલા નિર્ણય અનુસાર ૧૯૩૨માં નવા જ શરૂ થનાર 'ગુજરાત સમાચાર' દૈનિકનું સુકાન સંભાળ્યું હતું. તે સમયે 'પ્રજાબંધુ સાપ્તાહિક' અને 'ગુજરાત સમાચાર' જેઠાભાઈની પોળ, ખાડિયા ખાતેથી મુદ્રિત અને પ્રકાશિત થતાં હતાં. ત્યાર બાદ 'પ્રજાબંધુ પ્રેસ'નું સ્થળાંતર રેવડી બજારમાં અને છેક ઈ.સ. ૧૯૫૦ના ઑક્ટોબરમાં ખાનપુર ખાતે થયું હતું. નવા મકાન પાછળના જંગી ખર્ચ અને બેવડા એસ્ટાબ્લિશમેન્ટ ખર્ચને લીધે નાણાંકીય ભીંસ વધતાં સ્વ. ઈન્દ્રવદન બ. ઠાકોર વહીવટ છોડીને બૅંગ્લોરમાં સ્થાયી થયા હતા અને ત્યાં 'ડેક્કન હેરલ્ડ'માં જોડાયા હતા.

સ્વ. ઈન્દ્રવદન બ. ઠાકોરના પિતાશ્રી સ્વ. બલ્લુભાઈ ઠાકોરે પણ ૧૮૯૮થી કેટલાંક વર્ષો 'પ્રજાબંધુ'માં કામ કર્યું હતું. સ્વ. બલ્લુભાઈ ઠાકોરને સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલે પોતાના જાહેર જીવનના આધારરૂપ ગણાવ્યા હતા.

ગુજરાતી પત્રકારત્વના સિતારાઓમાં અવારનવાર માત્ર સ્વ. અમૃતલાલ શેઠ અને સ્વ. કક્લભાઈ કોઠારીના જ ઉલ્લેખ થતા જોવા મળે છે, જાણે કે આઝાદીની લડત દરમ્યાન અમદાવાદમાંથી કોઈ જ વર્તમાનપત્ર નીકળતું જ નહિ હોય! ૧૯૨૩માં સ્વ. નંદલાલ ચુનીલાલ બોડીવાળાએ 'સંદેશ' દૈનિકનો આરંભ કર્યો હતો અને તેની યે પહેલાં સ્વ. ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરનું સાપ્તાહિક 'પ્રજાબંધુ' સન્માનનીય પત્ર હતું. 'પ્રજાબંધુ' અને તેની સાથોસાથ 'ગુજરાત સમાચાર' દૈનિકે અંગ્રેજો સામેની લડતમાં સક્રિય ભાગ લીધો હતો અને ઘણું વેઠ્યું પણ હતું.

આમ, 'પ્રજાબંધુ'ને નવજીવન ટ્રસ્ટ સાથે સ્નાનસૂતકનો સંબંધ નહોતો કે તે મહાત્મા ગાંધી-પ્રેરિત પણ નહોતું. અલબત્ત, આઝાદીની ચળવળમાં ગાંધીજીને 'પ્રજાબંધુ' અને 'ગુજરાત સમાચાર' બંનેનો ખાસ્સો ટેકો સાંપડ્યો હતો. - *કૌશલ. દિ. ઠાકોર, (ડી-૩, ડિલક્સ અપાર્ટમેન્ટ્સ, જૂના શારદામંદિર પાસે, નેતાજી માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬)*

*

'કુમાર' હવે જૂના રૂપરંગે નવા સ્વરૂપે પ્રકટ થઈ રહ્યું છે. 'કુમાર' નામાક્ષરની પણ સુંદર રજૂઆત થતી રહે છે. અભિનંદન. 'કુમાર' સળંગ અંક ૯૧૩ જાન્યુઆરી ૨૦૦૪ના મુખપૃષ્ઠ ઉપર પ્રસિદ્ધ ચિત્રનાં સર્જકનું નામ બેનબેરી લખ્યું છે. જ્યારે 'કુમાર' સળંગ અંક ૬૪૬ ઑક્ટોબર, ૧૯૭૭ (પાના નંબર ૩૨૯) ઉપર ગાંધી વ્યંગચિત્ર સંગ્રહના લેખમાં આજ ચિત્ર નાનું પ્રસિદ્ધ થયેલ છે. જે ચિત્ર માટે (રેંટિયાના સૂર વગાડતા ગાંધીજી) (ચિત્રકારઃ 'ચકોર') નોંધ લખી છે. દ્વિધા થઈ! સાચો ચિત્રકાર કોણ? સ્પષ્ટતા કરશો? - હરિભાઈ ટંડેલ, *(નંદનવન, વિજલપોર, નવસારી - ૩૯૬૪૫૦)*

(આ સાથે એ જ ચિત્ર મૂક્યું છે જે ૧૯૪૧માં 'બૉમ્બે આર્ટ સોસાયટી'ના વાર્ષિક પ્રદર્શન નિમિત્તે બહાર પાડેલા સુવેનીરમાં બેનબેરીના નામ સાથે છપાયું હતું. શક્ય છે કે ૧૯૭૭ના અંકમાં શરતચૂકથી સદ્ગત 'ચકોર'ના નામનો ઉલ્લેખ થયો હોય. - તંત્રી)



*

'કુમાર' અને મારો સંબંધ લગભગ ૧૯૫૦થી ઘણો જૂનો અને ગાઢ છે. મારા ઘડતરમાં એનો સારો એવો ફાળો છે. આજે પણ એ જ હોંશથી હું એનું વાચન કરું છું. આ સાથે મારી શુભેચ્છારૂપે રૂ. ૫૦૨૬/-નો ટ્રસ્ટને દાનનો ચેક મોકલું છું. - શ્રી આર.એલ.બક્ષી, *(સી-૨૩-૨૪, મોદીનગર આદર્શ સોસાયટી, કાંદીવલી (વે.) મુંબઈ - ૪૦૦ ૦૬૭.)*

જશો ન ભૂલી/*રાજેન્દ્ર શાહ*
(વનવેલી)

જશો નહીં, પ્રિય, ભૂલી.
રહેલ આપણ સમયથી પર થઈ
પ્રણય-ઝૂલણે ઝૂલી.

જશો દૂર અનિવાર્ય નિમિત્તે -
-ચહું સુભગ તવ પન્થ; -
- 'વિરહ-માધુરી, સુરત લીન હો' -
વરદ બોલ વદી કન્થ.
ત્હમે નિરન્તર અદીઠ તોયે
એકલ હું ન અટૂલી.

આ એકાન્ત નિલયને ઊપજી
વિહગ કૂજ-કુહુ રમણા.
જાગરણે તન્દ્રા મહીં કેવાં
હશે ઊભરતાં શમણાં ?
પદે પદે નજરે ધરશે ગત
પરાગ-સંયુત ધૂલિ.

એમ થવાશે ન્યાલ.../*કિરીટ ગોસ્વામી*

એમ થવાશે ન્યાલ...
થોડામાંથી થોડું સૌને યાર, વ્હેંચતો ચાલ !

'મારું-તારું'ની મૂકી દે સાવ બધી મોકાણ,
મજિયારી છે સઘળી મિલકત; સત્ય એટલું જાણ !
ખુદની ચિંતા જેમ હૃદયમાં રાખ બધાંનો ખ્યાલ ! એમ૦

કોઈનો રાજીપો દેખી, રાજી ખુદને રાખ,
ઈર્ષ્યાના અક્ષર મનમાંથી જલદી ભૂંસી નાખ;
ક્યાંય ન ઊગે નફરત, તું બસ, વાવ એકલું વહાલ ! એમ૦

જીતી ગૈ અધઘડી... !/*ઊજમશી પરમાર*
(ગાન)

જણસ કૈં ઝીણી ઝીણી જડી
નામરટણના સાટે જાણે નવનિધિ સાંપડી.

તદાકાર થૈ જાવા કેરી ટેકરીઓ ફૂલવંતી,
ધ્યાન તણી સૌ ઢેલ ચિત્તમાં આવી ગૈ ઢળકંતી,
અજબ અલખની લ્હેરખડીની વ્હેતી થૈ વા-ઝડી.

દેઈ તણી દીવી થૈ જાશે, હતી ખબર ગઈ કાલે ?
ઝાળ તણી શગ ઊભી થીર, થૈ જાશે હરિ હવાલે ?
કૈંક જુગો ફાવ્યા નહીં, ત્યાં આ જીતી ગૈ અધઘડી !

વસંત પંચમીના પૃથ્વીરંગ/*ઉશનસ્*
(હરિણી•સૉનેટ)

નવલ દિનના ઊગ્યા સાથે રતુંબડ આભમાં
તરત ક્ષિતિજે પ્રાચીપ્હાડો પરે જયહીં ડોકિયું
મધુર રવિએ કીધું નીચે યુવાવય ચોંકિયું,
હલમલી ઊઠ્યું પૃથ્વીહૈયું સૂકાભઠ દાભમાં !
સૂરજમુખી-શી આંખે એણે સુલજ્જિત પોપચું
જરીક ઊંચક્યું લજ્જાભારે ઢળ્યું હતું તે, ઊંચે;
પુરુષ નીરખ્યો ત્યાં તો પેલો યુવારવિ સંમુખે !
મધુર મનમાં કો અંજાણ્યું તુફાન રૂંરૂં મચ્યું !

કમલ સરીખા પ્રાતઃફૂલે સ્વયં ફૂલી સૂર્યમાં !
શતશતદલે ખુલ્લી થૈ ગૈ પહાડી જ પાંખુરી !
દલદલની વચ્ચે પર્વોમાં તૃણશ્રી હરીભરી !
સ્મરથી રતિ-શી સેવાતી રૂહે ધરા રવિવીર્યમાં !
પછીથી વરણાતું રંગોમાં બધું જ અસંગિયું:
નીલ ગગન ભૃંગે વર્ણાઈ થયો શું પતંગિયું !

હર્ષિત રાખજે/*'પ્રણય' જામનગરી*
(મુક્તક)

હો જરૂરી ત્યાં ઉપસ્થિત રાખજે
હું વ્યવસ્થિત છું, વ્યવસ્થિત રાખજે
સ્પર્શ પણ ના થાય અહીં સંતાપનો,
મારા મનને નિત્ય હર્ષિત રાખજે.

... પકડાતી નથી /*યોસેફ મેકવાન*
(ગઝલ)

શબ્દ ખીલ્યા અર્થની ચાલ પકડાતી નથી,
કાવ્યની ક્યારેય તે નાડ પકડાતી નથી.

યુગયુગોથી ચાંદની પાથરીને બેસતો
ચંદ્ર આકાશે છતાં રાત પકડાતી નથી.

સાથમાં તો તું જ છે પણ ક્યાં અલગ ક્યારે પડી ?
એક તારી એટલી એ યાદ પકડાતી નથી.

હું ઉકેલી દઉં ઘડીમાં હોય જો મારી ભણી
પણ પડી તારા તરફથી ગાંઠ પકડાતી નથી.

આ પવન જુસ્સો કરીને જેમ ધસતો જાય છે.
તે છતાં સાહેબ, એ ડાળ પકડાતી નથી.

ભૂલા પડો/*ધીરુ પરીખ*

હરિ તમે ભૂલથીય ભૂલા પડો;
આ તરફ ભૂલથીય ભૂલા પડો.

નરસિંહ મીરાં દયારામ છો હોય તમારાં ભક્તો,
અમેય તે કૈં નથી વાપર્યા ઓછા શબ્દ સશક્તો !
જરી આવીને કલમ-કુબ્જાને અડો.
હરિ તમે ભૂલથીય ભૂલા પડો.

હરિ તમારા વગર શબ્દ સૌ સહુને લાગે અડવા,
સાકર શેરડી સ્વાદ ત્યજી ઘોળે છે લીમડા કડવા;
હરિ, તમે જ ફૂંકી આંધીમાં તમે જ ક્યાંથી જડો ?
હરિ તમે ભૂલથીય ભૂલા પડો.

જો હોય તો છોડી જવું છે/*અશોક ચાવડા 'બેદિલ'*
(ગઝલ)

યાદનું પ્હેરણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે,
આખરી વળગણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે.

કેટલાં વરસો થયાં છે તોય એકલતા અહીંથી એક ડગ ચાલી શકી નહિ,
ભીંત પરથી ક્ષણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે.

આયનામાં ડોકિયું કરવા જતાં સૌ બિંબ ચાલ્યાં જાય છે મોં ફેરવીને,
હું જરા સગપણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે.

જિંદગી ને મોત વચ્ચે ક્યારનો ઊભો છું હું, થાકી ગયો છું, સાંભળો છો ?
કાંધ દો, ખાંપણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે.

શક્યતા એકે નથી પ્હેલાં સમું વાતાવરણ આજે ફરી ઘેરાય 'બેદિલ',
પાંપણેથી રણ ઉતારી જોઉં છું, કૈં છે ખરું ! જો હોય તો છોડી જવું છે.

ઝરૂખો

દરવાજો સાંકડો અને પંથ સંકુચિત

રાધેશ્યામ શર્મા

જીવનની ગતિ અને સ્થિતિ વિચિત્ર છે. વિશાળતાને પામવા માટે સાંકડી ગલીમાંથી પણ ગુજરવાની ઘડી આવશે. ભાવિ જીવનની આ જ કસોટીભરી આકરી અને અકારી શરત છે. માટે સંત મૅથ્યૂ બોલ્યા છે :

મારું માથું
વાઢવા માટે
તારી તલવાર
કટાયેલી છે.
- હાઇકુન

દરવાજો સાંકડો છે
અને
રસ્તો સંકુચિત
જે દોરી જાય
જિન્દગી ભણી

ઉપરનું વાંચીને સવાલ થાય કે બધા દરવાજા શું સાંકડા જ છે ? મોકળો માર્ગ જ નથી અહીં ? ત્યારે મૅથ્યૂ પાછા બોલ્યા છે :

પહોળો દરવાજો છે
રસ્તો વિશાળ
જે દોરી જાય
વિનાશ ભણી...

સંતોની વાણી ક્યારેક સવળી જમનાને બદલે અવળી ગંગા જેવી જણાય. પણ મર્મ એનાં ઊંડા છે.

તીર્થસ્થાનોમાં પાપ-પુણ્યની બારીનો અનુભવ કર્યો હોય તો મરમીનાં વચનોનો ધ્વનિ પમાય. પથ્થરો વચ્ચે સાવ સાંકડી બારી જડી હોય છે. એ બારીમાંથી પસાર થાઓ તો પુણ્યવાન અને પસાર ના થઈ શકો તો પાપવાન ! બારી એક પણ કામ બેનાં આપે. ટૂંકમાં, સ્વર્ગ અને નરક એકબીજાંને અડકીને ઊભાં છે. માત્ર નગર પહોંચવી ઘટે.

ગુરુ હાઇકુન પાસે એક નોબુશિગે નામે સરદાર પહોંચ્યો ને ધૂંશભર્યો પૂછી બેઠો :

'શું સ્વર્ગ અને નર્ક જેવું ખરેખર છે ખરું ?'

ગુરુ : 'તમે કોણ છો ?'

નોબુશિગ : 'સમુરાઈ સરદાર છું.'

ગુરુ : 'તું સેનાપતિ છે ? તારો ચહેરો તો એક ભિખારીનો છે !'

સરદારનો હાથ તલવાર પર પડતાં ગુરુ કહે : 'મારું મસ્તક વાઢવા તારી તલવાર કટાયેલી છે !'

ત્યાં તો સરદારે સાચે જ સમશેર તાણી એવા ગુરુ બોલ્યા : 'જોઈ લે આ નરકનો દરવાજો ! ઊઘડ્યોને ?' તલવાર મ્યાન કરી એટલે ગુરુ ઉવાચ :

'જોઈ લે આ સ્વર્ગનાં દ્વાર ! ખૂલી ગયાંને ?!'

❑

હીરાલાલ ભગવતીની ચિરવિદાય

'કુમાર' સાથે જેમનો લગભગ અર્ધી સદીથી સક્રિય સંબંધ હતો તે 'કુમાર કાર્યાલય લિમિ.' અને 'કુમાર ટ્રસ્ટ'ના ચૅરમેન હીરાલાલ હ. ભગવતીના ૪થી માર્ચ ૨૦૦૪ના રોજ થયેલા અવસાનથી 'કુમાર'



પરિવાર ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે. સદ્‌ગત હીરાભાઈનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણા નગરમાં ૧૯૧૦ના મે મહિનાની ૧૪ તારીખે શિક્ષકપિતા હરિલાલ અને માતા સંતોકબાને ત્યાં થયેલો. તેમણે પ્રાથમિક શિક્ષણ મહેસાણામાં અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં પ્રોપરાઇટરી તથા ટ્યૂટોરિયલ હાઈ સ્કૂલમાં લઈ ૧૯૩૦માં ગુજરાત કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે બી.એ.ની ઉપાધિ મેળવી હતી.

ઈ.સ. ૧૯૩૨થી તેમણે વ્યાવસાયિક કારકિર્દી તરીકે વેપારક્ષેત્રમાં સક્રિયતા દાખવી અને વિવિધ સંસ્થાઓના વિવિધ હોદ્દાઓ શોભાવ્યા હતા. ગુજરાત ચૅમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝના નવ વર્ષ અધ્યક્ષ રહ્યા. મસ્કતી કાપડ માર્કેટ મહાજન, અમદાવાદ પાંજરાપોળ, બહેરામૂંગાની શાળા, અંધકન્યા પ્રકાશગૃહ, 'કુમાર ટ્રસ્ટ', સંકટ નિવારણ સોસાયટી, દુષ્કાળ રાહત સમિતિ, ગુજરાત કૅન્સર સોસાયટી, ગુજરાત લૉ સોસાયટી, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આદિમાં અધ્યક્ષ–ઉપાધ્યક્ષ–ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી માનદ્ સેવાઓ આપી.

હીરાભાઈનું વ્યક્તિત્વ નિખાલસ અને નિર્દંભ હતું. સ્વભાવ સરળ અને સ્નેહભર્યો વ્યવહાર. સમાજમાં ક્યાંય પણ આપત્તિ આવી પડી હોય તો હીરાભાઈ હાજર જ હોય. આ એમની ગાંધીવિચારધારાએ આપેલી દીક્ષા હતી. એમનાં કાર્યો અને નિસ્વાર્થ સેવાભાવનાથી લોકો એમને કદીય ભૂલશે નહિ. એક રીતે જોવા જઈએ તો તેઓ આપણી મહાજન પરંપરાના એક અંકોડા સમાન હતા. એમને નાટ્યકલામાં પણ ઊંડો રસ હતો. ૧૯૩૩ના ગાળામાં 'રંગમંડળ'ની અવેતન રંગભૂમિની સ્થાપનાકાળથી તેની સાથે હતા, અને અનેક નાટકોમાં ચં.ચી.મહેતા, વિનોદિની નીલકંઠ આદિ સાથે પ્રશંસનીય અભિનય પણ કર્યો હતો. એમની વ્યાપક સમાજસેવાને કેન્દ્રમાં રાખી ૧૯૯૮નો 'વિશ્વગુર્જરી અવૉર્ડ' એમને એનાયત થયો હતો.

'કુમાર'ને ધબકતું રાખવામાં, એના સ્થગિતકાળ પછી પુનઃ ચાલુ કરવામાં, અને ત્યાર પછી સતત એને સહાય આપતા અને લાવી આપતા. એમના જવાથી આપણા સમાજસેવાના ક્ષેત્રે એક સંનિષ્ઠ કાર્યકરની ચિરકાલીન ઊણપ વર્તાશે. 'કુમાર' પરિવાર એમને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પે છે. – ધીરુ પરીખ

કેન્સર સામે લડતો જીવનયોદ્ધો



માઇક મિલ્કન

પ્રફુલ્લ રાવળ

કેન્સરનું નિદાન થાય પછી મનુષ્યને જીવનમાં કેટલો રસ હોય ? લગભગ નહીં જેવો; અને રસ હોય તે પણ માત્ર પોતાના રોગમાંથી મુક્ત થવાનો. વિજ્ઞાનની પ્રગતિ પછી પણ કેન્સરની જાણકારી બાદ મોટા ભાગે આજે પણ માણસ ગભરાઈ જાય છે. એક ક્ષણમાં જીવન અંધકારમય બની જાય છે. ચિંતા ચારેબાજુથી ભીંસ કરે છે. આવી પરિસ્થિતિમાં કશું નવું કરવાનું તો સૂઝે જ ક્યાંથી ! ઇચ્છા પણ શેની થાય ! પરંતુ સહુ એવા ન પણ હોય. કેટલાક રોગનો પ્રતિકાર કરે તો કેટલાક પડકાર કરે. પછી એમનું જીવન યુદ્ધ બની રહે. પરંતુ કેન્સરમાં ઘેરાયેલો કોઈ માણસ રચનાત્મક કાર્યો તરફ મન વાળે તેને તો વિરલ જ કહેવો પડે. માઇકલ. આર. મિલ્કન એવો વિરલ પુરુષ છે. એ માઇક મિલ્કન તરીકે ઓળખાય છે. આ માણસ જ તદ્દન અલગ પ્રકૃતિનો. એણે જાણ્યું કે એના રોગનું નામ છે કૅન્સર. તે ય પાછું જનનેન્દ્રિયનું - અંતિમકક્ષાનું. તો પણ ન એ ગભરાયો, ન ચિંતામાં પડ્યો કે ન હાર્યો. નથી ગાતો એ રોગનાં ગાણાં કે નથી એ નિરાશ થઈને બેઠો. આજે ય એ પ્રવૃત્તિશીલ છે. પૂરા ઉત્સાહથી અને જોશથી એ પ્રવૃત્તિ કરે છે. એ ભૂલી ગયો છે પોતાનો ભૂતકાળ. એનો ભૂતકાળ પણ કેવો ! ખરડાયેલો. વૉલ સ્ટ્રીટનો આ ગુનેગાર જેને સફેદ ઠગ જ કહેવાય. તેણે પોતાના ગુના બદલ જેલ ભોગવી પણ છે. પરંતુ એ તો એના અતીતની કથા. આજે તો એનો ઓળો જોવાની ઇચ્છા પણ એને થતી નથી. અરે, એનું કોઈ સ્મરણ કરાવે તો પણ એને ગમતું નથી. એનો પ્રતિભાવ આવો છે - ('It is better to focus on the future, that is what gives me energy') 'ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું વધારે સારું છે, કે જે મને શક્તિ આપે છે.' મિલ્કન જ્યારે જેલમાં હતો ત્યારે અતીતના સંદર્ભે વાત કરવાનું ટાળતો હતો. ત્યાં પણ એ દુઃસ્વપ્નને ભૂલીને 'કશુંક રચનાત્મક' કરવાની એની મનીષા હતી. આ 'કશુંક રચનાત્મક' એ કૅન્સરમાંથી મનને અન્યત્ર વાળવાની ગતિ હતી. એ જેલમાં રહ્યે રહ્યે પોતાની શિક્ષણકંપની ઊભી કરવાની યોજના કરતો રહ્યો હતો.

ઈ.સ. ૧૯૯૩માં જ્યારે મિલ્કનને ખબર પડી કે એને કૅન્સર છે અને ડૉક્ટરના કહેવા મુજબ તે વર્ષ-દોઢ વર્ષથી વધુ જીવી શકે તેમ નથી ત્યારે રોગના શરણે જવાના બદલે, નિરાશ થવાના બદલે, તેણે સામો પ્રહાર કર્યો. ડગ્યા વગર પોતાના રોગ વિષેનું સાહિત્ય વાંચ્યું અને એમાંથી ઉપચાર શોધવા પ્રયત્ન કર્યો. યોગ કરવાનું સ્વીકાર્યું. ધ્યાન ધરીને રોગને ખાળવાનો યત્ન કર્યો. તદ્દન શાકાહારી બની ગયો અને વિકાસ પામતું કૅન્સર સ્થગિત થયું. થોડોક ઘટાડો થયો. મિલ્કને ડૉક્ટરને ખોટા સાબિત કર્યા. એ મૃત્યુને નહીં પણ જીવનને વર્યો. ચમત્કાર થયો કહેવાય કે એના કૅન્સરમાં ઘટાડો થયો. આજે મિલ્કન જીવે છે એટલું જ નહીં પૂર્ણ પ્રવૃત્તિમય જીવન જીવે છે. મિલ્કન અત્યારે મોટો વેપારી છે. એણે તેના એક્સ આકારના ટેબલ પરથી નાણાંકીય પદ્ધતિનું આમૂલ પરિવર્તન કરી નાખ્યું. એની પદ્ધતિ ન્યારી છે. જો એ રોગથી હેબતાઈ ગયો હોત તો જીવ્યો ન હોત, ન એ કશું પામત કે ન તો સમાજને કશો ફાયદો થયો હોત. આજે એ જ્ઞાનવિશ્વ દ્વારા તેમજ અન્ય સાહસથી લોકોમાં ખાસ્સો પરિચિત છે. આ બંને સાહસો એ મિલ્કનને નવો આધાર આપે છે. અને એ પોતાની રીતે એ સાહસોને ગતિમય રાખે છે.

મિલ્કનનો જન્મ ૧૯૪૬માં થયો હતો. બાવીસ વર્ષની વયે ૧૯૬૮માં એણે લોરી સાથે લગ્ન કર્યાં હતા. એના પિતાનું મૃત્યુ કૅન્સરથી થયું હતું. એનું યૌવન વિવાદસ્પદ રહેલું. એની બહેનનું નામ જૉની નૉહ. એ મિલ્કનની સાથે જ પ્રવૃત્તિમય રહી છે.

મિલ્કને જ્યારે પોતાને કૅન્સર હોવાનું જાણ્યું ત્યારે જેમ રોગ વિષેની જાણકારી માટે પ્રવૃત્ત થયો હતો તેમ પછીથી એણે મહત્ત્વનું કામ કૅન્સર પર સંશોધન કરાવવાનું કર્યું. કૅન્સરથી પીડાતાં દર્દીઓને માટે કશોક ઇલાજ મળી રહે તેવી એની ઇચ્છા હતી. સંશોધન માટે આર્થિક સવલત જરૂરી હતી એટલે મિલ્કને ૭૫ મિલ્યન ડૉલર ભેગા કર્યા. વળી, નિયમિત રૂપે ટી.વી. ચૅનલ પર કૅન્સરમાંથી સાજા થવા અંગેનું માર્ગદર્શન આપવાનું કામ કર્યું. આ કામ પાછળ એનું લક્ષ્ય હતું પોતાનું પાછલું જીવન ભૂલીને નવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનું. આમેય કૅન્સરમાંથી તે

ઊગરી ગયો એ એનો પુનર્જન્મ જ હતો. આ નવા જન્મને એણે અર્થપૂર્ણ બનાવ્યો છે. એ દિવસના પંદર કલાક કામ કરે છે. કૉફી, દારૂ કે સોડાને સ્પર્શ સુધ્ધાં કરતો નથી. એની કિશોરાવસ્થા સરળ હતી. સંપૂર્ણતા તરફની એની ગતિ પ્રેરક અને સૂચક હતી. એક પ્રકારનું પાગલપણું હતું. એનું બાળપણ કોઈપણને પોતાના બાળકને દિશા ચીંધનારું લાગે. 'જ્ઞાનવિશ્વ'ના એના પ્રકલ્પ માટે ઈ.સ. ૧૯૯૭માં મિલ્કને જોસેફ કોસ્ટેલ્લોની નિમણૂક કરી હતી. એણે મિલ્કન વિષે કરેલું નિરીક્ષણ મિલ્કનના વ્યક્તિત્વનો ખયાલ પ્રસ્તુત કરે છે. એણે દર્શાવ્યું છે, 'મિલ્કન મહેનતુ, વફાદાર, મહાન શ્રોતા, ઉદ્દેશપૂર્ણ, ખંતીલો, આશાવાદી અને ભૂલો પ્રત્યે ઉદાર છે.' મિલ્કનની સાચી ઓળખ આ એક વાક્યમાં વ્યક્ત થઈ છે.

મિલ્કને લગ્નપૂર્વે ઓગણીસ વર્ષની વયે જીવનમાં પ્રગતિ અર્થે જે સૂત્ર બનાવ્યું હતું તે જીવનમાં પ્રગતિની આકાંક્ષા કરનાર કોઈ પણ વ્યક્તિ માટે ખપ લાગે તેવું છે. સાન્ટા મૉનિકાની એની ઓફિસમાં એક સફેદ બૉર્ડ પર સૂત્ર લખ્યું છે : P = EFT. આ P એટલે Prosperity અર્થાત્ સમૃદ્ધિ. સમૃદ્ધિ એ નાણાકીય હુન્નરશાસ્ત્રનો સરવાળો છે. EFT અર્થાત્ Entire Financial Technology સંપૂર્ણ નાણાકીય હુન્નર. જેમાં HC = Human Capital માનવીય સંપત્તિ, SC = Social Capital સામાજિક સંપત્તિ અને RA = Real Assets સાચી સંપત્તિનો સમાવેશ થાય છે. મિલ્કન આ સૂત્ર ત્વરાથી વાંચી નાખે છે. આ સૂત્ર એ જ એની સફળતાનો આધાર છે. જ્યાં પણ મિલ્કન પોતાનું વ્યાખ્યાન આપે છે કે વાર્તાલાપ આપવા જાય છે ત્યાં આ સૂત્ર અચૂક રજૂ કરે છે. અને સૂત્રને વિસ્તારથી સમજાવે છે. આથી એ પ્રશંસા પામે છે. આ સૂત્રને આધારે મિલ્કને ઈ.સ. ૧૯૬૫માં વોટ્સના રમખાણ પછી શરાફી રોકાણક્ષેત્રે ધંધો કર્યો. એણે રોકાણ અને ધિરાણનું અમેરિકન સ્વપ્ન કેવી રીતે નષ્ટ પામ્યું તેનો અભ્યાસ કર્યો હતો. તેથી તેના સંદર્ભે મિલ્કને પોતાના ધંધાનું આયોજન ગોઠવ્યું અને સફળ થયો. એનું 'The World According to Mike' ખૂબ પ્રચલિત થયું છે. એણે નાણાંકીય હુન્નરતંત્ર અને લોકશાહીની હિમાયતનું ભંડોળ એ બે પર પ્રકાશ પાડ્યો, જે અન્ય લોકોમાં એના Junkbond સામ્રાજ્યના સર્જન તરીકે પ્રચલિત બન્યું. એ સમયનો - એ પ્રવૃત્તિનો અંત આવ્યો. તે એની નોકરીમાંથી હકાલપટ્ટી કે જેલમાં જવાનું બન્યું હોવાથી નહીં પરંતુ એને જે કોયડો મૂંઝવતો હતો તેનો ઉકેલ મળી ગયો. ટેડ ટર્નર અને વિલિયમ મૅક્ઓવનના Turner Broadcasting અને MCI Communicationsની જેમ એણે લોકોને મદદ કરવા માંડી. આ પદ્ધતિના અંત પછી મિલ્કને પોતાનું ધ્યાન 'જ્ઞાનના માર્ગ અને સામાજિક ભંડોળના માર્ગ' તરફ વાળ્યું. કૅન્સર અંગે સંશોધન એ પહેલું પગથિયું હતું. પછી આવી શિક્ષણ વિષેની વાત અને ત્યાર બાદ લોકનીતિ-લોકકલ્યાણની પ્રવૃત્તિમાં રસ જોતર્યો. આવી પ્રવૃત્તિ પાછળ જેલજીવન ભૂલીને નવું જીવન જીવવાનો આશય હતો. જૂના ઘાવને પાટાપિંડી કરવાની વૃત્તિ નહીં પણ નવી દિશા પ્રતિ ગતિ કરવાનો આશય હતો. મિલ્કન આમ કરી શક્યો છે. એ એની આત્મસિદ્ધિ છે. એ કકડભૂસ તૂટી પડ્યો અને પાછો ઊભો થયો એ એના જીવનનું ઊજળું પાસું છે. માનીએ એટલું એ સહેલું નથી, પરંતુ સતત દસ વર્ષ લગી વણથંભ્યા પરિશ્રમનું એ સુફળ છે. મિલ્કન ૧૯૮૦માં તો દિશાશૂન્ય બની ગયો હતો. પરંતુ એના ખયાલ ઊંચા હતા. આજે પણ નીચું નિશાન રાખવાની વૃત્તિ એની નથી. અલબત્ત, એક ગ્રાહકે કહ્યું છે, 'તમે માઈક પાસેથી સંપૂર્ણ નિખાલસતા ન મેળવી શકો.' એનો નજીકનો જૂનો સાથીદાર માને છે, 'તે કદી વિચારે નહીં કે તેણે પોતાની જિંદગીમાં ગણિતનો કોયડો ખોટો ગણ્યો હતો. કબૂલાત અંગે ભૂલી જાય, તેણે કાયદેસરની અને નૈતિક ભૂલ કરી હતી.' જેમણે ભંડોળના ક્ષેત્રમાં પ્રવેશ નથી કર્યો તેવાં લોકોને શરાફી રોકાણ-ધિરાણ ક્ષેત્રે મદદ કરવાનો એનો માર્ગ હતો. એ દૃષ્ટિએ મિલ્કન અન્યથી અલગ છે. એની બધી પ્રવૃત્તિ પાછળ પૂર્વજીવન પાછું મેળવવાની એષણા જ રહેલી છે. ધીરજપૂર્વક પોતાના વિચારોને આધારે એ જીવન જીવે છે. એનું દૈનિક જીવન જોઈને લાગે કે જાણે એ રૉબોટ ન હોય ! એ પ્રત્યેક ક્ષણનો વિનિયોગ કરે છે. આળસ તો એને સ્પર્શે પણ ક્યાંથી ! જાણે એ અવાસ્તવિક પરિવેશનો માણસ છે ! તેના કાર્યની નોંધ લખી એ અનેકને પ્રેરણા આપી શકે. પોતાને ગમતું વ્યક્ત કરવા એ ડરે છે કારણ કે એનો અતીત સતત એને રંજાડતો રહે છે. એ એના ભૂતકાળથી ડરતો રહે છે. અલબત્ત, એનો રસ તો વર્તમાનમાં છે. જીવવું એનો આનંદ છે. કૅન્સરના નિદાન પછી ડૉક્ટરની સલાહ હતી કે એણે તનાવથી દૂર રહેવું અને જવાબદારીઓનો ભાર ન રાખવો. હળવા રહેવું. એના સ્વાસ્થ્યને અનુલક્ષીને ડૉક્ટરે સૂચક શબ્દોમાં કહ્યું હતું કે એણે ફૂલોને સૂંઘવાનું બંધ કરવું જોઈએ. મિલ્કને આ સલાહને માત્ર શાબ્દિક જ માની હતી. એની બહેન જૉની નૉહ એ દિવસોનું સ્મરણ કરતાં કહે છે કે, 'એ માતૃદિનની આસપાસનો સમય હતો અને બધાં પુષ્પો ખીલ્યાં હતાં.' તેણે કહ્યું, 'જુઓ, પોતાની ભુજાથી અમને બંનેને, મને અને લૉરીને ઝૂંટવી રહ્યાં છે. ચાલો, રોકાઈએ અને જોઈએ.'

મિલ્કન ખૂબ જ ઝડપથી તેની ત્રીજી કક્ષામાં પહોંચેલા કૅન્સર માટે હોર્મોન અંતસ્રાવ રોગોપચાર પ્રતિ વળ્યો અને બીજી બાજુ પોતાની જાતને અન્ય છેડે મૂકી દીધી. એણે ખૂશબુનો

રોગોપચાર પ્રયોગ કર્યો. યોગ દ્વારા રોગનો પ્રતિકાર કરવાની પદ્ધતિ સ્વીકારી. માંસાહાર તદ્દન બંધ કર્યો. કંદમૂળ અને બાફેલાં શાકભાજી ખાવાનો અને તલના તેલની માલિસ કરવાનો અભિગમ રાખ્યો અને દરિયાની હવા લેવાય તે માટે માલિબુના દરિયાકિનારે જગ્યા ભાડે રાખીને રહ્યો. આ સઘળી પૌરસ્ત્ય રોગોપચાર પદ્ધતિઓનો વિનિયોગ કરવા પાછળ એના પ્રેરક દીપક ચોપરા. મિલ્કનનું કહેવું છે - 'મારે કશું જ ગુમાવવાનું નહોતું. હું દરેક વસ્તુનો પ્રયોગ કરું છું.' એના પિતા અને અન્ય છ સંબંધી કેન્સરથી જ મૃત્યુ પામ્યા હતા. છતાં મિલ્કન રોગને શરણે જઈને બેઠો નથી. ઉપચારના અવનવા પ્રયોગો કરવા સાથે એણે પ્રવૃત્તિ તો કર્યે જ રાખી છે.

કેન્સર વિષે સતત પરિસંવાદ થતા રહ્યા છે. અંતિમ કક્ષાના કૅન્સર પર સંશોધન માટે મળેલ સંમેલન અંગે સ્ટુઅર્ટ હોલ્ડને 'કોઈ દર્દી આ સંમેલનમાં નહીં જાય' એવું જાહેર વિધાન કર્યું ત્યારે મિલ્કને કૅન્સર માટે એણે સ્થાપેલી સંસ્થાના નિયામક તરીકે હોલ્ડનને નીમીને રોગના સંશોધન માટે એને દિશા ખોલી આપી. ભેગાં કરેલાં નાણાં એમાં આપી દીધાં. માત્ર સંમેલનોથી કશું વળવાનું નથી, પણ નક્કર કામ કરવું જોઈએ એ એનો અભિગમ હતો. એ માટે હોલ્ડન એને યોગ્ય વ્યક્તિ લાગ્યો હતો. લૅરી કિંગ અને નૉર્મન સ્કવાર્ઝકોફ કેન્સર અંગેના મોટા સંશોધકો હતા. મિલ્કનનું માનવું હતું કે જે ઘરમાં ત્રણ-ચાર વ્યક્તિઓને કેન્સર થયું હોય તેમના ઘરે જઈને દર્દીનો ઇતિહાસ તૈયાર કરીને કામ કરવું. આ ક્ષેત્રીય કાર્ય હતું પરંતુ એ સંશોધકોએ તૈયારી ન બતાવી. આથી મિલ્કને ટર્નરને સાથે રાખીને આ પ્રકારનું ક્ષેત્રીય કાર્ય કરવાનું વિચાર્યું. ત્યારે હોલ્ડન એની સાથે હતો. આ તદ્દન નવો અભિગમ હતો. એ કુટુંબની સાથે રહીને એમની દિનચર્યાના આધારે કેન્સર અંગેની માહિતી ભેગી કરીને ઉપચાર પ્રતિ ગતિ કરવાની હતી. હૉલ્ડને આ વિષે કહ્યું - 'થોડા સમયમાં તમે એ માનશો. કદાચ એ સંગઠન જેવું હશે પણ હું એ વ્યક્તિ છું જે સંગઠનો પ્રત્યે પ્રભાવી છું.' છતાં ય હૉલ્ડને મિલ્કન સાથે રહીને કેન્સર વિષે સારું કામ કર્યું છે.

ઈ.સ. ૧૯૯૪માં મિલ્કને આદરેલ પ્રયોગો સફળ થયા અને એના કેન્સરમાં ઘટાડો થયો. પછી તો એનું મનોબળ વધ્યું અને એણે અનુભવ્યું કે એની પાસે વધુ સમય છે. એનો પ્રતિભાવ આવો હતો, 'I had gone from the dash to running the mile' એણે જિંદગી વિષે જે આશા હતી તેનાથી એને વધુ જિંદગી મળી તેનો આનંદ હતો. એના જ શબ્દો સાંભળવા જેવા છે - 'My life expectancy is longer than I thought. What can I do without rocking the boat ?' હવે મિલ્કન ઈ.સ. ૧૯૯૧માં પોતે સ્થાપેલી એવી Milken Instituteમાં વિશેષ સમય આપવા માંડ્યો. પોતાના જૂના ધંધામાં એને રસ હતો, પરંતુ એ બારણાં તો બંધ થઈ ગયાં હતાં. ટર્નર બ્રોડકાસ્ટિંગના સલાહકાર તરીકે એ હતો, પરંતુ ત્યાં એના પર પ્રતિબંધ હતો. એનું કારણ કૅન્સર બતાવાયું હતું. પણ એ માત્ર બહાનું હતું. મિલ્કન હાર્યા નહીં એણે નવી દિશા શોધી કાઢી. નવું સાહસ કરવાનું વિચાર્યું. આ માર્ગ હતો શિક્ષણનો. ૧૯૯૦માં એણે નાનાં બાળકોને ટ્યૂશન આપવાનું કાર્ય કર્યું ત્યારે શિક્ષણના ધંધામાં ઊજળી તકો હોવાનું એણે અનુભવ્યું હતું. ૧૯૮૮માં એણે Warner Communicationના ચૅરમેન સ્ટેવ રૉસ સાથે Education Entertainment Network શરૂ કર્યું હતું જ. વળી, એ જ્યારે જેલમાં હતો ત્યારે સાથી કેદીઓને ભણાવવાનું કામ કર્યું હતું. મિલ્કન વિજ્ઞાનની વાર્તાઓનો શોખીન હતો. એણે બાળકો અને પુખ્તવયના માટે શિક્ષણની વ્યવસ્થા શરૂ કરી એ તેનું શિક્ષણક્ષેત્રનું પગલું. અલબત્ત, એ ધંધો જ છે. શિક્ષણમાં ખાનગી સાહસો દ્વારા સુધારો લાવી શકાય છે એ એનો અભિગમ છે. સાથે મોટી આવક થાય છે. આ એનું જ્ઞાનનું સાહસ છે, જેમાં ત્રીસ કંપનીઓ જોડાયેલી છે. Leap Frog Lee અને CRT Group PLCનો એમાં સમાવેશ થાય છે.

શિક્ષણના સાહસમાંથી સ્વાસ્થ્યની સંભાળ રાખતા ઉદ્યોગ પ્રતિ ગતિ થઈ. અનેક કંપનીઓ સાથે એને કરાર કર્યા. પોતાનું નવું સામ્રાજ્ય ઊભું કરવા મિલ્કને એની આજુબાજુની જાણીતી વ્યક્તિઓને જોતરી લીધી, જેમાં Saga America નામક વીડિયોગેમની કંપનીના CEOનો સમાવેશ થાય છે. તેમનું નામ છે કાલિન્સ્કે. જે Kuના પ્રમુખ હતા અને એનું ધંધાકીય માળખું તૈયાર કરતા હતા. આ ઉપરાંત આજના સમયની જાણીતી વ્યક્તિઓ એની સાથે છે. એ વ્યક્તિઓ છે Rupert Murdoch, Leo J. Hindrey અને Stephea Bollenbach. એનાં અન્ય સાહસોમાં Ku Interactive Studio જે કમ્પ્યૂટર આધારિત શિક્ષણપદ્ધતિને વિકસિત કરે છે અને Ku Publishers જેમાં શૈક્ષણિક સામયિકો અને પુસ્તકો પ્રસિદ્ધ કરાય છે. બહારથી શિક્ષણશાસ્ત્રીઓની મદદ મળે છે. મિલ્કન વર્ષોથી શિક્ષણક્ષેત્રે જે સારું કાર્ય કરે છે તેનું આ સુફળ છે. Ku શૈક્ષણિકક્ષેત્રે કામ કરતી સંસ્થા છે. એની આ ક્ષેત્રની કામગીરી અવશ્ય નોંધપાત્ર છે. મિલ્કન અને કાલિન્સ્કે પોતાની મહત્ત્વાકાંક્ષા સુધી પહોંચ્યા નથી. અલબત્ત, Sylvan Learning Stystems Inc. અને Apollo Group જેવી કંપનીઓ મિલ્કનના Ku સાહસ સાથે જોડાઈને આજે સારું કમાય છે. એણે Macroplan તૈયાર કર્યો છે અને શૈક્ષણિક કંપનીઓને એમાં સામેલ કરીને ધંધાની વધુ ઊજળી તકો ઊભી કરવાની એની ગતિ છે.

(અનુસંધાન પૃ. ૨૨૫ પર)

પ્રતીતિ !

ભરત ના. ભટ્ટ

'હલ્લો... કોણ પ્રવીણકુમાર બોલે છે ?'

'હા... હું... પ્રવીણ બોલું છું !'

'હલ્લો... ધીસ ઈઝ જૉન મૅજર સ્પીકિંગ ફ્રૉમ લંડન, યુ.કે.'

'ઓ... હો... હો... હલ્લો મિ. મૅજર, ધીસ ઈઝ પી.વી.નરસિંહરાવ સ્પીકિંગ ફ્રૉમ ઇન્ડિયા. હલ્લો... હાઉ આર યૂ ?'

બસ, આમ ક્યારેક એ જૉન મૅજર બને તો મારે નરસિંહરાવ બનવાનું; એ ઝૂબિન મહેતા બને તો મારે નૌશાદ બનવાનું; તે બર્નાર્ડ શૉ બને તો મારે ટાગોર બની જવાનું, એ બર્ટ્રાન્ડ રસેલ બને તો હું રાધાકૃષ્ણન થયો ને એ બૉયકોટ બને તો મારે ગાવસ્કર થવાનું.

પરંતુ પછી વાતચીતમાં અમે ધરતી પર આવી જઈએ. 'ડી.એસ.'ને 'બાપુ'ના સંબોધનથી.

મૂળ તો અમે ભાવનગરના જટિયો અને પરિયો. તેનું નામ જટાશંકર ને મારું નામ પરબત. કૉલેજકાળ દરમિયાન મહામહેનતે અમે જતીન ને પ્રવીણ બનેલા !

ભાવનગરમાં તખ્તેશ્વર પ્લૉટ વિસ્તારમાં અમારે નાનપણથી નજીક ને સાથે રહેવાનું બનેલું. મૈત્રી ત્યારની. પછી સારું ને આગળ ભણવા વડોદરા પણ સાથે ગયેલા. ત્યાં ભણ્યા વધુ કે હૉસ્ટેલમાં ટેસડા વધારે કર્યા એ હજી આજે પણ સ્પષ્ટ નથી થતું. ત્યાંના અમારા હૉસ્ટેલ-નિવાસ દરમિયાન ચામડીના રોગને કારણે છ-સાત માસ જટાશંકર પાણીમાં ડેટોલ નાખીને નહાતો. આથી અમે તેનું નામ 'ડૅટોલશંકર' પાડેલું. અમે ટૂંકમાં એને ડી.એસ. કહીએ.

એક વાર ત્યાં હૉસ્ટેલમાં બીજા જૂથ સાથે બાધણ થઈ. મેં સારાં જીગર-તાકાત બતાવ્યાં એટલે રૂમે આવ્યા પછી જટાશંકર કહે, 'તારામાં તો દરબાર જેવી જીગર છે, હોં ?' ને મારું નામ પ્રવીણસિંહ એટલે કે 'બાપુ' પાડી દીધું. વળી, મારાં લગ્ન પછી મારી પત્નીના પદ્મા નામને કારણે, મને પદ્મશ્રી, પદ્મસિંહ કહેવાનું પણ તેણે જ શરૂ કરેલું.

આમ, અમારું 'હરિ તારાં નામ છે હજાર' જેવું; પરંતુ 'કિયા નામે કરવું સંબોધન ?' એવી સમસ્યા નહીં. બધાં સંબોધન પરસ્પર સ્વીકૃત ને પૂર્ણ સ્પષ્ટ. એકબીજાને ફોન પર મળીએ એટલે જાણે સન્મુખ જ છીએ.

'તો બાપુ...' ફોનમાં આગળ વાત ચાલી. 'એક ખાસ કામે આજે ફોન કર્યો છે.'

'હં... બોલ...'

'મારાં બા-બાપુજી આણંદ રહે છે તે તો તું જાણે છે.'

'હા...'

'મારી બહેન શુભ્રા પણ હમણા તેમની સાથે છે. બે-અઢી વર્ષ પહેલાં તે વિધવા થઈ.' ઘડીક વાતાવરણ ભારે બન્યું.

'પ્રવીણ, શુભ્રાની ઉંમર આજે ૩૫ આસપાસ હશે. સંતાન નથી; સાસરે પણ ખાસ કોઈ નથી - કાંઈ નથી. બાપુ, અમે સૌ તેનાં પુનર્લગ્ન માટે વિચારતાં હતાં. ને હવે તે તથા અમે સૌ તે માટે સહમત છીએ.' જતીન જરા અટક્યો. પછી આગળ કહે. 'બે-ત્રણ પાત્રો ધ્યાનમાં પણ આવ્યાં છે.'

'તમે સારો વિચાર-નિર્ણય કર્યો છે, હું તો આ આપત્તિથી અજાણ હતો પણ આજેય દુ:ખ થાય છે. આમાં મારી મદદની જરૂર હોય ત્યાં કહે.' પ્રવીણે કહ્યું.

'તારું આ માટે જ ખાસ કામ છે. એક પાત્ર છે : નવીન નાણાવટી. પ્રાથમિક માહિતી મળી છે જે સંતોષપ્રદ છે. હવે... આ નવીન નાણાવટી તારી કંપનીમાં તારો ઇમિડિયેટ ડૅપ્યૂટિ છે તેમ સાંભળ્યું છે, આ સાચું છે ?'

'હા, નવીન નાણાવટી મારો આસિસ્ટન્ટ ખરો...'

'તો તારે બે કામ કરવાનાં છે.'

'નંબર એક...'

'તેની યોગ્યતા વિશે તારે તારો સ્પષ્ટ અભિપ્રાય આપવાનો.'

'ને નંબર બે...'

'ને તારો સાનુકૂળ અભિપ્રાય હોય તો તેને જરૂર પડતાં સમજાવવાનો - તૈયાર કરવાનો પણ તારે.'

'મંજૂર, બીજું કાંઈ ?'

થોડો સમય બેમાંથી કોઈ કશું બોલ્યું નહીં. અમદાવાદ-લંડન વચ્ચેની આ લાઈન પરના બંને ફોન બંનેના હાથમાં જ રહ્યા છે ને... જતીન આગળ બોલ્યો, 'પ્રવીણ ? અવાજ સાવ જુદો, ભીનો વ્યથિત...'

'હું તારા મિત્ર તરીકે તારા સ્વમાનનો-ગૌરવનો વિચાર કરું તો આ કામ તને ન જ સોંપાય પણ...'

'જતીન, આવું બધું આપણી વચ્ચે...'

'પ્રવીણ, મને બોલી લેવા દે. હળવા થવું છે. મારો એ હક્ક તો છે ને ?'

'અવશ્ય...'

'પણ... તારો સ્વભાવ. આ કામનું સ્વરૂપ, તેની ગંભીરતા ને અંગતતા ને એ સર્વ પર આપણા સંબંધોની - આપણા બેના જ સંબંધોની મહોરઃ આ સર્વનો વિચાર કરું છું તો મન કહે છે

આ કામ પ્રવીણ સિવાય કોઈનેય સોંપાય, ભલા ?'

'બસ, જતીન યૂ આર ઍબ્સોલ્યુટલી રાઈટ.' પછી જરા અટકીને પ્રવીણ કહે, 'પણ... ! જતીન તારી વાત તો સંપૂર્ણ યોગ્ય, પરંતુ તું મને આ કામ સોંપે છે તે તારી બહેનને ખબર છે ? તેને મંજૂર છે ?'

'પ્રવીણ, શુભ્રા આ વાત જાણે છે ને તને આ કામ સોંપવાની તેણે સહજ રીતે જ મંજૂરી આપી છે.'

'બરાબર છે જતીન, હવે આ કામ હું મારું ગણીને કરવાનો.'

'પ્રવીણ, મન-ધનથી તો તારી તૈયારી હોય જ, પણ તનથી આ માટેની દોડાદોડી તને તકલીફ નહીં આપેને ?'

'તારે ત્યાં ટંકશાળ હોય તો પણ હવે ફોન મૂકવો છે કે પછી...' ને ફોન કટ થઈ ગયો. હું ને નવીન તો અમદાવાદમાં જ, ને આણંદ ક્યાં છેટું છે ? પણ આ જતીન આમ તો પ્રશ્નોરો ખરો પણ આમ નહીં; તે પાછો આટલાં વર્ષે થઈ ગયો લાગે છે પ્ર... હસી પડ્યો પ્રવીણ, જતીનનું આ બધું જ એને જાણે સ્વીકાર્ય હતું - ગમતું હતું.

*

'તમારા મિત્રએ આ કામ સહજ સ્વીકાર્યું પછી આમ ગમગીન શા માટે છો ?' ફોન બંધ થયા પછી લંડનના પરા વિસ્તારમાં પોતાના બંગલાના બગીચામાં બેસવા જતાં જતાં જતીનને તેની પત્નીએ પૂછ્યું.

'સુનિતા, તું શુભ્રાનાં પુનર્લગ્નની વાત ચાલે છે ત્યારથી આ મુદ્દે વાકેફ છે. પણ...' જતીને પત્નીને કહ્યું.

'હા... પણ ?'

'પણ બાપુજીએ ફોન કરી મને આ કામ સોંપ્યું ત્યારે ફોન પર તેમના અવાજમાં ક્ષોભ, અનિશ્ચિતતા, દહેશત જેવું તને અનુભવાયેલું ?'

'તમે કહો છો ત્યારે લાગે છે કે બાપુજીના અવાજમાં એક ખચકાટ લાગતો હતો. બાકી મારું એવું તો ધ્યાન ક્યાંથી જાય !' પછી જરા અટકીને સુનિતા આગળ બોલતાં કહે, 'પણ શું આવા મંગલ કામમાં કોઈ ચિંતા-મૂંઝવણ પણ સંકળાયેલાં છે ?

'તને ખયાલ ન આવે કારણ મેં એ વાતો તને નથી કરી. પરંતુ મને તો આજથી ૧૫-૧૭ વર્ષ પહેલાના એ દિવસો યાદ આવી જાય છે ને મન ખિન્ન થઈ જાય છે.' જતીન બોલ્યો ને જાણે લાંબી વાત કરવી હોય તેમ જરા વિશ્રામ લીધો.

પછી વાત માંડતા કહે, 'સુનિતા, ભાવનગરમાં કાળુભા રોડને છેડે, કાળુભા સાહેબના બંગલાની સામે, સોસાયટીમાં અમે સૌ રહીએ. આપણા બાપુજી ને આ પ્રવીણના કાકા દેવશંકર પાક્કા મિત્રો.'

'એમ કે ?'

'હા, તને ગમ્મત પડશે, એ વાત જાણીને સુનિતા, કે તેઓ ૩૦-૩૫ આસપાસના થયા ત્યાં સુધી બંનેને એવી ટેવ કે અમિતાભ કે શશીકપૂરની ફિલ્મ ભાવનગરમાં આવી નથી ને તેમણે બંનેએ સાથે જ જોઈ નથી ! લગ્ન પછી પત્નીઓને પૂછે, લઈ પણ જાય પરંતુ પ્રથમ ઈચ્છા તે બંનેએ જ સાથે જવાની !'

'એવી ગાઢ મૈત્રી ?'

'ગજબની દોસ્તી.' એમાં જ એક વાર પ્રવીણના કાકા બાપુજીને કહે, 'પ્રાણલાલ, એક વ્યવહારની ને છતાં મનમાં સહજ ઉગેલી વાત કરું ?'

'બોલ, બોલ તું તારે !' તાલી માટે હાથ ધરતાં પપ્પાએ કહેલું.

'અમારા પ્રવીણ માટે તમારી શુભ્રાનો હાથ માગી શકીએ ?'

'પરંતુ પ્રવીણ તો તું કહેતો હતો કે... !'

'હાસ્તો ને. એ વાત હતી જ, પરંતુ એ બધું તો સાવ અટક્યું તેનો મેં તને અણસાર આપેલો. ને...' અટકીને નજીક આવતાં કહે, 'આ નામ મેં સૂચવ્યું તો પ્રવીણે ખુશ થઈ હા પાડી છે !'

'સુનિતા, પાપ્પાએ પુનઃ હાથ લંબાવી આનંદ સાથે તાલી ઝીલેલી. પણ તને આ બધું સાંભળતાં નવાઈ લાગે છે ને ?'

'હા જતીન, મારે માટે તો આ બધું સ્તબ્ધ કરનારું છે !'

'હજી વધુ સ્તબ્ધ તો હવે થવાનું છે, પરંતુ પ્લીઝ, એક કપ ચા મળશે ?' ને ચાની નાની ચુસ્કી લેતાં જતીને આગળ ચલાવ્યું : 'મને આ વાતની ખબર પડી. હું તો અણસમજુ ને હોંશિલો ! મેં પ્રવીણને કહ્યું, 'તારી આ પસંદગી મને તો ગમી. આપણે હવે મિત્રો ઉપરાંત સંબંધી થશું. હું તો તને આમાં મદદ કરવાનો જ !'

'પરંતુ સુનિતા, મને તરત પ્રવીણે કહેલું, 'જતીન, આમાં તું ના પડતો. આપણે આમ મિત્રો ને વળી નાના કહેવાઈએ. તું અલગ રહે ને વડીલોને નક્કી કરવા દે તેમ હું ઈચ્છું છું.'

'પરંતુ સુનિતા, ત્યારનો મારો ઉત્સાહ ને સદ્ભાવ વધુ પડતાં હતાં. અમારી એ મિત્રટોળકીમાં હું ને શુભ્રા બંને. પ્રવીણ સાથે અમારે બંનેને બને. આથી મેં તો શુભ્રાને સીધું જ કહ્યું. 'ભૂતકાળને તાદૃશ્ય કરતો જતીન બધું કહેતો જતો હતો.'

'અને પછી તો... ? શું તને કહું સુનિતા ? બા-બાપુજીની હાજરીમાં જે બોલી છે !' જરા અટકીને કહે, 'મેં લેશ કલ્પ્યું નહોતું એવું બોલેલી !' કહે, 'જતીનભાઈ તમારા મિત્ર કેવા છે ? તેને તો બધી પરિચિત યુવતીઓમાં પત્ની જ દેખાતી લાગે છે !'

'તું શું બોલે છે, શુભ્રા ?'

'હા, હું ઠીક બોલું છું. આ તમારા મિત્ર પ્રવીણભાઈ, તેના શાલિની પ્રત્યેના ઉત્કટ ને અનન્ય પ્રેમની ગાથા કોણ હું કરતી હતી ?'

'ના હું જ કરતો હતો ને ત્યાંની વાત શા કારણે બંધ રહી એ પણ મેં તને નથી કહ્યું ?' જતીનને જાણે બધા સંવાદો મોઢે હતા.

'કહ્યું જ છે ને ! ને હું બધું જાણું છું. પૂરેપૂરું જાણું છું.'

'તું શું જાણે છે બોલ તો... !' આટલાં વર્ષે પણ જતીન ગુસ્સામાં લાલ થઈ ગયો ! જરા સ્વસ્થ થતાં કહે, 'સુનિતા, મારી બહેન શુભ્રા મારા મિત્ર વિશે કેવું બોલી સાંભળ. કહે, ઉત્કટ અને અનન્ય પ્રેમને નામે શાલિની નહીં તો શુભ્રા સહી. બસ રૂપાળી હોવી જોઈએ !'

'બે... ટા...' આખરે પપ્પા બોલી ઉઠેલા.

'પપ્પા, તમે આ બાબતમાં મને કાંઈ ન કહેશો પ્લીઝ...'

'શુભ્રા તને તારા રૂપનું અભિમાન છે. આથી પ્રેમનું ઉદાત્ત રૂપ તને નહીં સમજાય. પરંતુ શાલિની સાથે તે કેમ ન જોડાયો તે તો જાણે છે ને ?'

'હાસ્તો, શાલિનીએ સાફ ના સંભળાવી દીધેલી.'

'ના, એવું નથી શુભ્રા...' મેં તેને સમજાવતાં કહેલું, 'હકીકત એ છે કે પ્રવીણનો ખાસ મિત્ર ને શાલિની પણ એકબીજાંને ચાહતાં હતાં. ધીરે ધીરે એ વાતની એ ત્રણેયને ખબર પડી કે આ પ્રણય-ત્રિકોણ રચાયો છે !'

'પછી ?' શુભ્રાએ વેધક નજરે પૂછેલું.

'શાલિનીને દ્વિધામાંથી મુક્ત કરવા પ્રવીણે ખસી જવાનું પસંદ કર્યું. તેણે શાલિનીને લખ્યું: 'In tringle of love one has to be a sufferer.' આથી હું ખસી જઈ તને મુક્ત કરું છું. તમે બંને સુખી થાઓ.'

'તો ભાઈ, સાંભળો, આવા ત્યાગી પુરુષના એકાન્ત આંસુ લૂછવા માટે હું લાયક નથી.' દાંત ભીંસીને શુભ્રા બોલેલી ને બધા વચ્ચેથી ચાલી ગયેલી.

એ દૂરના ભૂતકાળમાંથી પાછાં ફરતાં જતીને જાણે સમાપન કરતાં કહેલું, 'સુનિતા, ત્યારથી અમારા બંને પરિવારોએ આ મુદ્દો સાવ છોડી દીધો. મારી-પ્રવીણની મૈત્રી સિવાય બંને પરિવારો વચ્ચે એક અદશ્ય દીવાલ ઊભી થઈ ગઈ.'

થોડો સમય જવા દઈ, સંપૂર્ણપણે વર્તમાનમાં આવતાં, ચા પૂરી કરતાં જતીન કહે, 'સુનિતા, આ બધું બન્યા પછી થોડા દિવસે મેં પ્રવીણને પૂછેલું, 'પ્રવીણ, છેક બાળપણથી હજી હમણાં સુધી આપણે સાથે જ રમ્યાં, ઊછર્યાં છીએ, આનંદ કર્યો છે. ને શુભ્રા તેને પૂરો ઓળખે છે. તેમ જ...'

'શું તેમ જ, જતીન ?' પ્રવીણે પૂછ્યું.

'તેમ જ શુભ્રા પોતે કાંઈ ઓછી સમજદાર નથી, પ્રવીણ !' જરા અટકીને મેં વાત આગળ ચલાવતાં કહેલું, 'તમને બંનેને ઓળખનાર કોઈ પણ ઇચ્છે કે તમે બંને જોડાઓ.'

'જતીન...'

'શું... ?'

'વર્ષોથી એકબીજાંને જાણતી, બે સારી વ્યક્તિઓ વચ્ચે શું સદ્ભાવ હોવો જ જોઈએ ?'

'હાસ્તો, એમ જ હોય ને ?'

'ના એવું નથી. તું જતીન, એવો ખયાલ કાઢી નાખજે. મેં કાઢી નાખ્યો છે.' ને પ્રવીણ મારે ખભે હાથ મૂકી મોં ફેરવી ચાલતો થયેલો. જતીને અહેવાલ પૂરો કરતાં કહેલું.

*

'નમસ્તે !' પ્રાણલાલ પોતાના નિવાસના આંગણામાં બેઠા હતા ત્યાં ચાલીસેકની ઉંમરના એક પુરુષે પ્રવેશ કર્યો.

'નમસ્તે, આવો. તમે નવીનચંદ્ર કે ?'

'હા... જી.'

'બેસો, બેસો. તમે મળવા આવશો તેવો અમદાવાદથી પ્રવીણચંદ્રનો ફોન બે વાર આવી ગયો.'

'હા, તેમણે જ મને મોકલ્યો છે.'

'બધી વાત પણ થઈ છે તમારી સાથે તેને, ખરું ને ?'

'જી હા. ગઈ કાલે સાંજે અમે ઑફિસેથી સાથે જ નીકળેલા. અમદાવાદમાં હું તેમના હાથ નીચે જ કામ કરું છું ને ?'

'હા... હા. એ તો હું ભૂલી જ ગયેલો. લ્યો આ શુભ્રા ને તેનાં મમ્મી આવ્યાં.' પ્રાણલાલ બોલ્યા. તેમનાં પત્ની ને પુત્રી પણ આવીને ગોઠવાયાં ને થોડી વારે ચા-નાસ્તો આવ્યાં.

'હવે તમારે બંનેએ બહાર ફરવા જવું છે કે અહીં બેસીને વાતો કરવી છે ?' શુભ્રાને તેના મમ્મીએ પૂછ્યું.

'મમ્મી, નજીકમાં બગીચો છે તે બાજુ જઈએ ? ત્યાં ફરીશું.'

'ખુશીથી તે બાજુ જાઓ, બેટા.'

દોઢેક કલાક પછી બંને પાછાં ફર્યાં; ખુશ હતાં. શુભ્રા સીધી ઘરમાં ગઈ ને નવીન બહાર પ્રાણલાલ પાસે બેઠો.

થોડી વાર પછી ઘરમાંથી શુભ્રાનાં મમ્મી આવીને બેઠાં ને જરા વારે કહે, 'શુભ્રાની આ સંબંધ માટે હા છે.' જરા અટકી ઘર તરફ જોતાં કહે, 'તમે હવે વાતો કરો ત્યાં હું ચા મોકલું. પછી નવીનચંદ્ર જઈ શકે.' ને ઊઠતાં કહે, 'ને હા, તમે બધું પૂછી વિચારી લેજો, હોં.'

બે-ચાર ક્ષણની શાંતિ પછી અચકાતાં અચકાતાં નવીન બોલ્યો, 'બા... પુ... જી !'

'શું... ?'

'શુભ્રા તમને બાપુજી કહે છે એટલે હું પણ બાપુજી કહીશ.'

'તારો હક્ક થાય છે ભાઈ... બેટા. બોલ, તું બીજું કંઈક કહેવા જતો હતો ?'

'હા...'

'બોલ, તું વિના સંકોચે બોલ.'

'બાપુજી, આ પ્રવીણભાઈ તમારે ઘરના જ ગણાયને ?'

'હા, ભાઈ; અમારે જેવો જતીન એવો પ્રવીણ. ને હવે તો તું પણ એ સૌ સમો અમારે મન.'

'જી બાપુજી... તમને ખબર તો હશે જ કે... !' નવીન જરા અચકાયો.

'શેની ભાઈ ?'

'પ્રવીણભાઈનાં પત્ની હમણાં ચારેક માસ પહેલાં અચાનક કેન્સરમાં ગયાં તેની !'

'હેં... હેં... હેં... હં... હં... હં... હા... હા... હા... બેટા નવીન એ તો જાણીએ છીએ ને ! બહુ દુઃખની વાત બની ગઈ.' વાત અને જાતને સંભાળી લેતાં પ્રાણલાલે કહ્યું. જતીન-પ્રવીણના સંબંધો ભૂતકાળ જેવા જ પરંતુ જતીનના પરિવારનો પ્રવીણ સાથે સંપર્ક સાવ બંધ. પરંતુ આવી ખબર નથી એવું કાંઈ કળવા દેવાય ?'

'બાપુજી, મારે જેમ પૂર્વલગ્નજીવનનો પુત્ર છે તેમ તેમને પુત્રી છે.... તે' નવીને વાત આગળ ચલાવતાં કહ્યું.

'હા, હા, શુભ્રાને તેની મમ્મી તો તેનો વિચાર કરતાં ઢીલાં થઈ જાય છે. મા વગરની દીકરીની ફીકર વધુ થાય.'

'બાપુજી.... મને ખબર નથી કે હું જે કહેવા માગું છું તે કહેવાય કે નહીં, પરંતુ એક સૂચન કરી શકું ?' નવીને પૂછ્યું.

'હા, હા, તું તારે સંકોચ વગર કહે.'

'બાપુજી, મને તો આ સંબંધ મંજૂર છે એટલું જ નહીં, હું અમારો સંબંધ થાય તે બદલ ખુશ છું; પરંતુ તમારા સંબંધો જોતાં વિચાર આવ્યો કે શુભ્રા ને પ્રવીણભાઈ ન જોડાઈ શકે ?'

પ્રાણલાલને શરીરમાંથી લખલખું પસાર થઈ ગયું. બે ક્ષણ તે અપ્રાણલાલ બની ગયા ! પરંતુ બાહ્ય ગાંભીર્ય ને આંતરિક પરિપક્વતા થકી તેમણે જાત તથા પરિસ્થિતિને સંપૂર્ણ સંભાળી લીધી. આજુ બાજુ કોઈ નથી ને ? જોઈ લીધું. પછી વ્યવહાર-દક્ષતા દાખવતા કહે, 'બેટા, એ વિચાર આવવાનો હોય તો પહેલો જ આવેને ? વાત એમ છે કે નાનપણથી શુભ્રા-પ્રવીણ ભાઈ-બહેન જેમ જ રહ્યાં છે; પછી આવો વિચાર આવે ? નહીંતર શુભ્રાના પ્રથમ લગ્ન વખતે જ પ્રવીણ અમારો જમાઈ ન બની જાત !'

'માફ કરજો બાપુજી, તમારી વાત સાચી. મને લાગે છે કે મેં અવિનય કર્યો.' ક્ષોભ સાથે નવીને કહ્યું.

'જો ભાઈ, તારી વાતમાં શુભચિંતન ને ત્યાગ હતાં. આથી હું તો ખુશ થયો છું. તારે સંકોચ પામવાની કોઈ જરૂર નથી.' આટલું કહી અંદરથી હાશકારો અનુભવતા પ્રાણલાલ જરા અટક્યા ને પછી કહે, 'હવે આપણે આ બધું ભૂલી આગળનો વિધિ જલદી પતાવીએ, ખરું ને નવીનચંદ્ર ?'

'હા, બાપુજી... તો આજે હું હવે રજા લઉં ?'

'શુભ્રાને મળીને જાય છે ને ?'

નવીન બોલ્યો નહીં. ઘરનાં પગથિયાં ચડ્યો.

*

'વિમલા, શુભ્રા જરા આવશો ?' રાત્રે નિરાંત મળતાં પ્રાણલાલે પત્ની-પુત્રીને પાસે બોલાવી કહ્યું કે ચારેક માસ પહેલાં પ્રવીણની પત્નીનું અવસાન થયું છે ને તેને એક નાની પુત્રી છે. પછી તેમણે નવીનના વિવેકભર્યા સદ્ભાવ-સૂચનની પણ વાત કરી. પછી થોડી વાર નીરવ શાંતિ છવાઈ. તેને તોડતાં પ્રાણલાલ પત્નીને કહે, 'જો વિમલા, પ્રવીણના જીવનની આ દુઃખદ ઘટનાની આપણને ખબર નહોતી પરંતુ મેં નવીનને એ કળાવા દીધું નથી.'

પછી થોડી વાર મૌન પાળી કહે છે, 'જતીન તો આ બધું જાણતો જ હોય પરંતુ તે આપણને ન કહે. પ્રવીણ સાથે વર્ષોથી આપણે સંબંધ લાગણી જેવું ક્યાં રાખ્યું છે !' તે સમયની શુભ્રા માટેની નારાજગી વાણીમાં જરા ડોકિયું કરી ગઈ. વળી, જરા અટકીને હળવાં થતા કહે, 'નવીનને તો મેં મારી રીતે જવાબ આપી દીધો છે પરંતુ તેણે જે સૂચવ્યું તે તમને જણાવવાનું મને જરૂરી લાગ્યું.'

'હા, આપણા પ્રવીણ પ્રત્યેના વ્યવહાર સંબંધે જતીન તો વર્ષોથી નારાજ રહ્યો છે. આ નવીનચંદ્ર અંગેના કામમાં તેની મદદ લેવા અંગે પણ આપણે કેવાં મૂંઝાયેલાં !' વિમલાએ કહ્યું. ને પછી આગળ કહે, 'પરંતુ પછી આપણે બધું જતીન પર છોડ્યું ને તે બધું વિચારી આગળ ચાલ્યો ને... આમાં જે રીતે આગળ વધીએ છીએ તેમાં મને તો સારાં શુકન લાગે છે પણ... તમે આ કહ્યું એટલે મને તો તે સમયનો પ્રવીણ યાદ આવી જાય. શુભ્રા માટે તેની લાગણી સાચી હતી.' ભિન્ન ભિન્ન ભાવોમાંથી પસાર થતાં વિમલાબહેન બોલ્યાં.

'હવે તો એ વાતને આપણે નથી અડતાને ?' પતિએ લાગતું પૂછ્યું એટલે તરત હાથની ધીરજસૂચક મુદ્રા કરી કહે, 'બહુ અધીરા તમે તો ! જુ... ઓ... આમાં પણ આપણે જતીનને પૂછીએ તો ?'

'પરંતુ એ પહેલાં શુભ્રાને નહીં પૂછવાનું ?' પ્રાણલાલે પુત્રી તરફ જોતાં કહ્યું.

'હા... હા... એ તો હું સાવ ભૂલી જ ગઈ !'

પછી બંનેએ પુત્રી સામુ પ્રશ્ન ભરી નજરે વત્સલતાથી જોયું એટલે શુભ્રાએ જરા વિચાર કરી પૂછ્યું, 'પિતાજી-બા હું કાલે આનો જવાબ આપું ?'

શુભ્રાને માટે આ વાત-વિગતો સાવ અણધાર્યાં હતાં. થોડાં દિવસ પહેલાં, વર્ષો પછી તેણે પ્રવીણને જોયેલો. તે પિતાજી પાસે આવેલો. શા માટે આવ્યો છે તે જાણતી હોવાથી શુભ્રાએ તે દિવસે છુપાઈને બધું સાંભળેલું.

પિતાજીના ક્ષોભ-આભારવશતાના શબ્દો સાંભળીને પ્રવીણે કહેલું, 'બાપુજી, તમારે મને અત્યારે જતીન જ ગણવાનો છે. શુભ્રા માટેનું પાત્ર સારું છે એટલે મારી આમાં ભલામણ છે. હવે આ કામ જલદી પાર પડે તે આપણો હેતુ. નવીનભાઈ ધન્ય થશે તેની મને ખાતરી છે.'

હસીને, વિવેકથી બસ માત્ર આ જ વાત ! તે દિવસે પ્રવીણ પાછો ગયો ત્યારે શુભ્રા તેને ક્યાંય સુધી જતો જોઈ રહેલી.

આજે આ બધી વાતોમાંથી સ્મરણોમાં સરી પડેલી શુભ્રા ઘડીક ગંભીર થઈ ગઈ ને પછી ઢીલી પડી ગઈ. 'તે દિવસનું-સમયનું પોતાનું વર્તન - પ્રવીણચંદ્રના સ્નેહની કરેલી અવગણના - તે શું ભૂલી હતી ?' તેના મને તેને પૂછ્યું.

જવાબ સૂઝતો નહોતો, બધું ભૂલી જવાનું મન થતું હતું. પરંતુ તે જ રાત્રે આંખ બિડાઈને નિદ્રામાં સ્વપ્ન જાણે બોલ્યું, 'શુભ્રા, કદાચ તારા-પ્રવીણના ગ્રહોમાં પ્રથમ લગ્નનો દીર્ઘ યોગ નહીં હોય એટલે જ ભગવાને આમ ગોઠવ્યું હશે.'

શુભ્રા સવારે ઊઠી તો જાણે વસંત ઊઠી ! નાહીને મમ્મી પાસે ગઈ. તે ઠાકોરજીને દીવો ધરતાં હતાં. શુભ્રા દીવાને પ્રણામ કરી કહે, 'બા, આ... બી... જી... વા... ત તમને યોગ્ય લાગે તો... મ... ને.... વાં.... ધો.... ન... થી.' અંતરના સંકોચ-ખુશાલી તેણે બને એટલાં ઢાંકી રાખ્યાં. પછી પૂરી સ્વસ્થ થઈ કહે, 'જતીન જ પ્રવીણચંદ્રને પૂછી જુએ તેમ ગોઠવીએ તો ?'

પ્રાણલાલે ઈંગ્લન્ડ ફોન પર વાત કરી ને જતીને લાગલું જ કહ્યું, 'બાપુજી, હું જ ત્યાં એકાદ સપ્તાહમાં પહોંચું છું. બધી વાત રૂબરૂ કરીએ.' ખુશ તો એટલો હતો કે જાણે પોતાનું જ કોઈ નામશેષ સ્વપ્ન અચાનક સાકાર થવાનું ન હોય ! પરંતુ ફોનમાં કશું કળાવા ન દીધું.

ભારત આવીને પ્રવીણને મળ્યો, કહ્યું, 'પ્રવીણ, હું તો ખૂબ ખુશ ને આતુર છું. તારી ને શુભ્રાની વર્તમાન સ્થિતિ મને તો હવે સમસ્યા નહીં, અવસર લાગે છે.'

પરંતુ પ્રવીણનો પ્રતિભાવ જરાય જીવંત નહીં ! જાણે શુભ્રા સાથેનો કોઈ ભૂતકાળ જ નથી !

'એલા, બાપુ, શુભ્રા નહીં તો બીજી કોઈ નહીં. એવી તારી મનઃસ્થિતિ હતી તે યાદ છે ને ?' જતીન મિત્રદાવે રજેરજ જાણતો હતો.

'હા, શાલિનીને મેં મુક્ત કરી પછી થોડા વખતમાં જ મારા સ્વપ્નોમાં શુભ્રા જ સર્વેસર્વા.' પ્રવીણે ભૂતકાળ સંભારતાં કબૂલ્યું. પછી જરા અટકીને કહે, 'ભાઈ-બહેન બંનેએ થઈને મને બહુ સતાવ્યો છે !' ને હસી પડ્યો.

'એટલે ?' ન સમજાયું હોય, ન ગમ્યું હોય તેવો દેખાવ કરતાં જતીને પૂછ્યું.

'મારા લાગણીતંત્ર પર બંનેનું સાથે આક્રમણ. બહેનનું વિઘાતક, ભાઈનું વિધાયક !' પ્રવીણ પણ જરા મૂડમાં આવી ગયો.

'એ જ સમય પરત આવ્યો છે હોં પ્રવીણ.'

'પરંતુ જતીન, શુભ્રાની ત્યારની ના, તેનો અણગમો એથી પણ વધુ દૃઢાંકિત છે કદાચ.' પ્રવીણ પાછો ગમગીન થઈ ગયો.

જતીન વધુ ન બોલ્યો. શૈલીને મા વગરની પ્રવીણની પુત્રીને પોતાની સાથે લઈ ગયો. થોડા દિવસ જતીન-શૈલી બે ઘર વચ્ચે જાણે વહેંચાઈ ગયાં. અને ?... અને આમ જ એક દિવસ જતીન શુભ્રા સાથે આવી પહોંચ્યો. કહે, 'પ્રવીણ, રજા લઈ લે. બે દિવસ તારે ત્યાં જ ધામા છે. શુભ્રાને સાથે લાવ્યો છું. એટલે માથે તો નહીં પડું સમજ્યો ને ?'

ને તેણે તો બહારના-ઘરના કાર્યક્રમો તથા તડાકા-મોજની જમાવટ કરી ! તેમાં એક નમતી સાંજે જતીન બહાર ગયેલો ને આ ત્રણ જણ બાગમાં બેઠેલાં. નોકર ચા-નાસ્તો આપી ગયેલો ને જતીનની રાહ જોવાય. એવામાં શૈલી બોલી, 'પપ્પા, આ શુભ્રા માસી છે ને તેમને હું ખૂબ વહાલી છું તો પછી આજ સુધી તે મને મળવા કેમ નહીં આવ્યાં ? હા, છે ને તે જતીનકાકા કહેતા હતા કે તેમાં વાંક તારા પપ્પાનો ને માસીનો. હું તો બેટા ઈંગ્લન્ડ રહું એટલે હું નિર્દોષ હોં ને !'

'પણ પપ્પા ચાલો. જતીનકાકાને ને તમને સૌને માફ કર્યાં પણ હવે તો માસી મારાથી દૂર નહીં રહે ને ?' શૈલી શુભ્રાને વળગીને બોલી ને શુભ્રાએ તેના કપાળે ચૂમી ભરી.

'પપ્પા ?'

'હં... બેટા ?'

'હું શુભ્રામાસીને પૂછતી હતી કે, 'હું તમને માસી નહીં, મમ્મી કહું ?' તો કહે, 'તું તારા પપ્પાને પૂછી જોજે.' શૈલી તેના પપ્પાનો જવાબ સાંભળવા અટકી પરંતુ તેના પપ્પા કાંઈ ન બોલતાં ફરી પૂછ્યું, 'હેં પપ્પા.... કહું મમ્મી ?' પણ પ્રવીણ અવાક !

'બેટા, પપ્પા જવાબ ન દે તો શું સમજવાનું તે તો તું જાણે છે ને ?' શુભ્રાએ વાત સંભાળતાં કહ્યું.

'હા કે વિચાર કરીને પપ્પા જવાબ આપશે.' શૈલીએ કહ્યું.

'અમારી શૈલી બહુ ડાહી છે હોં !' શુભ્રાએ વહાલ કરતાં કહ્યું ને શૈલી દોડતી રમવા જતી રહી.

પ્રવીણ-શુભ્રા એકલાં પડતાં શુભ્રાએ ઊઠીને ચા-નાસ્તો પ્રવીણ પાસે મૂક્યાં ને કહ્યું, 'લ્યો, જતીન આવે પછી ફરી ચા લેજો.'

'તો તમે પણ લ્યો ને ? બીજી મંગાવીશું પછી.' અને ચા પીતાં પીતાં શુભ્રાએ શાંતિ તોડી. કહે, 'પ્રવીણ, મારી તે સમયની 'ના' ભુલાતી નથીને ?'

'ના...'

'મને ચાહતા તો આને ?'

'મારી ત્યારની માગણી-ઇચ્છામાં તો બીજું શું હોઈ શકે ?' પ્રવીણે નારાજગી સાથે કહ્યું. તે પામવા છતાં તેને ભૂલીને શુભ્રા આગળ બોલી, 'તો શું મારી એ 'ના'નો વજ્રઘાત એવો કે તમારો અંતરભાવ નાશ પામે ?'

'શુભ્રાબહેન, એ સ્નેહ બળી ગયો છે કે માત્ર ઢંકાયો જ છે એ ખબર નથી પડતી !'

'પ્રવીણ, તમારી વાત તમારી પાસે. હું મારા વતી કહું કે ત્યારે મારા મનમાં તમારા ભાવનો પડઘો નહોતો પરંતુ હું તેને જો સમજી શકી હોત તો કદાચ પછીથી આવકારી શકત યા વિવેકથી દિલગીરી દર્શાવી શકત.' પછી જરા અટકી વધુ નમ્ર ને ભાવસભર થતાં શુભ્રા કહે, 'માત્ર આજે જ નહીં, દાંમ્પત્ય અનુભવ્યા પછી લાગ્યું છે કે મારો ત્યારનો પ્રતિભાવ ભારોભાર ઉતાવળિયો, અણસમજભર્યો ને અવિવેકી હતો.' શુભ્રાએ જાણે અંતર-પડિયો ખોલી નાખ્યો. 'આજે ?'

'આજે ?' ત્યારે તમારા મનમાં મારા માટે જે ભાવ હતો તે આજે મારા મનમાં તમારા માટે છે.' ક્ષોભથી મંદ પડેલા અવાજે શુભ્રા બોલી. પ્રવીણ હસીને લુચ્ચાઈથી, 'શું' એમ પૂછે એવી આશાથી તેણે ભાવનું નામ નહીં કહેલું પણ... પ્રવીણ તો શુષ્ક અવાજે બોલ્યો, 'તમને તે ભાવ હશે. મને હજી પ્રતીતિ નથી થતી.'

'પરંતુ તમે જતીનને તો હા પાડી છે ને ?'

'હા, પણ બે સમજણ સાથે.' પ્રવીણ નિર્લેપભાવે બોલ્યો.

'હા, એક એ કે તમે શૈલીની તથા મારી લાગણીનો તેમ જ સુવિધાનો વિચાર કરીને સંમતિ આપી છે.'

'હા...'

'ને બીજી એ કે હમણાં તમે મને સ્પર્શ નહીં કરો !'

'હા... ખાસ તો...'

'એકાંતમાં. પરંતુ પ્રવીણ, હમણાં એટલે ?' ક્ષોભ-અપમાનથી પીગળી જતાં શુભ્રાએ પૂછ્યું.

'શુભ્રાજી, આવું બધું પૂછીને મને વલોવો મા. ઉપરની બંને સમજણ-શરતો તમે સ્વીકારી છે તેમ જતીને કહ્યું પછી જ મેં આપણાં લગ્નની 'હા' પાડી છે.'

'તમે વલોવાતા હો તો મારે તો સહેવું જ જોઈએ ને ! અણસમજ તો મેં જ દાખવેલી ને ? સમજણ-શરતનો તમને હક્ક છે ને મારે એ સ્વીકારવાનું છે.' શુભ્રાએ સ્વસ્થ થઈ મનમાં ધૈર્ય ધરતાં કહ્યું.

'તો પછી આ બધું પૂછવાનું ન કરો ને !' પ્રવીણ વધુ ને વધુ વ્યથિત થતો જતો હતો.

'પહેલાં જેમ ના પડાઈ ગઈ તેમ હવે પુછાઈ જાય છે. પણ પ્રવીણ... તમે દુઃખી ન થાઓ. જે મળે તે, જેટલું મળે તેટલું પણ તમારું આંગણું એ જ મારું - એવી પ્રતીતિ થઈ ગઈ છે.' શુભ્રાથી પ્રવીણની વેદના સહન ન થતાં તેણે કહ્યું.

'બસ, મને એવી પ્રતીતિ થાય તેની રાહ જુઓ.'

'પણ પ્રવીણ, શુભ્રા 'તું' એટલું તો કહો...'

'હમણાં નહીં.'

'લગ્ન પછી તો કહેશોને... 'તું'.'

'શુભ્રાજી લગ્ન પછી નહીં... પ્રતીતિ પછી એ સંબોધન પણ...' ❐

'કુમાર'નાં લવાજમ ભરવાનાં સ્થળ

(૧) મૅગેઝીન વર્લ્ડ, સ્ટેશન રોડ, આણંદ-૩૮૮૦૦૧

(૨) વિજય મૅગેઝીન વર્લ્ડ, ૬૨, કલ્યાણભુવન, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

(૩) સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

(૪) એજ્યુકેશન એમ્પોરિયમ, ૩૬, ઉમિયાનગર, જળ ચોક, પાટણ - ૩૮૪ ૨૬૫

(૫) રવીન્દ્ર બુક હાઉસ, સંગીતા ફ્લૅટ્સ, ચંદ્રનગર સોસાયટી, વાઘોડિયા રોડ, વડોદરા.

(૬) વિજય એસોસિએટ્સ, ૨૩૧, ડૉ. ડી.એન. રોડ, કૉમિસેરિએટ બિલ્ડિંગ, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧

(૭) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, પો.બૉ.નં.૧૦, વડોદરા-૩૯૦૦૦૧

(૮) ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., ૧-૨, સેન્ચુરી બજાર, પહેલા માળે, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

(૯) અક્ષરભારતી, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

(૧૦) પીયૂષ મૅગેઝીન એજન્સી, ૨૩, સર્જન બંગ્લોઝ, ધોબીઘાટ રોડ, જયવિજય સોસા. પાસે, મહેસાણા - ૩૮૪ ૦૦૧

બુદ્ધિ

અરવિંદ ગજ્જર

આપણે બુદ્ધિ અને બુદ્ધિ-આંક વિશે વાતો ઘણી કરીએ છીએ, પરંતુ બુદ્ધિ વિશે આપણી સંકલ્પના સ્પષ્ટ નથી. સામાન્ય વ્યક્તિની વાત બાજુ પર રાખો. જે વિદ્યાર્થીઓ મનોવિજ્ઞાનનો અભ્યાસ કરે છે તેમની અને તેમના અધ્યાપકોમાંથી પણ ઘણાની સંકલ્પના સ્પષ્ટ નથી. તેમની પાસે બુદ્ધિ વિશે સમજવા જાઓ તો જુદાજુદા મનોવૈજ્ઞાનિકોએ રજૂ કરેલ બુદ્ધિની દસ વ્યાખ્યાઓ તેઓ જણાવી શકશે, પરંતુ તમે રજૂ કરેલ વ્યાવહારિક દાખલાઓમાં બુદ્ધિને સમજવા વિશેની ગૂંચ ઉકેલી નહિ શકે. તેઓએ બુદ્ધિ વિશે વાચ્યું છે, જાણ્યું છે પરંતુ વિચાર્યું નથી. આ એક કારણ છે. બીજું કારણ બુદ્ધિનું સ્વરૂપ પણ જટીલ છે. બુદ્ધિની એક વૈજ્ઞાનિકે આપેલ વ્યાખ્યા બીજાને અધૂરી લાગેલ છે. બીજાની વ્યાખ્યામાં રહેલ દોષ ત્રીજાએ બતાવેલ છે અને આ ત્રણ કરતાં જુદી જ વાત ચોથાએ કરેલ છે. એવું કહેવાય છે કે અત્યાર સુધીમાં બુદ્ધિની સર્વસંમત વ્યાખ્યા ઘડી શકાઈ નથી.

મારે બુદ્ધિની સંકલ્પના સ્પષ્ટ કરવા માટે આઠ-દસ મહિનાથી વધારે સમય મહેનત લેવી પડી તેનું કારણ જાણવું ઉપયોગી અને રસપ્રદ થશે. બાળક સમજણું થાય છે ત્યારથી 'એકમાં બુદ્ધિ ઓછી છે, બીજામાં વધારે છે' આવી વાત સાંભળતું આવે છે, કહેતું આવે છે. આવી વાતોને કારણે બુદ્ધિ જથ્થાત્મક તત્ત્વ છે એવો ખયાલ મનમાં પ્રસ્થાપિત થઈને ઊંડાં મૂળ નાખી જાય છે. આ ખયાલ બુદ્ધિ વિશે સમજ મેળવવામાં અવરોધરૂપ થાય છે; કારણ કે બુદ્ધિ જથ્થાત્મક તત્ત્વ નથી, ચરિત્રની માફક ગુણાત્મક તત્ત્વ છે. આપણે ઓછા ચારિત્રવાળો અથવા વધારે ચારિત્રવાળો એવા શબ્દોનો પ્રયોગ કરતાં નથી તેમ 'ઓછી બુદ્ધિ' અથવા 'વધારે બુદ્ધિ' એ પ્રમાણે વાત કરવી જોઈએ નહિ. બે વ્યક્તિ વચ્ચે બુદ્ધિ વિશે તફાવત છે તે કેળવણીની માત્રાનો છે, જથ્થાનો નહિ. 'શક્તિ' શબ્દ સાથે જથ્થાનો નિર્દેશ જોડાયેલ છે એટલે બુદ્ધિ શબ્દ સાથે શક્તિ શબ્દ જોડવાનું પણ અયોગ્ય છે.

કોઈ પણ પ્રકારનું જ્ઞાન અથવા જ્ઞાનનો જથ્થો એ બુદ્ધિ નથી. અનુભવ અને અનુભવનો જથ્થો એ પણ બુદ્ધિ નથી. એક ને એક ભૂલ અનેક વાર કરનાર વ્યક્તિ અનુભવ હોવા છતાં તેનો ઉપયોગ કરતી નથી એટલે ભૂલ કરે છે અને આપણે તેને બુદ્ધિહીન કહીએ છીએ. તદ્દન નવી પરિસ્થિતિમાં પ્રાપ્ય જ્ઞાનનો ઉપયોગ કરવાની આવડત એ બુદ્ધિ છે. બીજા શબ્દોમાં કહીએ તો સમસ્યા ઉકેલવાની આવડત એ બુદ્ધિ છે. 'તદ્દન નવી પરિસ્થિતિમાં' એ શબ્દોનું ખાસ મહત્ત્વ છે. પોરબંદરની એક ફૅક્ટરી પર ટ્રકમાં વીસ ટન વજનનું એક યંત્ર આવેલ તેને સલામત રીતે નીચે ઉતારવાનું હતું. એ સમયે ગામમાં આટલી ક્ષમતાવાળો ચેઇનકપ્પો અને ઘોડી કોઈ પાસે હતાં નહિ. અમદાવાદથી મંગાવવા પડે. દિવસો બગડે તે પાલવે તેમ ન હતું. ગામના એક વિખ્યાત મિસ્ત્રી પાસે સલાહ લેવા ગયા તો તેમણે થોડી વાર વિચારીને કહ્યું, 'જ્યાં મશીન ઉતારવાનું છે ત્યાં ટ્રકના લેવલ સુધી પાકા બરફની લાદીઓ ગોઠવી દો. દડીઓ ગોઠવી ધક્કાવીને અથવા નાના ચેઇનકપ્પાથી ખેંચીને મશીન બરફની પાટો પર લઈ લ્યો. બરફ ઓગળતો જશે તેમ મશીન નીચે ઊતરતું જશે. આ યુક્તિ સાંભળી-જાણીને તમે આવી જ પરિસ્થિતિમાં તેને ઉપયોગમાં લ્યો તે વર્તન તમારી બુદ્ધિનું દ્યોતક નથી.'

એ સાચું કે ઊંચી બુદ્ધિ પ્રતિભાવાળી વ્યક્તિ બીજા કરતાં જ્ઞાન પ્રાપ્ત કરવામાં સરળતા અનુભવે છે અને સામાન્ય સંજોગોમાં ઊંચી બુદ્ધિ પ્રતિભાવાળાઓની જ્ઞાનપ્રાપ્તિ ચડિયાતી હોય છે. પરંતુ વ્યાખ્યામાં 'પ્રાપ્ય જ્ઞાન' શબ્દોને ધ્યાન પર લેશો તો સમજાશે કે જે જ્ઞાન તમને પ્રાપ્ય નથી તેનો તમે ઉપયોગ કરી શકો તેમ નથી એટલે ઓછા જ્ઞાનવાળી વ્યક્તિ પણ ઊંચી બુદ્ધિપ્રતિભાવાળી હોઈ શકે અને જથ્થાબંધ જ્ઞાન ધરાવતી વ્યક્તિ ઓછી કેળવાયેલ બુદ્ધિવાળી હોઈ શકે. આપણે ત્યાં કહેવાય છે કે, 'બુદ્ધિ ક્યાં કોઈના બાપની છે ?' આ રજૂઆત બિલકુલ સાચી છે. બુદ્ધિ એ કોઈ એક વ્યક્તિ કે વર્ગનો ઇજારો નથી. દિલ્હી શહેરની કૉલેજમાં ભણી સ્નાતક થયેલ વ્યક્તિ કરતાં કદી શાળાએ નહિ ગયેલ પછાત વિસ્તારમાં આવેલ ગામડામાં રહી પશુ ચરાવતી વ્યક્તિ વધારે બુદ્ધિશાળી હોઈ શકે છે. કાળા-ગોરાનો ભેદ, ગરીબ-તવંગરનો ભેદ, શહેર-ગામડાનો ભેદ, સ્ત્રી-પુરુષનો ભેદ, પચ્ચીસ વર્ષ પછી ઉંમરનો ભેદ બુદ્ધિ પર અસર કરતો નથી. સ્ત્રીનું શરીર કુદરતે પુરુષ કરતાં નબળું અને નાજુક બનાવેલ છે, પરંતુ બુદ્ધિની બાબતમાં પક્ષપાત રાખેલ નથી. એટલે 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' એ રજૂઆત સાચી નથી. કન્યાકેળવણીના અભાવે અને સમાજ-વ્યવસ્થાને કારણે સ્ત્રીઓને ઘરની બહાર ઓછું રહેવાનું થતું હોવાથી તેમની જ્ઞાનપ્રાપ્તિ અને અનુભવ-વૈવિધ્ય પુરુષ કરતાં ઓછાં હોય એ સ્વાભાવિક છે.

બુદ્ધિ એ કોઈ એક માનસિક આવડત નહિ પરંતુ એકથી વધારે આવડતના સંમિશ્રણથી અસ્તિત્વમાં આવતું એક

અભૌતિક તત્ત્વ છે. મનોવૈજ્ઞાનિક થર્સ્ટને પ્રયોગો કરતાં ઘટક વિશ્લેષણને અંતે બુદ્ધિ નીચેની સાત 'પ્રાથમિક માનસિક આવડત'ની બનેલ માલૂમ પડેલ છે :

(૧) શબ્દોની વ્યાખ્યા કરી તેને સમજવાની આવડત.

(૨) શબ્દોનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત.

(૩) આંકડાઓની સમજ મેળવી ગણતરી કરવાની આવડત.

(૪) સ્મૃતિ

(૫) સ્મૃતિની મદદથી વસ્તુને અથવા કાર્યકારણના સંબંધોને કલ્પનામાં લાવવાની આવડત.

(૬) નિરીક્ષણની આવડત

(૭) તર્ક કરવાની આવડત

આ સાત ઘટકોમાં પ્રવર્તતું એક સર્વસામાન્ય ઘટક અસ્તિત્વ ધરાવે છે એવું પણ થર્સ્ટન અને બીજા વૈજ્ઞાનિકો માને છે.

બાળક જન્મે ત્યારથી શરીરના વિકાસની સાથે શારીરિક શક્તિઓ અને માનસિક શક્તિઓનો વિકાસ સાધે છે. શારીરિક વિકાસની માફક માનસિક વિકાસ આંખેથી જોઈ શકાતો નથી, પરંતુ વર્તનથી અનુભવી શકાય છે. બધાં બાળકો શારીરિક અને માનસિક વિકાસ સાધે છે. પરંતુ બધાંનો વિકાસ એકસરખો હોતો નથી. જેવી રીતે ચાર વર્ષની ઉંમરનું બાળક સારા શારીરિક વિકાસને કારણે પાંચ અથવા છ વર્ષની ઉંમરના બાળક જેવડું લાગે છે તેવી રીતે સારા માનસિક વિકાસ દરવાળું બાળક ચાર વર્ષની ઉંમરે બીજાં પાંચ અથવા છ વર્ષની ઉંમરનાં બાળક જેટલો બુદ્ધિનો વિકાસ દર્શાવે છે. બુદ્ધિના માપનમાં કસોટીઓ દ્વારા બાળકની માનસિક વય નક્કી કરવામાં આવે છે. કસોટીઓ બહુમતિ સમુદાયની બુદ્ધિને એકમ તરીકે અથવા આધાર તરીકે લઈને પ્રમાણિત કરવામાં આવે છે. માનસિક વયને શારીરિક વયથી ભાગવાથી બુદ્ધિ વિકાસનો દર મળે છે. આ ગુણોત્તરને સદાપૂર્ણાંકમાં ફેરવવા માટે સો વડે ગુણવામાં આવે છે. આમ કરવાથી મળતી સંખ્યાને બુદ્ધિલબ્ધિ આંક - Intelligence Quotient ટૂંકમાં I.Q. કહે છે.

$$\text{એટલે બુદ્ધિલબ્ધિ આંક I.Q.} = \frac{\text{માનસિક વય}}{\text{શારીરિક વય}} \times ૧૦૦$$

સાચું પરિણામ આપે તેવી કસોટીઓનું આયોજન કરવું તે મહેનત અને આવડત માગી લે તેવું કામ છે.

વિવિધ ઉંમરની બે હજારથી વધારે વ્યક્તિઓનું બુદ્ધિમાપન કરી વિખ્યાત મનોવૈજ્ઞાનિક ડૉ. ડાવડ વેશલરે બુદ્ધિવિકાસ દરની વહેંચણી અંગે વિગતો મેળવેલ છે. તેમના સર્વેક્ષણ મુજબ સમાજમાં વ્યક્તિઓનો બુદ્ધિવિકાસ દર ટકાવારીમાં કેવી રીતે વહેંચાયેલો છે તે નીચેના કોઠા પરથી માલૂમ પડશે :

બુદ્ધિ આંક	શાબ્દિક વર્ણન	વ્યક્તિની ટકાવારી
૧૩૦ ઉપર	અદ્‌ભુત બુદ્ધિપ્રતિભાવાળાં	૨.૨
૧૨૦થી ૧૨૯	ઉચ્ચતમ બુદ્ધિપ્રતિભાવાળાં	૬.૭
૧૧૦થી ૧૧૯	તેજસ્વી બુદ્ધિવાળાં	૧૬.૧
૯૦થી ૧૦૯	સર્વસામાન્ય બુદ્ધિવાળાં	૫૦.૦
૮૦થી ૮૯	નિમ્ન સામાન્ય બુદ્ધિવાળાં	૧૬.૧
૭૦થી ૭૯	મંદગતિ શીખવાવાળાં	૬.૭
૭૦થી નીચે	ખોડવાળાં	૨.૨
	કુલ	૧૦૦%

બાળકની વય જેમ વધતી જાય છે તેમ તેના સમપ્રમાણમાં બુદ્ધિની કેળવણીની માત્રા વધતી જાય છે. જેમ કોઈ એક ઉંમરે પુખ્ત થયા પછી બાળકનો શારીરિક વિકાસ અટકી જાય છે અને ગમે તે રીતે ગમે તેટલો ખોરાક લઈને કસરત કરવા છતાં શરીર જાડું થાય છે, પરંતુ વિકાસ પામતું નથી તેમ સોળથી વીસ વર્ષની વચ્ચે કોઈ એક ઉંમરે બુદ્ધિ પુખ્ત થયા પછી અભ્યાસ અને અનુભવ વડે જ્ઞાનમાં વૃદ્ધિ થવા છતાં બુદ્ધિ યથાવત્‌ રહે છે. બુદ્ધિમાપનમાં પાંચ આંકના ફેરફારને ક્ષમ્ય ભૂલ તરીકે સ્વીકારવામાં આવે છે. ઘણા પ્રયોગોના પરિણામ પરથી એવું મનાય છે કે બહુમતિ વ્યક્તિઓનો બુદ્ધિઆંક લગભગ અચળ રહે છે. જે ફેરફાર થાય છે તેમાં પણ પંદર આંકથી મોટો ફેરફાર ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ આથી બુદ્ધિઆંકમાં ફેરફાર નથી થતો અથવા ન થઈ શકે તેમ માનવું પણ વાજબી નથી.

આપણો સમાવેશ સિત્તેરથી નીચા બુદ્ધિઆંકવાળાં ૨.૨%માં ન કરવા માટે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, કારણ કે આ માનસિક ખોડવાળાં બાળકોને 'દુરસ્ત' કરવાના રસ્તા શોધવાના મનોવૈજ્ઞાનિકો અને ડૉક્ટરોના આજ દિવસ સુધીના પ્રયત્નો નિષ્ફળ રહેલ છે. માનસિક ખોડવાળાં માટે પુરુષાર્થ કરવાનો તદ્દન અવકાશ નથી તેવું નથી. પરંતુ ઘણા પ્રયત્નોને અંતે તેઓ સુથારીકામ, છાપકામ, વણાટકામ જેવાં મજૂરીકામની મદદથી પોતાનો રોટલો રળી શકે અને પોતાની જાતની સંભાળ લઈ શકે એથી વિશેષ કાંઈ થઈ શકતું નથી. વિટામિનવાળી શક્તિવર્ધક દવાથી માંદગીને કારણે આવેલ નબળાઈથી પથારીવશ થયેલ વ્યક્તિ બેઠી થઈ હરતીફરતી થઈ જાય છે, પરંતુ કસરત અને પરિશ્રમ વગર ફક્ત શક્તિવર્ધક દવા અને ખોરાક ખાવાથી કોઈને પહેલવાન-જોરાવર થતો જાણ્યો છે ? બરોબર આ પ્રમાણે જેમને કોઈ કારણથી મગજને અપૂરતું પોષણ અથવા ઑક્સિજન મળ્યા છે તેથી બુદ્ધિ-વિકાસની ક્ષતિ થયેલ હોય તેમને શિશુ-અવસ્થામાં યોગ્ય પોષણક્ષમ દવાથી ફાયદો માલૂમ પડેલ છે, બાકી પ્રયોગો ઘણા

થયેલ છે પરંતુ કોઈ દવા બુદ્ધિઆંક વધારી આપવામાં ઉપયોગી સાબિત થઈ નથી. દવાથી બુદ્ધિ અથવા યાદશક્તિ વધારી આપવાનો કોઈ પણનો દાવો અને પ્રચાર ભ્રામક છે. આપણા આયુર્વેદમાં શંખપુષ્પી અને બીજાં ઔષધો બુદ્ધિવર્ધક છે તેવો ઉલ્લેખ છે. આયુર્વેદનાં આ ઔષધોને આજની અદ્યતન ટેક્નોલૉજી વડે પ્રયોગો કરી ચકાસવાં જોઈએ અને તેમની અસરોની સાબિતી મેળવવી જોઈએ. નક્કર અને પૂરતી સાબિતી વગર આયુર્વેદમાં ઉલ્લેખ છે એ આધારે લોભામણી અને ખોટી જાહેર ખબરોથી ચેતવું જોઈએ. બદામની સાથે તે બુદ્ધિવર્ધક છે એવી માન્યતા જોડાયેલ ન હોત તો મગફળી વીસ રૂપિયે કિલો છે ત્યારે બદામ ત્રણસો રૂપિયે કિલો વેચાતી અને ખવાતી ન હોત.

વર્જિનિયા વેગાન્ડના એક પ્રયોગમાં શરૂઆતમાં ૩૧માંથી ૩૦ બાળકો ઢાળ અંગેનો નિયમ રચવાનું શીખી ન શક્યા. વેગાન્ડે આ કામ કરવા માટે બાળકોમાં ક્યાં આવશ્યક કૌશલ્યો ખૂટે છે તે શોધી કાઢ્યું અને પછી તે વિકસાવ્યાં. એણે જોયું કે હવે ૧૦માંથી ૯ બાળકો કોઈ પણ જાતના હિચકિચાટ વગર ઢાળનો નિયમ રચી શક્યા. વ્યાપાર-ઉદ્યોગમાં જેમ પૈસા કમાવા માટે મૂડી સ્વરૂપે પૈસાની જરૂર પડે છે તેમ અભ્યાસમાં કોઈ એક જ્ઞાનને ગ્રહણ કરવા માટે પૂર્વતૈયારીરૂપ બીજા જ્ઞાનની જરૂર રહે છે. આ પૂર્વતૈયારીના અભાવને બુદ્ધિના અભાવ તરીકે સમજવાની આપણે ભૂલ કરીએ છીએ. કોઈ એક ધોરણમાં અપેક્ષિત હોય તેના દસમા ભાગનું જ્ઞાન વિદ્યાર્થી મેળવે તો પણ તે ધોરણની પરીક્ષામાં ગેરરીતિ આચર્યા વગર ઉત્તીર્ણ થઈ જાય છે. આવું એક પછી એક ધોરણમાં બનતું આવે તો વિદ્યાર્થી ઉત્તરોત્તર પૂર્વતૈયારીની દૃષ્ટિએ પાંગળો બનતો જાય અને એક સ્થિતિ એવી આવે કે આગળ અભ્યાસ કરવા માટે તે અસમર્થ બની જાય. 'ભણવામાં મારું ભેજું ચાલતું નથી,' આવું જણાવી વિદ્યાર્થી શાળાનો અભ્યાસ છોડે છે. આ વાત પરથી એવું નથી લાગતું કે ખોડાવાળાં અને ધીમીગતિ શીખવાવાળાંને બાદ કરતાં બાકીનાં ૯૦% વિદ્યાર્થીઓમાંથી કોઈ એક વિદ્યાર્થી બીજી સગવડ હોવા છતાં શાળા અગર કૉલેજમાં અભ્યાસ ન કરી શકે તેના કારણમાં બુદ્ધિનો અભાવ નહિ, પરંતુ પરિશ્રમ ઉઠાવવાની તૈયારીનો અભાવ છે.

શાળાની પરીક્ષાઓનો હેતુ બુદ્ધિ માપવાનો નથી એટલે તેના વડે બુદ્ધિ મપાતી નથી. પરંતુ જ્ઞાનપ્રાપ્તિનું માપન થાય છે. આ જ્ઞાનપ્રાપ્તિને બુદ્ધિ સાથે સંબંધ તો છે જ. જેનો બુદ્ધિઆંક ઊંચો તેની જ્ઞાનપ્રાપ્તિ વધારે અને નીચા બુદ્ધિઆંકવાળાંની પ્રાપ્તિ સરખામણીમાં ઓછી જોવા મળે છે. છતાં નીચા બુદ્ધિઆંકવાળાં ઊંચી પ્રાપ્તિ સિદ્ધ કરી શકે અને ઊંચા બુદ્ધિઆંકવાળાંની બધાંની પ્રાપ્તિ હંમેશાં ઊંચી જ હોય છે તેમ કહેવું અથવા માનવું વાજબી નથી.

મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિ અને જ્ઞાનપ્રાપ્તિ વચ્ચે સ્થાપિત કરેલ સહસંબંધાંક પરથી કહી શકાય કે વ્યક્તિની જ્ઞાનપ્રાપ્તિ ૪૦% બુદ્ધિ પર આધાર રાખે છે, જ્યારે ૬૦% બુદ્ધિ સિવાયની બાબતો પર આધાર રાખે છે. જેમાં પુરુષાર્થ, પુરુષાર્થ કરવાની રીત અને પુરુષાર્થ માટે પ્રેરણા આપતાં બળો મુખ્ય છે. કોઈ એક વિદ્યાર્થી ધારે તો પ્રયત્નોથી બુદ્ધિને કારણે થતા જ્ઞાનપ્રાપ્તિના ભેદને મિટાવી ન શકે તો પણ અવગણી શકાય તેટલો ઓછો અવશ્ય કરી શકે છે. ૯૦ બુદ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીની જ્ઞાનપ્રાપ્તિ ૧૨૦ અથવા તેથી વધારે બુદ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓના કરતાં વધારે હોય તેવા કિસ્સા જોવા મળે જ છે.

જેનો બુદ્ધિઆંક ૧૩૦થી ઉપર હોય છે તેવા અદ્ભુત બુદ્ધિપ્રતિભાવાળાં બાળકો શિશુ અવસ્થાથી જુદાં તરી આવે છે. મોઝાર્ટ જ્યારે ચાર વર્ષનો હતો ત્યારે વાદ્ય વગાડી શકતો અને આજ સુધી લોકપ્રિય રહ્યું છે તેવું મૌલિક સંગીત રચતો હતો. ગટેએ બાર જ વર્ષની વયે પ્રથમ કક્ષાનાં નાટકો રચ્યાં હતાં. વિક્ટર હ્યુગોએ પંદર વર્ષની વયે કરુણરસસભર કૃતિ લખી હતી અને ઍકૅડમીનાં ત્રણ ઇનામ મેળવ્યાં હતાં. સરોજિની નાયડુએ ચૌદ વર્ષની ઉંમરે કાવ્ય લખ્યું હતું. વારસો અને વાતાવરણ આ બે બાબતો પર બુદ્ધિવિકાસનો આધાર છે તે વિશે મનોવૈજ્ઞાનિકો વચ્ચે વિવાદ નથી. આ બેમાંથી કોણ કેટલું અસરકર્તા પરિબળ છે તે વિશે વિભિન્ન મતો પ્રવર્તે છે. આ બેમાંથી એકની નબળાઈ બીજાની ઉચ્ચતાનો છેદ ઉડાડે છે એથી કરીને સારી આનુવંશિકતાવાળું બાળક નબળા વાતાવરણાં તેજસ્વી બુદ્ધિપ્રતિભાવાળું બનતું નથી. ટર્મન કે જેમણે ૧૩૦થી ઊંચા બુદ્ધિઆંકવાળાં બાળકોનો ઊંડાણથી વિસ્તૃત અભ્યાસ કરવામાં જિંદગી ખર્ચેલ છે તેમણે કહ્યું છે, 'તેજસ્વી બાળકોની બુદ્ધિપ્રતિભા ઉચ્ચતમ આનુવંશિકતત્ત્વ અને ઉચ્ચતમ વાતાવરણના સહયોગભર્યા સંયોજનથી મળતા પરિપાકરૂપ હોય છે.'

અદ્ભુત બુદ્ધિવાળાની કદર તો કરવી જ જોઈએ, પરંતુ તેનાથી અંજાઈ જતા પહેલા આપણે આપણી મગજશક્તિને બીજાઓની નિંદા કરવામાં, અદેખાઈ કરવામાં, બીજાઓનો વિકાસ રૂંધવાનાં કાવતરાં વિચારવામાં, મોટાઈના ખયાલોમાં રાચવામાં, ન મળી હોય તેવી વસ્તુ અને આવડત માટે અફસોસ કરવામાં અને ઓછા મહત્ત્વની અથવા બિનજરૂરી આવડત અથવા માહિતી મેળવવા માટે વેડફાઈ જતી અટકાવીને સુયોજિત સંકલિત, હેતુપૂર્ણ વિચારો દ્વારા રચનાત્મક પ્રવૃત્તિમાં વાળીને જોવું જોઈએ કે આપણે ક્યાં છીએ?

જેવી રીતે શરીરનો બાંધો અને ઊંચાઈનો વારસો માતા-પિતા, દાદા-દાદી અથવા નાના-નાનીમાંથી કોઈ એક વ્યક્તિનો સંતાનમાં ઊતરી આવે છે તેવી રીતે બુદ્ધિપ્રતિભા વડીલ વર્ગમાંથી કોઈ એક વ્યક્તિની સંતતિમાં ઊતરી આવે છે અને તેમાં સામાન્ય સંજોગોમાં સામાન્ય લોકો માટે મોટા ફેરફારને અવકાશ નથી, અને તેમાં પણ વીસ વર્ષની ઉંમર પછી તો નહિ જ. આટલું જાણ્યા પછી નિરાશ થવાની જરૂર નથી. 'બુદ્ધિને બાઈપાસ' કરવાના ચાર રસ્તા છે જેની આપણે ચર્ચા કરીએ:

(૧) જ્યોર્જ બર્નાર્ડ શૉને કોઈકે બુદ્ધિ વગરના કહ્યા ત્યારે તેમણે યાદ રાખવા જેવો જવાબ આપતા કહ્યું છે, 'મને ખબર છે કે બીજા કરતાં મારામાં અરધી જ બુદ્ધિ છે અને એટલે તો હું બીજા કરતાં બમણી મહેનત કરું છું.' શક્ય હોય ત્યાં કામના કલાકો વધારીને પરિણામમાં ઊંચી બુદ્ધિપ્રતિભાવાળાંની બરોબરી કરી શકાય છે.

(૨) તમારા મિત્રના ઓરડામાં ૧૦૦ વોટ્સનો વીજળી-ગોળો છે અને તમારા ઓરડામાં ૬૦ વોટ્સનો વીજળીગોળો છે. તમારા વીજળીગોળા પર પ્લૅટિંગ કરેલ ચળકતું રિફ્લેક્ટર ફર્શ પર પ્રકાશની તીવ્રતા ૧૦૦ વોટ્સના ગોળા બરોબર થશે અથવા તેનાથી પણ વધી જશે. એકાભિમુખતારૂપી રિફ્લેક્ટર વડે ઓછી ઉપયોગી પ્રવૃત્તિ બંધ કરી કોઈ એક પ્રવૃત્તિમાં તમારી સર્વશક્તિ કેન્દ્રિત કરી તમે ઊંચી બુદ્ધિપ્રતિભાવાળાની પરિણામમાં બરોબરી કરી શકો છો.

(૩) એકાગ્રતા વિશેના લેખ ('કુમાર' ૯૧૦ : ઑક્ટોબર ૨૦૦૩)માં આપણે જોયું કે એકાગ્રતાની સ્થિતિમાં જેમ જેમ ધ્યાનની તીવ્રતા વધતી જાય તેમ તેમ મગજ અને તેનું કાર્યબળ વધુ ને વધુ આપણા અંકુશમાં આવતું જાય છે. તીવ્ર ઇચ્છાશક્તિથી અને બીજા ઉપાયો વડે એકાગ્રતાની સ્થિતિમાં ધ્યાનની તીવ્રતા વધારીને ઊંચી બુદ્ધિપ્રતિભાવાળાંઓની બરોબરી કરી શકાય છે.

(૪) ચાર્લ્સ શોભરાજ ઊંચી બુદ્ધિ પ્રતિભાવાળી વ્યક્તિ છે. શો ફાયદો ?

ખાનગી વેપાર અને ઉદ્યોગમાં તથા સરકારી અને અર્ધસરકારી કચેરીઓમાં ઍંશી ટકાથી વધારે જગ્યાઓ પર કામગીરી એવી છે કે જ્યાં પૂરી ક્ષમતાથી કાર્ય કરવા માટે સર્વ-સામાન્ય બુદ્ધિપ્રતિભાથી ઊંચી પ્રતિભાની જરૂર જ નથી. જ્યારે સામે પક્ષે પ્રામાણિકતા, નીતિમત્તા અને શિસ્તપાલન જેવા સદ્‌ગુણોની બધે જ જરૂર છે. સદ્‌ગુણો વિકસાવીને ઊંચા બુદ્ધિવિકાસની ઊણપનો ઉચ્છેદ કરી શકાય છે.

છેલ્લે બુદ્ધિ વિશેની એક વધુ ગેરસમજ દૂર કરી વાત પૂરી કરીએ. ક્રોધવૃત્તિ અને વેરવૃત્તિનો મન પર પ્રભાવ હોવાના કારણે કોઈ કોઈનું ખૂન કરવાનું વિચારે અને કાવતરું ઘડે તેમાં બુદ્ધિ મદદરૂપ થાય તો પણ વ્યક્તિના ખરાબ વર્તનનું મૂળ કારણ બુદ્ધિ નથી. તેવી જ રીતે પ્રેમ અને દયાવૃત્તિની મન પરની અસરથી કોઈ સારા કાર્યનું આયોજન કરે તેમાં બુદ્ધિ ઉપયોગી થાય તો પણ તેનો યશ બુદ્ધિને નથી. ડૉક્ટર છરી ચલાવી ઑપરેશન કરી કોઈનો જીવ બચાવે તે જ છરી વડે કોઈનું ખૂન કરી શકાય છે. છરીની માફક બુદ્ધિ સાધન છે. વ્યક્તિના સારા અથવા ખરાબ વર્તન માટે બુદ્ધિ સિવાયનું મન પર આધિપત્ય ધરાવતું અભૌતિક તત્ત્વ અથવા તત્ત્વો જવાબદાર છે, બુદ્ધિ નહિ. એટલે સદ્‌બુદ્ધિ અને કુબુદ્ધિ જેવા શબ્દોનો ઉપયોગ અયોગ્ય અને અસ્થાને છે. ❒

લઘુકથા

અપશુકન

કલ્પના જિતેન્દ્ર

'સંતાનપ્રાપ્તિ માટે ચાર વર્ષના શિશુનો બલિ ચડાવ્યો ! ... અરે ! શું જમાનો આવ્યો છે ?'

દૈનિકપત્ર વાંચતા જ મનસુખલાલના હોઠેથી શબ્દો સરી પડ્યા ! 'સાંભળો છો ?' એમણે રસોડામાં ડોકાઈને કહ્યું.

'આ પેપર તો વાંચો ! આ દુનિયા ક્યાંથી ક્યાં પહોંચી છે ? મોબાઇલ ને કમ્પ્યૂટર આજે ઘેર ઘેર પહોંચી ગયાં છે. ઘણી ઑફિસમાં તો રોબોય કામ કરે છે. એક બાજુ ચંદ્ર ને મંગળ પર આરોહણ ને બીજી બાજુ ભૂત ને ભૂવા ! ડાકણ ને ડાકલાં ! અરે, અભણ તો શું ભણેલો વર્ગ પણ શુકન-અપશુકન, વહેમ ને વળગાડમાંથી બહાર નથી આવતો !'

આજના યુગમાં આટલી અંધશ્રદ્ધા ? મને તો સમજાતું નથી. શું થવા બેઠું છે દુનિયાનું ?

'ચાલો હવે, દુનિયાનું જે થવાનું હશે તે થશે ! તમે આ ચા-નાસ્તો લઈ લો ને ! ઠંડો થાય છે.'

જ્યોતિબહેન રસોડામાંથી ટ્રે લઈ બહાર આવ્યાં.

'રહેવા દે ! આજે ખાસ રુચિ નથી. રાત્રે બટાકાવડા વધારે ખવાઈ ગયાં હતાં. પેટમાં ગરબડ છે.'

મનસુખલાલ ખુરશીમાંથી ઊભા થતા બોલ્યા.

'મને ખબર નહીં. નહિતર નાસ્તો કરવાનું કે'ત નહિ. હવે વધારે નહિ, થોડું તો લઈ લો ! મેં નામ દીધું છે ને વળી તમારે આજે મોટો સોદો પાર પાડવાનો છે.' ને મનસુખલાલ હાથમાં પ્લેટ લઈ પાછા ખુરશીમાં બેસી ગયા.

❒ ❒

વૃદ્ધત્વ (એક વૈજ્ઞાનિક અભિગમ)

ડૉ. જે. પી. ત્રિવેદી

જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ એ માનવી માટે સર્વમાન્ય હકીકત છે. આજનું વિજ્ઞાન આપણને એ દિશામાં દોરી રહ્યું છે જેમાં વૃદ્ધત્વ તથા બિમારીના ઉપાયો તો શોધાઈ રહ્યા છે, પરંતુ મૃત્યુને પણ પડકારી શકાય તેવા નિર્દેશો મળે છે. ચ્યવનઋષિએ જેમ વૃદ્ધત્વને પડકારી યૌવન જેવું જોમ (યૌવન નહિ) મેળવેલું તેવાં ઔષધો તો હવે પ્રાપ્ય છે, પરંતુ વૃદ્ધાવસ્થાને ટાળી શકાય તેવા સંજોગો પણ વિજ્ઞાને ઊભા કર્યા છે. આપણે આજના વિજ્ઞાનની આ અંગે થઈ રહેલી પ્રગતિ તપાસીએ.

બીજાંડનું શુક્રાણુ દ્વારા ફલીકરણ થઈને જીવ ઉત્પન્ન થાય ત્યારથી વૃદ્ધત્વને કારણે તેના મૃત્યુ સુધી તેનામાં જૈવિક ફેરફારો થતા જ હોય છે. જેમ જેમ અવયવો બનતા જાય અને તેના સામાન્ય સ્વરૂપમાં વિકસતા જાય તેમ સાથે સાથે વધારાના કોષોનો હ્રાસ પણ શરૂ થઈ જાય છે. જીવનચક્રની પ્રત્યેક ક્ષણે કોષોનું બહુગુણન, અવયવોનો વિકાસ વગેરે ક્રિયાઓ વૃદ્ધત્વની વિધ્વંશકારી પ્રક્રિયા કરતા વધુ બળવત્તર હોય છે. સંપૂર્ણ પુખ્તપણું પામ્યા બાદ તેનામાં ઉંમરની અસર દેખાવાની શરૂઆત થાય છે. કાયાની વ્યવસ્થા-પ્રણાલિઓની કાર્યક્ષમતામાં ઘટાડો શરૂ થાય છે. ખાસ કરીને હૃદવાહિકા, ફુપ્ફુસ, ધમની, વૃક્કીય તથા ચેતાસ્નાયુ સંબંધી પ્રણાલિઓની ક્ષમતા ક્ષીણ થાય છે. માનવીની આવરદાના ચોથાથી આઠમા દસકા દરમ્યાન આવા ફેરફારો અંગે વૈજ્ઞાનિક અભ્યાસો નોંધાયેલા છે. જેમ જેમ સમય સરકતો જાય તેમ મૃત્યુની સંભાવના ગુણોત્તરરૂપે વધતી રહે છે.

પ્રાણીજ કોષો કેટલીક વાર વિભાજન પામી શકે તેની એક અંગભૂત મર્યાદા હોય છે. વૃદ્ધિકારક ઘટકોની હાજરીમાં પણ સામાન્ય પ્રાણીજ કોષો સંવર્ધનમાં અવિરત વિભાજન પામી શકતા નથી. આવા કોષોનું વિભાજન ચોક્કસ મર્યાદિત વિભાજન-સંખ્યા સુધી પહોંચ્યા બાદ અટકી જાય છે.

ત્વચા, અસ્થિ, સ્નાયુબંધ, ઉપાસ્થિ તથા દાંત વગેરેમાં કોલાજન નામનું પ્રોટીન બધાં જ સસ્તનીઓમાં પુષ્કળ પ્રમાણમાં (શરીરના ચોથા ભાગ જેટલું) હોય છે. કોષબાહ્ય તંતુસ્વરૂપી કોલાજન બનાવતા ત્રાક જેવા આકારના કોષોને ફાઈબ્રોબ્લાસ્ટ (તંતુઘટક/આદિતંતુ) કહે છે. માનવભ્રૂણમાંથી મેળવેલા ફાઈબ્રોબ્લાસ્ટ સાનુકૂળ પરિસ્થિતિમાં પણ ૮૦ વખત કોષવિભાજન કરીને અટકી જાય છે. કોષોના આવા ક્રમ-પ્રસરણની ઝડપનો આધાર આ કોષો જેમાંથી મેળવ્યા હોય તે વ્યક્તિની વય ઉપર આધાર રાખે છે. ૪૦ વર્ષની પુખ્ત ઉંમરની વ્યક્તિમાંથી મેળવેલા ફાઈબ્રોબ્લાસ્ટ ૪૦ વિભાજનો બાદ અટકી જાય છે. શરીરના વિકાસનું પરિમાણ નક્કી કરવા કદાચ કોષ-વૃદ્ધત્વ મદદરૂપ થઈ શકે. કોષોને વૃદ્ધ થવામાં કાઈનેઝ નામના પ્રોટીનનું સંદમક પ્રોટીન (CdK protein inhibitor) તેમજ CdK (Cydin-dependent Kinases)નો ઘટાડો કારણરૂપ છે એવું જીવવિજ્ઞાન સૂચવે છે. આધુનિક જનીનશાસ્ત્ર તેમજ આહિવય જીવવિજ્ઞાનના આ અંગેના અભ્યાસનાં પરિણામો પણ આપણે તપાસીએ.

લાંબા જીવનની ચાવી રંગસૂત્રની ટોચ ઉપરથી મળી છે

રંગસૂત્રોની ટોચ એક અસાધારણ ૬ ન્યૂક્લિઓટાઇડ (C,G,A,T જેવા) અક્ષરોની બની હોય છે. આપણે જેવી રીતે મંત્રનું રટણ કરીએ છીએ તેમ આ છ અક્ષર-રચના હજારો વાર પુનરાવર્ત થયા કરે છે. આ ૬ અક્ષરોની રચનાને ટેલોમીઅર (અંતઃખંડ) કહે છે. તે રંગસૂત્રના બંને છેડે આવેલ DNAનો ચોક્કસ ક્રમાંક સૂચવે છે. પ્રત્યેક રંગસૂત્ર એક મોટા ચુસ્ત ગુંચળારૂપે એક ફૂટ લંબાઈનો અણુ છે જેના બંને છેડા સિવાય તેની કૉપિ થતી રહે છે. બંને છેડેના ટેલોમીઅર્સ (અંતઃખંડ)માં TTAGGG ષટ્ અક્ષરોનું લગભગ ૩૦૦થી ૫૦૦૦ વાર પુનરાવર્તન થયા કરે છે. આ ટેલોમીઅર્સની હાજરી DNAની કૉપિ કરવાની યોજનામાં મદદરૂપ થાય છે, રંગસૂત્રોને નુકસાનીથી બચાવે છે, તેમને યોગ્ય જગ્યાએ રાખવામાં મદદ કરે છે તથા કોષ કેટલો જૂનો થયો તેનું ટાઈમ-કીપિંગ કરે છે. બૂટની દોરીને છેડે જેવી રીતે પ્લાસ્ટિકની એક ખોળી હોય છે જે દોરીને ઘસાતાં અટકાવે છે તે રીતે આ ટેલોમીઅર્સ વર્તે છે. પરિણામે રંગસૂત્રોની દરેક કૉપિ(પુનરાવર્ત)માં થોડો ટેલોમીઅર જાતે ઘસાઈને દૂર થતો જાય છે. તેની લંબાઈનો ઘટાડો એક જૈવિક ઘડિયાળ માફક વર્તીને આપણને વૃદ્ધત્વ અંગે માહિતી આપેછે. જો DNA તંતુની એક સો કે વધુ વાર કૉપિ થાય તો પ્રત્યેક વેળા રંગસૂત્ર ટૂંકું થતું હોવાથી સંભવ છે કે તેમાંના ઉપયોગી જનીનો પણ દૂર થતા જાય. આપણા શરીરમાં પ્રત્યેક વર્ષે લગભગ T,A,G,C ન્યૂક્લિઓટાઇડના ૩૧ અક્ષરોના દરે ટેલોમીઅર્સ ટૂંકા થતા જાય છે (૧૯૯૪). કેટલાક સ્નાયુકોષોમાં તો આથી પણ વધુ ઘસારો થાય છે. આ કારણથી અમુક વય બાદ કોષો વૃદ્ધ થતા જાય છે. શરીર વૃદ્ધ થવાનું આ એક કારણ છે, કારણ કે ૮૦ વર્ષના વૃદ્ધ માનવીમાં તેના જન્મવેળા હોય તેના કરતાં ૫/૮ ભાગ જેટલા જ ટેલોમીઅર્સ

હોય છે. ટેલોમીઅર્સ પૂરેપૂરા જતા રહે તે પહેલાં તેમની વચ્ચે સેન્ડવિચ થયેલા રંગસૂત્રો ત્રાંસા, વિકૃત અને ચીટકુ બની જઈને અન્ય રંગસૂત્રો સાથે અમળાયેલી એવી રચના બનાવી દે છે કે છેવટે કોષ મૃત્યુ પામે છે. ટેલોમીઅરનો અક્ષરસમૂહ TTAGGGG બધા જ સસ્તનીઓમાં એકસમાન હોય છે. વનસ્પતિમાં આ પાઠમાં એક વધારાનો T હોય છે એટલે કે તેના ટેલોમીઅરની રચના TTTAGGG હોય છે.

રંગસૂત્ર ૧૪ ઉપર એક TEP-I નામનું જનીન આવેલું છે. આ જનીન ટેલોમરેઝ નામનો ઉત્સેચક બનાવે છે. ટેલોમરેઝ રંગસૂત્રના બંને છેડે રહેલા DNAમાં ટેલોમીઅર્સ ઉમેરે છે. ટેલોમરેઝની ગેરહાજરીથી વૃદ્ધત્વ (senescence) આવે છે. ટેલોમરેઝના ઉમેરણ દ્વારા કેટલાક કોષો અમર્ત્ય બને છે. આવા ટેલોમરેઝ ઉત્સેચકો આદિજીવ સીલીએટ (Ciliate પક્ષ્માભી)માંથી અલગ પાડી શકાયાં છે તથા તેઓ TTTTGGGG અથવા TTGGGG સ્વરૂપમાં હોય છે. કોષો માટે આમ ટેલોમરેઝની હાજરી શાશ્વત જીવનના અમૃત સરખી હોય છે.

ગેરોન કૉર્પોરેશનના વિજ્ઞાનીઓએ પ્રયોગશાળામાં બે પ્રકારના કોષો લીધા જેમાં ટેલોમરેઝ ગેરહાજર હતાં. આ કોષોને ટેલોમરેઝ માટેના આવશ્યક જનીનોથી સજ્જ કર્યા તો કોષોનું વિભાજન ઝડપથી થવા માંડ્યું અને જેનો ૨૦ વખત વિભાજન થવાનો જીવનકાળ હતો તે વધતો જ ગયો અને આ ઝડપ ઓછી થતી જણાઈ નહિ (Bodnar 1998). આમ, ઉત્સેચક ટેલોમરેઝની ગેરહાજરી એ મુખ્ય કારણ છે, જેના લીધે કોષો વૃદ્ધ થઈ અંતે મરણ પામે છે તે સ્પષ્ટ થયું. એક વ્યક્તિની આવરદા બીજી વ્યક્તિની આવરદા કરતાં જુદી હોવાનું કારણ રંગસૂત્રના છેડે રહેલા ટેલોમીઅર્સની લંબાઈ હોઈ શકે. જુદી જુદી વ્યક્તિઓમાં ટેલોમીઅર્સની લંબાઈ પ્રતિ રંગસૂત્ર ૭૦૦૦થી ૧૦૦૦૦ DNA અક્ષરો જેટલી ભિન્ન હોય છે. લાંબી આવરદાનું કારણ વારસાગત ટેલોમીઅરની લંબાઈ હોઈ શકે. એક અંદાજ મુજબ માનવસંજનીનમાં ઉંમર ઉપર અસર કરતા ૭૦૦૦ જનીનો (કુલના ૧૦%) હોય છે. એક સોથી વધુ વયની ફ્રેન્ચ વ્યક્તિઓના અભ્યાસ દરમિયાન લાંબું જીવનારી વ્યક્તિઓની લાક્ષણિક્તા રંગસૂત્ર ૬ ઉપરના જનીનોના ભિન્ન પાઠ હોય છે તેમ જણાઈ આવ્યું. આમાં વિચિત્રતા એ જણાઈ કે લાંબી આવરદાવાળા પુરુષોમાં એક જનીન બધામાં સામાન્ય હતો; તેમજ લાંબી આવરદાવાળી સ્ત્રીઓમાં અન્ય એક જનીન બધામાં સામાન્ય હતો. (૧૯૯૮)

શું જીવનકાળ લંબાવી શકાય ? માનવકોષોને ટેસ્ટટ્યૂબમાં સંવર્ધન દ્વારા અસીમિત કાળ સુધી જીવંત રાખી શકાયા છે. ટેસ્ટટ્યૂબમાં માનવકોષોમાંના ટેલોમીઅર્સને લંબાવી શકવા શક્ય છે. તો પછી શરીરમાં જ તેમને શા માટે લંબાઈ ન શકાય? ટેલોમીઅર્સની આવી રચના/હાજરી એક પ્રબળ વૈજ્ઞાનિક આધાર પૂરો પાડે છે કે વૃદ્ધત્વનો ઉપચાર શક્ય છે. C.Elegans નામના સૂત્ર-કૃમિનો જીવનકાળ ચાર ગણો વધારી શકતા ૮ જનીનો હવે શોધી કાઢવામાં આવ્યા છે. સૂત્રકૃમિનો વધારેલો આ જીવનકાળ માનવી માટે વય-તુલ્યતાની દૃષ્ટિએ ૩૪૦ વર્ષ થાય. ગોલકૃમિ ઉપરાંત યીસ્ટ જનીનીય દૃષ્ટિએ માનવીની ખૂબ જ નજીક છે; તેથી આવું થવું સંભવિત છે. વય વધવાની ગતિને ધીમી પાડી દેતા જનીનોનું અભિનિર્ધારણ (identification) થવાથી હવે તેનો પ્રક્રમ જનીનીય નિયમન નીચે લાવી તેમને નજીકના ભવિષ્યમાં નિયંત્રિત કરી શકાશે. ❐

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે ઘટાડેલી કિંમતે

'આવો, શીખીએ અંગ્રેજી'

લેખક : ધનુભાઈ મહેતા

(સીધા 'કુમાર ટ્રસ્ટ'માંથી મંગાવનાર માટે જ આ રાહતદર છે.)

- 'કુમાર'માં નિયમિત હપ્તાવાર પ્રકટ થયેલી લેખમાળાના આ ગ્રંથની મૂળ કિંમત રૂ. ૧૬૦=૦૦. ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૦૦=૦૦, પોસ્ટથી મગાવનારે રૂ. ૩૫ વધુ મોકલવા.
- રકમ ચેક/ડ્રાફ્ટ/ એમ.ઑ.થી મોકલી શકાશે. ચેક/ડ્રાફ્ટ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ લખવો. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ વધુ મોકલવા.
- રૂબરૂમાં કાર્યાલયમાંથી આ ગ્રંથ રૂ. ૧૦૦માં મળી શકશે.

ચયનગ્રંથ સંપુટ-૨

મૂળ કિંમત રૂ. ૧૬૦ ખાસ ઘટાડેલી કિંમત રૂ. ૧૨૫ + રજિ. પોસ્ટના રૂ. ૩૫ વધુ મોકલવા.

- કાવ્યો (બુહદ્ બુધ-કવિસંમેલનમાં પઠિત થયેલાં કાવ્યો) રૂ. ૨૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૫ વધુ
- યોગાસનો (લે. દામુભાઈ શુક્લ) : રૂ. ૨૦ સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- પ્રસંગપરાગ : રૂ. ૧૫, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ
- આરોગ્યસૂત્ર : રૂ. ૧૦, સાદા બુકપોસ્ટથી રૂ. ૪ વધુ

કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા

અમદાવાદ ૩૮૦૦૦૧.

પટકથા

નસલ

હરીશ નાગ્રેચા

[દશ્ય-શ્રાવ્ય-ટીવી અતિશય સશક્ત માધ્યમ છે, જેની ઊંડી અને સીધી અસર સમાજનાં રુચિ-વલણ-વર્તન તથા જીવનમૂલ્યો પર પડે છે, એટલે જ ટીવી પર પ્રસારિત થતી રચનાઓની ગુણવત્તા જાળવવી અનિવાર્ય બની રહે છે.

ગુજરાતીમાં ચાર ચેનલો પરથી પ્રસાર થતાં કાર્યક્રમોમાં સૌથી મોટું આકર્ષણ છે નાટકોનું - ટેલિપ્લેઝનું. આ માધ્યમનો કરોડો રૂપિયાનો કારભાર છે, જેનો મદાર છે જાહેરખબરો પર. જ્યાં જાહેરખબરો ત્યાં લોકભોગ્યતાનું મહત્ત્વ વધુ. એની જ જોહુકમી.

સતત, થોકબંધ, લોકભોગ્ય કાર્યક્રમોથી આ માધ્યમને પોસવું પડકાર છે. ઝાકઝમાળ, પૈસા, લોકભોગ્યતાની હોડદોડ રાક્ષસ બની જાય છે. એની સામે ગુણવત્તા ચકાસવાની કોને ફૂરસદ છે? આ ઉપરાંત લોકો ટીવીના બંધાણી થઈ ગયાં છે. આપો એ બધું જ સ્વાહા.

આપણી પાસે વારસામાં રંગભૂમિનાં નાટકો છે, પણ છપાયેલાં કેટલાં? આધુનિક દશ્ય-શ્રાવ્ય નાટકોનો નથી ઇતિહાસ, નથી કોઈ સાહિત્ય. આ માધ્યમની સત્ત્વશીલતા ચકાસવા શું ખેડાયું છે? રંગભૂમિના માપદંડ નવા માધ્યમને કેટલા ઉપયોગી, ઉપકારક?

આ માધ્યમ માટે થતું લખાણ આગવું છે, પ્રક્રિયા જુદી છે, સમજ-સુઝ વેગળાં છે; વ્યાકરણ, શૈલી, માવજત ભિન્ન છે. આ માધ્યમને જાણવા-સમજવા, ટીવી માટે થતી રચનાઓનું છપાયેલું સાહિત્ય કેટલું? ક્યાં છે? કંઈક તો ગુણવત્તા સરખાવવા હાથવગું હોવું જોઈએ. માનવ સંવેદનો અભિવ્યક્ત કરતી પટકથાઓ સાહિત્યનો નવો એક પ્રકાર જ ને!

આટલું સશક્ત માધ્યમ અને ગુણવત્તાને ન્યૂનતમ મહત્ત્વ? આ સંજોગોમાં ટેલિપ્લેઝનું પોતાનું સાહિત્ય, માર્કેટની માગ પૂરી કરવા લખાયેલું નહીં; પરંતુ માધ્યમની સત્ત્વશીલતા ચકાસવા માટે જ લખાયેલું સાહિત્ય, જે point of reference બની શકે. એનું હોવું, ઉપલબ્ધ થવું આવશ્યક તો ખરું, અનિવાર્ય બની રહે છે. આવું સાહિત્ય જરૂર ઊભું થાય જો પટકથાનો પ્રકાર છપાય.]

મુખ્ય પાત્રો :

એબી : ૩૫, મૂળ નામ અભય, ભારતીય, ડોગ બ્રીડર.
વિલિયમ : ૭૫, નિવૃત્ત બ્રિટિશ મેજર, લેસ્લીનો પતિ.
લેસ્લી : ૭૦, ડોગ શોની અનુભવી જજ.

સ્થળ

ઇંગ્લન્ડથી સ્કૉટલેન્ડ જવાનો હાઈ-વે. મેદાન જ્યાં ડોગ-શો યોજાયો છે.

દશ્ય : ૧ : બહારનું, રાત, સૂમસામ રસ્તો, અંધકાર, કન્ટ્રિસાયડ્ બ્રિટિશ ટાઉન

લાંબો નિર્જન રસ્તો દેખાય. પવનથી વૃક્ષો ડોલે, રસ્તા પર પડછાયા હિલોળે. પાંદડાં ખખડે જે સૂમસામ શાંતિને વધુ ઘેરી બનાવે. ક્યાંક દૂર ઘરમાં બત્તી બંધ થાય. પગરવ સંભળાય. હાથેથી કોટના કૉલરને બંધ પકડી રાખી, ત્રેવીસ-ચોવીસ વર્ષનો એશિયન જણાતો છોકરો અંતર્મુખ ચાલ્યો જાય. (લોકો એને 'એબી' કહે છે, નામ છે અભય) વાતાવરણાં એકાએક સિસોટીઓ ઉમેરાય. સાવધ થઈ એબી ચાલવાની ગતિ વધારે. એબી વળીને જુએ, અંધારામાં કોઈ દેખાય નહીં. પણ ત્રણ-ચાર જણાનો ઠઠ્ઠામાં હસવાનો અવાજ આવે. નર્વસ એબી અવાજ અવગણતો ચાલ્યા કરે, ત્યાં પડકાર સંભળાયઃ 'એય યૂ, પાકી!' અંધારામાં છ-આઠ પગનો દોડવાનો અવાજ આવે. જોતજોતામાં ચાર છોકરા અને એક છોકરી, ટિનેજર્સ, ધસી આવે, એબીને ઘેરી વળે. એબી ઊભો રહી જાય.

ઉછીની લડાઈ લેતા ટિનેજર્સ એબીને 'પાકી' કહી ઉશ્કેરે. એબી પ્રતિકારે, 'હું પાકી નથી, ઇન્ડિયન છું.' એક છોકરો એબીના ખભે હાથ મૂકે. એબી હડસેલે. બીજો છોકરો એબીને ધક્કો મારે. છોકરી હસે. એબી જવા જાય. અજાણતા જ છોકરાને એનો ધક્કો લાગી જાય. 'યૂ બાસ્ટર્ડ,' કહેતો ત્રીજો છોકરો, જોર્જ એબીને પેટમાં મુક્કો મારે 'તું કોને ધક્કો મારે છે, કાળિયા!' એબી બેવડ વળી, જમીન પર બેસી પડે. છોકરાઓ ગડદાપાટુ કરે. એબીના નાકમાંથી લોહી દદડે, શર્ટ પર પડે, એ નોંધે. મારથી જાતને બચાવતો એબી ઉપર જુએ. અધ્ધર હવામાં એબીને પોતાના જીન્સ, અન્ડરવેર તરતાં દેખાય. તમ્મર આવતાં એબી ઢળી પડે. ત્યાં વાતાવરણમાં પોલીસ-પેટ્રોલ કારનું સાઈરન ગુંજે, દૂર લાલ-ભૂરી ઝાંય ઝબકે. છોકરાઓ તરત ભાગતા વેરવિખેર થઈ જાય. એબીની સહેજ આંખ ખૂલે. પોલીસ-કાર આવતી દેખાય.

દશ્ય : ૨ : બહારનું, વહેલી સવાર, હાઈવે પર દોડતી કાર, રીઅર મિરર, એમાં દેખાય અનુસરતી પોલીસ કાર. સાઈરન સંભળાય. કાર એબીની છે. વિન્ડ શિલ્ડ પર સ્ટિકર છે. 'ડૉગ શૉ સ્કૉટલેન્ડ' - કારમાં એબીની પાછળ સેન્ટ બર્નાર્ડ નસલનો કૂતરો છે, શ્યામ.

પોલીસકાર જોતાં, સાઈરન સાંભળતા, એબી ફિક્કુ હસે. એના ચહેરા પર સ્મૃતિની વેદના જણાય. ત્યાં પોલીસ પેટ્રોલકાર સાઈરન વગાડતી, ઝડપથી ઓવર-ટેક કરતી ઝૂમકારી પસાર થઈ જાય. એબી નૅપકિનથી મોં લૂછતો પોલીસકારને જતી જોઈ રહે. શ્યામ ઊભો થઈ હાંફતો એબીના ખભે મોં મૂકે. એબી પંપાળે, 'શ્યામ દોસ્ત, આ સાઈરનને જ્યારે સાંભળું છું, આ કારને જ્યારે જોઉં છું. ત્યારે એ રાતનો પ્રસંગ અચૂક મને યાદ આવી જાય છેઃ મારી અહીં ઇંગ્લન્ડમાં ટકી રહેવાની ઇચ્છાને વધુ મક્કમ કરતો. આજે બાર વર્ષેય ભૂલ્યો નથી હજી, હવામાં થીજી ગયેલા જીન્સ અને અંડરવેરને.' એબી શ્યામને વ્હાલ કરે. શ્યામ પાછો બેસી જઈ, સૂઈ જાય.

સૂના, લંબાતા હાઈવે પર ડ્રાઇવ કરતો એબી એકાએક દૂર પેટ્રોલ સ્ટેશનનું સાઈરન પોસ્ટ જુએ. મલકે. ટેવ મુજબ શ્યામને સંબોધે, 'ચાલ શ્યામ ગાડીમાં પેટ્રોલ ભરાવી લઈએ, ને થોડુંક...' એબી પોતાનું પેટ પસવારે.

બે આંગળીઓથી આંખો ચોળી, બગાસું ખાઈ, ડૅશ-બોર્ડ પર ચીટકાડેલા દત્તાત્રેયના નાના સ્ટિકરને જોઈ એબી આશકા

લે. ત્યાં એને નાનીમાનો અવાજ સંભળાય, 'ડાહ્યો, મીઠો મારો, સૌ સારાં વાનાં થશે, હંઅ !' એબી ડાબે જુએ. બાજુની સીટ પર નાનીમાની ધુમ્મરિયા આકૃતિ સરી જતી દેખાય. એબી તરત ડાબી બાજુનું ડૅશ-બોર્ડ ખોલી, એમાં ઠાંસીને ભરેલો ખાદીની સાડીનો ડૂચો ખેંચી કાઢી, નાકે મૂકી, સૂંઘે. 'આ ડૂચામાંથી નાનીમા, હજી આવે છે વાસ તમારી તપકીરની.' ઉત્સાહમાં એબી ડૂચો ચૂમી, પાછળ ફરી, શ્યામને પૂછે, 'વોન્ટ ટુ સ્મેલ માઇ ગ્રેની ?' એબી શ્યામના નાક પાસે ડૂચો ધરે. શ્યામ ડૂચો મોંમાં લેવા જાય. એબી હાથ ખેંચી લે : 'નોઅ, આટલું જ તો છે બાકી, મારા પાસે હવે ત્યાંનું' કહીને, શ્યામને 'ડૉગ-શૉ માટે વેળાસર સ્કૉટલૅન્ડ નથી પહોંચવું શું ?' શ્યામને પંપાળતો એબી ગતિ વધારે, 'ચૅમ્પિયન રાજા આજે ફરીથી તારા નામનો ડંકો વાગવો જોઈએ, ડાર્લિંગ !'

પેટ્રોલ-સ્ટેશન આવતાં એબી તરત ગાડી અંદર વાળી લે, ઝૂકીને પ્રાઇસ-બોર્ડ જુએ, 'ગુડ, અહીંયાં પેટ્રોલ સસ્તું છે, ત્રણ પેની.' એબી પેટ્રોલ ભરી, ઑફિસમાં જઈ, એનો બ્રેકફાસ્ટ અને બીઅરની ક્રેટ લઈ, બહાર આવી, ગાડીમાં ગોઠવી, ગાડી સ્ટાર્ટ કરે. ગાડી સરવા માંડે. શ્યામ ભસે, એબી પંપાળે, 'ઓ કે ઓ કે.'

દશ્ય : ૩ : બહારનું, સવાર, હાઇવે પર એબીની દોડતી કાર.

એબી થોડું ડ્રાઈવ કરે પછી ધીરેથી બર્ગર લઈ મોંમાં મૂકે. ચાવે, બીઅરનું કૅન જુએ, ઉપાડે, ખોલવા જાય, કોઈ વિચારમાં અટકે, પોતાને જ સંબોધે, 'નૉટ નાવ, આફ્ટર ધ શો.' શ્યામ તરફ જોઈને, 'ટુ સેલિબ્રેટ યૉર થર્ડ સિસિ. વિથ ડૅવિડ, માર્ક, મેરી ઍન્ડ મૌરિન.' મલકતો એબી બીઅર કૅન પાછું મૂકી દે, અને ટેવ મુજબ શ્યામ જોડે વાત કરે, 'મને બીઅર કેમ ગમે છે, તને ખબર છે, શ્યામ ? ઓહ, તને ક્યાંથી ખબર હોય ? તું ત્યારે ક્યાં હતો મારી પાસે ? હું એકલો જ હતો, ભણતો હતો. નાનાજીએ અચાનક પૈસા મોકલવા બંધ કરી દીધા હતા. ત્યારે આ બીઅરે જ મને જીવતો રહેવા, બે પૈસા કમાવી આપ્યા હતા... બારમાંથી.'

દશ્ય : ૪ : ફ્લેશબૅક, દશ વર્ષ પહેલાં, અંદરનું, મોડી રાત, ધુમ્મસિયો બાર-ઘોંઘાટ, યુવાનોથી ઠસોઠસ ભરેલો.

બીઅર બારના ટેબલો ભરેલાં છે. કેટલાક ઊભા છે. ઘોંઘાટમાં, ત્રણ ઉદ્ધત જણાતા યુવકોમાંથી એક મોટેથી સાદ પાડે : 'જૅક !' જૅક ચપટી વગાડી કોઈને જવાનો ઈશારો કરે. એ એબી હોય. એબી ગર્દી વચ્ચે ટ્રે સાચવતો યુવાનોના ટેબલ પાસે જઈ બીઅર મગ્સ્ મૂકે. એનો શ્યામળો હાથ જોઈ, ગોરા યુવાનો હાથ ઊંચા લઈ લે. રંગનો વિરોધાભાસ નોંધાય. ત્રણે યુવાનો ખુરશી હડસેલતા ઊભા થઈ જાય. એક યુવાન ચીડ કાઢે, 'તને કોણે કહ્યું અમારો બીઅર લાવવાનું, લઈ જા પાછો. જા !' એબી ચૂપ મગ ધરી રાખે. બીજો યુવાન અકળાય, 'સમજતો નથી શું, ડમ ! ગેટ લૉસ્ટ !' બારમાં શાંતિ છવાઈ જાય સૌ એબીની દિશામાં જુએ. ત્રીજો યુવાન ખુન્નસમાં એબીની નજીક જઈ, મગ આંચકી, એબીના માથે બીઅર રેડવા માંડે. મૌન એબી લાચાર સહી રહે. ગોરાઓના ખિખિયારાથી બાર ઊભરાઈ જાય. એબી યુવાનને તાકી રહે. એબીની નજર ઝળઝળિયાંને લીધે ધૂંધળી થઈ જાય.

દશ્ય : ૫ : ડિઝોલ્વ ટુ બીજો ફ્લેશબૅક, વર્ષો પહેલાં, ગામ, ઘરનું ફળિયું, જ્યાં અછૂતવર્ણનો જેઠો ઊભો છે.

પરસેવે રેબઝેબ જેઠો આંગણામાં ઊભો છે. એના હાથમાં ઝાડું છે. અભય પાણીનો લોટો લઈ બહાર આવી જેઠાને ધરવા જાય છે. જેઠો હોઠે હાથ ધરે છે ત્યાં નાનાજી બૂમ મારતા આવી અભયના હાથમાંથી લોટો ઝૂંટવી લે છે ને જેઠાને ધમકાવે છે, 'અમારું જ ઘર મળ્યું તને, અભડાવવા ?' અભય નાનાજીને રોકવા જાય, નાનાજી એને ધક્કો મારે ને લોટાનું પાણી જમીન પર ઢોળે. તરસ્યો જેઠો પાણીની ધારને તાકી રહે. નાનાજી જેઠા તરફ લાકડી ચીંધી હુકમ કરે, 'ચાલ નીકળ ઘરની બહાર સાલા, નપાવટ !' જેઠો ભયમાં પાછલા પગે ખડકી તરફ સરે. શેરીમાં કૂતરાં ભસે.

દશ્ય : ૬ : વર્તમાન, હાઈ-વે, કાર, શ્યામ ભસે.

એબી ધૂંધવાઈ, અનાયાસે બબડે, 'આઈ ઍમ સૉરી, જેઠા !' શ્યામ ભસે. એબી એને પંપાળે, 'આજે તું કેમ ડિસ્ટર્બ્ડ છે, કામ ડાઉન. તારે તો ચૅમ્પિયનશિપ જીતવાની છે, સ્વીટ હાર્ટ ! મને ય આજે રહી રહીને આ બધું શું કામ યાદ આવે છે ! ધૅટ્સ ઑલ ગોન ! ડેડ એન્ડ પાસ્ટ !' એબી સ્ટીઅરિંગ પાછળ ટૅફમાં ટટ્ટાર બેસે. 'આજે તો હું ય બ્રિટિશ છું. નૅચરલાઈઝ્ડ !' એબી રેડિયો ચાલુ કરે. ઝનૂની ડ્રમબીટ્સવાળું સંગીત શરૂ થાય. બીટ્સના તાલે ડોલતો એબી એક્ઝલરેટર દબાવે. સો ઉપરની રફતાર પકડતી ગાડી, પહાડી ચઢાણવાળા રસ્તે દોડી જઈ, ક્ષિતિજ પર નાનું ટપકું થઈ જાય.

દશ્ય : ૭ : બહાર, સવાર, સ્કૉટલૅન્ડનો પહાડી ઢોળાવ.

ઢાળ પર દૂર નાનું ટપકું ઊપસી નજીક આવતું દેખાય, જે મોટું થતું જાય. એ એબીની કાર હોય, જેમાં સંગીત વાગતું હોય. બે-ત્રણ વળાંક લઈ એબી એકાએક વિશાળ ચોગાનમાં પ્રવેશે, ત્યાં ગાડીઓ અને કૅરેવાનો પાર્ક થયેલાં દેખાય. થોડે

દૂર છાવણીઓ જેવા નાના-મોટા સફેદ તંબુઓ નજરે પડે. ગ્રેટડેન, બુલડૉગ, ડૉબરમૅન, ગ્રેહાઉન્ડ, સેંટબર્નાડ. ડાલ્મેશયન, પૂડલ, પોમેરેનિયન એવી જુદી જુદી નસલના ઉછેરેલા કૂતરાઓને ગોરાઓ દોરતા ડૉગ-શોના પ્રવેશ તરફ જતા દેખાય. હવા, ખેલદિલી, ખુમારી અને ખુન્નસ ભરી, માલિકો ચાલતા પોરસાય. પિકનિક જેવું ઉત્સાહભર્યું વાતાવરણ.

સિફતથી એબી પાર્કિંગ લૉટમાં ગાડી વાળે, પાર્ક કરે, બહાર આવે, છૂટકારામાં ઊંડો શ્વાસ લેતાં આળસ મરડે, શ્યામ તરફ જુએ, 'ઍટલાસ્ટ વિ હેવ રિચ્ડ્. શ્યામ !' શ્યામ કારમાં જ ઊભો થઈ ગોળ ફરે. એબી કીટ કાઢે, એમાંથી તાસક કાઢી, પાણી રેડે. શ્યામને બહાર લાવતા પહેલાં ગળે પટ્ટો બાંધે, 'કમઑન, ડાર્લિંગ !' શ્યામ બહાર કૂદી આવી, લબકારીને પાણી પીએ. એબી શ્યામના મોં-આંખ લૂછે. તાસક-પાની કીટમાં મૂકે. એબી મલકતો કીટ ખભે ચડાવે, શ્યામને આગળ કરે, 'લેટ્સ ગો, લવ !' પ્રતિસ્પર્ધી શોધવા એબી ચારે બાજુ નજર ફેરવે.

દશ્ય : ૮ : બહારનું, સવાર, ડૉગ-શોનો ગેટ. ચહલપહલ.

એબી ગેટમાં પ્રવેશે. સારા નામની ગોરી છોકરી એબીને જોઈ ઉત્સાહમાં નજીક આવે. બંને એકબીજાંનું સમભાવથી અભિવાદન કરે. સારા એબીને સમાચાર આપે, 'તને ખબર છે આપણી સેન્ટ બર્નાડ નસલ માટે આજે જજ છે, કૂતરાના પ્રેમ માટે પ્રખ્યાત વયોવૃદ્ધ લેસ્લી કાર્ટર.' એબી હસે. એબી અને સારાના કૂતરા એકબીજાને સૂંઘે. બંને પટ્ટા ખેંચે. સારા ઉમેરે, 'શ્યામ હૅઝ શ્યૉર ચાન્સ ટુ વિન હિઝ થર્ડ સીસી. ઍન્ડ હી વિલ.' સારા શ્યામને પસવારે, 'એબી યૂ ઓ મિ અ પાર્ટી !' એબી ઉત્સાહમાં મલકે, 'શ્યોર, બીઅર આફ્ટર ધ શો !' બાઈ કરી, સારા ફંટાઈ જાય.

દશ્ય : ૯ : બહારનું, સવાર, કૅટલૉગ સ્ટૉલ.

થોડું ચાલી, શ્યામને હર્ષભેર જોતો એબી, કૅટલૉગ ખરીદવા સ્ટૉલ પર અટકે, ખરીદે, પાનાં ફેરવી, કંઈક નોંધે. આ દરમિયાન થોડે દૂર ઊભેલો પાઈપ પીતો મૅજર વિલિયમ કાર્ટર આશ્ચર્યમાં શ્યામને તાકી રહે. એબી શ્યામને સંબોધી આગળ ચાલે, 'કમ, વિ આર ઈન ટેન્ટ એઈટ, બેન્ચ ૨૬૪૮.' એબીને શ્યામ જેવા વિલિયમ પાસેથી પસાર થાય, કે શ્યામને પ્રશંસામાં જોયા કરતા વિલિયમથી બોલ્યા વગર રહેવાય નહીં. 'ગૉર્જિયસ ઍનિમલ, ફૅબ્યુલસ !' એબી સાંભળી, 'થૅન્ક્યુ' જેવું હસી આગળ નીકળી જાય. શ્યામને જોયા કરતો વિલિયમ સ્વગત બોલે, 'ધિસ વિલ બી યોર બ્યુટિ ટુડે, લેસ્લી !' આનંદમાં વિલિયમ પાઈપનો ધુમાડો છોડે જે એબીને અનુસરે.

દશ્ય : ૧૦ : અંદરનું, સવાર, ટેન્ટ નંબર આઠ.

શ્યામની પાછળ ચાલતો એબી વિશાળ ટેન્ટમાં દાખલ થાય ને બેન્ચ નંબર જોતો જાય. સામેથી એલીસા આવે, 'હાઈ' કહી એબીનું ધ્યાન ખેંચે. બંને મૈત્રીમાં ભેટે, હસે, છૂટાં પડે. એકબીજાંને વિશ કરે. 'સી યુ' કહેતી અલીસા તરત ચાલી જાય.

એબી ૨૬૪૮ નંબર નોંધે. શ્યામને એ જગ્યાએ બાંધે. શ્યામના કયા હરીફો ટેન્ટમાં હાજર છે, એ જોવા એબી નજર ફેરવે. ખાસ કોઈ જણાય નહીં. ટેન્ટમાંથી આવતાં-જતાં લોકો શ્યામને પ્રશંસામાં જોઈ ક્ષણેક અટકે. એબી ચોમેર ફરી શ્યામને સંબોધે, 'આજે કોઈ નથી તને પડકારવા, રાજા !' ટેન્ટમાં દૂર ઊભી ટીના એબીને વેવ કરે. અને બનાવટી સ્મિત હોઠ પર લટકતું રાખે. એબી સામો હાથ વેવ કરેને શ્યામને સંબોધે, 'સાલી ટીના આમ હસે છે પણ મનમાં તો ભાંડતી હશે.' - 'આજે ક્યાં આવ્યો, ડખો સાલો, કાળિયો !'

પાછળથી આવી, એબીના વિચાર તોડતો ડૅવિડ, એનો ખભો ટપારે. એબી ફરી જુએ. 'હાઈ એબી' ડૅવિડ પ્રસ્તાવ મૂકે, 'મારી લોરાનું શ્યામ જોડે મેટિંગ કરાવવું છે, શો પછી મળજે, ડેટ નક્કી કરશું. ઓ. કે !' એબી સંમતિમાં માથું ધુણાવે છે. ડૅવિડ જાય. એબી સ્વગત બોલે, 'આમ હલો કહેતો નથી, પણ આજે ? ઉમદા નસલનો ચૅમ્પિયન જોઈએ છીએ એની આ સલામ છે, હું નથી જાણતો શું ?'

શ્યામને હાંફતો, લાળ પાડતો જોઈ, એબી પાણી છાંટી, શ્યામને ટૉવેલથી લૂછી બ્રશથી વાળ ઓળી, ઊભો થાય, 'કમ લવ, લેટ્સ ગો ટુ ધ રિંગ !'

દશ્ય : ૧૧ : બહારનું, મોડી સવાર, પ્રદર્શન માટે રચેલી રિંગ.

ગોળાકારે ઠેર ઠેર ખૂંટાઓમાં દોરી બાંધી એક મોટું વર્તુળ રચાયેલું હોય. પ્રેક્ષકો એ વર્તુળની બહાર ફરતે ઊભાં હોય. વર્તુળના પ્રવેશ પાસે ઊભો શોનો સંયોજક, એક મહેમાનની, વયોવૃદ્ધ સ્ત્રી જોડે ઓળખાણ કરાવતો હોય, 'સર આ નસલ ઉછેરમાં એમનો પચાસ વર્ષનો અનુભવ છે. સેંટ બર્નાડ માટે દુનિયાભરમાં એમનું વિધાન છેલ્લું ગણાય છે.' મહેમાન લેસ્લીની પ્રશંસા કરતો રજા લે. લેસ્લી રિંગમાં પ્રવેશે. લોકોમાં ઊભો વિલિયમ લેસ્લીને વેવ કરે. લેસ્લી આંખોથી નોંધે. ત્યાં માર્ક, મૌરિન, ડૅવિડ, સારા, લિન્ડા વગેરે પોતપોતાના કૂતરા દોરતા રિંગમાં પ્રવેશી લાઈનમાં ગોઠવાય, એબી પણ શ્યામને દોરતો આવી લાઈનમાં

જોડાય. પ્રેક્ષકો શ્યામને તાળીઓથી વધાવે.

તાળીઓથી ચમકી લેસ્લી ઊંચું જોઈ શ્યામને નોંધે. પછી ચશ્માં ગોઠવી ધારીને એબીને જુએ. વિલિયમ એબીને થમ્બસ્-અપ કરે. લેસ્લી એક એક કૂતરાને ધારીને દૂરથી જુએ, પછી રિંગમાં થતી ક્રિયાનો મોન્ટાજ રચાય.

દૃશ્ય : ૧૨ : દરેક માલિક એક પછી એક પોતાના કૂતરાને દોડાવે, દોડવાની છટા દેખાડે, પાછા લાઈનમાં ઊભા રહે.

- કોઈ સંવાદ નહિ. શ્યામ વખતે તાળી પાડે.

દૃશ્ય : ૧૩ : એક એક કૂતરાને લેસ્લી બોલાવે, એમના ચહેરા, આંખો, શરીર, પગ, પૂંછડી, પીઠ તપાસે. શ્યામ વખતે વધુ વાર લાગે. તાણ જન્મે.

- કોઈ સંવાદ નહીં.

દૃશ્ય : ૧૪ : ફરીથી એક એક માલિક પોતાના કૂતરાને દોડાવી, જજ પાસે અટકે. જજ કૂતરાના ઊભા રહેવાની અદા જુએ. શ્યામ વખતે તાળી પડે. અણગમામાં લેસ્લી મોં કટાણું કરે.

દૃશ્ય : ૧૫ : પ્રતિસ્પર્ધી કૂતરાઓ માલિક જોડે લાઈનમાં ઊભા હોય. રિંગમાં એબીને બેધ્યાન જોઈ ટીના અડપલાં કરતી શ્યામને ચીડવે. શ્યામ ભસે. લેસ્લી નોંધે. શ્યામ તરફ જોતાં પ્રેક્ષકોના હાથ તાળી પાડવા તૈયાર હોય. લેસ્લી પોઝ લઈ, આગળ આવે, કૂતરાઓને ફરી વાર જોઈ પરિણામ બોલે. 'સિ. સિ. ચૅમ્પિયન સર્ટિફિકેટ ટુ ૨૬૨૧.'

મોન્ટાજ પૂરો.

દૃશ્ય : ૧૬ : બહાર, મોડી સવાર. પ્રતિસ્પર્ધીઓની હાર. જાહેરાત.

લાઈન તોડતી મૉરિન કૂદે, જેમ્સને ભેટે, કિસ કરે, જજ તરફ જેમ્સને દોરી જતાં એ પ્રેક્ષકો તરફ વેવ કરે, ન-છૂટકે બે-ચાર તાળી પડે. એબી તરફ નજર કરી લેસ્લી મૉરિનને નવાજે. સૌ ભોઠાં પડ્યાં હોય તેમ સોપો પડી જાય. તાળીઓ અધ્ધર રહી જાય. માનવામાં ન આવતું હોય તેમ વિલિયમની આંખો ખુલ્લી રહી જાય. એ શ્યામને જુએ, પછી લેસ્લીને, ને મોં ફેરવી લે. પારખુ લોક નારાજગીમાં વિખરાવાં લાગે. જતાં જતાં ટીના એબીને કહે, 'બેટર લક નેક્સ્ટ ટાઈમ, એબી બેબી !' આંખ નચાવતી ટીના જતી રહે. સારા આવી શ્યામને પસવારે. એબીને હાથ એના હાથમાં લઈ થપથપાવે, 'કમ ટુ માઈ કેરેવાન, ફોર બીઅર !' આશ્વાસનમાં આંખ મીંચકારી સારા જતી રહે. ઘા ખાઈ ગયેલો એબી લેસ્લીને જોયા કરે.

મૉરિન, માર્ક, મેરિ, ડેવિડ, ટીના લેસ્લીને ઘેરાઈ વળી, વાતો કરતાં, રિંગની બહાર ખેંચી જાય. મેદની વિખરાઈ જાય. રિંગમાં શ્યામ અને એબી બે એકલાં રહી જાય. એબી શ્યામ પાસે ગોઠણભેર બેસી પડે, 'આ કેમ બને દોસ્ત ? ચાર દિવસ પહેલાં જજ થૉમસે તેને બેસ્ટ ઑફ ધ બ્રીડ તરીકે બિરદાવ્યો હતો ! તો આજે ? વૉટ વેન્ટ રૉંગ ?' એબી શ્યામને તપાસે, 'હેડ, આઈઝ, કોન્ફોર્મેશન, એંગ્યુલેશન, મુવમેન્ટ ! બ્લડી શીટ, વૉટ !'

દૃશ્ય : ૧૭ : બહાર, બપોર. પ્રદર્શન પછી ધુંધવાયેલો વિલિયમ એના મિત્ર હૅરિ જોડે જતો હોય.

'વૉટ ધ હેલ, શી ડિડ્ હૅરિ ?' વિલિયમથી અફસોસમાં બોલી પડાય, 'ધૅટ યંગ બૉય ડિસ્વર્ડ ધ સી. સી.' હૅરિને ગમે નહીં. બંને ચૂપ. મૌનનો લાભ લઈ હૅરિ છૂટો પડી જાય, 'ઓ કે વિલિ, ગૂડ-ડે' વિલિયમ હૅરિને અવગણે, અટકે, મેદનીમાં આમતેમ જોતો એબીને શોધે. એની નજર પગ ઢસડતા અંતર્મુખ આવતા એબી પર પડે. વિલિયમને 'પૂઅર-બૉય' જેવી એબી માટે અનુકંપાભરી માયુસીની લાગણી થાય. એબી પટ્ટાની ખેંચ અનુભવે. શ્યામ ઊભો રહી તંબુનો ખીલો સૂંઘે, પગ ઊંચો કરે, જોરથી પેશાબ કરે. અકળાયેલો એબી ઊભો રહી, જુએ, 'આઈ નો, આઈ નો, વૉટ યુ મીન, ઓ કે !' એબી ચાલવા માંડે. સામેથી વિલિયમ આવે. હાથ લંબાવે, 'આઈ એમ મૅજર વિલિયમ કાર્ટર ! એબી નિરસ હાથ મેળવે, 'એબી, એશિયન બાંય !'

વિલિયમ એબીને સાંત્વન આપે, 'તારો કૂતરો સરસ છે, તારા પ્રેમનું પ્રમાણ.' એબી અને શ્યામ જોડે વિલિયમ ચાલવા લાગે અને વિલિયમ એબીનો ખભો થપથપાવે, 'થાય આવું ક્યારેક, પણ દોસ્ત, આ અંત નથી.' એબી વિલિયમ સામે વ્યંગમાં જુએ, 'નથી.' સાથે ખેલદિલીયે નથી. પારખુ ચાહકો વચ્ચે જો કદર ન થાય તો શું સમજવું ?' વિલિયમ એબીને ગુસ્સો થૂંકી નાખવાનું કહે, પણ મનદુઃખમાં એબી બબડે, 'જાણું છું. શ્યામની કદર નહીં થાય. નહીં કે એ સારો નથી, કારણ કે એ મારો છે.' બંને મૂગા ચાલે. જતાંઆવતાં લોકો વિલિયમ, એબીને 'ગ્રીટ' કરે.

ધીરે રહીને વિલિયમ એબીને પૂછે, 'ઇન્ડિયાથી આવ્યો છે ?' એબી માથું ધુણાવે. વિલિયમ ઉમેરે કે એ પોતે પાંચ વર્ષ ઇન્ડિયામાં હતો. દાર્જિલીંગ, ટી-એસ્ટેટમાં. વિલિયમ પૂછે, 'કેટલા વખતથી તું આ સેન્ટ બનાર્ડ નસલને ઉછેરે છે ?' એબીના '૭ વર્ષથી'ના જવાબમાં, વિલિયમ હજાર પાઉન્ડમાં શ્યામને ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરે.

એબી એકાએક અટકે, 'મૅજર એક વ્યક્તિએ અવગણના કરી ઘા કર્યો; તમે ખરીદવાની ઇચ્છા દેખાડી ઘામાં મીઠું પૂરો છો ? નો, થૅન્ક્યુ મૅજર.' શ્યામને ખેંચતો એબી ઝડપ વધારવા જાય. વિલિયમ આગ્રહ કરી રોકે. 'ડોન્ટ ફીલ ઓફેન્ડેડ એબી !'

એબી ધીરો પડે, 'મૅજર, આ પ્રેમ છે, તમારા પશુપ્રેમ જેવો જ ઉમદા. પ્રેમની શું કિંમત લગાડું? પ્રેમ ફક્ત આપી શકાય, ભેટ.' એબી શ્યામનો પટ્ટો ધરે, 'જોઈએ છે?' વિલિયમ એબીની ખુમારીને પ્રશંસામાં જોઈ રહે ને પછી દૂર દેખાતા પોતાના કૅરૅવાનને ચીંધે, 'પેલું કૅરૅવાન અમારું છે. આવ એક બીઅર પી મારી જોડે!' એબીનો સંકોચ, અચકાટ જોઈ વિલિયમ આગ્રહ કરે. 'કમ ઑન બૉય બિ અ સ્પોર્ટ!' વિલિયમ અપેક્ષામાં આગળ નીકળી જાય. એબી દ્વિધામાં ઊભો રહી જાય. વિલિયમ પાછું વળીને જુએ, સમજાવે, 'જો તું ધુંધવાયેલો છે, ગુસ્સામાં ગાડી ચલાવશે તો ગતિનું ભાન નહીં રહે.' વિલિયમ શ્યામને લાડ કરે, 'બેઉ જોખમાશો. કમ નાવ!' એબીને વિલિયમનો સમભાવ સ્પર્શે. વાત ગળે ઊતરે. 'ઓ કે મૅજર, થૅન્ક્યુ' વિલિયમ હસે. 'ધૅટ્સ ધ સ્પિરિટ! માઈ બૉય.'

ત્યાં શોધતો શોધતો ડૅવિડ આવે. 'એબી તું ક્યાં હતો?' વિલિયમ એબીને આવવાનું કહી આગળ નીકળી જાય. ડૅવિડ અને એબી, શ્યામ અને લોરાના મેટિંગની ડેટ વિશે વાત કરે. એબી મેટિંગના હજાર પાઉન્ડ માંગે. ડૅવિડ નારાજ થાય. બંને વચ્ચે વાટાઘાટ થાય. ડૅવિડ ફોન કરશે કહી છૂટો પડે. એબી શ્યામને લઈ ચાલવા માંડે.

દૃશ્ય : ૧૮ : અંદરનું-બહારનું, બપોર, વિલિયમનો કૅરૅવાન.

કૅરૅવાનની બહાર વિલિયમે એક ફોલ્ડિંગ ટેબલ ને બે ખુરશીઓ મૂક્યાં છે. એ કૅરૅવાનમાંથી ત્રણ-ચાર બીઅર બૉટલ્સ અને ગ્લાસીસ લઈ બહાર આવે, એબીને આવતો જુએ, આવકારે. 'કમ ઈન માઈ બૉય!' એબી આભાર માને, શ્યામને બહાર ખૂંટે બાંધે, તાસક કાઢી, પાણી ભરી, શ્યામ પાસે મૂકે, શાંતિથી શ્યામ પાણી લબકારે. વિલિયમ અને એબી બંને શ્યામને જુએ, પછી એકબીજાને જોઈ હસે. વિલિયમ બીઅરનો ગ્લાસ ધરે. એબી સ્વીકારે. વિલિયમ ટોસ્ટ કરવા હાથ લંબાવે, ગ્લાસ ટકરાવતા બોલે, 'ચીઅર્સ!'

દૃશ્ય : ૧૯ : અંદરનું-બહારનું, મોડી બપોર, મૌરિનનો કૅરૅવાન.

કૅરૅવાનના છજ્જા નીચે માર્ક, મેરી, ડૅવિડ, મૌરિન, ટીના, હૅરી અને વચ્ચે બેઠેલી લેસ્લી સૌ સાથે હાથ ઊંચા કરી બોલે, 'ચીઅર્સ!' ડૅવિડ મોટેથી બોલે, 'ફોર લેસ્લી કાર્ટર, અવર ફેર લેડી' મૌરિન લેસ્લીને સંબોધે, 'તમારા વિના આ નિર્ણય ન આવ્યો હોત! થૅન્ક્યૂ!' બહાર કૂતરો ભસે. માર્ક ગર્વમાં ડંફાસે, 'શ્વાન ઉછેરવાનો આપણો બસો વર્ષનો ઇતિહાસ છે, સમજ, અનુભવ છે.' ડૅવિડ ટાપસી પૂરે, 'એ છોકરો શું જાણે પશુ-પ્રેમને!' હૅરી ઉમેરે, 'સિલી બૉય!' મૌરિન લેસ્લીને જોઈ. 'આપણને આપણાં જ દેશમાં, આપણા વારસાગત વ્યવસાયમાં પડકારે!' ટીના વચ્ચે બોલે, 'વૉટ ઍરોગન્સ!' બહાર કૂતરો ભસે. લેસ્લી આત્મસંતોષમાં મલકે. માર્ક ફરીથી ટીકા કરે, 'એ તો નિષ્પક્ષતાનો દેખાડો કરતાં, દંભી જજીસને લીધે અત્યાર સુધી એ કાળિયો ફાવી જતો હતો.' લેસ્લી પ્રશંસાથી ફુલાય, ચહેરા પર સત્કર્મનો સંતોષ ઝળકે, લેસ્લી ગ્લાસ ઉપાડી આભાર માને ને બીઅર મોઢે માંડે.

દૃશ્ય : ૨૦ : અંદરનું-બહારનું, મોડી બપોર, વિલિયમનો કૅરૅવાન.

છેલ્લું ટીપું પી એબી ગ્લાસ ટેબલ પર મૂકે. વિલિયમ ફરીથી ભરવા ગ્લાસ ઉપાડે. છણકાથી એબી ગ્લાસ લઈ લે. વિલિયમ છળ નોંધે. મલકે. એબી સમાધાનમાં બોલે, 'થૅંક્યુ, થૅંક્યુ મૅજર! નો મોર!' વિલિયમ એબીને હજી ધુંધવાયેલો નોંધે. એ કૅરૅવાનમાં જઈ ત્રણ-ચાર વધુ બીઅર લાવતા એબીને સંબોધે, 'તારો રોષ હજી ઠંડો નથી પડ્યો, તું એમ કર, એક વખત તું કહી નાખ, મોટેથી - બ્રિટિશર્સ આર બાસ્ટર્ડસ્ - ને મોકળો થઈ જા, પછી પીવાની મજા આવશે, સાથે! મને માઠું નહીં લાગે, સે ઇટ!'

એબીને વિલિયમની નિખાલસતા ગમે. એ વિચારમાં જ, લીલીછમ પહાડીઓ તરફ નજર ફેરવે. સરતાં વાદળાં નોંધે. એનો વૉઈસ ઓવર સંભળાય. 'લાગે છે વરસાદ પડશે, પહોંચતા અંધારું થઈ જશે, એક હેડ-લાઈટ ચાલતી નથી. નીકળવું જોઈએ.' રહીને એબી ઊભો થાય, 'વેલ, મૅજર હું તમારી રજા લઈશ.' વિલિયમ પોતાનો અડધો ગ્લાસ દેખાડી, પૂરું કરું ત્યાં સુધી બેસ- નો આગ્રહ કરે. એબી ઇચ્છાને માન આપે. એબી ઊભો થાય. બહાર જઈને શ્યામને પસવારે.

વિલિયમ એબીને સંબોધે, 'એબી, લાગે છે તું ક્યારેય નહીં જીતે, રાવ ખાતો જ રહેશે.' શ્યામની બાજુમાં ઊભડક બેઠો એબી સહસા પૂછે, 'શું?' વિલિયમ ફોડ પાડે, 'તને સફેદ પૂંઠાં પર છપાયેલા 'સીસી'ના લાલ અક્ષરો અને રેશમી બેજ મેળવવાની લાલસા છે.' એબી અંદર આવતા છજું પકડી સામે પૂછે છે, 'મને શું એ હક્ક નથી.' વિલિયમ ગ્લાસ ચીંધી બીઅર માટે એબીને પૂછે. એબી ચોક્કસ રીતે 'ના'માં માથું ધુણાવે. એબી બેસે. વિલિયમ ઊભો થાય. બહાર જઈ, પાછો ફરે ને નજીક જઈ ધારીને જુએ, પછી બોલે :

'છોકરા, પાંત્રીસ વર્ષની ઉંમર, છ વર્ષનો અનુભવ, ખિસ્સા ખાલી, ને ઉપરથી અળખામણો વાન...' એબી સાંભળી છંછેડાઈ જાય : 'આઇ ડિન્ટ ઑપ્ટ ફૉર ધ કલર, ડિડ આઈ?' વિલિયમ એબીને શાંત પાડે : 'તું સાંભળ, હું શું કહું છું. તારી આટલી નાની મૂડી સાથે, કરોડોપતિ વયોવૃદ્ધ શ્વાનપ્રેમીઓમાં, એમના વારસાગત વ્યવસાયમાં તું બચી નહીં, ટકી પણ શક્યો છે, એ શું ચૅમ્પિયનશિપ કરતાં ઓછું છે?' વિલિયમ કૅરૅવાનમાં

જાય. એબી ચકિત થઈ જોઈ રહે. વિલિયમ કુકિઝની પ્લેટ લઈ પાછો ફરે ને એબીને સંબોધે : 'બાકી તારી શી વિસાત કે તારા હેલોનો આ લોકો માનથી જવાબ આપે ! હાથ મેળવે, આ અહીં કેટલું અસાધ્ય છે, એનો તને અંદાજ નથી.'

વિલિયમ એબીને કુકી ખાવાનું કહે. એબી વિચારમાં જોઈ રહે. એબીની આસપાસ ફરતો વિલિયમ એબીનો ખભો પસવારે : 'એ લોકો આપે એ ચૅમ્પિયનશિપ નહીં, સંજોગ સાપેક્ષ પ્રયત્નોના ઉદ્દેશને તમે ફળીભૂત કરો એ યત્નો સ્વયં ચૅમ્પિયનશિપ, પુરસ્કાર !' વિલ્યમ બેસે. એબી ગુરુની જેમ માનથી વિલિયમનો જોઈ રહે. વિલિયમ ઉમેરે. 'માઈ સન, તું પ્રયાસોનો ગૌરવ અનુભવ, બાકી જીવ બાળવાનો નથી કોઈ અર્થ, નથી કારણ !' વિલિયમ ભાર દેતો આંગળી ચીંધે : 'યુ ઇન્ડિયન્સ સે બિયૉન્ડ એક્ષપેક્ટેશન ઑફ ધ ફ્રુટ્સ, ડૉન્ચ યુ ?' વિલિયમ એબીને ઉત્સાહિત કરવા પૂછે, 'બોલ, હવે થોડો બીઅર લેશે ? વન ફૉર ધ રોડ ?' એબી વિચારમાં વિલિયમને જોઈ રહે. એબીનો વૉઈસ ઓવર. 'આવો તો એને ક્યારેય વિચાર નહોતો આવ્યો ?' કાર્ટરે પ્રયત્નોને નવું જ પરિમાણ આપ્યું હતું.

અંતર્મુખ એબી અહોભાવમાં બહારની કુદરત જોઈ રહે. વાદળ વિખરાવા લાગે, હેરિયા જેવો ઉજાસ ફેલાય, એ ઉત્સાહમાં એકાએક ઊભો થાય. 'વેલ મૅજર કાર્ટર, થૅંક્યુ ફૉર યૉર !' વિલિયમ વચ્ચે જ બોલે : 'બિ બ્રેવ માઈ બૉય ! ઍન્ડ ઑન બિહાફ ઑફ લેસ્લી, આઈ ઍપોલોઝાયસ.' એબી તરત વારે. 'પ્લીઝ મૅજર એ જજ હતાં, એમનું વર્ડિક્ટ હું સન્માનું છું. ઑન ધ કોન્ટરરી, હું તો ઋણી છું તમારો.' એબી વિલિયમ જોડે હાથ મેળવે. 'થૅંક્યુ અગેન !' એબી કીટ લઈ, શ્યામનો પટ્ટો છોડી, મલકીને ચાલવા માંડે. વિલિયમ એકીટશે એબી અને શ્યામને જતાં જોઈ રહે. એના વિચારો વૉઈસ ઓવરમાં સંભળાય : 'લેસ્લીની પશુ-પારખું નજર ક્યાં થાપ ખાઈ ગઈ ?' એના પર ઉંમરની અસર થવા માંડી છે શું ? કે પછી એના મૂલ્યો બદલાઈ ગયાં છે ? કદાચ, આ જ એનું વલણ હતું, કાયમનું જે અવસર પડતાં ઉઘાડું પડી ગયું.' એબી દેખાતો બંધ થઈ જાય. 'છોકરો તો ગયો, સાથે લેસ્લી અને મારી વચ્ચે કંઈક હતું, એ ય જતું રહ્યું છે.' 'વાતાવરણમાં કુરકુરિયાના કણસાટનો અવાજ ઘૂમે.' અકળાઈ વિલિયમ ટેબલ પર હાથ પછાડે. 'વ્હાઈ લેસ્લી વ્હાઈ ?'

દૃશ્ય : ૨૧ : અંદર, સાંજ, મૌરિનનો કૅરેવાન, લેસ્લી.

'વ્હાઈ-વૉટ,' બોલતી લેસ્લી ગ્લાસ ટેબલ પર મૂકે, 'નો મોર, આઈ હૅડ ઈનફ થૅંક્યુ મૌરિન, મેરી, ડૅવિડ, થૅંક્યુ ઑલ !' લેસ્લી ચાલતા ડગડગે. ડૅવિડ હાથ પકડે, 'હું આવું તમારી સાથે, મેમ ?' લેસ્લી હાથ ખેંચી લે, નકારમાં હાથ વીંઝે, 'તું શું ધારે છે, હું ટિપ્સી છું.' લેસ્લી કૅરેવાનની બહાર જાય. પાછળ સૌ 'બાઈ' બોલે, લેસ્લી દૂર પાર્કિંગ-લૉટ તરફ મેદાનને જોતી ચાલવા લાગે.

દૃશ્ય : ૨૨ : બહાર, સાંજ, મેદાન, પાર્કિંગ-લૉટ, એબીની વૅન.

શ્યામ વૅનની બહાર પાણી પીતો હોય. એબી જજની જેમ એને જોયા કરતો હોય. એબીને એના વિચાર સંભળાય. વૉઈસ ઓવર 'શું થયું, કોઈ કહેશે મને ? ક્યાં શ્યામનાં લક્ષણો ઊણાં ઊતર્યાં ? ધેરીઝ નથિંગ રૉંગ વિથ યુ લવ !' શ્યામ પાણી પી મોં ઊંચું કરે. વ્હાલમાં એબી એનું કપાળ શ્યામના કપાળ પર ટેકવે, ને શ્યામની આંખમાં ડૂબી જાય. એબીના મનમાં સેંટ બર્નાડ નસલનો મોન્ટાજ જાગે. દૃશ્યો દરમિયાન એબીનો વૉઈસઓવર સંભળાય.

દૃશ્ય : ૨૩ : આલ્પ્સ પર્વતની તળેટી. બરફ છવાયેલી તળેટીમાં સુસવાતા પવનનાં ઝાપટાં તથા હિમવર્ષાના તોફાનને ઝીલતાં વૃક્ષો દેખાય. વૃક્ષો વચ્ચે બરફના ઢગલામાં મખમલી સળવળાટ દેખાય. હાંફતા સળવળાટમાંથી વરાળ ઊઠે.

એબીનો વૉઈસ ઓવર : હિમવર્ષામાં કોણ છે આ ? ના આ તો એનો પૂર્વજ છે. બેરી.

દૃશ્ય : ૨૪ : બરફમાં ચાલતા બેરીને ગળે દારૂની કુલડી હોય, જમીન સૂંઘતો એ કંઈ શોધતો અટકે, પંજાથી ખોતરે. માંઢેથી કપડું ખેંચે. દટાયેલો માણસ સહેજ બહાર આવે, બેરી એને ઘસડવા માંડય.

એબીનો વૉઈસ ઓવર : સ્વિટ્ઝર્લૅન્ડથી ઈટલી જતાં બરફમાં ખોવાઈ, દટાઈ ગયેલાં વટેમાર્ગુઓને સૂંઘી, પગેરું કાઢતો બેરી ! બેશુદ્ધ જીવોને ઉગારનાર બેરી ! ચાલીસનો તારણહાર, બેરી. !

દૃશ્ય : ૨૫ : આલ્સની ખાલી ખીણમાં એકલાં બેરી સૂંઘતો ચાલ્યો જાય. એ થાકેલો હોય, હાંફે, રહી રહીને લથડે, છેલ્લે પડી જાય. ડચકાં ખાય, માથું ઢળી પડી રહે, ને બરફથી ઢંકાઈ જાય.

એબીનો વૉઈસ ઓવર : એવી કોઈ ખેપમાં ખોવાઈ, બરફમાં ખુદ ખપી જનારો, બેરી.

દૃશ્ય : ૨૬ : સૂનકારભર્યાં વિવિધ દૃશ્યો જોડે આલ્પ્સની હિમાચ્છાદિત તળેટીમાં ભસવાનો અવાજ પડઘાય.

એબીનો વૉઈસ ઓવર : દંતકથાના નાયક બેરીનો આ વંશજ છે, શ્યામ નખશિખ સંપૂર્ણ, સુંદર.

દૃશ્ય : ૨૭ : વર્તમાન, બહારનું, સાંજ, ડૉગ-શોનો પાર્કિંગ લૉટ.

આંખ ખોલી એબી શ્યામને અહોભાવમાં જોઈ, ભેટી, ચૂમે. એબીનો વૉઈસ ઓવર, 'એકલતામાં પોતિકાની હૂંફ

આપી મને ઉગારનાર તું જ છે, મારા શ્યામ.'

ગદ્‌ગદ્‌ એબી બે હાથમાં શ્યામનો ચહેરો લઈ લાડ કરે, 'આઈ ઍમ સૉરી શ્યામ, તારા ગૌરવને હું ઉગારી ન શક્યો. ભરખી ગયો મારો રંગ તારા રૂપને, સ્વરૂપને, ડાર્લિંગ !' એબી શ્યામને થાબડેઃ 'ડોન્ટ વરી, આપણે પોંખાશું જરૂર, પાછાં.' કીટ ગાડીમાં મૂકી શ્યામને વૅનમાં બેસાડી, બારણું બંધ કરી, બારીમાં ડોકાઈ એબી બોલે : 'રિલૅક્સ, સ્વીટ હાર્ટ, ઍન્ડ ફરગેટ અબાઉટ લેસ્લી.'

દશ્ય : ૨૮ : બહાર, સમી સાંજ, લેસ્લી કૅરેવાન તરફ જતી હોય.

ધીરે ધીરે જતી લેસ્લી, એકાએક અટકે, તણખલું ઉપાડે, હવામાં વીંઝી છોડી દે. બાજુમાંથી સેન્ટ બર્નાડ નસલનો કૂતરો પસાર થાય. લેસ્લી નોંધે. એનો વૉઇસ ઓવર, 'શ્યામ, ૨૬૪૮ વોઝ ગુડ, બટ વોઝ હિ પરફેક્ટ !' લેસ્લી મોં બગાડે, એનું ધ્યાન જાય કે એ કૅરેવાન પાસે પહોંચી ગઈ છે. એ તરત હાક મારે, 'વિલિયમ, વિલી, આર યુ ધેર !' કૂતરાના ભસવાનો અવાજ આવે. છજા નીચે બેઠો વિલિયમ શંકામાં પોતાની મૂઠીને એમ જોતો હોય કે જો એ ખોલશે અને કંઈ નહીં નીકળે તો ! લેસ્લી અંદર આવે. બંધ આંખે વિલિયમ બબડે. 'વ્હાઇ બટ વ્હાઇ ?' લેસ્લી હસે, 'વ્હાઇ વૉટ વિલી ? ટિપ્સી અગેન !' વિલિયમ આંખ ખોલે. લેસ્લી ખુરશી ખેંચી બેસે. ગ્લાસમાં બીઅર રેડે. વિલિયમ એકીટશે તાકી રહે. લેસ્લી ક્ષુબ્ધ થઈ જાય, 'વિલી, શું જોયા કરે છે, એકધારું ?' વિલિયમ સામે પ્રશ્ન પૂછે, 'તને નથી લાગતું શ્યામ હક્કદાર હતો ?' પ્રતિપ્રશ્નથી લેસ્લીનો અહં ઘવાય. એ સહેજ ફૂંફાડે :

લેસ્લી : નિર્ણય લીધા પછી હું લેખાં-જોખાં નથી કરતી.

વિલિયમ : ને લેખાં-જોખાં કર્યા વગર જ નિર્ણય લે છે ?

લેસ્લી : (ઘવાઈ) વિલી, તું ભૂલી ન જા આ નસલની પરખ મને વારસામાં મળી છે.

વિલિયમ : એટલે જ તું થાપ ખાઈ ગઈ ? હું કેમ માનું ?

લેસ્લી : (વિફરે) મારા પશુ-પ્રેમ પર તને શંકા છે ?

વિલિયમ : (ભાર દઈ) ન્યાય ન કરી શકે એ પ્રેમ કેમ હોઈ શકે ?

લેસ્લી : (પડકારમાં) તો શું હોઈ શકે ?

વિલિયમ : પૂર્વગ્રહ ! કુદરતના એ સુંદરાત્માનું મૂલ્ય તેં એ છોકરાના રંગથી આંક્યું ?

લેસ્લી : (ઘવાઈ) એ કાળિયા માટે તું મારો દ્રોહ કરે છે, વિલી ?

વિલિયમ : હાઉ કૅન યુ બી ફેર લેસ્લી, વ્હેન યુ આર નૉટ ફ્રી ? તારા પૂર્વગ્રહે તારા પ્રેમને પરાસ્ત કર્યો.

લેસ્લી : (અસ્વીકારતાં) યુ હેવ ગોન નટ્‌સ.

વિલિયમ : વલણના વશમાં, પૂર્વગ્રહની કઠપૂતળી બની જો તમે દ્વેષ કરો તો, તમે એમાં તમારો જ દ્રોહ કરો છો. લેસ્લી તેં એ જ કર્યું છે, દગો દીધો છે.

લેસ્લી : (વિફરતાં) વ્હોટ રબીસ, દગો, મેં. કોને ?

વિલિયમ : પૂર્વગ્રહમાં તે તારા જ પશુપ્રેમને દગો દીધો છે. (રહીને) જે લેસ્લીને હું જાણતો હતો એ તું કેમ હોઈ શકે ? યુ અપીઅર ટુ મિ, અ સ્ટ્રેન્જર.

વિલિયમ ચૂપ થઈ જાય. પ્રતિકારમાં ખુરશી હડસેલી, ધૂંઆંપુંઆં લેસ્લી ઊભી થઈ, છજા નીચેથી નીકળી બહાર જઈ અંધકારને જોતી ઊભી રહે. એબી તરફ એનો અહં ફુત્કારે, 'તને હું ક્યારેય માફ નહીં કરું કાળિયા.'

દશ્ય : ૨૯ : બહાર, વહેલી રાત. હાઈ-વે, એબીની વૅન દોડે.

ડાબે હાથે શ્યામને પંપાળતો એબી ટેવ મુજબ વાત કરે, 'દોસ્ત, ઘરે જતાં મોડી રાત થઈ જશે. પણ તેથી શું ? કોણ છે ઘરે ? આજે તો પબમાં જઈશું, ને પીશું મોડે સુધી.' એબીનો ચહેરો એકાએક તંગ થઈ જાય, ને બબડે, 'પછી કોઈ છાકટી ગોરકિને લઈ જશું ઘરે, પસવારવા જ્યાં સુધી ઉઝરડાઓમાં કળ ન વળે !' એકાએક ઝૂમકારામાં મોટર ઓવરટેક કરતી પસાર થાય. શ્યામ ચમકી, ઊભો થઈ, બારીમાં મોં નાખી ભસે. એબી પંપાળે, 'ઇટ્‌સ ઑલ રાઇટ, લવ.' એબીની મોટર દોડ્યા કરે. એબી શ્યામ જોડે વાતો કર્યા કરે. 'શ્યામ દોસ્ત, તું જેટલો વ્હાલો છે, નાની પણ એટલી જ વ્હાલી હતી, બલકે વધુ. યુ નો નાની ? મધર્સ મધર ! મારી મા તો મરી ગઈ, બિફોર આઇ કુડ ઓપન માઇ આઇઝ ! ઇન્ડિયામાં હવે મારું કોઈ નથી. ન એ શેરી, ન બેઠાં ઘાટનું ઘર, ન નાનીમા.'

એબી નોસ્ટાલ્જિક થઈ જાય. ચૂપ. સંગીત વાગ્યા કરે. આશ્વાસન આપતો હોય તેમ શ્યામ લાડમાં એબીના ખભા પર માથું ટેકવે. ઘડિયાળમાં જોઈ, એબી શ્યામને પંપાળે, 'ટાયર્ડ, ડાર્લિંગ ! બસ હવે કલાકમાં વિઝબીચ પહોંચી જશું. કોણ જુએ છે રાહ આપણી. ઘરમાં તો છે ખાલીપો અને એકલતા. પૉલીના ગયાં પછી એય કોઠે પડી ગયાં છે. તને યાદ છે પૉલી, જેને બે વર્ષ પહેલાં ઘરે લઈ આવ્યો હતો ?'

દશ્ય : ૩૦ : ફ્લેશબૅક, બે વર્ષ પહેલાં, અંદરનું, રાત, એબીનું ઘર.

પૉલીને સોડમાં દબાવતો એબી અંદર આવે. બંને હસે.

લાડ કરે. બેડરૂમમાં જાય. એબી શ્યામને રૂમની બહાર કાઢે. પૉલીને ભેટે. પૉલી એબીનું શર્ટ કાઢી, સિંદબાદ જેવી શર્ટ વગરની એબીની કાયા પર કૌતુકમાં હાથ ફેરવી, એબીને ભેટતા પલંગ પર પડે અને ચાદર ઓઢી લે. આ દરમિયાન એબીનો વૉઇસ ઓવર સંભળાય, 'તે દિવસે અનુભવાતી તીવ્ર ઘર-ઝૂરાપાની લાગણીને હું પ્રેમ માની બેઠો હતો. બદામી કાયાના કૌતુકને કદાચ પૉલી પ્રેમ સમજી બેઠી હતી. લગ્નમાં પરિણમેલી ગેરસમજ, બહુ ટકી નહીં. એ સમરમાં મને અસ્થમાનો સખત હુમલો ઊપડ્યો. મારે હૉસ્પિટલમાં રહેવું પડ્યું.'

દૃશ્ય : ૩૧ : એ જ ફ્લેશબૅક, અંદર, સાંજ, હૉસ્પિટલ, બારીનો ખાટલો.

શ્વાસ લેવાની તકલીફ સાથે એબી બારી બહાર જોતો હોય. નર્સ આવે દવા આપે. જાય. તરત હસતી પાછી આવે. એબીને કોઈના મોકલેલાં ફૂલો સુપરત કરે. સાથે એક ચીઠ્ઠી હોય. એબી ચીઠ્ઠી ખોલી વાંચે. પડતી મૂકે ને હાંફતો બારીબહાર ઝરતાં ફોરાંને જોઈ રહે. આ દરમિયાન એબીનો વૉઇસઓવર સંભળાય, 'પૉલી મને રોજ ફ્રેશ ફ્લાવર મોકલતી.' પાંચમે દિવસે, ફ્લાવર જોડે એનો એક લેટર આવ્યો, પૉલીનો વૉઇસ ઓવર, 'ડીઅર એબી, હું લૉરેન્સ પાસે પાછી જતી રહું છું. તારી વફાદારી, પ્રામાણિકતાના અતિરેકથી હું થાકી ગઈ હતી. દરેક તક જતી કરી. વારંવાર ઇચ્છાને ટૂંપો દઈ, ગૂંગળાઈ ગઈ હતી. મને એની આદત નથી. વિથ લૉરેન્સ, આઈ ફીલ રિલૅક્સડ. વિથ યુ ઇટ વોઝ અ ન્યૂ થ્રિલ. એની વે, થૅંક યુ લવ. ટેક કેર !'

ફ્લેશબૅક ઓવર.

દૃશ્ય : ૩૨ : રાત, વિલિયમનો કેરેવાન, છજા નીચે બત્તી બળે.

બહાર ફોરાં પડતાં દેખાય, લેસ્લી બહારથી અંદર આવી બેસે. વિલિયમ ઊઠી લેસ્લીની નજીક જાય, 'સ્વીટ હાર્ટ, મેં તને ક્યારેય પૂછ્યું નથી કે હું પાંચ વર્ષ ઇંગ્લન્ડમાં નહોતો એ દરમિયાન એવું તે શું બની ગયું ઘરમાં કે આપણાં સંતાન, સૂઝી અને જોન જતાં રહ્યાં ? ને ક્યારેય ન ખબરઅંતર પૂછ્યાં, ન પાછાં ફર્યાં.' લેસ્લીની સામે તાકી, 'ક્યા પૂર્વગ્રહ સામે પ્રેમ પરાસ્ત થઈ ગયો ?' લેસ્લી ચીડમાં મોં ફેરવી લે. મૌન છવાઈ જાય. વિલિયમ કોઈ વિચારમાં વૉકિંગ-સ્ટિક શોધી કાઢતાં બોલે. 'લેસ્લી તું વ્યક્તિ નહિ, વલણોનો ભારો છે. પૂર્વગ્રહોના જોરે ચાલતું એક યંત્ર. પરાધીન. હાઉ ઍબ્સર્ડ !'

લેસ્લી વિલિયમને અવગણતી, મૌન રહે. એક નજર લેસ્લી તરફ નાંખી, વિલિયમ ચાલવા માંડે. વિલિયમનો ઓળો થોડે દૂર જઈ અંધારામાં ઓગળી જાય. સ્ટિકનો ટપકારો સંભળાય. ચીડમાં લેસ્લી ખાલી ગ્લાસ ફંગોળે, ને બહાર અંતરાલમાં ચોમેર ઝૂલતી કાળાશને જુએ. લેસ્લીને વિલિયમ દેખાય નહીં. લેસ્લી કાન સરવા કરે. ટપકારા વિલાઈ જાય. લેસ્લી સાદ પાડે, 'વિલી, આર યુ ધેર ?' લેસ્લીના પ્રશ્ન સાથે જોરથી પવન ફૂંકાય, પાંદડાં ખખડે, કંઈ દેખાય નહીં. એકીટસે લેસ્લી અંધારાને તાકી રહે. પાંદડાંના ફરફરાટ વચ્ચે પશુનો ગરમ હાંફતો શ્વાસ સંભળાય. દહેશત અનુભવાય. લેસ્લી પૂછે, 'હુ ઇઝ ધેર ?' લેસ્લી ટૉર્ચ મારે.

દૃશ્ય : ૩૩ : રાત, સાઈડ-લેન, એબીની કાર.

હેડલાઇટનો પ્રકાશ ઝાડી પર પડે. એબી વિઝબીચમાં ગાડી વાળે. ઘરો દેખાય, ઘરોમાં બળતા દીવા દેખાય. ગાડી ધીમી પડે. રેડિયો પર ઝનૂની બીટ્સવાળું સંગીત સંભળાય. એબી કાર વાળે ને એકાએક 'ફાય-બેલ્સ' પબની નિયૉન સાઈન આંખે વળગે. એબી ગાડી પબની સહેજ દૂર ઊભી રાખે. અનાસક્ત શ્યામની આંખો તંદ્રામાં બંધ હોય.

એકાએક પબનું બારણું ખૂલે. અસ્થિર પગે ચાલતી એક દેખાવડી સ્ત્રી બહાર આવે. એબી સ્ત્રીને જોઈ રહે, ને વિચારમાં બબડે, 'બ્રિટિશ !' સ્ત્રી સીધેસીધી ચાલતી રહે. એબી એની સમાંતર ગાડી ચલાવે, સ્ત્રીને જોયાં કરતો એબી શ્યામને સંબોધે. 'શ્યામ દોસ્ત, શું કરશું ?' શ્યામ સ્થિતપ્રજ્ઞ જેવો બેસી રહે. એબી સ્ત્રીને જુએ. સ્ત્રી ચાલતી રહે. ગાડી સમાંતર ચાલે. રહીને, જેટલી ફ્રેમમાં કાર હોય, એટલી ફ્રેમ ફ્રિઝ થઈ જાય. ચાલતી સ્ત્રી દૂર થતી જાય. સંગીત ગૂંજ્યા કરે.

[આઈએફએના સૌજન્યથી]

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

મારો સાઇકલ-પ્રવાસ

કલ્પના દેસાઈ

ખરેખર ! હું એક આજ્ઞાંકિત પત્ની હોવાથી, મારા પતિ ઘણી વાર વગર ફરમાઇશે પણ મને નાનીમોટી ભેટ ધરતા રહે છે ! (પરસ્પરની સમજૂતી). એવા જ એક શુભ દિને, શુભ ઘડીએ જ્યારે એમણે કહ્યું કે, 'તારે માટે સાઇકલ લાવ્યો છું.' સાંભળીને તો હું પાગલ થવાની અણી પર આવી ગઈ. (મારાં પોતાનાં વખાણ નથી કરતી પણ આ જમાનામાં આવી પત્ની મળવી મુશ્કેલ છે. આજે ક્યો પતિ પોતાની પત્નીને સાઇકલ ભેટ આપીને ખુશ કરી શકે છે ?) જ્યાં 'સા' બોલે ત્યાં સાડી ને 'ગા' બોલે ત્યાં 'ગાડી' સમજવાનું હોય, ત્યારે લાખો રૂપિયાની ગાડીના જમાનામાં બે-ચાર હજારની સાઇકલમાં ખુશ થતી પત્ની મેળવીને ક્યો પતિ પોતાને સદ્‌ભાગી ન સમજે ?

મારું તો વર્ષોનું સપનું પૂરું થતું હતું : મારી પણ એક સાઇકલ હોય ! મેં તો સાઇકલને કંકુ-ચોખા ચડાવી હાર પહેરાવ્યો. આરતી પણ ઉતારી. અંદરની રૂમમાં મૂકી, સ્ટૅન્ડ પર ચડાવી તેના પર બેસવાની ને પૅડલ મારવાની થોડીઘણી પ્રૅક્ટિસ પણ કરી લીધી. વર્ષો પછી, સાઇકલ લઈને સીધી રસ્તા પર જ નીકળી પડું ને પડું તો ? હજી ગાડી લઈને નીકળું ને કશેક ઠોકું તો લોકો મદદે પણ દોડી આવે ને જરા વટ પણ પડે ! સાઇકલ પરથી પડનાર સ્ત્રીને ઊભી કરવામાં પણ લોકો બીએ ! સલાહ અને મશ્કરી ચાલુ થઈ જાય તે નફામાં.

મારા પતિ તો મને ખુશ જોઈને ખુશ થયા. (સુખે સુખી ને દુ:ખે દુ:ખી !) હસવું આવ્યું હશે પણ બતાવ્યું નહીં. પણ આજકાલના છોકરા ! મને સાઇકલ પર બેઠેલી જોઈને હસવા જ માંડ્યા. સાવ બેશરમ ! એમણે કરેલી કમેન્ટ્સ લખવા જેવી નથી. મારું ખરાબ હું લખું ? ને મારે તો મારી સાઇકલની વાત લખવી છે. મારી પાસે ફાલતુ વાતો માટે સમય નથી, કાગળ નથી ને પેન પણ નથી. અને આપની પાસે સમય પણ ક્યાં છે ?

બીજે દિવસે સવારે વહેલી ઊઠી, કામકાજથી પરવારી સાઇકલ લઈને નીકળી પડી. આગલે દિવસે ખૂબ પ્રૅક્ટિસ કરીને સાઇકલ પર હાથ/પગ બેસાડી દીધો હતો. વર્ષો પહેલાં ખૂબ સાઇકલ ચલાવેલી. સ્કૂલ ને કૉલેજમાં ચૅમ્પિયન હતી. એટલે ફક્ત જરાતરા હાથ સાફ કરવાની જ જરૂર હતી. આ બધી ધન્ય પળોનું વર્ણન થાય એમ નથી.

મેઇન રોડથી જઈને બધાંને તમાશો બતાવવાને બદલે હું પતલી ગલીથી નીકળી જંગલને રસ્તે વળી ગઈ. સાઇકલ ચલાવવાની મજા શહેરના ભરચક ટ્રાફિકમાં કે ગામડાના ઉબડખાબડ રસ્તા પર ન આવે. જંગલની કેડીઓ પર કે ડુંગરની ધાર પર કે પછી ખુલ્લા મેદાનમાં - કુદરતના સાન્નિધ્યમાં સાઇકલ સવારીની મજા જ કંઈ ઑર છે ! નાનાં-નાનાં, કિલકિલાટ કરતાં ઝરણાં, પક્ષીઓના ચહેકાટ ને મસ્ત પવનની લહેરખીઓથી મન ઝૂમી ઊઠે. આવી ક્ષણો માણતી વખતે સમય નામે દુશ્મન અચાનક ડરાવી દે ત્યારે ઘરે પાછાં ફરવું પડે. હું પણ ફરી ગઈ. બીજે દિવસથી ક્યાં ક્યાં જવું તે વિચારવા માંડ્યું. કોઈ સાઇકલ-પ્રવાસીઓ પ્રવાસે નીકળવાના હોય તો તેમને સાથ આપવાનું પણ વિચારી લીધું.

એક ઐતિહાસિક બની શકે એવી સવારે મેં સાઇકલ પર બેસી મારા મનગમતા ખેલો કરવા વિચાર્યું. કામવાળીની છોકરી ગંગાને સાથે રાખવા માટે બોલાવી લીધી. છોકરાઓ તો મશ્કરી કરે એટલે એમને જણાવવું મેં જરૂરી ન ગણ્યું. પતિ તો હું જેમાં રાજી (શાંત) રહું તેમાં ખુશ હતા ! અમારા ઘરની નજીક એક નાનકડી નિશાળ છે. વૅકેશન હોવાથી કોઈ પ્રશ્ન ન હતો. અવરજવર પણ ખાસ ન હોય. બધી સાધનસામગ્રી થેલામાં ભરી, ગંગાને સાથે લઈ હું સાઇકલ ચલાવતી નિશાળમાં પહોંચી. વર્ષોનું મારું સપનું આજે સાકાર થતું હતું. ગંગાને મેં કહ્યું કે, 'હું જ્યારે જે વસ્તુ માગું તે થેલામાંથી કાઢીને મને આપતી રહેજે. મારી સાથે સાથે દોડવાની જરૂર નથી.'

મેં તો સાઇકલને હાર પહેરાવ્યો. રેકર્ડ વગાડવાથી જાહેરાત થાય; અને ટોળું કે પૈસા ભેગા કરવાની મને હોંશ નહોતી. શરૂઆત તો મેં ફક્ત ખાલી હાથે જ ચક્કર મારવાની (સાઇકલ પર બેસીને) કરી. ચારેક ચક્કર લગાવ્યાં એ દરમિયાન વારાફરતી બંને હાથ છોડીને, પછી બંને હાથ સાથે જ છોડીને સાઇકલ ચલાવી, સીટ પર ઊંચી નીચી થઈ, પૅડલ પર ઊભી રહી, આગળ-પાછળ વાંકી વળી, વારાફરતી એક જ પૅડલ પર પગ રાખી સાઇકલ ચાલુ રાખી. મનમાં હરખાતી રહી. અચાનક જ આ બધી સિદ્ધિઓ ક્યારે મારામાં પ્રવેશી ગઈ મને જાણ સુધ્ધાં ન થઈ. મને મારી શક્તિ, આવડત અને હોંશિયારી પર ગર્વાનંદ થયો.

ત્યાર બાદ તો જેટલા ખેલ યાદ હતા, થઈ શકે તેવા હતા અને જેની સામગ્રી થેલામાં હતી તે બધાં મેં વારાફરતી કરવા માંડ્યા. ગંગા તો મારામાં આવેલા આ અણધાર્યા, અદ્‌ભુત અને આશ્ચર્યજનક બદલાવથી ગભરાઈ તો ન ગઈ પણ બાઘી જરૂર બની ગઈ એ હું ખાતરીથી કહી શકું ! મારે એને દરેક વસ્તુ માટે ચાર વાર બૂમ પાડી એના શૂન્યાવકાશમાંથી બહાર લાવવી

(અનુસંધાન પૃ. ૨૨૫ પર)

નામ

પન્ના ત્રિવેદી

'આવું એની સાથે કેમ ન બન્યું ? મનમાં એ સવાલ શૂળની જેમ ભોંકાતો. કોણ જાણે શુંનું શું ય થઈ જતું. ના કહી શકાય ના સહી શકાય એવી પારાવાર વેદનાને એણે 'શલ્યા'ની જેમ પાળી. માણસને તો આંખો ખોલીને જોવું પડે ત્યારે તો એ દેખે, હોઠ પહોળા કરો ને પ્રયાસ કરો તો વળી બોલે... પણ ભગવાન ? એ ય જોતો નથી ! હજાર હાથોવાળો... દયા-બયા જેવું કંઈ છે કે નઈ ?

આમ તો નામ જેવું જ નામ હતું. સોહામણું, રૂપકડું 'પેલા'ના નામ કરતાંય મોહક. ને તો ય દુનિયાએ જાણે એના નામને સ્વીકારવાનો નનૈયો ભણી દીધો હોય એમ... જાણે પોતે કલાની દુનિયામાંથી 'તડીપાર' થયેલો માણસ હોય એમ... પોતાના અસ્તિત્વને બળજબરીથી ભોંયમાં ધરબી દેવા મથતો હોય એમ... ને હા, એવું ય કંઈ કેટલીય વાર બન્યું છે કે પોતે જ પોતાનું નામ લખીને પોતાની સાથેસાથે કાગળની હયાતીને પણ છેકીછેકીને પીંખી નાંખતો. કોઈ વાર તો મર્કટ મનમાંથી પોતાનો અને કુટુંબનો ભાર વેંઢારતી પીઠ પર રીતસરનો જાણે કોરડો વીંઝાતો - 'કેમ અલ્યા ડફોળ ! કલાકારોની દુનિયામાં જીવતા ના આવડ્યું તને ? ગજવામાં ખખડવું જોઈએ કશું. જૂતાં ચમકવાં જોઈએ. મોટા 'કૉન્ટેક' જોઈએ. થોડી આવન-જાવન, લેણ-દેણ વગેરે વગેરે... બસ, કોઈની આંખોમાં સમાઈ જાવ. પણ તને તો ક્યાંથી આવડવાનું આ બધું ?ને પાછો નામને... ! 'એનું' જ નામ ઠોકી બેસાડીશ ને તોય 'તું' તો 'તું' જ રહેવાનો... ત્યારે પીઠ પર નિશાન વિનાના સૉળ પડતા. પારાવાર ગુસ્સો આવતો. બારણા વાસીને પોતાને સળગાવી દેવાનો વિચાર આવતો. કોઈ ખૂણામાંથી પિંકી અને બંટીની માસૂમ ચીસોથી એ હચમચી જતો.

આ બધું કંઈ હમણાં હમણાંનું નહોતું.

છેલ્લાં થોડાં વરસોથી આમ જ ચાલ્યું આવતું હતું એકધારું. એનો ખાસ લંગોટિયો યાર દિનુ જ્યારે ફિલસૂફની અદાથી કહેતો :

-'સમય એ હાથમાં પકડેલી રેતી જેવો છે. જેટલો પકડો એટલો સરી જાય.' ત્યારે એને એવું તો હસવું આવતું કે કેમેય કરીને એ ખાળી શકતો નહીં. પણ હવે તો ક્યારે ખળખળાટ હસતાં હસતાં ડૂસકે ડૂસકે રડી પડાતું. એનુંય ભાન રહેતું નહીં. 'ગોદો વાગે' ત્યારે ભાન તો થાય કે ખરેખર આપણેય જાણીએ છીએ. કંઈ એમ ને એમ નથી ટપકી પડ્યા કે એમ ને એમ કંઈ હાથ ને ટાંટિયા સળવળતા નથી હોં !

આજે દિનુનો એક એક શબ્દ પથ્થરની લકીર બની રહ્યો. વરસો પછી લખાયેલ પત્રથી એ વિહ્વળ બની ગયો - ગામનાં લોકો ખૂબ યાદ કરે છે. તું તો બહું મોટો માણસ. હવે ફુરસદ નહીં. તારાં કાર્ટુન ચિત્રો શેમાં આવે છે ? આટલાં વરસોથી લખી લખીને થાક્યો. હવે મૌન તોડે તો સારું. સૂરજ, તારો સૂરજ હરહંમેશ ઝળહળે. શુભેચ્છા... એક વાર તો ગામ આવ. સપરિવાર. શહેરની રોનક... પૈસેટકે સુખી... બીજું શું ?'

'ખાખ પૈસે ટકે સુખી ? મહેરબાની છે અનુજ સાહેબની.' એ બબડ્યો.

એણે હાથ હલાવી જોયા. ને એકાએક ભાન થયું. ઠઠ્ઠાચિત્ર હવે ઠઠ્ઠા જેવું ય ક્યાં દેખાતું હતું ? એણે ખૂબ ઝીણવટપૂર્વક ચિત્ર સામે જોયું. ચિત્રમાંનો કઢંગો માણસ મોટા મોટા દાંતિયા કાઢીને કહેતો હતો. 'પોતે તો બગડ્યો ને સાલા મનેય બગાડ્યો. શું જરૂર હતી અળસિયાની જેમ હાથ હલાવવાની ? જોયું ને પરિણામ ? સાલો ઢોર જેવો !' જાણે એકાએક ઊકળતી ચાના છાંટા ઊડ્યા અને પગથી માથા સુધી એ તતડી ઊઠ્યો.

ઊભો થયો. અકળાયો. એક-બે રાડ નાખી નેનાના નામની. જવાબમાં ઓરડાનો લુખ્ખો સૂનકાર છાતીએ વળગ્યો. ડૂમો ભરાયો. પાછળ વળીને જોયું તો એ જ સોપો ! એની વ્યગ્રતાને ટાઢી પાડનાર નેના તો ચાલી ગઈ વટની મારી એના પિયર. નહીંતર ચિત્ર દોરવામાં મશગુલ પોતાના ટેબલ પર આ જ સમયે રીતસરનો કપ પછડાયો હોત, થોડી ચા છલકાઈ હોત, થોડા છાંટાય ઊડ્યા હોત ને નેનાના છણકાને આ જ રીતે એણે એક-બે રાડ પાડીને ખાડો ખોદ્યા વિના જ દાટી દીધો હોત આ જ ઓરડાની ભોંયમાં !

એણે ફરીથી બીજું ચિત્ર દોરવામાં મન પરોવ્યું; પણ મન એ કંઈ મણકો થોડું જ છે તે ગમે ત્યારે ગમે તે સમયે ને ગમે તે દોરામાંથી કાઢી શકાય આરપાર ! એણે આંખો મીંચી. થયું કે મનને મણકાની જેમ જ બે કાણાં હોત તો કેવું ? મનમાં જેવી કોઈ કઢંગી વાત પેઠી કે કાઢી એને આરપાર.

રેખાઓ વંકાઈ. શરીર માણસનું અને મોં પાડાનું પણ જાણે જિંદગીમાં પહેલી જ વાર પાડાને જોતો હોય એમ એકધારો તાકી રહ્યો, 'કેવું લાગે છે અહીં સોલાપુરમાં ? જો જરા, મારી પીઠ પર કંઈ વજન-બજન જેવું દેખાય છે તને ? ને તું તો છેક જ ગયો. મારા કરતાંય ગયો. તે દા'ડે કેમ કેવું કર્યું'તું ? ભૂલી ગયો ? સાલા કલાકાર આદમી થઈને બાયડી પર હાથ

ઉઠાવેલો ? ને પાછો મનોમન રાજીનો રેડ થઈને હરખાઈ ગયેલો, કેમ ? તને એમ કે જે ત્રણનું કરવાનું ઓછું ! વેંત નો'તી તો શું કામ પરણી લાવ્યો ?

એ મૂળે તો સપનાનો આદમી. બે-ચાર ઊભી, આડી, ત્રાંસી લીટીઓ દોરતા શીખેલો ને એમાંથી જ કલાત્મક ઠઠ્ઠાચિત્રો બનાવતા શીખેલો. લોકો એને 'કલાકાર' કહેતા. એ પોરસાતો. ત્યાં ખરેખર સારું જ હતું. માટીનાં ઘરો, નદીકિનારો, ખુલ્લું આકાશ, ખુશબૂદાર હવા, લીલી ચૂંદડી ઓઢેલાં ખેતરો, ઝાડ, પાન... બધું જ. બસ, ત્યાં કાર્ટૂનચિત્રો દોરી શકાય એવા માણસો ન હતો. હતા તો જીવતાજાગતા લાગણીના માણસો. મનમાં કોણે ને ક્યારે એવું ઠસાવી દીધેલું - 'કલાકારો ગામડામાં જન્મે એની ના નહીં પણ વિકસે તો શહેરમાં જ.' ને કેવી ઘડીએ એ હર્યાભર્યા નામને અલવિદા કહી નીકળી પડેલો શહેરમાં કલાકાર થવા !

કાર્ટૂન ચિત્રોની દુનિયામાં એક નામ એણે બહુ સાંભળેલું - અનુજ. 'ગૉડફાધર' શબ્દ તો એ શહેરની જ ડિક્ષનરીમાંથી શીખેલો. બાકી એને તો એવી ગતાગમેય ક્યાંથી હોય ? બસ, મનમાં એક જ રઢ, આંખોમાં સપનાનો સુરમો 'આપણેય એવા જ મોટા બનવું.'

તે દિવસ હજીય યાદ છે. જ્યારે આખી રાતના ઉજાગરા પછી બીજી સવારે એ પહોંચી ગયેલો અનુજના બારણે. એક કલાક 'વેઈટિંગ' કર્યા પછી આખરે દેવદર્શન તો થયાં જ ! એક રૂઆબદાર આદમી દાદર ઊતરતો ઝભ્ભાનાં બટન બંધ કરતો નીચે આવ્યો ત્યારે ધ્રૂજી ઉઠેલો. પેલાની સાથે સડસડાટ પગથિયાં ઊતરતી આંખોમાં અનેરી ચમક ઊપસી આવી. પછી કંઈક યાદ આવ્યું ને કહ્યું, 'આ ચિત્રો આપને ભેટ.' પણ કહેતાંની વારમાં તો હોઠ પણ કાંપવા માંડેલા. સામેથી શબ્દો ફેંકાયા, 'આ છોકરો બહુ આગળ આવશે.'

'ના, ના... મારે બહુ આગળ નથી આવવું. બસ, તમારી પાછળ જ રહેવું છે...' એવું જ કંઈ બોલવું હતું પણ મોંમાંથી કશું જ નીકળી શક્યું નહીં. પીઠ થબથબાવવા અનુજનો હાથ ઊંચકાયો ને આંખો એની હથેળીમાં ચોંટી.

'શું કિસ્મત લઈને આવ્યા છો ! બસ, નામ જ કાફી છે.'

તે આખી રાત એ ઊંઘી શકેલો નહીં; એ માણસે ખરેખર જ એવું કહ્યું કે આ છોકરો ખૂબ આગળ આવશે ? વિશ્વાસ નહોતો બેસતો ! કોઈ એલફેલ માણસ કહેવા ખાતર કહી જાય એ ય સમજાય પણ આ માણસ આવું કહેશે એની તો કલ્પના જ નહોતી થતી.

પણ દિવસો પસાર થતા ગયા તેમ તેમ એને સમજાતું ગયું. એનામાં ટૂંટિયું વાળીને બેઠેલો કલાકાર તો ઊભો ન થયો પણ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવામાં કેવી મુશ્કેલી પડે છે ? એને લાગતું હતું કે માણસોના બજાર વચ્ચે ઊભો ઊભો એ શંકાશીલ નજરોને પોતાની ઓળખ આપતો, છાતી ઠોકીને બરાડા પાડતો હતો, 'હા, હું માણસ છું - એક જીવતો જાગતો આદમી...'

ઘણી વાર મન ચિત્કારી ઊઠતું, 'શું વાંકગુનો હતો નેનાનો ? તારી જેમ એ ય માણસ. સપનાં એની આંખોમાંય આવે. ને છોકરાંઓને મોંઘવારીની શી સમજણ ? બિચારાં બીજાનું જોઈને લલચાય. એમ કંઈ કુમળા ગાલ રોજે રોજ રાતા કરવા ન બેસાય ! કેટકેટલું સહન કર્યું હતું નેનાએ ! કામ વગરના બેકાર માણસની માનસિક સ્થિતિ એનાથી અજાણ થોડી જ હતી કંઈ !'

એની આંખોમાં ભીનાશ આવી.

થયું : તે દિવસે બિચારીએ કેટલા સમય પછી એક સાડી માગેલી; કંઈ તાજમહેલ નહોતો માગ્યો. પણ શું થઈ ગયેલું કે- 'જા તારા બાપને કે'જે. તને અપાવશે.' એવું કહેતામાં તો કહેવાઈ ગયેલું પણ હાથેય... છી !

એણે અરીસામાં જોયું. જાણે પેલું ઠઠ્ઠાચિત્ર એની ભીતર આવી ગયું. માથા પર શિંગડાં ઊગી નીકળ્યાં હતાં. વિકરાળ આંખો, ફાટ્યું મોં...

ને નજર સમક્ષ તરવરી ઊઠ્યો એ દિવસ જ્યારે અનુજ એના આંગણે આવેલો. હરખનો માર્યો ગાંડો જ બની ગયેલો પોતે. બધું કેવું વિસ્મયજનક લાગતું હતું ! કોઈ ભિખારીને આંગણે ભગવાન આવ્યા હોય તેમ. ને કોઈ અંતર્યામીની જેમ પોતાની બેકારી અને સંઘર્ષની ગાથા કહી ત્યારે એ આભો બનીને જોઈ જ રહ્યો. થયું કે આવા નાના માણસોની હાલત વિશેય આવી તકેદારી રાખનારા માણસો હોય છે ખરા !

... પણ પછીના શબ્દોએ વિસ્મય બેવડાયું. એક આઘાત શો લાગ્યો. હાથમાં થોડા પૈસા, કોરા કાગળો પકડાવી ગયા. અનુજજી દાદર ઊતર્યા ને સાથે એમના પ્રત્યેનો અહોભાવ ઊતરી ગયો.

અરીસા સમક્ષ હવે એક કાર્ટૂન ચિત્ર હતું ને થોડી જ વારમાં ચિત્ર ચોધાર આંસુએ રડી પડ્યું. એણે ફાટેલાં શર્ટની બાંય વડે જ આંસુ લૂછ્યાં. ચિત્ર પૂરું કર્યું અને લખ્યું - 'અનુજ' □

ગ્રામકથા

કડિયાદરું

ગામને અજવાળતા ઘરદીવડા

ડૉ. કેશુભાઈ દેસાઈ

ક ડિયાદરા ઇડર પંથકનું જૂનું, જાણીતું અને ખાસ્સું જુનવાણી ગામ છે. લોકો પરંપરાવાદી છે, 'ઑર્થોડૉક્સ' છે. પરંતુ એવા ગામમાં શિક્ષણ અને સંસ્કારની અખંડ સરવાણી વહે છે. નવ્વાણું વરસ પૂર્વે પાવનલાલ ઠાકરે આ ગામમાં પાઠશાળા શરૂ કરેલી. સંસ્કૃત પાઠશાળાઓ ગુજરાતમાં બીજાં નગરોમાં પણ હશે, પણ કડિયાદરાની પાઠશાળા સો વરસ સુધી કોઈ પણ પ્રકારની સરકારી સહાય વગર ચાલતી રહી એ એક વિક્રમ જ ગણાય. અહીં છગનલાલ સૂરજરામે કેળવણીની ખેતી કરી. ખેડૂતોની વસ્તી ધરાવતા કડિયાદરામાં ઍંશી-પંચ્યાશી વર્ષ પૂર્વે ફક્ત ચીલાચાલુ શાળા જ નહીં બલકે છોકરીઓ માટેની રાત્રિશાળા હતી. અંત્યજ શાળા પણ હતી! ગાંધીરંગે રંગાયેલા છગનદાદા 'બધું સેળભેળ કરી રહ્યા' હોવાના આરોપસર જુનવાણી બ્રાહ્મણોમાં ખાસ્સા અપ્રિય પણ બન્યા હશે. એમ જ હશે. નહીંતર ગામ આખું દિવંગત ફિરસ્તા પૂંઠળ ઓળઘોળ હતું; ચૉરે ને ચૌટે, ગામના ફળિયે ફળિયે એમની પાલખી ફરે એમ ઇચ્છતું હતું, છતાં ભૂદેવો એ મુદ્દે સહમત ન થયા એનું શું કારણ? છગનદાદાએ કડિયાદરાને મુંબઈગરા શ્રેષ્ઠીઓના સહયોગથી જગચાવું બનાવી દીધું અને 'લાઇટ હાઉસ ઑફ ઇડર સ્ટેટ'ની રૂડી ઓળખ અપાવી. એમના ગયા પછી ગામના અદના લુહાર પરિવારે એ મશાલ જલતી રાખી. પુરુષોત્તમદાસ પટેલ નામના મૂળ ચરોતરના વતનીએ કડિયાદરાને વતન બનાવ્યું અને કેળવણીક્ષેત્રે નમૂનારૂપ પુરુષાર્થ આચરી બતાવ્યો. વર્ષો પછી ગામે એમનું યોગ્ય સ્મારક રચ્યું તે પણ પુસ્તકાલય સ્વરૂપે. કડિયાદરાની સંસ્કાર સંપદામાં દિવંગત માસ્તરસાહેબના નામે શરૂ થનાર ગ્રંથાલયની ઈમારત માટે એમના લંડનવાસી વંશજોએ ઉદાર દાન આપ્યું. દાન ન આવે છતાં આવા સંસ્કારસ્વામીઓનાં સ્મારક રચવાં જોઈએ. હજી આપણી પ્રજામાં એટલી સમજણ પાંગરી નથી. બહુ બહુ તો એ મહાત્મા ગાંધી કે સરદાર પટેલનું નામ સ્વીકારી શકે છે. ગાંધી-સરદાર પ્રત્યે પૂરી અદબ સાથે આપણે આપણા ઘરદીવડાઓનું બહુમાન કરતાં શીખવું જોઈએ. કડિયાદરું છગનલાલ સૂરજરામને વીસરી નથી ગયું એ ખરું, પરંતુ એવા તપસ્વીનું યોગ્ય તર્પણ પણ નથી કરી શક્યું, એ પણ એટલું જ સાચુ છે. પાવનલાલ, છગનલાલ અને પુરુષોત્તમદાસની ઋષિત્રિપુટીએ શિક્ષણનું ધરુવાડિયું તૈયાર કરીને ગામને સોંપ્યું હતું. એનું રખોપું અને સંવર્ધન કરવાની જવાબદારી કોઈ પાટીદારે કે કોઈ ભૂદેવે નહીં પણ એક લુહારના દીકરાએ ઉપાડી લીધી. નામજોગ કાલિદાસ પંચાલે ગામ ખાતર ભેખ ધર્યો. એમણે અદના શિલ્પીની માવજત સાથે સરસ્વતીની પ્રતિમા ઘડી. એની પાછળ સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. યોગાનુયોગ તો જુઓ! કાલિદાસ પંચાલને એમના યોગક્ષેમની ખાતરી અગ્રજ ભીખાભાઈ અને અનુજ અતુલભાઈએ આપી. ડૉ. અતુલભાઈ કડિયાદરાએ પેદા કરેલા વિશ્વનાગરિક છે. અમેરિકા બેઠા બેઠા એ વતનની વેદના અનુભવે છે. કાલિદાસભાઈનો એક પગ અમેરિકામાં હોય અને બીજો અહીં 'દેશ'માં. મુંબઈગરા ઇડરવાસીઓ વતનને 'દેશ' કહેતા - હજી પણ કહે છે. ગામ છોડી કમાવા માટે મુંબઈ જનાર 'પરદેશ' વેઠતું હોવાનું કહેવાતું. અતુલ પંચાલે તો સાચુકલો પરદેશ વેઠ્યો, પણ ન્યૂ યૉર્કમાં રહ્યે રહ્યે પણ એમને સપનું કડિયાદરાનું જ આવ્યા કર્યું છે. ગામમાં 'માસ્તરસાહેબ'ની 'સ્મૃતિલાઈબ્રેરી' બની રહી હોય અને પોતે અમેરિકા પડી રહે એ કેવું લાગે? કોઈને અણસારોય ન આવે એમ સમારંભ ચાલુ થયો એ પછી સભામંડપમાં અદના પ્રેક્ષક બનીને લપાઈ ગયા. કહેવાય છે કે રામકથા ચાલતી હોય ત્યાં હનુમાનજીને આમ છુપાઈને હાજર થઈ જવાનું ગમે છે. ડૉ. અતુલ પંચાલ એમની ઉપસ્થિતિનો અણસાર આવવા દેવા નહોતા માગતા, પરંતુ ગ્રામજનો એમને ઓળખ્યા વગર થોડા રહે? થોડી જ વારમાં એમને અજનબીનો સ્વાંગ ત્યજી અતુલ પંચાલ સ્વરૂપે પ્રકટવું પડ્યું. મંચ પર આવવાની આનાકાની કરવા લાગ્યા ત્યારે મંચનો વિશેષાધિકાર વાપરી અમે આદેશ જારી કર્યો! નીચી મૂંડીએ એ અમેરિકન સિટીઝન વતનના ઓચ્છવમાં સામેલ થઈ ગયા. એભલવાળાની વાર્તામાં સોરઠોને થઈ હતી એવી જ દ્વિધા કડિયાદરાવાસીઓને પણ થતી હશે. ('સોરઠો કરે વિચાર, બે વાળામાં કિયો ચડે?/ શિરનો સોંપણહાર કે ઓલ્યો વાઢણહાર વખાણીએ?') ત્રણ લુહારોમાં શ્રેષ્ઠ કોણ? ઈજનેરીનું ભણી બે નાના ભાઈઓના યોગક્ષેમની તમામ કાળજી લેનાર જ્યેષ્ઠ ભ્રાતા ભીખાભાઈ? હરિશ્ચન્દ્ર નાટકમાં હરિશ્ચન્દ્ર રાજાનો પાઠ ભજવી કડિયાદરાના ગાંધી બની જીવનાર વચેટ કાલિદાસ - જેમને યોગ્ય રીતે જ વિદ્વજ્જનો 'કડિયાદરાના વિશ્વકર્મા' કહીને બિરદાવતા રહ્યા છે; કે આ વિશ્વનાગરિક ડૉ. અતુલ જેમને કવચિત્ તો ક્યારેક નરસિંહરાવ બાથમાં લઈ બોસા ભરે છે - 'ઇન્ટરનૅશનલ ઍડવાન્સમેન્ટ' માટેના એમના મંડળને દાદ આપતા ફરે છે! કડિયાદરું કેવું નસીબવંતું છે! પણ હજી આ ગામને શહેરી વિવેક આવડ્યો નથી. એથી અતુલ પંચાલની આંખોમાં સળવળતાં ઇન્ટરનૅશનલ

(અનુસંધાન પૃ. ૨૨૯ પર)

સ્થાપત્યનાં સીમાચિહ્નો : ૩


ચૈતાલી શાહ

કૉફમેન હાઉસ અર્થાત્ 'ફૉલિંગ વૉટર': પેન્સિલવેનિયા - યુ.એસ.એ.

વિશ્વ-સ્થાપત્યના ક્ષેત્રમાં વીસમી સદીના સ્થપતિઓમાં જે એક 'માસ્ટર' ગણાયા છે તેવા ફ્રેન્ક લૉઇડ રાઇટ દ્વારા સન ૧૯૩૭માં નિર્મિત થયેલ તથા ફૉલિંગ વૉટર નામે પ્રખ્યાત થયેલ કૉફમેનના હાઉસને સ્થાપત્યના ઇતિહાસનું એક સીમાચિહ્ન કહી શકાય. તત્કાલીન અર્વાચીન સ્થાપત્યમાં જે ત્રણ શૈલી પ્રવર્તમાન હતી તેમાંની ફ્રેન્ક લૉઇડ રાઇટ વડે જે શૈલી અનુસરાતી તેમાં 'ઔદ્યોગિક્તા' કરતાં 'માનવીય અનુભૂતિ'ને વધુ પ્રાધાન્ય અપાતું. સાથે સાથે આ અનુભૂતિમાં 'ક્યૂબિઝમ'ના સિદ્ધાંતો વડે જે 'દળ અને અવકાશ' રચતો તેનાથી અર્વાચીનતા તો રહેતી જ.

નદીના એક ઝરણા પર જંગલના વાતાવરણમાં ખડકાળ ટેકરીઓ વચ્ચે આવેલ આ આવાસની કેટલીક ખાસિયતોને કારણે તેને સ્થાપત્યનું સીમાચિહ્ન ગણી શકાય. વાતાવરણ સાથે તાલ મેળવતાં આકાશે, પથ્થર, કોંક્રિટ તથા કાચના વિવિધ ઘનાકારો વચ્ચેનો રમ્ય સમન્વય, દૃશ્ય સાથે અવાજ થકી પણ નજીકમાં પાણીની હયાતી હોવાની અનુભૂતિ, પાણીની રચના પર ઝૂકતી હોય તેવી રચના, અર્વાચીન જીવન-શૈલીને અનુરૂપ સ્થાન-આયોજન, ઇજનેરી તથા સ્થાપત્યશક્તિ અભિગમની સુસંગતતા તથા જાણે સ્વપ્નનું મકાન મૂર્તિમંત થતું હોય તેવો દેખાવ એ આ મકાનની વિશેષતાઓ છે.

આ મકાન એ રીતે બનાવવું એટલા માટે શક્ય બન્યું છે કે તેને બનાવનાર ખૂબ ધનિક વ્યક્તિ હતા અને ૨૦મી સદીમાં ઇજનેરી અભિગમથી બાંધકામની સામગ્રી તથા તેના તકનિકી ઉપયોગ બાબતે યોગ્ય સમજ પ્રવર્તમાન થઈ હતી. માયા સંસ્કૃતિના પિરામિડ પરથી પ્રેરણા લઈને આ મકાનની ઊભણીમાં કૅન્ટિલીવરની રચના એ રીતે કરાઈ છે કે તેનો દળદાર ભાગ સમગ્ર કૅન્ટિલીવરને ટેકવી રાખે અને આવી રચના માટે પૈસો તથા ઇજનેરી જાણકારી બંનેની જરૂર હતી. ૨૦મી સદીના સ્થાપત્યમાં આવાસને રહેવા માટેનું મશીન લેખવામાં આવતું. આ સિદ્ધાંત પ્રમાણે આવાસની રચનામાં ઉપયોગિતા મહત્ત્વની તો રહેતી જ, પણ સાથે સાથે તેની અનુભૂતિ જાણે તે ઔદ્યોગિક નમૂનો હોય તેવી બનાવાતી. આવી રચનામાં મકાનની અનુભૂતિમાં તેના વિવિધ ભાગોનું પ્રમાણમાપ ખૂબ મહત્ત્વનું બની રહેતું અને આવા ચોક્કસ



પેન્સિલવેનિયામાં આવેલ ફૉલિંગ વૉટરનો બાહ્ય દેખાવ.

પ્રમાણમાપને કેટલાંક સ્થપતિઓ પોતાની ડિઝાઇન માટેના સિદ્ધાંત તરીકે અનુસરતા. તે ઉપરાંત બાંધકામની જે તે સામગ્રીની પસંદગી તથા ગોઠવણમાં પણ જાણે 'ઔદ્યોગિક ઉત્પાદન'ના સિદ્ધાંતો અનુસરાતા. લી કાર્બુઝિયર જેવાં સ્થપતિ પોતે જ રચેલા સિદ્ધાંતોને જ અનુસરતા અને 'સામાન્ય' તરીકે લેખતા. તેની સાથે મીઝ વાન કે રોહ જેવા સ્થપતિ માનવીને જાણે કાચ તથા લોખંડની પેટીમાં પૂરવાનો પ્રયત્ન કરતા. આવા સમયે માત્ર અનુભૂતિ, સંદર્ભ તથા સંવેદનશીલતાને મહત્ત્વનાં ગણી ફ્રેન્ક લૉઇડ રાઇટે આ મકાનની રચના કરી હતી. આવી પ્રવર્તમાન આધુનિક શૈલીથી અલગ તથા સાંદર્ભિક રચના કરી ફ્રેન્ક લોઇડ રાઇટે આ મકાનને વિશ્વસ્થાપત્યના ઇતિહાસમાં આગવું સ્થાન અપાવ્યું છે.

એનો અર્થ એ નથી કે આ મકાનમાં તત્કાલીન અર્વાચીન સ્થાપત્યનાં સુસંયોજિત પ્રમાણમાપ, ઘનાકાર રચનાઓ, કાચ તથા ધાતુનો લયબદ્ધ સમન્વય, વિરોધાભાસી છતાં સંતુલિત અંગો તથા આધુનિક સગવડજનક ઉપકરણો જેવી બાબતોનો સમાવેશ નથી કરાયો. આ બધાં ઉપરાંત આવાસ જે રીતે 'તે સ્થાન માટે જ' બનાવાયું છે તેવી સાંદર્ભિકતા આ મકાનનું સૌથી જમા પાસું છે. ❑

દાદરા અને નગરહવેલી

ડૉ. જયકુમાર ર. શુક્લ

દાદરા અને નગરહવેલી બે નાનાં સ્થળો ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર આવેલાં છે. ગુજરાતની દક્ષિણ સરહદે તથા મહારાષ્ટ્રની વાયવ્ય સરહદ ઉપર દાદરા આવેલું છે. ગુજરાત રાજ્યની સરહદથી દાદરા અને નગરહવેલી અલગ પડે છે. તેનો વિસ્તાર ૪૯૧ ચોરસ કિ.મી. છે. તેમાં ૨૦૭ ચોરસ કિ.મી.માં જંગલો છે અને ૨૦૬ ચોરસ કિ.મી.માં ખેતી કરવામાં આવે છે. તેની વસતી ૨,૨૦,૪૫૧ છે. તેમાંથી ૮.૫ ટકા લોકો નગરોમાં વસે છે. તેમાં ૭૯ ટકા શીડ્યુલ્ડ ટ્રાઈબ અને ૨ ટકા લોકો શીડ્યુલ્ડ કાસ્ટના છે. કુલ વસતીનાં ૯૫ ટકા લોકો હિંદુ, ૨.૫ ટકા લોકો ઈસ્લામ, ૧.૫ ટકા લોકો ખ્રિસ્તી તથા બાકીનાં જૈન, બૌદ્ધ ઈત્યાદિ ધર્મો પાળે છે.


પાટનગર : નગરહવેલીમાં આવેલું સિલ્વાસા તેનું પાટનગર છે. ત્યાંનાં લોકો ગુજરાતી, મરાઠી તથા હિંદી ભાષા બોલે છે.

સરકાર : દાદરા-નગરહવેલીને પોતાની ધારાસભા નથી. પરંતુ કેન્દ્ર સરકારની લોકસભામાં તે એક પ્રતિનિધિ ચૂંટીને મોકલે છે. આ પ્રદેશનો વહીવટ કરવા માટે એક વહીવટદાર નીમવામાં આવે છે.

ઈતિહાસ : પેશવા બાજીરાવે સ્થાનિક શાસક રામનગરના રાણાને હરાવ્યો તે પછી નગરહવેલી પરગણું અને તેની આસપાસના વિસ્તારો મરાઠા સામ્રાજ્યનો ભાગ બન્યા હતા. ઈ.સ. ૧૭૭૯ની પુણે સંધિ હેઠળ દાદરા અને નગરહવેલી પોર્ટ્યુગીઝોને મળ્યા હતા. ૨૮ જુલાઈ, ૧૯૫૪ના રોજ યુનાઈટેડ ફ્રન્ટ ઑવ્ ગોઅન્સના ફ્રાંસીસ મેસ્કેરેન્હસ અને વામન સરદેસાઈની આગેવાની હેઠળ દાદરામાં પોલીસથાણું કબજે કર્યું, ભારતનો ત્રિરંગી ધ્વજ ફરકાવ્યો અને દાદરાના સ્વતંત્ર પ્રદેશની જાહેરાત કરી. દાદરાની આસપાસનાં ગામો પોર્ટ્યુગીઝો પાસેથી કબજે કરીને, ૩૬ કલાકમાં જ સ્થાનિક નેતાઓએ દાદરાની આઝાદ સરકારની જાહેરાત કરી.

૨૮ જુલાઈ, ૧૯૫૪ના રોજ, ગોવામાં પોર્ટ્યુગીઝો સામે આતંકવાદી ચળવળ ચલાવતા આઝાદ ગોમાન્તક દળે નગરહવેલી પર હુમલા કર્યા. તેના પરિણામે સિલ્વાસામાં ૫૦ સૈનિકોએ શરણાગતિ સ્વીકારી. તે સાથે ગોઅન પીપલ્સ પાર્ટી (સામ્યવાદી)એ જ્યોર્જ વાઝ અને કેશવ તલવલીકરના નેતૃત્વ હેઠળ સ્થાનિક સ્વયંસેવકો સાથે નગરહવેલીમાં પ્રવેશ કર્યો અને લુહારી ગામ સુધીના પ્રદેશમાં ફેલાઈ ગયા.

૨ ઑગસ્ટ, ૧૯૫૪ના રોજ લોકોએ ભારતનો રાષ્ટ્રિય ધ્વજ સિલ્વાસા, દાદરા અને નગરહવેલીમાં ફરકાવીને



દાદરા-નગરહવેલી પ્રદેશનું મુખ્ય મથક સિલ્વાસા

પોર્ટ્યુગીઝ સત્તા હેઠળથી સ્વતંત્ર થયાની જાહેરાત કરવામાં આવી. આઝાદ ગોમાન્તક દળના નેતા વિશ્વનાથ લવાન્ડેએ તે વિસ્તારોના પ્રથમ વહીવટદાર તરીકેનો હવાલો સંભાળ્યો. આઝાદ ગોમાન્તક દળે કૅપ્ટન ફિડાલ્ગોની આગેવાની હેઠળની લશ્કરી ટુકડીનો પીછો કર્યો અને ૧૧ ઑગસ્ટ, ૧૯૫૪ના રોજ ફિડાલ્ગો અને તેના સૈન્યે ઉધ્વા ગામે સ્ટેટ રીઝર્વ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી. પોર્ટુગલની સરકારે હેગમાંની આંતરરાષ્ટ્રિય અદાલતમાં ભારત વિરુદ્ધ ફરિયાદ કરી અને ભારતનાં દળોને તેના પ્રદેશો ખાલી કરાવવા માગણી કરી, પરંતુ તેનું કંઈ વળ્યું નહિ.

દાદરા અને નગરહવેલીનાં બે સ્વતંત્ર સંસ્થાનોમાં તેનાં લોકોએ નીમેલા વહીવટદારે ઑગસ્ટ ૧૯૬૧ સુધી શાસન કર્યું. ભારતની સંસદે એક કાયદો પસાર કરીને ૧૧ ઑગસ્ટ, ૧૯૬૧ના રોજ ત્યાંનો વહીવટ સંભાળી લીધો. આ પ્રદેશ પોર્ટ્યુગીઝ શાસનમાંથી સ્વતંત્ર થયા બાદ વહીવટ અંગે સલાહ આપવા વાસ્તે, વરિષ્ઠ પંચાયત કામ કરતી હતી. તેનું ઑગસ્ટ ૧૯૮૯માં વિસર્જન કરવામાં આવ્યું; અને દાદરા તથા નગરહવેલી માટેની પ્રદેશ સમિતિ જાહેર કરવામાં આવી. તે પછી બંધારણમાં કરેલા સુધારા અનુસાર દાદરા અને નગરહવેલીની જિલ્લા પંચાયત અને ૧૧ ગ્રામ પંચાયતો રચવામાં આવી.

ખેતી: દાદરા અને નગરહવેલી મુખ્યત્વે ગ્રામપ્રદેશ છે અને તેની ૭૯ ટકા વસતી આદિવાસીઓની છે. અહીં ૨૩,૬૨૭ હૅક્ટર જમીનમાં ખેતી થાય છે. અહીંનો મુખ્ય પાક ચોખા, રાગી, ઘઉં, બાજરી, શેરડી વગેરે છે. અહીં ફળોમાં કેરી, સફરજન, ચીકુ, કેળાં વગેરે ઉગાડવામાં આવે છે. અહીં કુલ વિસ્તારના ૪૦ ટકા જમીનમાં જંગલો આવેલાં છે. આદિવાસી લોકો મુખ્યત્વે જંગલની પેદાશો પર પોતાનો નિર્વાહ કરે છે અને જંગલની પેદાશો મફત ભેગી કરી લેવાનો અધિકાર ભોગવે છે.

ઉદ્યોગો : ૧૯૬૫ અગાઉ, થોડા પારંપરિક કારીગરો ઘડા,

(અનુસંધાન પૃ. ૨૨૫ પર)

તાડગ્રંથો મરશે નહિ

મૂ.લે. : જનાર્દન   અનુ. : પ્રા. મધુસૂદન એમ. વ્યાસ

વીતેલા શતકના આરંભ પર્યન્ત એવું સાંભળવામાં આવતું કે ભાસનાં નાટકો હતાં. પરંતુ એ નાટકો કોઈએ જોયાં ન હતાં. ગઈ સદીના આરંભ સમયે મહામહોપાધ્યાય ટી. ગણપતિશાસ્ત્રીએ ભાસનાટકો પ્રકાશિત કર્યાં હતાં. આથી આજે ભાસની કૃતિઓ આપણે જોઈ શકીએ છે.

ગઈ સદીના ઉત્તરાર્ધમાં 'વૃક્ષાયુર્વેદ' નામની કૃતિ પ્રકાશિત થયેલી, પરંતુ તેની મૂળપ્રત ભારતમાં નથી.

પૂનામાં સ્થિત ભાંડારકર સંસ્થા દ્વારા મહાભારતની પ્રમાણભૂત એવી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી હતી, જે મહાભારતની વિવિધ આવૃત્તિઓને ધ્યાનમાં લઈને તૈયાર થયેલી. આ સમીક્ષિત આવૃત્તિનો આધાર ક્યો ? તાડગ્રંથો.

આકસ્મિક રીતે અથવા સંશોધન કરીને પ્રાપ્ત થયેલા તાડગ્રંથોના આધારે આવા પ્રકારના હજારો-સેંકડો પ્રસંશાયોગ્ય કાર્યો પ્રવૃત્ત થયાં હતાં. આ પ્રકારે સંસ્કૃતના ક્ષેત્રમાં તાડગ્રંથોનું મહત્ત્વ અતિશય અસાધારણ છે. આનું મહત્ત્વ હતું, છે અને રહેશે.

ભારત જ આવા તાડગ્રંથોની રાશિની આશ્રયભૂમિ છે. 'તાડગ્રન્થ' એ શબ્દ જ આનું ઉપલક્ષણ છે. તાડપત્ર ઉપર, ભૂર્જપત્રમાં, વસ્ત્ર ઉપર, કાષ્ઠ ઉપર, શિલા ઉપર લખેલા અંશો અત્રે સંગ્રહવામાં આવે છે.

તાડગ્રંથાગારમાં, વિશ્વવિદ્યાલયોમાં, મઠ-મંદિરોમાં, તાડગ્રંથસંગ્રહમાં રુચિપરાયણ લોકોનાં ઘરોમાં અને સામાન્ય ઘરોમાં આવા ગ્રંથો હોય છે. ક્યાંક તે ગ્રંથો સુરક્ષિત હોય છે, ક્યાંક આ સઘળા ગ્રંથોનું સંરક્ષણ-કાર્ય ચાલે છે. ક્યાંક એ ગ્રંથો બંધાયેલા પડ્યા છે તો ક્યાંક એ ગ્રંથો કીડાઓ દ્વારા ભક્ષ્યમાણ પદાર્થરૂપે પણ પડી રહેલા છે. તાડગ્રંથોને ધ્યાનમાં લઈને અસામાન્ય બાબતો નીચે મુજબ છે :

* અતિશય મોટી તાડગ્રંથોની રાશિ ભારતમાં જ છે.
* આ બધી હસ્તપ્રતોમાં ક્યા ક્યા વિષયોવાળી છે. એનું સમગ્રતયા અધ્યયન તો નથી કરાયું. ૨૦-૨૫% ગ્રંથોની સૂચિ અદ્યાવધિ પર્યન્ત જેટલી કરવામાં આવી છે તેમાંનો $^3/_૪$ ભાગ અપિરશીલિત જ છે.
* આ સૂચિ અથવા અલ્પભાગની સજ્જ કરવામાં આવેલી સૂચિમાં પણ સમાનતા કે વૈજ્ઞાનિક ક્રમાનુસારિતા નથી.
* વૈયક્તિક ઘરોમાં સ્થિર-સ્થિત તાડગ્રંથો સંરક્ષણના ઉપાયોરહિત છે.
* તાડગ્રંથોના ભંડારમાં પણ આના સંરક્ષણ માટે વૈજ્ઞાનિક ક્રમ સર્વત્ર જળવાયો હોતો નથી.
* બધા તાડગ્રંથો કે હસ્તગ્રંથો આગામી પચાસ વર્ષોમાં કે સો વર્ષોમાં જીર્ણતા પામશે. કીટભક્ષકો અને બીજાં કારણોને લીધે પણ બચેલી બધી હસ્તપ્રતો નાશ પામે એવી શક્યતા છે.

ભારતમાં તાડગ્રંથો : ભારતમાં કેટલા તાડગ્રંથો હશે ? ઈ.સ. ૧૯૮૮થી ૧૯૯૦ના સમયગાળામાં ઈન્ટેક સંસ્થાના પ્રતિનિધિત્વને લીધે ડૉ. એસ. સી. બિશ્વાસ અને એમ. કે. પ્રજાપતિ આ બધા દ્વારા તાડપત્રોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. તે સઘળા ગ્રંથોમાં ૧૧૦૦ મુદ્રિત ગ્રંથો છે. દેશના જુદાજુદા સાત ગ્રંથાલયોમાં સ્થિત હસ્તપ્રતગ્રંથ સંપત્તિ, સિત્તેર ગ્રંથાલયોમાં સમાવિષ્ટ હસ્તપ્રત-સંપત્તિ, વિવિધ સંસ્થાઓના અને વ્યક્તિઓના સમૂહ વગેરેનું પરિશીલન કરીને આ સર્વેક્ષણ કરવામાં આવેલ. તેમાંથી મળતી માહિતી-અંશ નીચે મુજબ છે:

* ભારતમાં વિદ્યમાન તાડગ્રંથો પચાસ લાખ છે.
* ભારત સંબંધી યુરોપના દેશોમાં રહેલા તાડગ્રંથો સાઠ હજાર છે.
* એશિયાખંડમાં ભારત સંબંધિત તાડગ્રંથો દોઢ લાખ છે.

આ બધા ગ્રંથોમાં કાવ્યો (પદ્ય-ગદ્ય-નાટકો વગેરે) આયુર્વેદ, ઈતિહાસ, પુરાણો, ધાર્મિક વિષયો, તત્ત્વજ્ઞાન, જ્યોતિષ, શિલ્પશાસ્ત્ર, ગણિત, વિવિધ કળાઓ, અનેક શાસ્ત્રો વગેરે દર્શાવી શકાય. આ બધા ગ્રંથોમાં ૬૭% હસ્તપ્રતો સંસ્કૃત સંબંધિત છે. તો, અન્ય ભારતીય ભાષાઓ સાથે સંકળાયેલી ૨૫% પ્રતો છે. તેમજ અરેબિક, પર્શિયન, તિબેટ વગેરે સાથે સંબંધિત ૮% હસ્તપ્રતો છે.

તાડગ્રંથાવલિઓનો ઈતિહાસ : જો કે ભારત તાડગ્રંથોનો ખજાનો છે. તેમ છતાં અહીં તાડ ગ્રંથાવલિના નિર્માણનું કાર્ય અંગ્રેજોના સમયમાં આરંભાયેલું હતું. તેની મુદ્રિતાવલિ ઈ.સ. ૧૮૦૭ના વર્ષમાં થયેલી તે પ્રાપ્ત થાય છે. સર વિલિયમ અને તેની પત્નીએ તે ગ્રંથનું પ્રકાશન કરેલ. ઈ.સ. ૧૮૯૧ના વર્ષમાં થિઓડોર ઑફ્રેટ (Theodor Aufrecht)એ તાડગ્રંથાવલિની સૂચિ ત્રણ ભાગમાં પ્રકાશિત કરેલી. ઈ.સ. ૧૯૦૩ની સાલમાં ત્રીજા ભાગનું પ્રકાશન થયેલું. ઈ.સ. ૧૮૬૮થી ઈ.સ. ૧૮૭૮ના વર્ષ દરમ્યાન ભારત સરકારે પોતે કરેલા સર્વેક્ષણનો સાર પ્રકાશિત કરેલી. ઈ.સ. ૧૯૪૦ની સાલમાં શ્રી પી.કે.ગોડે નામના મહાનુભાવે વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રકાશિત (ઈ.સ. ૧૮૦૭થી ઈ.સ. ૧૯૪૦ સુધીમાં) તોંતેર તાડગ્રંથાવલિની સૂચિ પ્રકાશિત કરેલ. એ ઉપરાંત તેણે ઓગણત્રીસ સૂચિઓનો નિર્દેશ પ્રકાશન-વર્ષ સહિત કરેલ નથી. ઈ.સ. ૧૯૩૫ના

વર્ષમાં મદ્રાસ વિશ્વવિદ્યાલય દ્વારા ઉપલબ્ધ તાડગ્રંથાવલિઓનું સંકલન કરીને અકારાદિક્રમથી પ્રકાશન આરંભાયેલું છે. અત્યાર સુધીમાં ચૌદ ગ્રંથોનો સંપુટ પ્રકાશિત થયેલો, જેમાં આકારાદિકમે ગ્રંથોની નામ-સૂચિ પ્રકાશિત થયેલ, પરંતુ તેથી વધુ પ્રકાશન અત્યાર સુધીમાં થયું નહિ.

એવું કહેવાય છે કે ૧૧૦૦ની સંખ્યામાં તાડગ્રંથાવલિઓ હોઈ શકે. વિવિધ સંસ્થાઓની સૂચિનો સરવાળો કરીને પ્રકાશિત કરેલ હસ્તપ્રતોની એક સૂચિનું નિર્માણ એક મહાકાર્યરૂપ છે. આ સિવાય મઠ-મંદિરોમાં, ઘરોમાં, વ્યક્તિઓના સંગ્રહોમાં જે જે તાડગ્રંથો મોટા પ્રમાણમાં હોઈ શકે. તેનું સૂચિનિર્માણ તો અતિશય કષ્ટસાધ્ય કાર્ય છે.

ભારતમાં મોટેભાગે ૩૦૦ ગ્રંથાલયોમાં, વિદેશોમાં ૭૭ ગ્રંથાલયોમાં તાડગ્રંથોનો સંગ્રહ છે, એમ માનવામાં આવે છે. ભારતમાં જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોમાં તાડગ્રંથાગારોમાં જેટલા તાડગ્રંથો છે તે મુખ્ય સંસ્થાઓની સૂચિ અહીં આપી છે.

સ્વાતંત્ર્યોત્તર સમયમાં ભારત સરકાર દ્વારા તાડગ્રંથોના સર્વેક્ષણના સંરક્ષણને માટે કેટલાક પ્રયાસો કરવામાં આવેલા. એન.આઈ.એ. (નૅશનલ આર્કાઈવ્ઝ ઑફ ઇન્ડિયા) સંસ્થા દ્વારા ઈ.સ. ૧૯૫૭ની સાલમાં સર્વેક્ષણાદિકાર્ય આરંભાયું. તે સંસ્થા દ્વારા ઓગણીસ ભાગ પ્રકાશિત કરવામાં આવ્યા. જેમાં ૩૪૦૦૦ તાડગ્રંથોનું વિવરણ આપવામાં આવેલું છે. પરંતુ આ સૂચિગ્રંથ સંપૂર્ણ નથી. જે ગ્રંથોનાં નામ એમાં આપવામાં આવ્યાં છે એ ગ્રંથો તો જીર્ણ હાલતમાં છે કે સારી સ્થિતિમાં તેનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

ઇન્દિરા ગાંધી રાષ્ટ્રિય કલા કેન્દ્ર દ્વારા પણ ઈ.સ. ૧૯૮૯થી આ કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો. તે સંસ્થા દ્વારા ૬૬ ગ્રંથાવલિનાં સ્થિત બે લાખ પચાસ હજાર ગ્રંથોની માઈક્રોફિલ્મ બનાવી દેવામાં આવી છે. તે સંસ્થા દ્વારા લંડન, ન્યૂ યૉર્ક, ઑક્સફર્ડ, વૉશિંગ્ટન, પૅરિસ, બર્લિન વગેરે સ્થાનોમાં આવેલાં ગ્રંથાલયોમાં રહેલાં પુસ્તકોની માઈક્રોફિલ્મ્સ સજ્જ કરી દેવામાં આવેલ.

જો કે આ સંસ્થા દ્વારા મહાન કાર્ય સંપન્ન થયાનું ભાસમાન થાય છે. તેમ છતાં જો એવા જ વેગ દ્વારા આ કાર્ય કરવામાં આવે તો બધા તાડગ્રંથોની માઈક્રોફિલ્મો બનાવવાનું કામ પૂર્ણ થવામાં હજુ દોઢ સો વર્ષ પણ અપર્યાપ્ત ગણાય.

ઇન્ડિયન નૅશનલ ટ્રસ્ટ ફૉર આર્ટ્સ ઍન્ડ કલ્ચરલ હેરિટેજ (ઇન્ટેક) નામની સંસ્થા દ્વારા ઈ.સ. ૧૯૮૯ના વર્ષમાં તાડગ્રંથોના સર્વેક્ષણનું કાર્ય આરંભાયેલું, જેની સંખ્યા વિશેનું વિવરણ આ લેખમાં જ અન્યત્ર 'ભારતમાં તાડગ્રંથો' એ શીર્ષકથી આપેલું છે.

તે સંસ્થા દ્વારા કરવામાં આવેલ સર્વેક્ષણ ઉલ્લેખનીય છે. તેના દ્વારા નોરાઈ સંસ્થાના સહયોગથી ઓરિસ્સા રાજ્યના સહકારથી તે રાજ્યના ત્રણ જિલ્લાઓમાં ત્રણસો કેન્દ્રોનું સર્વેક્ષણ કરવામાં આવેલું છે. તેમાંથી સમજાય છે કે તેટલા લઘુપ્રદેશમાં કાગળમાં લખેલા અને અન્ય ૪૭ હજાર તાડગ્રંથો છે. આવી સૂચિ આ પહેલાં કોઈએ નહોતી કરી. જો આવું હોય તો આવા પ્રકારના ગ્રંથો વિશાળ ભારતમાં કેટલા હશે ! તે તમે જ વિચારશો. તે ગ્રંથો અત્યારે કઈ સ્થિતિમાં હશે, તેનું સંરક્ષણ કરવા માટે શું કરવું ઘટે, તે પણ વિચારશો.

તાડપત્રોનો નાશ : ઉપલબ્ધ ગ્રંથોમાં અતિપ્રાચીન ગ્રંથો પાંચમી સદીના છે. તે ગ્રંથો તો ભૂર્જપત્ર પર લખાયેલા છે. તેનાથી પણ પ્રાચીન પાલીગ્રંથ છે એવું સાંભળવામાં આવ્યું છે. તાડપત્ર પર લખેલો પ્રાચીનગ્રંથ છઠ્ઠી સદીનો છે. કાગળ પર લખવામાં આવેલો પ્રાચીનગ્રંથ તેરમીસદીનો છે. આ રીતે કેટલાંક વિરલ ગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમ છતાં ચૌદમી સદીથી પૂર્વેના તાડગ્રંથો ઘણાં નથી. તો પછી તે પૂર્વેના તાડગ્રંથો ક્યાં ગયા ? ઉત્તર તો સ્પષ્ટ જ છે. તે ગ્રંથો નાશ પામ્યા ! લાખો ગ્રંથો નાશ પામ્યા તે નિશ્ચિત છે.

પ્રાકૃતિક વિકોપ, રક્ષણ કરવામાં અશ્રદ્ધા, જીવડાંઓનું આક્રમણ, અસુરક્ષાના કારણને લીધે સર્વસ્વનો ત્યાગ કરીને પોતાના સ્થાનેથી વિદ્વાનોનું નિર્ગમન, વિદેશી આક્રમણકારીઓ દ્વારા ગ્રંથભંડારો વગેરેમાં લગાડવામાં આવેલી આગ આદિ બાબતો ગ્રંથરાશિઓના નાશનું કારણ છે. તેમ છતાં બારમી-તેરમી સદીમાં વિદેશી લોકો દ્વારા અસંખ્ય તાડગ્રંથો બાળી નખાવવામાં આવેલ. 'રાજતરંગિણી' ગ્રંથમાં કલ્હણ કહે છે, 'પ્રાચીનકાળમાં સિકન્દર-ઘરાનાથ જેવા યવનો વડે બધા પુસ્તકો તણખલાંની માફક બાળી નાખવામાં આવેલા.'

નાલંદા વિશ્વવિદ્યાલયની કથા આપણે જાણીએ જ છીએ. ત્યાં ધર્મગંજ નામના ગ્રંથાલયમાં રત્નોદધિ, રત્નસાગર, રત્નરંજક વગેરે ત્રણ સભાભવનો હતાં. મહાન એવો ગ્રંથરાશિ ત્યાં હતો. ચીનીયાત્રી ઇત્સિંગે ત્યાં રહી ગ્રંથરાશિને પ્રત્યક્ષ જોઈને વર્ણવેલ છે. તેણે ચીની ભાષામાં ચારસો ગ્રંથોનો અનુવાદ કરેલો. અલ્લાઉદ્દીન ખલજીએ જ્યારે આ વિશ્વવિદ્યાલય બાળી નંખાવ્યું ત્યારે સાત દિવસ સુધી ગ્રંથાલય બળતું રહ્યું હતું, એવું સાંભળ્યું છે. તે અગ્નિકાંડમાં કેટલા ગ્રંથો બળી ગયા તે તો પ્રભુ જાણે.

આનંદતીર્થે(= મધ્વાચાર્ય)ભારત પ્રવાસ કર્યા બાદ તાડ-ગ્રંથોના વિષયમાં 'મહાભારત તાત્પર્યનિર્ણય' નામના ગ્રંથમાં લખે છે કે, 'નિર્મિત થયેલા બધા સાહિત્યમાંથી ઘણો મોટો ભાગ રહ્યો નથી. વલભી, વિક્રમશિલા, તક્ષશિલા, વિજયનગર,

ઓદન્તપુરી, સોમપુરી, જગધ્ધતા, મિથિલા, ધારા, વારાણસી વગેરે ઘણાં મહાવિદ્યાલય કેન્દ્રો હતાં; જે બધાં કેન્દ્રોમાં તાડગ્રંથોનો સમૂહ પણ મોટો હતો. તેના નાશને લીધે નાશ પામેલી તાડગ્રંથોની સંખ્યા અગણિત છે.'

આ દિવસોમાં આધુનિક કેળવણી પામેલા પુત્ર-પૌત્રાદિઓ નગરના આશ્રયસમયમાં પિતામહાદિ દ્વારા સંગ્રહાયેલી ગ્રંથરાશિ અને તાડગ્રંથરાશિ યોગ્ય ક્રમમાં રાખવા કે રક્ષવા સમર્થ નથી. તેના પરિણામે પણ ઘણા તાડગ્રંથો નાશ પામ્યા.

વિદેશ તરફ : અંગ્રેજોના શાસનકાળમાં વિદેશો તરફ અસંખ્ય ગ્રંથો ચાલ્યા ગયા. તે પૂર્વે પણ અનુવાદ વગેરે નિમિત્તે, ગ્રંથલોભને કારણે અને સંરક્ષણ ન કરી શકવાને લીધે અસંખ્ય ગ્રંથો વિદેશોમાં જતા રહ્યા. હ્યુસેન સંગ પોતાના દેશ તરફ પાછો ફર્યો ત્યારે વિવિધ વિષયોના અસંખ્ય ગ્રંથો લઈ ગયો હતો, એવું ઇતિહાસ કહે છે. બુહ્લર અને ઑફ્રેટ દ્વારા તાડગ્રંથાવલિના વિષયમાં સવિશેષ પરિશ્રમ કરીને પોતાનું તાડગ્રંથાલય નિર્મિત કરેલું. અંતે તેમણે બંનેએ લંડનમાં આવેલ ઇન્ડિયા ઑફિસ લાઇબ્રેરીમાં એ તાડગ્રંથસૂચિસંગ્રહ અર્પિત કરી દીધેલ. ઈ.સ. ૧૮૧૭ની સાલમાં તાડગ્રંથોના સંગ્રહને ખરીદવા માટે એચ.ડી. કૉલબ્રૂકની નિમણૂક કરાયેલ. ઈ.સ. ૧૮૩૨ની સાલમાં ૪૨૫૩ તાડગ્રંથો એશિયાટિક સોસાયટીને અર્પિત કરાયેલા. શ્રી બસુ 'ધ પ્રિપઝેશન ઑફ હિન્દુ લિટરેચર' એવા ગ્રંથમાં લખે છે કે, 'નેપાળ મહારાજે ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયને ૬૦૦૦ અપૂર્વ તાડગ્રંથો આપ્યા હતા.' આવા ઉદાહણો અહીં છે જ્યારે વિદેશીલોકો અહીં સત્તામાં હતા. ત્યારે આવા પ્રયત્નોને રોકનારું કોઈ નહોતું. તેમણે આ પ્રકારનાં કાર્યો કેટલાં કર્યા તેની પણ જાણ નથી.

વિધિનિયમ : ભારત સરકાર તાડગ્રંથોને વિદેશ મોકલવાને વિશે નિષેધ કરે છે. ઈ.સ. ૧૯૭૨માં કરવામાં આવેલ કાયદો કહે છે કે પંચોતેર વર્ષ પૂર્વે લખાયેલો કોઈ પણ ગ્રંથ કે તાડપત્ર વિદેશ ન લઈ જઈ શકાય કે ન મોકલી શકાય. ઈ.સ. ૧૯૭૬ના વર્ષમાં પુરાતત્ત્વવિભાગ વડે 'કલાગ્રંથો'નું પંજીકરણ કરવા એવો નિયમ કરેલો છે. પરંતુ અહીં પણ ઘણા ગ્રંથોનું પંજીકરણ નથી થયું. આથી સ્પષ્ટ થાય છે કે બધા તાડપત્રીય ગ્રંથોનું પંજીકરણ ક્યાંય થતું નથી. તાડગ્રંથોના વિદેશગમન માટેનો નિષેધ સરકાર કરે છે એ તો હકીકત છે, પરંતુ આ નિયમનું પાલન કઈ રીતે થાય? ભારતમાંથી જતા બધા વિદેશગમન-વાંછુંઓને શું તપાસી શકાય? આથી આ કાયદો મોટે ભાગે કશું નહિ કરી શકનાર છે.

વિદેશી ભાષાઓમાં : ઇત્સિંગ દ્વારા કરવામાં આવેલા અનુવાદ વિશે પૂર્વે કહ્યું હતું. પરંતુ એ સિવાય સંગીત, નૃત્ય, જ્યોતિષ, ઉપનિષદ ઇત્યાદિ ઘણા વિષયોના ગ્રંથો પર્શિયન વગેરે ભાષા દ્વારા અનુવાદિત થયા. ચીની ભાષા દ્વારા અને તિબેટીઅન ભાષા દ્વારા પણ ગ્રંથો અનુવાદિત થયા. અત્યાર સુધીમાં ૪૪૪૬ કૃતિઓ તિબેટીભાષા દ્વારા અનુવાદિત થઈ હોવાનું સંભળાય છે. પર્શિયન ભાષા દ્વારા ઘણા ગણિતગ્રંથો અનુદિત થયા છે. અંગ્રેજી અને જર્મન ભાષા દ્વારા પણ કેટલાક ગ્રંથો અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ થાય છે. હાલમાં જે પંચતંત્ર મળે છે તે મૂળ સંસ્કૃત નથી. અન્ય ભાષા દ્વારા તે અનુવાદિત થયેલ છે. બૃહત્કથાની પણ એવી જ કથા છે.

સંરક્ષણના પ્રયાસો : જ્ઞાનના નિધિરૂપ આ બધા તાડગ્રંથો છે તે બધા ગ્રંથોની શું સ્થિતિ છે, એ પણ જાણવું ઘટે. 'ઇગ્નો' સુધીની સંસ્થાઓએ કરેલા પ્રયાસો આપણે જોયા. એ બધા પ્રયાસોની અપર્યાપ્તતાનું પણ અવલોકન કર્યું. આ બધાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે હવે તાડગ્રંથ સંરક્ષણ યોજના સ્વીકારેલી છે. ઈ.સ. ૨૦૦૨થી ૨૦૦૭ સુધીની દસમી પંચવાર્ષિક યોજનામાં પ્રસ્તુત યોજના માટે સાડાત્રણ કરોડ રૂપિયા આપવામાં આવશે એવો સંકલ્પ કરવામાં આવ્યો છે. મ પંચવર્ષિય યોજનામાં પણ બાકીના શેષકાર્યની પૂર્તિ માટે જાગૃતિ રાખવામાં આવશે. તા. ૭-૨-૨૦૦૩ના રોજ દિલ્લીનગરમાં પ્રવૃત્ત થયેલ કાર્યક્રમમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપેયીએ આ યોજનાનો પ્રારંભ કરીને શુભકામના પ્રકટ કરેલ.

કરવા યોગ્ય કાર્યો : બધા તાડગ્રંથોનું સૂચીકરણ કે સંરક્ષણકાર્ય સુલભ નથી. શરૂઆતમાં પ્રાપ્તસૂચિનું પરિષ્કરણ કરી, નૂતન સૂચિને તૈયાર કરવી ઘટે કે જે અદ્યાવધિ થયું નથી. વ્યક્તિગત સ્તરે મઠ-મંદિર વગેરેમાં રહેલી હસ્તપ્રતોનું વિવરણ પણ સંગ્રહક્ષમ ગણાય. જેમકે ઉત્કળ પ્રદેશમાં, ત્રણ જનપદોમાં સર્વેક્ષણથી જણાયું કે ઘરોમાં સુડતાલીસ હજાર તાડગ્રંથો છે. તે રીતે સમગ્ર દેશમાં હશે. આ માટે સર્વેક્ષણ કરાવવું જોઈએ. જનજાગરણ હશે તો આ કાર્ય માટે સહાય મળશે. તેથી જનજાગરણના કાર્યક્રમો પણ થવા જોઈએ. ઘણા તાડગ્રંથોનું સંરક્ષણ માઇક્રોફિલ્મરૂપે થવું ઘટે. હસ્તપ્રતો ખરીદી લેવી પણ જોઈએ. એ માટે સારી વ્યવસ્થા હોવી જોઈએ. તાડગ્રંથોમાં બ્રાહ્મી, ખરોષ્ઠિ, નંદિનાગરી, મોડી, શારદા, તિલગારી વગેરે લિપિઓ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આથી તે બધી લિપિઓના પઠનને માટે પ્રશિક્ષણ આપવું ઘટે. અન્યથા ક્યાં કયો ગ્રંથ છે એની જાણ થશે નહિ. આ બધું કરવા પરિષ્કૃત વ્યવસ્થા હોવી ઘટે, કે જે આના પર વિશેષ ધ્યાન આપે. આ રીતે ઘણાં લોકો

દ્વારા તાડગ્રંથોના સંરક્ષણને માટે મહાપ્રયાસ કરવો ઘટે.

ઈ.સ. ૧૮૬૮ની સાલમાં વિપ્લે સ્ટૉક નામના મહાનુભાવે તાડગ્રંથોના વિષયમાં કહેલું કે, 'ભારતના વાતાવરણમાં ઈયળ-કીડા પણ તાડગ્રંથોના નાશ માટે સમર્થ છે. આધુનિક તરુણો આ રાષ્ટ્રિય સંપત્તિના સંરક્ષણના વિષયમાં રસ ધરાવતા નથી. આવી જ પરિસ્થિતિ હંમેશાં રહેશે અને સરકાર દ્વારા પણ કંઈ કરવામાં નહિ આવે તો થોડા જ સમયમાં અપૂર્વ એવી આ હસ્તપ્રત-સંપત્તિ નાશ પામશે, જે ફરીથી ક્યારેય મેળવી નહિ શકાય.' એકસો પાંત્રીસ વર્ષ પૂર્વે તેમના દ્વારા કહેવામાં આવેલું આ તારણ આજે પણ સુસંગત છે. અર્થશાસ્ત્ર, ભાસનાટક, વૃક્ષાયુર્વેદ વગેરે ઘણા ગ્રંથો તાડપ્રતરૂપે આવેલા છે. અસંખ્ય એવા શાસ્ત્રગ્રંથો પણ એમાં છે. આ બધા ગ્રંથોના સંરક્ષણને માટે આપણે પણ યથાશક્તિ પ્રયત્ન ન કરવો જોઈએ ?

કેટલાક કોઠાઓ સંસ્કૃતલેખમાં જ આપવામાં આવેલા જે નીચે મુજબ છે :

રાજ્યોમાં તાડગ્રંથો

૧.	ગુજરાત	૪૦,૦૦૦
૨.	આંધ્રપ્રદેશ	૧૬,૫૦૦
૩.	રાજસ્થાન	૧૬,૦૦૦
૪.	કર્ણાટક	૧૫,૦૦૦
૫.	જમ્મુકાશ્મીર	૧૩,૫૦૦
૬.	પાંડિચેરી	૧૨,૭૦૦
૭.	પશ્ચિમ બંગાળ	૧૧,૩૦૦
૮.	મહારાષ્ટ્ર	૯,૦૦૦
૯.	પંજાબ	૮,૮૦૦
૧૦.	મધ્યપ્રદેશ	૬,૦૦૦
૧૧.	હરિયાણા	૪,૭૫૦
૧૨.	દિલ્હી	૪,૫૦૦
૧૩.	ઉત્તરપ્રદેશ	૪,૧૦૦
૧૪.	કેરલ	૪,૧૦૦
૧૫.	તમિલનાડુ	૩,૫૦૦
૧૬.	બિહાર	૧,૫૦૦
૧૭.	ગોવા	૧,૫૦૦
૧૮.	આસામ	૪૫૦

નોંધ : આ સિવાય ઘણા પ્રમાણમાં જે જે સ્થાનોમાં હસ્તપ્રતો છે, તેના વિશે અહીં દર્શાવ્યું નથી.

વિદેશોમાં તાડગ્રંથો

૧.	ગ્રેટબ્રિટન	૨૫,૦૦૦
૨.	જર્મની	૧૫,૦૦૦
૩.	પાકિસ્તાન	૯,૨૦૦
૪.	બાંગ્લાદેશ	૬,૦૦૦
૫.	ફ્રાન્સ	૩,૦૦૦
૬.	શ્રીલંકા	૩,૦૦૦
૭.	નેપાળ	૩,૦૦૦
૮.	ડેન્માર્ક	૧,૩૩૧
૯.	ઈટલી	૯૪૬
૧૦.	રશિયા	૮૭૬
૧૧.	તિબેટ	૬૬૩
૧૨.	ઑસ્ટ્રેલિયા	૫૧૯
૧૩.	હોલૅન્ડ	૩૯૫
૧૪.	સ્વીડન	૯૨
૧૫.	જપાન	૮૨

નોંધ : આ સિવાય ઘણા દેશોમાં થોડા પ્રમાણમાં ભારત સંબંધિત તાડગ્રંથો છે.

ભારતમાં તાડગ્રંથો

૧.	સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વારણસી	૧,૪૦,૦૦૦
૨.	રાજસ્થાન પ્રાચ્ય સંશોધનાલય, જોધપુર	૧,૧૬,૧૨૩
૩.	પ્રાચ્ય તાડગ્રંથાગાર - ચેન્નઈ	૭૨,૬૨૦
૪.	પ્રાચ્ય તાડગ્રંથાગાર, તિરુઅનંતપુર	૫૬,૦૦૦
૫.	ટી.એમ.એસ.એસ.એમ.ગ્રંથાલય - તાંજોર	૪૭,૬૨૫
૬.	એલ.ડી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અ'વાદ	૪૫,૦૦૦
૭.	અડ્યાર ગ્રંથાલય, શોધ કેન્દ્ર, ચેન્નઈ	૪૦,૦૦૦
૮.	ઓરીસા રાજ્ય સંગ્રહાલય	૩૭,૦૦૦
૯.	એશિયાટિક સોસાયટી - કોલકાતા	૩૨,૦૦૦
૧૦.	અભયજૈન ગ્રંથાલય - બિકાનેર	૩૦,૦૦૦
૧૧.	પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા	૨૫,૦૦૦
૧૨.	આંધ્રપ્રદેશ પ્રાચ્યતાડ ગ્રંથાગાર - હૈદરાબાદ	૨૩,૧૧૫
૧૩.	ખુદાબક્ષ પ્રાચ્ય ગ્રંથાલય - પટણા	૨૦,૦૯૦
૧૪.	રાજસ્થાન પ્રાચ્ય સંશોધનાલય - જોધપુર	૨૦,૦૦૦
૧૫.	ગંગાનાથ ઝા સંસ્થાન, અલહાબાદ	૨૦,૦૦૦
૧૬.	ભારતેતિહાસ સંશોધન મંડળ - પૂણે	૨૦,૦૦૦

[બેંગલોરની સંસ્કૃતપત્રિકા 'સંભાષણ સંદેશ'ના હમણાંના અંકમાં પ્રકાશિત લેખનો અનુવાદ]

અતીતમાં અવગાહન

હું પકડાઈ જાઉં એટલે


માનવ-સ્વાતંત્ર્ય અને સુધારાની હિમાયત કરનારી અંગ્રેજ પ્રજાના પ્રતિનિધિઓએ આ દેશની સરકાર બનીને જે સ્વરૂપ છુપાવ્યું હતું તેનું આબેહૂબ ચિત્ર, આજે જ્યારે હિંદુસ્તાનના સૈકાઓના ઇતિહાસનું મોં ઊઘડ્યું છે તે વખતે, ખરેખરા રૂપમાં આલેખાઈ ગયું છે.

સુજનતાનો જવાબ તે દમદાટીથી વાળે છે, સત્યને તે રૂંધે છે, ઈશ્વરના શાસનને તે અવગણે છે, અને તમે તેના બળની હરીફાઈ કરી ન શકો ત્યાં સુધી સીધી વાતનો તે ઇનકાર કરે છે. નિરપરાધી અને નિર્દોષ સ્વભાવના અનેક જણ તેની તુલાએ ભયંકર તકસીરવાર ઠર્યા છે અને તેના પંજાના પ્રહારથી કોણ બચી શકે તે કોઈ જાણતું નથી. કાયદાનાં એક પછી એક શસ્ત્રો તેણે એવાં નિપજાવ્યાં છે કે કોઈ પણ માનવીએ અવાજ કે જવાબ વગર તેના ભોગ માટે ઊઘડેલાં પ્રચંડ જડબાંમાં ગૂમ જ થવાનું રહે છે. ને એ બધું કાયદેસર ગણાઈને !

એ કાયદાના જ જોરે ભારતહૃદયસમા યુગમૂર્તિ મહાત્મા ગાંધીજી ગઈ તા. ૪થી મેની રાત્રે એક વાગ્યે સરકારના ગ્રાસ થયા છે. આઝાદીનો જંગ ઉઠાવનાર અગ્રણી આમ દૂર થતાં પ્રજા શાંત થઈ જાય (એટલે કે સરકારની દૃષ્ટિએ શાંતિ જળવાય) એ હેતુ પાર પડશે ખરો ? પ્રજાહૃદયમાં કે'દહાડાનો હુતાશ પ્રજ્જવલી ઊઠ્યો છે તે એમ હોલવાઈ જશે શું ? કાળ આજ સૌની પરીક્ષા લે છે. ઈશ્વર પણ ભારતના સંકલ્પો નાણી જુએ છે. વાઈસરૉયથી માંડી છેવટના કેટલાક પોલીસ અમલદાર સુધીના અધિકારીઓએ સત્યાગ્રહનાં જોર ખાળવા માટે પોતાની મનુષ્યદૃષ્ટિ ગુમાવીને રાક્ષસી ઈલાજો લેતાં પાછું વાળી જોયું નથી. પણ તે સાથે દુર્ભાગ્યની વાત તો એ છે કે દેશના દારિદ્રયને લીધે સાથીઓ કે લોકોએ ગભરાવાનું મુદ્દલ કારણ નથી. આ લડતને ચલાવનારો હું નથી. પણ ઈશ્વર છે. એ બધાનાં હૃદયમાં વાસ કરે છે. આપણામાં જો શ્રદ્ધા હશે તો એ દોરશે જ. માર્ગ તો અંકાઈ ગયો છે.....

કુરબાની વિના મળેલું સ્વરાજ કદી ટકે નહિ. એટલે લોકોને ભલે પેટ ભરીને કુરબાની કરવી પડે. સાચી કુરબાનીમાં કેવળ એક તરફથી જ કષ્ટ સહન કરવાનું હોય છે. એટલે ક કોઈને માર્યા વિના પોતે મરીને જીવવાનો મંત્ર સાધવાનો હોય છે.

એ મંત્ર હિન્દુસ્તાન સાધો. પાંચપંદર રૂપિયા જાતમહેનતથી રળી શકવાની શક્તિ વિનાના આપણા જાતબંધુઓ જ અતિશય હીન કે ન ભુલાય તેવી નિષ્ઠુરતા ને પશુતા બતાવી રહ્યા છે. તેઓ વિચારી શકે તો આ દારિદ્રય જ આખા દેશની અધોગતિનું મૂળ છે. એવું




દારિદ્રય શાથી આવ્યું ? કોઈ એનો પૂરો વિચાર કરી શકે તો ઈંગ્લંડ અને યુરોપમાં ઘસડાઈ ગએલી સંપત્તિ અને હિંદની અસહાય સ્થિતિ નજરે આવ્યા વિના નહિ રહે. આ યુદ્ધ અંગ્રેજ પ્રજાની સામે નથી, પણ જે રીતે તેણે ભારતને આટલી હદ સુધી પડવા દીધું છે ને જાણીબૂજીને તેને બચાવવાના ઇલાજો અટકાવ્યા છે તે રીતો ને ધારાઓ સામે પ્રજાનું આક્રમણ છે.

વાઈસરૉય સાહેબને કદાચ હિંદની પ્રજાની દયા આવતી હશે, છતાં હિંદનાં બંધનો ઢીલાં કરવાની સત્તા તેમના હાથમાં લેશ-ભાર નથી. એક પછી એક સખ્ત કાયદાઓ ઊભા કરી તેઓ અંકોડા તંગ કરી શકે છે, પણ હિંદુ-સ્તાનની પ્રજાને ટુકડો વધારે આપવાની સત્તા તેમને મળી હોતી નથી. એ તો ઇંગ્લન્ડમાં બેઠેલા હિંદના વજીર અને પાર્લમેન્ટના હાથની વાત છે. એ પાર્લમેન્ટમાં ઈંગલન્ડના પૈસાદાર માણસોના જોરે આવેલા સભાસદો તેમજ ઈંગલન્ડની વેપારી સંસ્થાઓના પ્રતિનિધિઓ જરાકે હિંદુસ્તાનના ફાયદામાં મત પડતો જુએ તો કકળી ઊઠે છે. અને તેઓ એટલા સત્તાધીશ હોય છે કે જો ધારે તો હિંદી વજીર કે વાઈસરૉયને હોદ્દા પરથી ખસેડી શકે. એ રીતે હિંદની સાંકળોના છેડા ખરી રીતે તો હિંદ પર વેપાર ચલાવતા થાપણવાળા ને મોટી નોકરીના ફાયદા ઉઠાવતા નોકરવર્ગના હાથમાં છે.


મોટા કમિશનો નિમાય છે તેનો ખર્ચ હિંદુસ્તાનની પ્રજા ઉપર પડે છે પણ તે કમિશનનાં ફળ તો અંગ્રેજ વેપારીઓને અથવા કંપનીઓને મળી જાય છે. અને છતાં યે સંતોષ ન થાય તો એ કમિશનના વાયદા અને કમિશનોના નિર્ણય બધું છેલ્લી ઘડીએ પાર્લમેન્ટ ઉથલાવી દઈ શકે છે, જ્યારે હિંદી પ્રજાને તે માટે કોઈ બાંહેધરી સરખી પણ આપી શકતું નથી. તપતપીને કામ પાર ઉતારવા મથતા દેશનેતાઓને પાર્લમેન્ટને બારણે પણ ચડવાની તક મળતી નથી. નવા કાયદા કે નવાં ફરમાનો આવે તે પણ વાઈસરૉય સાહેબ મારફતે ! તે પછી પ્રજાને કંઈ પણ કહેવું હોય તો વાઈસરૉય સાહેબ ભણશે કે પાર્લમેન્ટના હુકમ વિના હું કંઈ ફેરફાર ન કરી શકું. પછી હિંદુસ્તાનનો એક પણ પ્રતિનિધિ વાઈસરૉય સાહેબને સમજાવી શકે નહિ.

મહાત્મા ગાંધીજી, પંડિત માલવીયજી,ના. વિઠ્ઠલભાઈ પટેલ, પંડિત મોતીલાલ અને જવાહરલાલ જેવાને છોડીને હિંદ કોને પોતાના પ્રતિનિધિ તરીકે ધરી શકે ? તેમની ઇંતેજારી, આત્મત્યાગ અને ઉગ્ર સેવાથી કોણ વધી જાય એમ છે ? તેમના વિચારો અને આદેશોમાં હિંદ આજ પોતાની સમગ્ર શ્રદ્ધા મૂકી ચૂક્યું છે. તેમના જેવાના ભોગ અને સમર્પણથી આજે દેશના એકેએક જણમાં એક જ ઝંખના થઈ રહી છે અને તે માત્ર ખપી જવાની. રાષ્ટ્રહૃદયનો આ હુતાશ સરકાર અને ઈંગલન્ડવાસીઓનાં કઠણ દિલોને પીગળાવે અને માનવ હૃદયનો સાચો સાદ તેઓ સમજે ત્યાં સુધી એ દિનની રાહ જોતા આપણે તો સત્ય ને સ્વાર્પણથી સ્વાતંત્ર્યનો પંથ ઉજાળીએ. ('કુમાર' સળંગ અંક ૭૭માંથી)



૧૨-૩-'૩૦ના રોજ શરૂ થયેલી દાંડીયાત્રાના અમૃતપર્વે સ્મરણાંજલી

શામળાજીનાં શિલ્પો : ૬



સંકલન : ગિરીશભાઈ પંડ્યા

પુરાતત્ત્વ ખાતાએ કરેલાં સર્વેક્ષણો અને ઉત્ખનનો માંથી શામળાજી અને દેવની મોરીની આસપાસનાં સ્થળોમાં પ્રાચીન ઈંટોના થરના થર મળી આવેલા છે. પ્રત્યેક ઈંટ ૫૨.૫ સેમી (૨૧ ઈંચ) લંબાઈની છે. આ ઉત્ખનનોમાંથી ઉપલબ્ધ માહિત સંભવતઃ ગુપ્તકાળ (?)ના શિલ્પસ્થાપત્યના ઈતિહાસનો અણસાર આપી જાય છે. અહીંના વિસ્તારમાંથી છઠ્ઠી સદીની મૂર્તિઓ પણ મળી આવેલી છે. એક એવી માન્યતા પણ પ્રવર્તે છે કે શામળાજી વિસ્તારની આવી પ્રાચીન શિલ્પસમૃદ્ધિ પરથી પ્રસરેલી કલા સૌરાષ્ટ્ર તરફ પણ જોવા મળેલી છે.

એક જર્મન પુરાતત્ત્વશાસ્ત્રીના જણાવ્યા મુજબ શામળાજીનાં અમુક શિલ્પો છઠ્ઠી સદીનાં છે, તેમાં પણ શિવના ગણોની મૂર્તિઓમાં તે શૈલી સ્પષ્ટપણે વરતાઈ આવે છે. પાંચમી સદીની જણાતી આવી એક મૂર્તિના નીચેના ભાગમાં 'વાયુ' શબ્દ કોતરેલો જોવા મળે છે.

શામળાજીનું વર્તમાન મંદિર તો સોળમી સદીમાં બંધાયું હોવાનું જણાય છે, એ પણ શક્ય છે કે તેનો જીર્ણોદ્ધાર તે વખતે થયો હોય ! મેશ્વો નદીને કાંઠે કાંઠે ગુપ્ત સમયની ઈંટોથી બાંધેલા ઘણાં મંદિરો શોધી કાઢવામાં આવેલાં છે. શામળાજી આજે તો વૈષ્ણવ સંપ્રદાયનું યાત્રાધામ ગણાય છે, પરંતુ દેવની મોરીના સ્થળે શિવપૂજા પ્રચલિત હતી. શામળાજીમાં પણ ઘણાં શિવમંદિરો હોવાનું જાણવા મળેલું છે.

ગદાધર માહાત્મ્યમાં શામળાજીના સ્થળને ત્રિશૃંગ અથવા ત્રણ શિખરોવાળી ટેકરીના સ્થળ તરીકે વર્ણવેલું છે. તો પછી વેદોમાં જેનો ત્રિકુટ તરીકે ઉલ્લેખ છે તે પણ શું શામળાજી (ત્રિશૃંગ) માટે જ હશે !

માતૃકાઓની પૂજા પણ પાંચમી સદીમાં શરૂ થઈ હોવાનું જણાય છે. વરાહમિહિરે માતૃપૂજા વિષે લખેલું છે, અમરકોશમાં પણ સપ્તમાતૃકાનાં નામો આપેલાં છે. શામળાજીમાં ઐન્દ્રી, વારાહી, માહેશ્વરી, કૌમારી... વગેરે જેવી માતૃકાઓની પ્રતિમાઓ પણ મળે છે. આ પ્રતિમાઓ પાંચમી સદીની હોવાનું જણાય છે. શામળાજીમાંથી મળેલી ગણેશની એક અતિસુંદર મૂર્તિ પણ પાંચમી સદીની છે; એ જ રીતે પાંચમી સદીની, એક હાથમાં રક્ત ટપકતા રાક્ષસનું મસ્તક પકડેલી, ચામુંડાની મૂર્તિ પણ શામળાજીમાંથી જ મળેલી છે.

'કળશી છોકરાંની મા' તરીકે સ્થાનિક લોકોમાં જાણીતી થયેલી વિશ્વરૂપ વિષ્ણુની મૂર્તિ વિશેષ ઉલ્લેખનીય છે. તેને આઠ હાથ અને ચાર મસ્તક (જે પૈકીનાં ત્રણ મસ્તક દેખાય છે, ચોથું દેખાતું નથી) છે. કટિવળાંક, પહોળા સ્કંધ અને મુખાકૃતિ પરથી તે પણ ગુપ્તકાળની શિલ્પ-શૈલીનો ખયાલ આપે છે. સંભવતઃ તે છઠ્ઠી સદીની હોવાનું કહેવાય છે. શૂરવીરની મુદ્રામાં આસનસ્થ આ અષ્ટભુજાધારી મૂર્તિની આજુબાજુ દેવો તથા મસ્તક અને પગ પર નાગ ગોઠવેલા દેખાય છે. પેટ દૂંદાળા ગણેશ જેવું છે. મધ્ય મુકુટના પાછલા ભાગેથી જોતાં મૂર્તિ બે હાથવાળી દેખાય છે. તેની ઉપરના ભાગમાં યક્ષની મૂર્તિ છે, તેની ઉપર ત્રણ મસ્તકવાળા બ્રહ્માજી છે અને તેમના મસ્તકની ઉપરના ભાગમાં પણ ત્રણ મસ્તકવાળી ભગવાન શિવની મૂર્તિ છે. સૌથી ઉપર ડાબી બાજુએ માનવઆકારમાં ચંદ્રને કંડારેલો છે, વીરોચિત મુદ્રામાં બેઠેલા મુખ્ય દેવમાંથી જાણે કે બહાર પડતી (પ્રકટ થતી) હોય એવી અસંખ્ય દેવીઓ બતાવાયેલી છે. મુખ્ય દેવનાં ચરણ શેષનાગના મસ્તક પર છે, પગ પાસે સાપ ફરતા બતાવેલા છે. આ અષ્ટભુજાધારી મૂર્તિ ભગવાન વિષ્ણુના 'વિશ્વરૂપ'ની જ હોઈ શકે. બધા જ દેવ તેમનામાંથી જ ઉદ્‌ભવેલા હોવાનું બતાવેલું જણાય છે.

અન્ય મૂર્તિઓ પૈકીની જે ચતુર્ભુજધારી છે તેને વરાહ નામ આપી શકાય, જ્યારે તેમની ડાબી બાજુએ જે બે હાથવાળી મૂર્તિ છે તે રામની હોય. મુખ્ય દેવના સ્કંધો પર, મધ્યમાં, બધી મળીને ૨૩ મૂર્તિઓ છે; વચ્ચેની ગણતાં ૨૪ની સંખ્યા થાય છે. અર્થઘટન એ થાય કે તે બધાં વિષ્ણુના ૨૪ અવતાર સ્વરૂપો હોય - પરંતુ તે બધી અવતારોનાં પ્રતીકોના રૂપમાં જણાતી નથી.

શામળાજીની મૂર્તિઓને શિલ્પકલાના સંદર્ભમાં મૂલવવામાં આવે તેમજ ઍલિફન્ટાની ગુફાઓમાંના શિવના ત્રિમૂર્તિ સ્વરૂપની કલા સાથે સરખાવવામાં આવે તો તે બાબતે એમ ઘટાવી શકાય કે શામળાજીની શિલ્પકલા પ્રાચીન સમયના દક્ષિણ સુપારિક સુધી ફેલાયેલી હોવી જોઈએ. પરેલમાં જોવા મળતી મૂર્તિ ઍલિફન્ટાની શિવમૂર્તિ કરતાં જૂના સમયની છે. વિશ્વમૂર્તિ તથા શામળાજીની શિવ અને માતૃકાની મૂર્તિઓ ઍલિફન્ટાની અને પરેલની મૂર્તિઓ કરતાં પણ જૂના સમયની છે. અહીં એક બાબત સ્પષ્ટ બની જાય છે કે આ બધી જ મૂર્તિઓની શિલ્પશૈલી લગભગ એકસરખી છે; તફાવત માત્ર પાષાણ-પ્રકારનો અને ભૌગોલિક માહોલનો જ છે. પરેલની મૂર્તિ છઠ્ઠી સદી કરતાં જૂના સમયની નથી, જ્યારે શામળાજીની

(અનુસંધાન પૃ. ૨૨૬ પર)

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

મારી બાને મારી બહુ ચિંતા રહેતી. તોફાન, મસ્તી, અલ્લડપણું આ બધાંથી તે વ્યથિત રહેતી, કારણ પેલા છ ગામના પાટીદાર સમાજનો તેને મોટો ડર હતો કે આ તોફાની છોકરી સાસરે શી રીતે સમાશે ? આમ તો તે કાયમ બોલતી કે આ છોકરી 'હોયોડોયો' છે તેથી સાસરે જશે ત્યારે શું થશે ? મને આ 'હોયોડોયો' શબ્દનો શું અર્થ થતો હશે તેની ખબર નહોતી પડતી. પરંતુ માનો ભ્રમ ભાંગી ગયો. પિતાજીની બદલી મુંબઈ સ્ટાન્ડર્ડ મિલ્સમાં મૅનેજરપદે થઈ. તેઓ પહેલા મુંબઈ જવાના હતા અને અમે કુટુંબીજનો થોડા દિવસ બાદ જવાનાં હતાં. પિતાજીની વિદાય મારા અલ્લડપણાને અલવિદા કરવા માટે સફળ સાબિત થઈ. રસોઇયાને મુંબઈ ફાવે તેમ નહોતું તેથી તેણે નોકરી છોડી દીધી. બીજા દિવસે સવારે હું વહેલી ઊઠી, સગડી સળગાવી, દાળનું આંધણ મૂકી ચોખા ધોવા બેઠી અને મારી મા જાગી ગઈ. તે તો અવાક થઈ ગઈ. મારાં ભાભીને પૂછતાં ખબર પડી કે બધું મેં જ કર્યું છે અને બા આનંદથી બોલી ઊઠી કે આ છોકરી 'રાવઠ' જેવી થશે. 'રાવઠ' શબ્દનો અર્થ મને ખબર નથી પણ કદાચ 'હોંશિયાર' થતો હશે અને તેનો એ અર્થ મેં સાચેસાચ પુરવાર કરી બતાવ્યો. હું ઘણી વાર અત્યારે મજાકમાં કહું છું કે મારી બા જ્યાં જન્મી હશે ત્યાં ખુશ હશે કે તેમની તોફાની દીકરી તોફાન છોડી પ્રવૃત્તિઓમાં કેવી વ્યસ્ત થઈ ગઈ છે !

કિશોરાવસ્થાનો ગાળો હવે પૂરો થવા આવ્યો હતો અને તરુણાવસ્થા દ્વાર ખખડાવતી આવીને ઊભી રહી હતી. મુંબઈ તરફ ગમન એટલે કિશોરાવસ્થાની વિદાય અને તરુણાવસ્થાનું આગમન. સોનાવાલા બિલ્ડિંગ નં-૮માં ત્રીજે માળે ત્રણ રૂમનો ફ્લૅટ મળેલો. પિતાજી લોકલ ટ્રેનમાં ગ્રાંટરોડથી બેસી, દાદર ઊતરી ટૅક્ષીમાં પ્રભાદેવીમાં આવેલી સ્ટાન્ડર્ડ મિલ્સમાં જતા. આમ, મુંબઈમાં જીવન શરૂ થયું. રસોડું સંભાળવું, શાકભાજી લાવવાનું બધું મારે માથે નાખવામાં આવ્યું. પિતાજીને ચર્ચિલ ટાઈમ પ્રમાણે સવારે આઠ વાગે જમવા બેસવાનું તેથી મારે વહેલાં ઊઠી રસોઈ બનાવવી પડતી. ભાભીને તો રસોઈમાંથી મુક્તિ મળી ગઈ. તે સમયે રેડિયોનો વપરાશ હતો. ટી.વી.નું અસ્તિત્વ તે સમયે નહોતું. પિતાજી હોય ત્યાં સુધી સમાચાર સિવાય બીજું કશું વગાડાય નહીં. પણ નોકરી પર જાય ત્યારે બપોરે રેડિયો વગાડું અને જગમોહન, પંકજ મલિક, સુરેન્દ્ર, સુરૈયા, સાયગલ, મુબારક બેગમ વગેરેનાં ગીતો સાંભળવાની મજા માણું. સાંજે શાક લેવા ગ્રાન્ટરોડ પર જાઉં, કોઈક વાર પુલ ઓળંગી લૅમિંગ્ટન રોડ પર જાઉં અને ત્યાં ત્રણ ચાર થીએટરો આવેલાં ત્યાં ઊભી રહી બહાર લગાડેલાં પોસ્ટરો જોઉં. મરાઠી ભાષા મને આવડે નહીં પણ શાકવાળી પાસેથી ધીમે ધીમે ભાંગ્યું-તૂટ્યું મરાઠી બોલતાં શીખી. ફણસી લેવી હોય તો પૂછું, 'ફરઝવી કસી દીલી ?' 'માલા ભાજી પાયજે.' આમ, આ જીવનગાડી હંકારતી હતી. તે બાજુ મહાદેવનું મંદિર હતું. ત્યાં કોઈ વાર દર્શન કરવા પણ જાઉં. હવે શાળામાંથી સંપૂર્ણપણે મુક્તિ મળી હતી. જો કે એ મુક્તિ નહોતી પણ મારો રૂંધાતો વિકાસ હતો, તેની પ્રતીતિ મને વારંવાર થતી હતી. પણ શું થાય ? જે બની રહ્યું હતું તે સ્વીકારવા સિવાય છૂટકો જ નહોતો. માતાને તો મને ઘરકામમાં પાવરધી બનાવવી હતી જેથી સાસરે સમાઈ જાઉં. અમે પાટીદારની કન્યાઓ તે સમયે જન્મની સાથે જ 'સાસરું' શબ્દ લઈને આવતી હતી. તેથી આવડત હોય, હોંશ હોય તો પણ વિકાસ અટકી જતો. મારી એવી જ દશા થતી હતી.

એક વાર હું તથા મારી મોટીબહેન બાબુલનાથ દર્શન કરવા ગયેલાં, પણ ત્યાંથી પાછાં ફરવાને બદલે થયું કે ચર્નીરોડ સુધી ચાલતાં ચાલતાં દરિયો જોતાં જોતાં જઈએ અને ચર્નીરોડથી લોકલ ટ્રેનમાં બેસી ગ્રાંટરોડ ઊતરી જઈશું. આ વાત રસ્તામાં નક્કી કરી હતી, ઘેર તો બાબુલનાથ જવાની જ વાત થઈ હતી. હવે એવું થયું કે અમારી નાની ઉંમર તથા બન્ને બહેનોને એકલી જોઈ બે-ત્રણ ગુંડા જેવા માણસો અમારી પાછળ પડ્યા. અમે સમજી ગયાં. દરિયો તો જોવાની વાત જ ખોવાઈ ગઈ અને દોડતાં દોડતાં ચર્નીરોડ પર પહોંચી ગયાં. ટિકિટ લીધી અને સ્ટેશન પર પેલા ગુંડાઓથી દૂર ઊભાં રહ્યાં અને યુક્તિ કરી કે ટ્રેન આવે ત્યારે દોડીને બીજા ડબ્બામાં ચઢી જવું. હૃદયની ધડકન વધતી જતી હતી. મોટીબહેને મને કહ્યું કે ગ્રાન્ટરોડ આવે ત્યારે જ ઊતરવા માટે ઊભા થવું, ઉતાવળ કરવાની નહીં, કારણ ગુંડાઓ અમારા ડબ્બામાં જ ચઢી ગયા હતા. ગ્રાંટરોડ ગાડી ઊભી રહી ત્યારે અમે ઊભાં થઈ સ્ટેશન બહાર નીકળી ગયાં ને એકશ્વાસે દોડતાં દોડતાં ચાર દાદર ચઢી ઘેર પહોંચી ગયા ત્યારે હાશ થઈ. પણ ઘરમાં આ વાત જણાવી નહીં, કારણ બાબુલનાથ જવાની જ રજા મળી હતી તેથી ઠપકો સાંભળવો પડેને ?

તે સમયગાળામાં બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. સરકાર તરફથી અંધારપટ જાહેર કરવામાં આવેલો તેથી રાત્રે ગૅલરિમાં કે રોડ પર લાઈટો થતી નહોતી. જીવનમાં અંધારપટનો આ અનુભવ પ્રથમ વખત મુંબઈમાં થયો. હવે બીજો એક પ્રસંગ સંભળાવું. અમારે ત્યાં એક મહેમાન બહેન મળવા આવેલાં. અમે વાતો કરતાં હતાં ત્યાં એક વિમાન અમારા ઘર ઉપરથી પસાર થયું અને થોડી જ ક્ષણોમાં એક જબ્બર ધડાકો થયો. અમે બધાં ધ્રૂજી ગયાં. વિમાનનું પસાર થવું અને ધડાકો થવો આ બંન્ને

ઘટનાઓ લગભગ સાથે બની તેથી ફાળ પડી કે દુશ્મનનું વિમાન બૉમ્બ નાખીને પસાર થઈ ગયું. મારા તો હાથપગ ધ્રૂજી ગયા. પેલાં મહેમાન બહેનને તો ઝાડા થઈ ગયા. પડોશમાંથી પિતાજીને મિલમાં ફોન કર્યો પણ તે તરફ એવો જોરબંધ ધડાકો સંભળાયો નહોતો. તરત રેડિયો પર સમાચાર આવ્યા કે ડૉકમાં આવેલી માલવાહક સ્ટીમરમાં કોઈ વસ્તુ એવી હશે જેનો ધડાકો થયો છે. હાશ, શાંતિ થઈ ! ચારપાંચ દિવસ સુધી તે દિશામાં આકાશમાં ભડકા દેખાતા રહ્યા હતા. આજે આ યાદ આવે છે ત્યારે પેલી દિલની ધડકન કેવી ધબકતી હતી તેનો ફરી જાણે અનુભવ થતો હોય એમ લાગ્યા વગર રહેતું નથી.

મુંબઈમાં શેઠશ્રી મફતલાલનું અવસાન થતાં પિતાજીને ત્યાં ફાવ્યું નહીં તેથી મુંબઈ છોડવું પડ્યું. પિતાજીની પ્રામાણિકતા તથા આવડતને લીધે પેટલાદની રાજરત્ન મિલ્સના માલિકે તેમને મિલના મૅનેજર તરીકે જોડાવા પ્રસ્તાવ મૂક્યો અને અમે સહુ પેટલાદ પહોંચી ગયાં. એ સમયગાળો લગભગ ૧૯૪૫થી ૧૯૪૮ વચ્ચેનો હતો. ત્યાં પણ રહેવા માટે મકાન તથા અન્ય સગવડો મળી હતી. તે સમય દરમિયાન મારી બા બિમાર પડી ગયાં. પેટનું દર્દ હતું તેથી નડિયાદ મિશન હૉસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લેવાયો અને તેમની સેવા માટે મારે સાથે જવાનું હતું. તેમને ઍમ્બ્યુલન્સમાં સુવાડ્યાં ત્યારે હું ધ્રૂસકે ચઢી ગઈ. પણ બા હિંમતવાળાં હતાં. તેઓ બોલ્યા કે બેટા રડીશ નહીં, મને કશું થવાનું નથી, તને પરણાવ્યાં પછી જ હું મરવાની છું. નડિયાદ મિશન હૉસ્પિટલમાં તે સમયે મુખ્ય ડૉક્ટર મિલિટરીમાંથી આવેલા. નામ તો અત્યારે યાદ નથી, પણ દર્દીઓની સંભાળ સરસ રાખતાં. મિલિટરીમાં રહેલા હતા તેથી મિજાજ તેજ હતો પણ તેમાં સચ્ચાઈ પ્રકટ થતી. હૉસ્પિટલમાં બહારગામથી આવનાર દર્દી માટે બે રૂમની સગવડ હતી. એક ઓરડો દર્દી માટે અને પાછળની બાજુ બાથરૂમ તથા રસોડાની પણ વ્યવસ્થા હતી. મારે માથે બાની સંભાળ, રસોઈની તથા અન્ય કામની જવાબદારી હતી. તે સમયે મારી ઉંમર સત્તર-અઢાર વર્ષની હશે. ડૉક્ટર વિઝિટ લેવા નીકળે ત્યારે હું પાછળ પાછળ ફરું. એક વખત વૉર્ડમાં એક દર્દી હતો. પચીસેક વર્ષનો એ યુવક રેલવેમાં લટકીને મુસાફરી કરતાં પડી ગયેલો તેથી પગનું હાડકું તૂટી ગયેલું. તેના પગે હાડકું જોડી, પગે પાટો બાંધી, પગને અધ્ધર ગરગડીના આધારે લટકાવેલો. ડૉક્ટરે દર્દીને તબિયતના હાલ પૂછ્યા ત્યારે તેણે રડતાં રડતાં પગ જોરથી હલાવી ફરિયાદ કરી કે પગમાં બહુ દુઃખે છે. આ જોઈ મિલિટરી-મૅન ડૉક્ટરે એક તમાચો તેના ગાલ પર મારી કહ્યું કે તેં બે ગુના કર્યા છેઃ એક ગુનો રેલવેના ડબ્બામાં બહાર લટકીને મુસાફરી કરવાનો અને બીજો ગુનો મેં ગોઠવેલા હાડકાંને હચમચાવી મુસીબત ઊભી કરવાનો. આમ તો ડૉક્ટરનું કથન સાચું જ હતું પણ હું તો ભયભીત થઈ ગઈ અને દોડતી જઈ બાને કહ્યું કે, 'ડૉક્ટર વિઝિટ લેવા આવે ત્યારે તને પેટમાં તકલીફ હોય તો પિતાજી શાંતિથી ડૉક્ટરને કહેશે.' આવા ડૉક્ટરના વિરોધીઓ સ્ટાફમાં હતા કારણ, તે નિષ્ઠાવાન અને કડક સ્વભાવના હતા. તેથી તેમના હુકમ તથા આજ્ઞાનું પાલન કરવું પડતું. હાથ નીચેના ડૉક્ટરોને એ કઠતું હતું, છેવટે તેમની બદલી બધાંએ ભેગા થઈ બીજે કરાવી દીધી. આ મિલિટરી ડૉક્ટરના પહેલાં એક અંગ્રેજ ડૉક્ટર હતા જેમનું નામ ઑલ્ડ્રીચ હતું. ખૂબ સરસ સ્વભાવ, માનવતાવાદી તથા દર્દીના દર્દના સચોટ પારખું હતા. તેમના વિષે વાત કરવાનું મને યોગ્ય લાગે છે. મારાં મોટાબહેનને પેટમાં ગર્ભાશય એક બાજુ વળી ગયું હતું. તેથી તેમના પેટનું ઑપરેશન ડૉ. ઑલ્ડ્રીચે કર્યું; પરંતુ ઑપરેશન કરતા ડૉક્ટરને માલૂમ પડ્યું કે પેશાબની નળી ક્ષારથી ભરાઈ ગઈ છે તથા ઍપેન્ડિક્સ પણ છે. તેમણે ત્રણેય ઑપરેશન સફળતાપૂર્વક કર્યા અને પિતાજીને આ વાત કરી. તે સમયે એક ઑપરેશનના રૂપિયા ૧૦૦ થતા હતા તેથી પિતાજીએ ૩૦૦ રૂપિયા તેમના ટેબલ પર મૂક્યાં. ડૉક્ટર પિતાજી સામુ તાકી રહ્યા અને બોલ્યા કે રૂપિયા ૩૦૦ શેના માટે આપો છો ? પિતાજીએ કહ્યું કે કુલ ત્રણ ઑપરેશન થયાં તેથી ૩૦૦ રૂપિયા આપવાના હોયને ? હવે ડૉક્ટરનો જવાબ સાંભળવા જેવો છે, તેઓ બોલ્યા કે પેટ ખોલ્યા પછી ગમે તેટલાં ઑપરેશન કરવાનો સંજોગ ઊભો થાય તો પણ તે રૂપિયા ૧૦૦માં જ કરવાનાં હોય. આ સાંભળીને આશ્ચર્ય જ થાય છે ને ? કારણ આ યુગમાં કેટલા ડૉક્ટરો આવા સિદ્ધાંતની અજમાયશ કરતા હશે તે વિચારવા જેવો મુદ્દો છે. ખરેખર, ડૉ. ઑલ્ડ્રીચ વંદન કરવાયોગ્ય છે. પૈસા કરતાં તેમણે પ્રામાણિકતા તથા ફરજને વધારે મહત્ત્વ આપ્યું. મારાં મોટાભાઈને ટાઈફૉઈડ થયો હતો અને એક વાર લોહીના ઝાડા થયા તેથી ડૉ. ઑલ્ડ્રીચને બોલાવવા પડ્યા. આમ તો તેઓ કોઈના ઘેર વિઝિટ માટે જતા નહોતાં પણ પિતાજી મિશન હૉસ્પિટલમાં ચાદરો, મચ્છરદાનીનું કાપડ, કાગળ, પેન્સિલ આવું ઘણું બધું દાનમાં આપતા. ડૉ. ઑલ્ડ્રીચ ઘેર આવ્યા અને દર્દીને તપાસી દર્દીને માથે મૂકેલ બરફની કોથળી પેટ પર મૂકાવી દીધી અને કેટલીક સૂચનાઓ આપી, ભાઈ બચી ગયા. કોઈ પણ જાતની ફી સ્વીકાર્યા વગર ડૉક્ટર પાછા ફર્યા. આવા ડૉક્ટરો મળવા મહામુશ્કેલ છે. પિતાજીએ વિઝિટ ફી આપવા ઘણો પ્રયત્ન કર્યો; પણ તેઓએ સ્પષ્ટ ના પાડી. આનું નામ 'Worship to mankind is worship to God.' તે દેવળમાં જતાં હશે કે નહીં તે તો ખબર નથી, પણ માનવતાનું દેવળ તેમણે સહર્ષ ઊભું કર્યું

આથમતી પ્રતિમાઓ

બચુ શુક્લ

ડૉ. કનક રાવળ

રાવળ પરિવારના સારાનરસા પ્રસંગે બચુ શુક્લ વગર કોઈ આદર ના થાય. નામ-સંસ્કરણ હોય કે ઉત્તરક્રિયા- મનુ ભગવાને આદેશેલા સોળે સંસ્કારોના તે પુરોહિત. તે જમાનામાં કેલરીઝ કોઈ ના ગણે એટલે ભુદેવ બચુ શુક્લ લાડુભક્ત હતા. પરિણામે પૃથ્વી પર અવતરેલા ગણેશજી જેવું તેમનું સ્વરૂપ માત્ર આગળ સૂંઢને બદલે માથા પાછળ મોટું ગૂંચળું વાળેલી શીખા. ઘરમાં તેમને સૌ માનથી આવકારે. તેમના ઘરમાં દાખલ થતાં વહુવારુઓ ઘૂમટો તાણી આઘીપાછી થઈ જાય પણ તે પહેલાં બચુ દાદાએ તેમને નીરખી લીધી હોય.

શુક્લજીની લોકપ્રિયતામાં એક મોટો અપવાદ તે મારો પિતારાઈ ભાઈ. મોટાકાકાનો એકનો એક દીકરો એટલે થોડો મોઢે ચડાવેલો. ફોઈબાએ તો તેને રૂપાળું કીર્તિદેવ નામ આપ્યું હતું, પણ તેના બોખા મ્હોંવાળા મોટામામાને તે નામ બોલે એટલે થૂંક ઊડે એટલે તે ભાણિયાને કિકો કહીને જ બોલાવે. બસ ત્યારથી સૌ તેને કિકોજ કહે. કોઈક ત્રાહિત કીકાજી કે કિકાભઈ એમ માનાર્થે બોલાવે.

કિકાએ પોતાની જનોઈ પ્રસંગે શુક્લજીએ કોઠારમાં ઘીના ગાડવામાંથી ઘીના લોચા આરોગતા સગ્ગી આંખે જોયા હતા. બસ, ત્યારથી તેના મનમાં તેમની છાપ વેદકાળના પૂજનીય પુરોહિતને બદલે ખાધરા ભામટાની જ હતી. વખત જતાં શુક્લજીનો (કિકો તો બચુડો જ કહે!) હરેક હરફ કે વર્તન કિકાએ 'કમળો થયેલાંની પીળી આંખે જ' મૂલવ્યાં.

એક દિવસ તેમાંથી ઉપજેલી ઘૃણા પરાકાષ્ઠાએ પહોંચી. કિકાએ તેની વેરની વસૂલાત તેના વધતા જતાં કેમિસ્ટ્રીના જ્ઞાનથી કરી. શુક્લજી પાનના ભારે શોખીન. એક વાર તે મોટાભાભીના સિમંતનું મુહૂર્ત જોવા આવ્યા. સામાન્ય રીતે કિકો તેમના આવતાં જ અદૃશ્ય થઈ જતો પણ તે દિવસે ક્યાં સુધી તડાકા મારી શુક્લજીને (હોય ? બચુડો, બચુડો ભામટો !) ખુશ ખુશ કરી દીધાં. વધારામાં તે ઘરે જવા ઊભા થયા ત્યારે ઝટ દોડીને પાનબીડાં બનાવી લાવ્યો. પૂર્ણ વિશ્વાસથી બચુદાદા થોડું તમાકુ ભભરાવી બે પાન જમી ગયા. પણ પાનની મોજમાં કિકાની ટીખળી આંખો તેમના ધ્યાન બહાર ગઈ !

મોટાકાકાની રજા લઈ બચુમહારાજ રામવાડી તરફ આંટો મારી બીજા યજમાનોને ત્યાંથી સીધું ઉઘરાવી પોતાના ઘર તરફ વળ્યા. રસ્તામાં વિચાર કરે કે, 'સાળું, આજ શું થ્યું છે ? જે સામે મળે ઈ દાંત કાઢીને જલ્દીથી ચાલતી પકડે ?' પણ કોઈ ઘડ ના બેઠી. મનમાં કહે, 'હોય, મરશે !'

'હાય હાય ભાયગજી, આ હનુમાન સ્વરૂપ ક્યાંથી લઈ આવ્યા, જુવો તો ડાચું આયનામાં ? લાગો છો સાવ કાળા મોઢાના વાંદર !' શુક્લજીને હવે બત્તી થઈ કે કેમ રાહદારીઓ તેમને જોઈને ખીખીઆટા કરતાં હતાં. આ પ્રતાપ હતો કિકાના 'સ્પેશ્યલ બાદશાહી પાનનો !' કિકાએ પાનમાં નાખેલી હિરાકસીની (ફૅરસ સલ્ફેટ) અને પાનના કાથાની રાસાયણિક પ્રક્રિયાથી શુક્લજીનાં મ્હોં, જીભ, દાંત બધું કાળુમસ થઈ ગયાં હતાં. તેની કાળાશ જતાં પંદર દિવસ ગયા અને ગોર મહારાજ ઘરમાં ભરાઈ પડ્યા. સામે આવતી લગ્નસરાની દક્ષિણાની ધૂમ કમાણી ગઈ. કિકલાની ધૂળ કાઢવાનો મનસૂબો પણ અધ્ધર રહ્યો. તે તો એના જાની દુશ્મન 'બચુડા'ને પરચો બતાવી બીજા જ દિવસે વહેલી સવારની મેલટ્રેનમાં મોટામામાને ઘેર મોસાળમાં વૅકેશન ગાળવા ઊપડી ગયો હતો. ❐

હતું. આજે ઘણી વાર એ ડૉક્ટર યાદ આવી જાય છે.

પેટલાદમાં મારાં બા માંદગીમાંથી બચી ગયાં. અમે બધાં સુખચેનથી પેટલાદમાં રહેતાં હતાં. ત્યાં એક કારમો ઘા પડ્યો. ૧૯૪૮માં ૩૦મી જાન્યુઆરીએ ગાંધીજીને ગોડસેએ ત્રણ ગોળી મારી. રેડિયો પર સમાચાર આવ્યા કે ગાંધીજીનું ખૂન થયું છે ! તેમની સ્મશાનયાત્રાનો જીવંત અહેવાલ રેડિયો પર આવતો હતો. અમે તે દિવસે ઉપવાસ કરેલો અને આખો દિવસ આ અહેવાલ સાંભળતાં સૂનમૂન બેસી રહ્યાં હતાં અને હું તો રડ્યા કરતી હતી. ગાંધીજીનો પ્રભાવ કેવો અદ્‌ભુત હતો કે સમગ્ર દેશ, ના, ના; સમગ્ર વિશ્વ, શોકમાં ગરકાવ થઈ ગયું હતું. આજે એ દિવસ, એ રેડિયો પરનો અહેવાલ અને ગાંધીબાપુની યાદથી આંખોમાં થોડું પાણી જરૂર ચમકી જાય છે. (ક્રમશઃ)

મહત્ત્વની સૂચના

'કુમાર' ટ્રસ્ટને નામે નાણાં મોકલવાં

હવેથી લવાજમનાં, જાહેરખબરનાં, દાનનાં સઘળાં નાણાં રોકડેથી યા ચેક-ડ્રાફ્ટથી 'કુમાર ટ્રસ્ટ'ના નામે મોકલવાં સૌને વિનંતિ છે.

'કુમાર'ના એજન્ટભાઈઓએ પણ આની નોંધ લેવી.

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

પૅરિસ કેમ 'પૅરિસ' છે ?
આઈફિલ ટાવર વિરુદ્ધ સ્ટૅચ્યૂ ઑવ્ લિબર્ટી

બીજી એક વાત સંભળાય છે, 'પૅરિસમાં તમે ધનિક હોઈ શકો યા તો ગરીબ; પણ તમે ઘરડા કદીય બની શકો નહિ.' બીજું, ફ્રાન્સ એટલે ઉચ્ચભ્રમરિયા (સ્નોબરી)નો અવ્વલ-નંબરનો દેશ પણ ખરો જ !

ફ્રાન્સ ઘણી રીતે મોંઘું છે. અહીં વીજળી વાપરવાનું અમેરિકા કરતાં પાંચ ગણું મોંઘું છે. ટોકિયો, ભારત અને આખા યુરોપની જેમ અહીં પણ ગૅસ (પેટ્રોલ)ના ભાવ વાંચીએ, તો અમેરિકામાં ગૅસ કટેલો બધો સસ્તો છે તે તરત યાદ આવે. આથી ફ્રેન્ચો વ્યાપક પ્રમાણમાં નાની કાર વાપરે છે. ફ્રેન્ચો વીજળીના વપરાશમાં પણ ઠીક ઠીક કસર કરે છે. અહીં દુકાનો અને રેસ્તુરાંમાં જોઈતી વસ્તુ જાતે જ લઈ લેવાની. સેલ્ફ સર્વિસ પ્રથા વ્યાપક છે, કારણ તેથી ભોજનગૃહમાં ઓછો ચાર્જ આપવો પડે છે.

પૅરિસ અને રિવિયેરા જેવાં શહેરોમાં તો હોટલ મોંઘીદાટ પડે છે. એથી યુવાનો, વિદ્યાર્થીઓ સસ્તું રહેવાનું, (મેટ્રો ટ્રેન દ્વારા) ફરવાનું અને ખાવાનું ક્યાં કે કેવી રીતે શોધવું તે માટે એવી ટૂરિસ્ટ ગાઈડબુક હાથમાં લઈને ફરતાં જણાય છે. એના ભદ્રલોકી કે ઉચ્ચભ્રમરિયા વલણનું એક દૃષ્ટાંત લઈએ. અહીં રેસ્તુરાંમાં તેની બહાર સાઈડ વૉક પર બેસનાર ગ્રાહકને સૌથી વધુ ચાર્જ આપવો પડે છે. કારણ? તે પોતે લહેરથી વાઈન પીતાં ખાણીપીણી કરે છે અને તે રીતે પોતાને 'શો ઑફ' કરવાની મોકળાશ તેને અહીં મળે છે. સાઈડ વૉક પછી રેસ્તોરાંમાં તરત અંદર અંદરના ભાગમાં દીવાલ પાસે ટેબલ પર બેસવાનો થોડો ઓછો ચાર્જ આપવાનો હોય છે. અને જ્યાં બીઅર-દારૂ 'સર્વ' થાય છે તે આછા પ્રકાશવાળા બાર-કાઉન્ટર પર બેસવા માટે વિશેષ ચાર્જ લેવાતો નથી !

હવે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્મારકો અને સ્થાપત્યોના જીવન્ત સંગ્રહસ્થાન જેવા પૅરિસમાં થોડું ફરીએ.

પૅરિસમાં સતત જોવા મળતી એ



આઇફિલ ટાવર

સીન('સેન્ન') નદી છે. અહીં વહેતી આ નદી સંખ્યાબંધ ક્રુઝો એકસાથે અવરજવર કરી શકે એટલી પહોળી અને ઊંડી છે. તેના પર ૩૬ પુલો છે. પૅરિસ અને ફ્રાન્સના ઈતિહાસના સદીઓ પર્યન્તના ઘટનાપ્રવાહના દસ્તાવેજ સમા તેના પુલો જુદાજુદા સમયબિંદુએ બંધાયેલા છે, અને એકમેકથી જુદા તરી આવે તેવી રચના ધરાવે છે. સીન નદીમાં ક્રુઝ લેતાં, તેની બંને બાજુએથી નજીકમાં કે દૂર ઐતિહાસિક સ્મારકોનો પરિચય મળે છે. ધનિકોનાં મકાનો, હોટલો, મ્યૂઝીઅમ અને તેના કાંઠાની દીવાલની પાળ પર લાકડાનાં બેઠાં કબાટોમાં વેચવા માટે મુકાયેલા 'બૂકીની'નાં પુસ્તકો એવું અવનવું જોવા મળે છે. સીન નદીની ડાબી બાજુએ કલાકારો, વિચારકો, યુનિવર્સિટીની ફૅકલ્ટી વગેરે બૌદ્ધિકો જ્યાં મળે છે તે કેફે જોવા મળે. બૅન્કવે, પિઅરે ગાર્ડીન, મોબ્લો અને ઈટાલિયન તેમજ ફ્રેન્ચ ડિઝાઈનર્સની વિશ્વખ્યાત ચીજો 'ડિસ્પ્લે' કરતી દુકાનો જોઈ. બ્યોરો દી પાસ્તા રોડ પર લોખંડની ડિઝાઈનવાળી કાળી ગ્રીલવાળી બાલ્કની ધરાવતા, સ્ટોર ધરાવતાં મકાનો જોવાં મળે. લા માટ્રિગલ રોડ પર સાઈડ વે કેફેની મઝા માણતાં પેરિસવાસીઓ જોવા મળે. ફેશનપરસ્તો માટે વેચાતી મોંઘીદાટ કાર્ટિઅર ઘડિયાળો અને ઝવેરાતના દાગીનાની ભવ્ય દુકાનો ધ્યાન ખેંચે છે. અહીંની જાણીતી લુધુરી પૅસ્ટ્રી ૧૩ ફ્લેવરસ્વાદની ઑફર કરતી મળે. મહિલાઓના ફેન્સી પરિધાનની આલીશાન દુકાનો પણ ખરી જ. તો સ્પેગેટ ફ્રેન્ચબ્રેડના અવનવા પ્રકારોની બૅકરી પણ દેખાય. ફેતલી રોઝેરો, ફેરે(સૂટ) હર્મીસ (બૅગ) અને ઍલિગન્સ (મહિલા માટેના પરિધાન) એ ફેશનેબલ શૉપ્સ પણ જોઈ.

એના કેટલાક ચાલવાના મોટા માર્ગો (વૉક-વે) પર બબ્બે વૃક્ષોની હાર, નદીકિનારાની બહારની ફુટપાથ પર જોવા મળે. તો ઍટોઈલ એરપોર્ટ જવાના પોઈન્ટ પર બંને બાજુ છાયાવાળાં વૃક્ષોની હાર ધરાવતા બાર તો ઍવન્યૂ (માર્ગો) છે.

અને વચ્ચે વચ્ચે નદીની એક બાજુથી બીજી બાજુ થવા માટે પુલો પણ આવ્યા જ કરે. ફ્રાન્સના રાજા હેન્રી ચોથાએ એના પહેલા પુલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પુલને ઑબિલિસ્ક ફુવારા પાસે ૩૦૦૦ વર્ષ જૂના ઇજિપ્શીઅન સ્થાપત્યનો સ્તંભ ધ્યાન ખેંચે છે. તેનો એલેકઝાન્ડ્રીઆ બ્રીજ સૌથી આભૂષણયુક્ત લાગ્યો. એની કોતરેલી

ફુલગૂંથણીઓ અને સોનારંગી રચનાઓ આ પુલને જાજરમાન બનાવે છે.

તો મોટા કે ઊંચા વિજયસ્તંભ નૅપોલિયન અને દગોલના પૅરિસમાં નહિ હોય, તે ચાલે ? અહીં નિવૃત્ત કે લડાઈમાં અપંગ બનેલ ફૌજી અફસરો બિલ્ડિંગમાં હવે વૉર મ્યૂઝીઅમ બન્યું છે. તેના પર ૨૪ કૅરેટ સોનાના પીળા ચમકતાં પાંદડાંઓ મઢેલો છે. તેનો ઘૂમટ ૨૫ પાઉન્ડ સોનાથી મઢેલો છે. આગળનાં ફ્રન્ટ ભાગમાં લશ્કરી લેબાશમાં સૈનિકોના કૂચ કરતા પોઝમાં કંડારાયેલાં પૂતળાંઓ છે. સેન્ટ હેલીના ટાપુમાં મૃત્યુ પામેલા મહાસેનાપતિ નૅપોલિયનનું શબ પાછળથી મેળવીને ફ્રેન્ચોએ તેને અહીં કબરમાં માનપૂર્વક સુવાડ્યો છે તે પછી જેમાં ફ્રેન્ચ ઍસેમ્બલી (પાર્લમેન્ટ) ૧૧ ટકા મહિલા સભ્યો છે, તે ક્લાસિકલ શૈલીના સ્થાપત્યથી શોભતું મકાન, રેવૉલ્યુશન સ્કવેર જેવા સૂચક ફ્રન્ટ સાથે જોયું.

થોડે દૂરને સ્થળે એક ચિંતકની મુદ્રામાં રચાયેલ પૂતળું છે. તો પાસે સંરક્ષણ સંસ્થાના મકાનની પાસે જ કલાકાર અને ચિંતકની પ્રતિમા હોય. આવું સહઅસ્તિત્વ રોમૅન્ટિક લાગે તેમ લશ્કરી અને કલાત્મક પાસાનો સ્વીકાર એ સ્વીકાર્ય પણ લાગે. અગાઉ આપણે મોજશોખની કિંમતી ચીજો પ્રસ્તુત કરતા સ્ટોર પાસે જ કલાકાર બૌદ્ધિકોના અડ્ડા જેવા કાફેનું સહઅસ્તિત્વ નોંધ્યું છે, તે બાબત સાથે આ દૃશ્ય પણ સુસંગત લાગતું નથી શું ?

ફ્રેન્ચ પ્રજા ભલે ફેશન, સ્વાદરસિયા તથા સેક્સઉદાર હોય, પરંતુ એમની ભાષા માટેની અકાદમીનું મકાન સુંદર સ્થાપત્યથી આકર્ષક બને તે જોયું છે. ખુદ પૅરિસમાં વિશ્વના શ્રેષ્ઠ મ્યૂઝીઅમોની તોલે ઊભા રહે તેવા મ્યૂઝીઅમો કલારસિકોના તીર્થસ્થાન બની રહ્યાં છે. તેનું વિશ્વવિખ્યાત લુવ્ર મ્યૂઝીઅમ સામસામે બે પાંખમાં સમાયેલું છે અને અડધા માઈલથી વધુ લાંબું છે. બહારથી ગ્લાસ પિરામિડ આકારની છત ધરાવતું તે વિશ્વનું સૌથી મોટું મ્યૂઝીઅમ છે. તેથી વિશેષ તો ત્યાં ખ્યાતનામ કલાકારોની ક્લાસિકલ અને આધુનિક શૈલીને ઉત્કૃષ્ટ અને રચના વિવિધ કૃતિઓ માટે જાણીતું છે.

જો કે નવું રૂપરોગાન પામેલા લુવ્ર મ્યૂઝીઅમના સ્થાપત્ય વિશે વિવાદ પણ ઊભો થયો છે. તેવું જ ફ્રાન્સમાં દ ગોલ પછી રાજ કરનાર પ્રમુખ પોપીદુએ તેના નામ સાથે જોડીને બાંધેલું સેન્ટર ફૉર આર્ટ ઍન્ડ કલ્ચર છે. ૧૯૭૭માં પૂર્ણ થયેલ આ ઊંચી ઈમારતના સ્થાપત્યોને સુંદરતાની જાળવણી અને પ્રદર્શનના ઉમદા ધ્યેયો માટે થયેલા પણ સંભવતઃ સૌથી અભદ્ર સ્થાપત્ય તરીકે ગણાવાય છે ! રુચિ અને વિદ્વત્તાના ફ્રેન્ચ દાવાની આવાં સ્થાપત્યો અને કેન્દ્રો જાણે હાંસી ઉડાવે છે ! પૅરિસમાં આમ તો ૧૦૦ મીટરથી ઊંચાં મકાનો બાંધી શકાતાં નથી. (આઈફિલ ટાવર એ મકાન ગણાતું નથી) પણ એક આ પોપીદુ સેન્ટર અને બીજુ ૫૬ માળનું જપાનીઝ ટાવર (મોપાના સ્કાઈ સ્કવૅર) અપવાદરૂપ છે અને તે કલાવિવેચકોને આંખના કણાની જેમ ખૂંચે છે.

પૅરિસના એક સ્ટેશન પર જીટીડી નામની વિશ્વની સૌથી ઝડપી ટ્રેન જોઈ. (સામાન્યતઃ જપાનની બુલેટ ટ્રેન આવી ઝડપી ટ્રેન છે, એમ મનાય છે) ત્યાં ખુલ્લા પુસ્તકના આકારનું મકાન ધરાવતી લાઈબ્રેરી પણ તૈયાર થઈ રહી છે. વિશ્વની તે સૌથી મોટી લાઈબ્રેરી હશે.

પૅરિસમાં ફ્રાન્સનાં બે પ્રતીકો આ મહાનગરમાં જ્યાં જ્યાં ફરવા જાઓ, ત્યાંથી દેખા દેશે. એક સીન નદી અને બીજો આઈફિલ ટાવર. સામાન્યતઃ કોઈ મહત્ત્વનો સ્તંભ કે ટાવર કોતરાયેલ કે સાદા પણ ઊંચા પ્રકારના પથ્થરોનો બનેલો હોય છે. પણ આઈફિલ નામના એન્જિનીઅરે આઈફિલ ટાવર બાંધવાનો નકશો તૈયાર કર્યો ત્યારે તે ધાતુનો બનાવવાનો હતો. જાણીતા સ્થપતિઓ અને નાગરિકોએ 'આ તો લોખંડ એટલે ઉદ્યોગસંસ્કૃતિનું વલ્ગર પ્રતીક બનશે.' એમ કહીને ઊહાપોહ ઉઠાવ્યો હતો. પણ આખરે ત્રણ માળ ધરાવતો લગભગ ૧,૦૦૦ ફુટ ઊંચો આઈફિલ ટાવર બંધાયો. લિફ્ટથી પહોંચતા તેના પહેલા માળથી, ચારેબાજુ પૅરિસનું વિહંગ દૃશ્ય જોઈ શકાય છે. છેક ત્રીજા માળ પર જાતે ચઢીને જનારને માઈલો પર્યન્તના ફ્રાન્સની ઝાંખી થાય છે. ઈજનેરી વિજ્ઞાનની એ એક સિદ્ધિ ગણાય છે.

તેની બે બાજુ નજર પહોંચે ત્યાં સુધીની (ઊંચા, વિશાળ વિજયસ્તંભ કરતાંય વધારે એવી) ખુલ્લી જગા રખાઈ છે. તે ત્યાં લોન છે. ટાવરની પાસે ફુવારાઓ અને કલ્પનાપૂર્વક મૂકેલા વીજળીના થાંભલા તેને આ ધાતુસ્થાપત્યને જાણે સૌમ્ય બનાવે છે. રાત્રે તો તેના પર લાઈટ થતાં તેનો આકાર જુદું જ આકર્ષક રૂપ ધારણ કરે છે. તેની સહચર એવી સીન નદીમાં ક્રુઝ કરતાં કરતાં તે જોયાં જ કર્યું.

પૅરિસમાં આ બધાં જોવાલાયક સ્થળોથી જુદું પડતું હોય તો તે નદી પાસેનું અને જૂના શહેરની મધ્યમાં આવેલું નોત્રેદામ કથિડ્રલ, ૧૧૬૩થી આ મહાદેવળ ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષતું રહ્યું છે. એના વિરાટ દરવાજાનાં બારણાં અને ઊંચે કૅપિટલ પર સંતોની કંડારેલ પ્રતિમાઓ, અંદર રંગીન કાચની રમ્ય ડિઝાઈનોથી શોભતી ઊંચી લાંબી બારીઓ મુલાકાતીની નજર જકડી રાખે છે. મધ્યયુગીન ચિત્રકલા, શિલ્પ અને સ્થાપત્ય અને સમગ્ર ઈતિહાસનો સ્થાનિક મહિલા ગાઈડે સુરેખ ખયાલ આપ્યો ત્યારે અમે એક ધ્યાન ખેંચતા બાવલા પ્રતિ આંગળી ચીંધીને પૂછ્યું, 'આ કોનું બાવલું છે ?' ગાઈડે તરત ઉત્તર આપ્યો, 'સૉરી, આઈ ડૉન્ટ નો.' આ ફ્રેન્ચ ગાઈડની આવી

(અનુસંધાન પૃ. ૨૨૬ પર)

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર, ૨૮મી એપ્રિલ ૧૯૪૪
પ્રિયતમ કિટી,

પેલું પીટર શીફવાળું સ્વપ્નું હું ક્યારેય ભૂલી શકી નથી. (જુઓ જાન્યુઆરીની શરૂઆતના પત્રો). હજી પણ મારા ગાલને સ્પર્શતો એનો ગાલ હું અનુભવી શકું છું. અને ત્યારે આસપાસ પ્રસરેલી પેલી તેજસ્વી આભા પણ એટલી જ તાજી છે. ક્યારેક ક્યારેક આ પીટર સાથે પણ મારામાં એવી જ ઊર્મિઓ જાગે છે. પરંતુ ક્યારેય એ ઊર્મિ એટલી ઉત્કટ નહોતી... સિવાય કે કાલ રાત્રે. રોજની જેમ કાલે પણ એકબીજાના બાહુપાશમાં બંધાઈને અમે દિવાન પર બેઠાં હતાં. અને અચાનક જ રોજની ઍન ક્યાંક સરકી ગઈ અને એની જગ્યા એક બીજી જ ઍને લઈ લીધી. બીજી ઍન પાસે નહોતો વધુ પડતો આત્મવિશ્વાસ કે નહોતી એની રમૂજીવૃત્તિ. આ ઍન ચાહતી હતી પ્રેમ.

મને હૈયાસરસી રાખીને પીટર બેઠો હતો. ને અચાનક મારી પર જાણે કે હળવી લાગણીઓનું મોજું ફરી વળ્યું. આંખોમાં આંસુ ધસી આવ્યાં. આંસુ સરીને પડ્યાં એની ઉપર, શું એનું ધ્યાન એ તરફ ગયું હશે ? પણ એણે એવું દાખવ્યું તો નહિ. શું એને પણ એવી જ લાગણી થઈ આવી હશે ? પણ એ તો એક શબ્દ પણ બોલ્યો નહિ. શું એને ભાન થયું હશે કે એની પડખે એક નહિ પણ બબ્બે ઍન બેઠી છે ? પણ મારા બધા જ પ્રશ્નો નિરુત્તર રહ્યા.

સાડા આઠે હું ઊભી થઈ અને બારી પાસે ગઈ. રોજ અમે અહીંથી છૂટાં પડતાં. હું હજી પણ કાંપતી હતી. હું હજી પણ બીજી ઍન જ હતી. એ મારી પાસે આવ્યો. મેં મારા હાથ એને ખભે વીંટ્યા અને એને ડાબે ગાલે મેં ચુંબન કર્યું. અને એના બીજા ગાલને ચૂમવા જતી જ હતી ત્યાં અમારા હોઠ મળી ગયા. ભાન ભૂલીને અમે એકબીજાંને બાહુપાશમાં ભીંસતાં રહ્યાં. અમને જાણે કે એમાંથી છૂટવાની ઇચ્છા જ નહોતી !

પીટર હળવી લાગણીનો ભૂખ્યો છે. જિંદગીમાં પહેલીવાર એક છોકરીને એણે પીછાણી છે. પહેલીવાર એણે જોયું કે ગુંદર જેવી લાગતી વ્યક્તિને પણ અંતર હોય, એક દિલ હોય. અને એકાંતમાં તમારા સાનિધ્યમાં એ વ્યક્તિ પરિવર્તન પામે છે. જિંદગીમાં પહેલી જ વાર એણે કોઈ એક વ્યક્તિ સાથે મૈત્રી બાંધી છે. આ પહેલાં એને કોઈ મિત્ર જ નહોતો છોકરો નહિ અને છોકરી પણ નહિ. હવે અમે એકબીજાંને મળ્યાં છીએ અને એમ જુઓ તો મેં પણ એને પારખ્યો નહોતો. મારો પણ કોઈ એવો મિત્ર નહોતો જેની સાથે હું મનમોકળી વાતો કરી શકું... અને એક કરતાં કરતાં અમે અહીં સુધી આવી પહોંચ્યાં...

મને એ જ પ્રશ્ન સતાવે છે... શું આટલી છૂટ લેવા દેવી યોગ્ય કહેવાય ? લાગણીનો આ આવેશ અને પીટરને થઈ આવે એવી ઇચ્છાઓ મને થઈ આવે એ કાંઈ બરોબર કહેવાય ? એક છોકરી તરીકે આવી છૂટ મારાથી લેવાય ?

આ બધાનો એક જ જવાબ હોઈ શકે : કેટલી બધી એકલતા અનુભવતી હતી હું ? મેં કેટલી રાહ જોઈ છે. કેટલો બધો વખત રાહ જોઈ છે, ત્યારે આ સથવારો મને મળ્યો છે.

સવારે જુઓ તો અમારું વર્તન એકબીજાં પ્રત્યે કોઈ પણ બે વ્યક્તિઓ વચ્ચે હોય એવું સામાન્ય હોય છે. એમ તો બપોરે પણ અહીં તહીંની એકાદ બે ઘડી બાદ કરો તો સામાન્ય જ હોય છે. પણ સાંજ પડ્યે આખા દિવસની દબાયેલી લાગણીઓ ઉછળી આવે છે. અને પછી એકબીજાં સિવાય કાંઈ વિચારવું શક્ય નથી બનતું. રોજ રાતે છૂટાં પડતી વેળાનું ચુંબન થયું કે ક્યાંક દૂર ભાગી જવાનું મન થાય છે. બસ એની સામે જોયા વિના દૂર સુદૂર ભાગી જવાનું મન થાય છે !

પણ પેલાં ચૌદ પગથિયાંને છેડે મારી રાહ જોઈ શું બેઠું હશે ? ભપકાદાર લાઈટ, પ્રશ્નો અને મજાક ભર્યા હાસ્યો. ફરી જાણે કાંઈ બન્યું જ નથી એવું નાટક કરવાનો વારો આવે. આશા કરવાની કે એ લોકો ઓળખી ન જાય.

ગઈ રાત જેવા અનુભવમાંથી એકદમ સ્વસ્થ થવા માટે મારું દિલ નાજૂક છે. પેલી બીજી ઍન ક્યારેક ક્યારેક જ આવી ચડે છે પણ જેવી આવે છે એવી અચાનક જતી રહેતી નથી. પીટર જે રીતે મારા અંતરને સ્પર્શી શકે છે એવું બીજું કોઈ સ્પર્શી શકતું નથી સિવાય કે પેલી રાત્રે સ્વપ્નામાં ! મારા મન પર જાણે કે અધિકાર જમાવે છે મને અંદર-બહાર હચમચાવી નાખે છે. અને આવા સમયે ફરી પહેલાંની માફક સ્વસ્થ થવા થોડો સમય તો જોઈએ ને ? અરે પીટર તેં મારી આ તે કેવી હાલત કરી નાખી છે ? શું ચાહે છે તું મારી પાસેથી ?

આ બધું મને ક્યાં લઈ જશે ? હ, હવે મને બૅપની વાત

સમજાય છે. એના જેવી માનસિકતામાંથી હું પસાર થઈ રહી છું ત્યારે એના મનમાં ઉઠતી શંકાઓ હું સમજી શકું છું. વખત જતાં જો પીટર મારી સામે લગ્નનો પ્રસ્તાવ મૂકે તો મારે શો જવાબ આપવો ? ઍન, પોતાની સાથે પ્રમાણિક રહેવાનો પ્રયત્ન કર, તારી માટે એની સાથે પરણવું શક્ય નથી. પણ તો પછી ના પાડવી પણ મુશ્કેલ છે. પીટર એમ હજી નાનો કહેવાય. એનું વ્યક્તિત્વ પણ પૂર્ણપણે વિકસ્યું નથી. હજી એટલી ઇચ્છાશક્તિ, હિંમત કે તાકાત પણ એનામાં નથી. હજુ તો બાળક છે પુખ્ત નથી મારી જેમ જ નાનો છે. એને ગમે છે શાંતિ અને સુખ. પણ શું હું હજી ચૌદ જ વરસની સ્કૂલે જતી એક કિશોરી જ છું ? એવી જ બિનઅનુભવી છોકરી છું ? એમ તો મારી ઉંમરે કોઈને પણ હોય એથી વધુ જિંદગીનો અનુભવ મને છે.

મને મારો જ ડર લાગે છે. આમ નમતું આપવાની મારી ટેવનો મને ડર લાગે છે. પછીથી બીજા છોકરાઓ સાથે પણ આમ કરીશ તો કેમ ચાલશે ? આ દિલ અને મન વચ્ચેનો વિસંવાદ અસહ્ય છે. દિલ અને મન બંનને ખુશ રાખવાનો યોગ્ય સમય અને જગ્યા બંને આવશે પણ આવેલો સમય જ એ સમય છે એની ખબર કેવી રીતે પડે ? લિ. ઍન. મે. ફ્રેંક

મંગળવાર, ૨જીમે ૧૯૪૪

પ્રિયતમ્ કિટી,

શનિવારે રાત્રે મેં પીટરને પૂછ્યું કે આપણી આ મૈત્રી વિશે હું પપ્પાનો વાત કરું ? થોડી ચર્ચાને અંતે એને પણ લાગ્યું કે મારે પપ્પાને વાત કરવી જોઈએ. મને એ ગમ્યું, કારણ કે આ વાતે સાબિત કરી બતાવ્યું કે પીટર સમજુ છે અને મારી ભાવના સમજી શકે છે. પછી હું નીચે આવી ને તરત જ પાણી લાવવાના નિમિત્તે હું પપ્પા સાથે નીચે ગઈ. દાદર ઉપર જ મેં વિષય કાઢ્યો, 'પપ્પા, હવે તો તમે સમજી જ ગયા હશો કે હું અને પીટર ઉપર એકલાં હોઇએ છીએ ત્યારે સામસામા બેસીને કેવળ વાતો જ કરીએ છીએ એવું તો સાવ નથી. તમને શું લાગે છે, અમે કશુંક ખોટું કરી રહ્યાં છીએ ?'

થોડી વારે પપ્પાએ જવાબ આપ્યો, 'ના, એમાં ખોટું તો કશું નથી. પણ ઍન, જ્યારે અહીંયાની જેમ એટલાં બધાં નજીક રહેતાં હોઇએ ત્યારે જરા ધ્યાન તો રાખવું જોઈએ.'

પછી રવિવારે એમણે મને બોલાવી ને વાત કરી, 'ઍન, તારી વાત પર મેં થોડો વિચાર કર્યો. (અરેરે, હવે તમે શું કહેશો એની મને ખબર છે !) અહીં ગુપ્ત નિવાસમાં આ બધું યોગ્ય લાગતું નથી. મને એમ કે તમે બંને કેવળ મિત્રો જ છો. શું પીટર તારા પ્રેમમાં પડ્યો છે ?'

'ના, એવું તો નથી.' મારો જવાબ.

'ખેર, તું જાણે છે કે હું તમને બંનેને સમજી શકું છું. પણ સંયમ રાખવાની જવાબદારી તારી છે. વારંવાર ઉપર ન જતી અને તારાથી સંભાળી ન શકાય એટલી હદે એને છૂટ ન લેવા દેતી. આવી બાબતમાં પુરુષ હંમેશાં પહેલ કરે છે અને સીમારેખા નક્કી કરવાનું કામ સ્ત્રીનું છે. બહારની વાત જૂદી છે. જ્યાં તમે મુક્ત હો. ત્યાં તમે બીજા છોકરાઓ અને છોકરીઓ સાથે સંપર્કમાં હો, તમે ભેગાં બહાર ફરવા જઈ શકો, રમતગમતમાં ભાગ લઈ શકો અને એવું ઘણું ઘણું કરી શકો. પણ અહીંયા સંપર્કની ક્ષણો ઝાઝી છે. દૂર રહેવા માગો તો પણ રહી શકવાના નહિ. ખરેખર તો તમે એકબીજાંને હરઘડી જુઓ છો. એટલા માટે ઍન તારે ધ્યાન રાખવાનું છે. આ તમને થતી લાગણીઓને ખૂબ ગંભીરતાથી જોતી નહિ.'

'ના, પપ્પા હું એવું કાંઈ નહિ કરું. પણ પપ્પા, પીટર એવો નથી સારો છોકરો છે.'

'હા, છતાંય પીટરનું ચારિત્ર્ય હજી એટલું દૃઢ નથી. જેટલી સરળતાથી એ સારી વસ્તુ અપનાવી શકે છે એટલી જ સરળતાથી ખરાબ વાતના ઓછાયામાં પણ આવી જાય છે. હું આશા રાખું છું કે એના ભલા માટે એ હંમેશાં સારો જ રહે કારણ કે મૂળભૂત રીતે છોકરો ઘણો સારો છે.'

અમે થોડી વધારે વાતો કરી અને પપ્પાએ સ્વીકાર્યું કે આ બાબતમાં એ પીટર સાથે પણ વાત કરશે.

રવિવારે બપોરે અમે આગલા માળિયામાં બેઠાં હતાં ત્યારે પીટરે પૂછ્યું, 'ઍન, તેં પપ્પા સાથે વાત કરી ?'

મેં જવાબ આપ્યો, 'હા, કરી. હું તને બધું જ કહીશ, આપણે જે કરીએ છીએ એમાં કાંઈ ખોટું છે એવું એમને લાગતું નથી. પણ એમનું કહેવું છે કે અહીંયાં જ્યાં આપણે આટલા બધાં નજીક રહેતાં હોઈએ ત્યાં આવું વર્તન મનદુઃખનું કારણ બની શકે.'

'પણ આપણે નક્કી કર્યું છે કે આપણે ક્યારેય ઝઘડશું નહિ, અને મારું એ વચન હું પાળીશ.'

'હું પણ પાળીશ. પણ આપણે આ બાબતમાં ગંભીર છીએ એવું પપ્પાને લાગતું નથી. એમને લાગતું હતું કે આપણે કેવળ મિત્રો જ છીએ. તને લાગે છે કે આપણે કેવળ મિત્રો બનીને રહી શકીએ ?'

'હા, મને લાગે છે. તારું શું માનવું છે ?'

'મને પણ લાગે છે. મેં તો પપ્પાને એમ પણ કહ્યું કે મને તારી પર વિશ્વાસ છે. અને ખરેખર મને તારી પર વિશ્વાસ છે જ. પપ્પાની ઉપર છે એટલો જ. અને મારી દૃષ્ટિએ તું વિશ્વાસને પાત્ર છે. છે ને તું પીટર ?'

'હું એવી આશા જરૂર રાખું છું.' (ને એનો ચહેરો શરમથી લાલ લાલ થઈ ગયો.)

'મને ખાત્રી છે કે તારું ચારિત્ર્ય સારું છે અને આ દુનિયામાં


(અનુસંધાન પૃ. ૨૧૦ પર)

સમાંતર જીવન

મૂ. લેખિકા : સુનીતા દેશપાંડે   અનુવાદ : અરુણા જાડેજા

૯. જેન વેલ્શ અને ટૉમસ કાર્લાઇલ

શરૂઆતનાં વિજનવાસનાં એ છ વર્ષો અને ત્યાર પછીનાં લંડનનાં વીસ વર્ષો, એવો છવ્વીસ વર્ષનો કાર્લાઇલ પતિ-પત્નીનો સુખી સંસાર થયો. ઘરની, ઘરબહારની, વ્યવહારની, આર્થિક બાબતોની બધી જ બાબતોની જવાબદારી જેને પોતાના માથે લીધી અને પોતાના કરતા આ કામ જેન જ વધુ સારી રીતે કરી શકશે એવું કહીને તેના માથે જ નાખીને કાર્લાઇલ પોતાના લેખન-વાચનમાં રાચતો રહ્યો. આ ગાળામાં જ 'સાર્ટર રિઝાર્ટસ', 'ધ ફ્રેંચ રેવ્લ્યૂએશન', 'ક્રોમ્વેલ' વગેરે શ્રેષ્ઠ પુસ્તકોનો જન્મ થયો. શારીરિક આકર્ષણ કરતા બૌદ્ધિક આકર્ષણ એ જ બંનેને મહત્ત્વનું લાગવાથી એ બેઉ જણાં કાર્લાઇલનાં પુસ્તકો માટે સાવ સીધુંસાદું સામાન્ય એવું હતું. પણ એ ગાળાના વિદ્વાનો, બુદ્ધિમાનો, વિચારકોને એકત્રિત થવાનો એ અડ્ડો હતો. કરકસરથી સંસાર ચલાવતા રહીને જેન આ બધાની આગતા-સ્વાગતા તો કરતી જ હતી. તદુપરાંત એમનાં ચર્ચા, વાદવિવાદ, પુસ્તકો, રાજકારણ બધામાં તેને રસ અને સમજ હોવાથી તે એમાં સહભાગી પણ થતી. આ બૌદ્ધિક અને સાંસ્કૃતિક બુદ્ધિમત્તાનું, બોલવાનું, પત્રલેખનનું કૌતુક તો હતું જ. પરંતુ આટલી અસાધારણ સ્ત્રી કાર્લાઇલના મનોસ્વાસ્થ્ય માટે સર્વસ્વ સમર્પણની ભાવનાથી સીધીસાદી ગૃહિણીનું જીવન માથે ઓઢી લીધું તે માટે તેના વિષે આદરભાવેય હતો. કેટલાંક લોકો તો એના માટે એવું કહેતાં કે લંડનની સૌથી હોંશિયાર સ્ત્રી તો જેન કાર્લાઇલ જ છે. જ્યોર્જ લૂઈ, ડિકિન્સ, જૉન ફૉર્સ્ટર, મેઝિની વગેરે તે ગાળાના અનેક મહાન લોકોને એની બુદ્ધિમત્તાનું, સુભાષિતયુક્ત વાક્ચાતુર્યનું ઘણું કૌતુક હતું અને કેવળ કાર્લાઇલની પત્ની તરીકે નહીં પણ એક સ્વતંત્ર વ્યક્તિ તરીકેય તેને એ લોકો આદર આપતા. ખાસ તેને મળવા માટે અનેક સ્તરના મોટામોટા લોકો એમના ઘરે આવતા. જ્યોર્જ એલિયટે પોતાની નવલકથાની ભેટ પ્રતો કાર્લાઇલને નહીં પણ જેનને જ મોકલી હતી.



કાર્લાઇલના લખાણની બાબતમાંય પ્રત્યક્ષ એનું વાચન, ચર્ચા વગેરે શક્ય એ બધું જ સહકાર્ય કરતી હતી જ, પણ એના કામમાં અવરોધ ન આવે તે માટે નહીં એવાં એવાં લોકોને મોઢે લાગીને એને સાચવીય લેતી. આથી કાર્લાઇલની લોકપ્રિયતા અને મોટાઈ માટે એની ખુશામત કરનારા સામાન્ય જન તેના પર ચિડાતા હતા પણ એની તેને પરવા નહોતી. કાર્લાઇલ કામ કરતો હોય ત્યારે એને વાતાવરણ શાંત, સ્તબ્ધ લાગતું. એકેય અવાજ એનાથી સહન થતો નહીં. કૂતરાનો ભસભસાટ કે કૂકડાનો કૂકડાટ વગેરેની એને ત્યારે ચીડ હતી. આથી એના લેખનમાં, વાચનમાં તથા ચિંતનમાં આવો એકેય અવરોધ ના આવે એ વાતની તકેદારી જેન જ રાખતી એ દૃષ્ટિએ જેને આઠે પહોર ઘર પર જાગતો ચોકીપહેરો જ રાખ્યો હતો.

કાર્લાઇલનાં સુખ અને મનઃસ્વાસ્થ્ય એ જ પોતાનાં પરમોચ્ચ કર્તવ્ય છે એવી નિષ્ઠાથી તેણે પોતાની જાતને તેના સંસારનો આધારસ્તંભ કરી દીધો હતો. એના સુખ માટે તે જ્યારે જ્યારે અનેક અશક્ય બાબતો શક્ય કરી બતાવતી ત્યારે તેને બાથમાં લઈને તું જ મારી સાચી સંરક્ષક દેવતા છે, એવું એ કહેતો અને તે ધન્ય ધન્ય થઈ જતી.

બુદ્ધિમાન અને ગુણી વ્યક્તિએ લગ્નના બંધનમાં પોતાને જકડી લેવું નહીં એવું જેન વેલ્શને લાગતું. તે પોતે અત્યંત બુદ્ધિમાન હતી તેવી જ નિષ્ઠાવાન હતી. કાર્લાઇલ પર તેણે પ્રેમ પણ નિષ્ઠાથી જ કર્યો અને એ માટે પોતાની સઘળી બુદ્ધિ હોડે મૂકી દીધી. પણ આ ફક્ત પ્રેમ નહોતો, પ્રેમવિવાહ હતો. એ વિવાહે તેને પોતાના બંધનમાં પૂરેપૂરું જકડી રાખ્યું, જેને નસીબની અવળી લીલા જ કહી શકાય.

તેણે એની કાળજી રાખવી, એણે વધુ નહીં તો કૃતજ્ઞતા વ્યક્ત કરવી. તેણે એના માટે ત્યાગ કરવો તો એણે બહુ નહીં તો આભાર માનવો. એવા એમના એ સંસારની સમતુલા લગ્ન પછીના પહેલા પચ્ચીસ-છવ્વીસ વર્ષોમાં ટકી રહી. એના હાથે ઉત્તમ કક્ષાનું સર્જન થવું એ માટે બેઉ જણાંએ સમજીવિચારીને સ્વીકારેલી આ શ્રમવિભાગણી હતી. પોતપોતાને માથે લીધેલું કામ દિવસભર ખંતથી પાર પાડ્યા પછી રાત્રે અંગેઠી પાસે બેસીને ગપ્પાગોષ્ઠિ કરતા કરતા આખા દિવસનું પોતાનું કાર્ય તે એને સરળ શબ્દોમાં રંગાવીને કહેતી અને એની કક્ષાનો માણસ આ બધું ધ્યાન દઈને સાંભળી રહ્યો છે એવી કલ્પનામાં તે સુખાઈ જતી. વચગાળામાં એના 'લેટર-ડે-પમ્ફ્લેટ્સ' નામના અત્યંત પ્રતિગામી વિચારસરણીના લખાણને લીધે એના લખાણનું સ્તર નીચું ગયું હોય એવી પ્રતીતિ એના વાચક વર્ગમાં ઊભી થઈ અને લોકપ્રિયતાના શિખર પરથી એકદમ નીચે ઢળી પડ્યો. પણ એ ગાળામાંયે એનાં લખાણનું શ્રેષ્ઠત્વ

જરાયે ઓછું થયું નહોતું. એવી જ સાંત્વના તે એને આપતી રહી અને આવા સમયે એને ફક્ત તેનો જ આધાર હતો.

ટૉમસ કાર્લાઇલ અને જેન વેલ્શના આ લગ્ન એટલે બે સમશ્રેષ્ઠોના લગ્ન હતા. પણ એમના વૈવાહિક જીવનમાં આ સમાનતાની પ્રતીતિ માત્ર ક્યાંયે દેખાતી નહોતી. એની તબિયતની કાળજી લેવી, ખાવાપીવા સિવાયની એની બધી જ સુખસગવડો તરફ કાળજીપૂર્વક ધ્યાન આપવું, એના કામમાં એને પ્રોત્સાહન આપતા રહેવું, સંસારની બધી જ જવાબદારીઓનો બોજો પોતાના માથે લઈને એને વાચન-મનન-ચિંતન-લેખન વગેરે માટે મુક્ત રાખવો વગેરેમાં તે એનો આધારસ્તંભ બની રહેલી દેખાતી હોય ત્યારે ત્યારે પોતે પણ તેના માટે કાંઈ કરવું એવું એને ભૂલેચૂકેય લાગ્યું નથી. તે માંદી પડી તોયે તેની કાળજી ન કરતા, એવી અવસ્થામાંય ઘરબહારના, વ્યવહારના અનેક કામે તેણે જ જવું એવું એને લાગતું. અને એ જ એમની શ્રમવિભાગણી હતી. કાર્લાઇલે પોતાની સાથે માયાથી વર્તવું, એણેય ક્યારેય આપણા માટે ઘસારો વેઠવો એવી તેની સીધી-સાદી અપેક્ષાય એણે ક્યારેય મન પર લીધી નહીં. એમના પ્રણયારાધનાના ગાળામાં એના ગાયનની, પિયાનો વાદનની વગેરેની એ ખૂબ પ્રશંસા કરતો રહેતો પણ લગ્ન પછી તેને ગાવા બજાવવામાં રસ છે તે વાત તો એ સાવ જ ભૂલી ગયો. એ પોતાનામાં એટલો મગ્ન રહેતો કે નજર સામે જ ઉલેચતી હોય એવા કષ્ટોય એને દેખાતા નહીં. નિરાંતે ધ્રુમપાન કરતો એ બેસી રહેતો. સાચું પૂછો તો કાર્લાઇલે લગ્ન કરવા જ જોઈતા નહોતાં. એકાદો રસોઇયો, એની કાળજી રાખનારો કોક નોકર, એકાદી આયા વગેરે પર એનું નભ્યું હોત. જેન સાથે લગ્ન કરીને એણે એની જિંદગી વેડફી કાઢી એવું કહેવામાં વાંધો નથી. એના જેવા અસાધારણ માણસમાં સંવેદનશીલતાનો અભાવ હતો એવો આરોપ તો કોઈ જ કરી શકે એમ નહોતું. પણ પત્નીનું હૈયું સમજી લેવાની ગરજ એને ક્યારેય ભાસી નહીં. કાર્લાઇલને જેન પર આખરી દમ સુધી પ્રેમ હતો પણ પતિ નામની વ્યક્તિનો પત્ની પર પણ પ્રેમ હોવો જોઈએ એ વાત એના જેવા પ્રતિભાશાળી વિચારકને ક્યારેય સમજાઈ નહીં, જેને લગ્નસંસ્થાનો શ્રાપ કહેવો કે કાર્લાઇલનું બદનસીબ કહેવું તે સમજાતું નથી. અવિવાહિત કાર્લાઇલ અને વિવાહિત કાર્લાઇલ એ બંનેમાં જમીન આસમાનનો ફરક ન હોત તો એમનું આ લગ્ન 'આદર્શવિવાહ' તરીકે ઓળખાયું હોત.

એમના ઘરે તેને મળવા આવનારી ખાસ તેની પોતાની એવી કેટલીક મિત્રમંડળીય હતી. જેમની સાથે તે ખૂબ મોકળાશથી વર્તતી. બ્રિટિશ લોકોને નહીં પણ ફ્રેંચ લોકોને શોભે એવી મોકળાશથી વર્તતી. પણ તેનો જીવ જડાયો હતો તે તો ફક્ત કાર્લાઇલમાં અને એના જેવો માણસ ફક્ત આપણને જ પ્રેમ કરે છે એવી કલ્પનામાં. આ વિશ્વમાં એ જ તેના તૃપ્ત જીવનનો મૂળ આધાર હતો. એને પહેલવહેલો ધક્કો બેઠો તે તેના લગ્નના છવ્વીસમાં વર્ષે.

ભરોસાથી શાંત પોઢેલા જળ પર એક પછી એક લહેરના અનંત વલયો ઊભા કરવા માટે કૂકરીયે પૂરતી હોય છે. એના જ પેટાળમાં ક્યારેક ક્યારેક વાદળો ઘેરાવાની સુપ્ત શક્તિ હોય છે.

એમના સંસારના પહેલાં પચ્ચીસ-છવ્વીસ વર્ષો મોટા સુખમાં ફર્ર્ર્ર્ દઈને ઊડી ગયા અને પછી તેને લાગવા લાગ્યું કે કાર્લાઇલને હવે તેની ગરજ રહી નથી. તેની સાથેની વાતચીતમાંય એને રસ નહોતો. તેની તકલીફોની, તેના ત્યાગની એને કદરેય રહી નથી એવી પ્રતીતિ થવાથી તે દુઃખી થઈ. તેની તબિયત કથળી. પોતાના નાનકડાં અમથાં દુઃખડાનોય હાઉ કરનારા કાર્લાઇલનું તેના દુઃખડાં તરફ ક્યારેય ધ્યાન ગયું નહીં. તેય માંદી પડી શકે એવું આ બુદ્ધિમાન માણસને જણાઈ શક્યું જ નહીં. એમનામાંનો સંવાદ જ પૂરો થયો. અને પછી પોતાના દુઃખને વાચા ફોડવા માટે તેણે ડાયરીઓ સાથે સધિયારો સાધ્યો. એક સમયે તે પત્રો લખીને હૈયું ઠાલવતી, હવે ડાયરીઓ લખીને ઠાલવવા માંડી. આ જ અરસામાં કાર્લાઇલ પોતાના 'ફ્રેડ્રિક ધ ગ્રેટ' નામના મહાન ગ્રંથમાં ગળાડૂબ હતો. ઓઝટાયા જેવો થઈ ગયો હતો. એ પોતે જ એટલો વ્યગ્ર અને અસ્વસ્થ હતો કે આ ગ્રંથ સિવાય બીજા કોઈના અસ્તિત્વનું એને ભાન રહ્યું નહોતું એવું કહી શકાય. પોતાને માથે ઉપાડેલી જવાબદારી પોતાની આ બિમારીને લીધે જો સરખી પાર ન પડી શકે તો આ ગ્રંથ પૂરો કરવા માટે આવશ્યક એવું મનઃસ્વાસ્થ્ય કાર્લાઇલને મળશે નહીં. જેથી કરીને પોતે બિમાર હોવા છતાંયે જેન એની કાળજી લેતી રહી. એની તબિયતની ખબર કાઢવા ઘરે કોઈ આવે તો એના કામમાં બાધા આવશે એમ જાણીને પોતાને કાંઈ થયું જ નથી એવું તે બતાવતી રહી.

પણ એ જ વખતે ગ્રંથ પૂરો કરવાની દૃષ્ટિએ કાર્લાઇલને આ વિષયના અભ્યાસુ એવા એકાદા મિત્રની ખોટ વર્તાવા લાગી અને પછી તેવું કોઈ જ નહીં મળવાથી કોક સ્તુતિપાઠક, એકાદી પોતા પર વારી ગયેલી સ્ત્રી પણ કેમ ના હોય, એવી ગરજ ઊભી થતી ગઈ. જેન આ બધું જ કરતી હતી. પણ એ તો શું એનું કર્તવ્ય નહોતું? આથી તેનામાં ખાસ કાંઈ ઉમદાપણું કે આગવાપણું નહોતું. અતિ પરિચયાત્ અવજ્ઞા તે આ જ તો નહીંને?

લેડી હેરિયટ એશબર્ટન નામની સુંદર, અઢળક શ્રીમંત અને પ્રતિષ્ઠિત સ્ત્રી આ જ સુમારે મોટી મોટી પાર્ટીઓ કરતી

અને એ નિમિત્તે અનેક વિદ્વાનો, કલાકારો, પ્રતિભાવંતો એકઠાં થતાં. આવા મેળાવડામાં કાર્લાઇલ સાથે જેનનેય આમંત્રણ રહેતું જ, પણ તે કેવળ કાર્લાઇલની પત્ની તરીકેનું જ. એના નામની જાણે કાપલી ચોંટાડેલી બોલતી ચાલતી સૂટકેસ જ. એકાદ-બે વાર જેન એની સાથે ત્યાં ગઈ પણ ખરી. પણ આવી પાર્ટીઓનું છીછરાપણું, કૃત્રિમ મૈત્રી, ખોટેખોટા શિષ્ટાચારો વગેરે સાથે તેને મૂળે જ આડુ હતું. ઉપરાંત તેના સીધાસાદા પહેરવેશ વગેરેને કારણે ત્યાં એનું સ્થાન પણ ગૌણ જ હતું. આથી આ માનુની એ બધાંથી દૂર રહેવાનું જ પસંદ કરતી. અને જેનને પ્રશ્ન એ ઊભો થતો કે એના જેવા ઉમદા માણસનું મન આવા પ્રકારોમાં રાચતુંયે કેમ હશે ?

આ પાર્ટીઓના નિમિત્તે લંડન બહાર મુકામ થતા ત્યારે કાર્લાઇલ પોતાનો ઇતર સમય લેખન-વાંચનમાં ખુશીથી વિતાવી શકતો હતો. પણ જેનને હવે પોતાના ઘર બહાર આવે ઠેકાણે કરવા જેવું કાંઈ જ નહોતું ત્યાં ભેગી થનારી ઇતર સ્ત્રીઓની જેમ શ્રીમંતાઈનું પ્રદર્શન કરવું, ઉપરછલ્લો દેખાડો કરવો જેમાં જેનને રસ નહોતો આથી પછી તેણે આ ગાળામાં પોતાની ડાયરી સાથે મનમોકળાં સહીપણાં કરી લીધાં.

આ ડાયરીમાં રોજિંદા જીવનની વિગત ભરવાની એને ગરજ દેખાતી નહોતી. પોતાની જિંદગી જેના પરથી ઓવારી દીધી એને જ એનામાં કશો રસ ન હોવાનો અફસોસ તેણે અનેક પ્રકારે નોંધ્યો છે. જિંદગીમાં અચાનક ઊભા થયેલા ખાલીપામાંથી આ ડાયરીનો જન્મ થયો હતો. દુખાયેલી, ભ્રમભાગેલી, બુદ્ધિશાળી વ્યક્તિના આવા ગાળાના વિચારો ભાષાની સુંદર કોતરણી કરે છે.

ભરયુવાનીનો પ્રેમ હોય કેવો ગલગોટેદાર (-બાળક જેવો પુષ્ટ કાંતિમય)

પણ એકવાર થયો પુરાણો કે પડે ઠંડોગાર

અને જાય ઓગળી સવારની ઝાકળ સમ.

એના પર જેનનું કહેવું છે, 'ઝાકળમાં ઓગળી ગયેલી સાકર જેવું મધુર અને કરુણ એવું આ સ્કોટિશ ગીત. મને થાય છે કે પેલાં ઝાકળબિંદુઓને સાચી ઉપમા આપવી જોઈએ તે તો 'ક્ષણમાં ફૂંકી નાંખેલી મીણબત્તીની જ્યોતિ જ"

દોઢ-બે વર્ષમાં લેડી એશબર્ટન અચાનક મૃત્યુ પામી. પછી આ પાર્ટીઓ તો સ્વાભાવિક જ બંધ થઈ ગઈ. જેનનું ડાયરી લખવાનું માત્ર ચાલુ રહ્યું. પણ હવે તેનો મૂડ થોડોક બદલાયો. હવે તે થોડીક વધારે આનંદી દેખાવા લાગી. કાર્લાઇલે 'ફ્રેડ્રિક ધ ગ્રેટ' પૂરું કરવું જેથી કરીને એને પ્રોત્સાહન આપવાનું તો ચાલુ જ હતું. પણ એમનો સંસાર કાંઈક અંશે પહેલા જેવો ચાલુ રહ્યો. તબિયત સારી ન હોવા છતાંય તે પહેલાંની જેમ જ બધી જવાબદારીઓ સંભાળતી રહી. આ ગાળામાં જ પડોશમાં રહેનારો મરઘી પાળવા લાગ્યો અને હવે પાછો એ અવાજ એના કામમાં અવરોધ પેદા કરશે આથી તે પેલા પાડોશી સાથે વાતચીત કરવા ગઈ અને કાર્લાઇલના સ્વાસ્થ્ય માટે પોતાની નખાયેલી તબિયતે પણ તેણે પડોશીના છોકરાઓને ભણાવવાનું નવું કામ માથે લઈ લીધું.

ચાળીસ વર્ષના વૈવાહિક જીવન પછી જેન કાર્લાઇલ મૃત્યુ પામી. બદ્નસીબે કાર્લાઇલ પોતે તે દિવસે ત્યાં હાજર નહોતો. એડિનબરો વિદ્યાપીઠમાં રેક્ટર તરીકેની માનદ જગ્યા એને મળી હતી, જેના સત્કાર સમારંભ નિમિત્તે તે સ્કૉટલેંડ ગયો હતો. પણ તેના મૃત્યુને લીધે તે સાવ નોધારો થયો, વેર-વિખેર થયો. તેની પાછળ રહેલી તેની ડાયરીઓ વાંચ્યા પછી તેના દુઃખની એને કલ્પના આવી અને એના દુઃખ માટે પોતે કારણભૂત નીવડ્યો એ ભાન થતા એને પશ્ચાતાપ ઘણો થયો. પછી એના પ્રાયશ્ચિત તરીકે કે કેમ પણ એણે તેના બધાં જ પત્રો અને ડાયરીઓની સહાયથી એના બધાં જ સંભારણા ભેગાં કર્યા, સંપાદિત કરીને પ્રકાશિત કર્યા.

તેના મૃત્યુ પછી પોતાના બધાં જ કામ એકબાજુએ રાખીને કાર્લાઇલે કેટલાંયે મહિના સુધી આ જ કામ કર્યું. અને તેની મોટાઈ અને પોતાના હાથે તેના પર થયેલો અન્યાય, આ બંને વાતની જાહેર પ્રસિદ્ધ કરી. જેમાંથી તેની લેખન-સામગ્રીની પ્રતીતિ તો વાચકોને થઈ જ પણ સાથોસાથ કાર્લાઇલના મનની મોટાઈ પણ જોવા મળી. એને થયેલા પશ્ચાતાપથી તવાઈ તવાઈને એ કસદાર થઈ નીકળ્યો. અને એ પછી મિત્રમંડળમાં ઊજળા માથે ભળવાની એનામાં હિંમતય આવી. સુજ્ઞ સમાજે એને સમજી લીધો અને અંગ્રેજી ભાષાના અક્ષર સાહિત્યમાં ઉમેરો કરવા માટે અજાણતાય કેમ ના હોય પણ પોતાના હાથે થયેલી ભૂલની ભરપાઈ કરવાના તેના પ્રયત્ન બદલ તેની યોગ્ય તે પ્રશંસાય થઈ. પણ કાર્લાઇલનો એક ચાહક વર્ગ એવો હતો કે જેને આ રુચ્યું નહીં. એમને વધારે તો જેન પર રોષ ભરાયો. કેટલું યે થયું તોયે તે લગ્નની પત્ની હતી. પતિએ તેને મારી નહોતી, ઝૂડી નહોતી. ઊલટું પેલાની મોટાઈને લીધે જ તેને પ્રશંસા મળી હતી, ઇતિહાસમાં નોંધ લેવાઈ. કોક સામાન્ય માણસની પત્ની હોત તો અથવા અવિવાહિત રહી હોત તો તેને કોઈએ પૂછ્યું હોત ખરું ? આવું હોવા છતાં પોતાની વ્યથા (?) આમ ડાયરી વગેરેમાં લખી રાખવી અને પોતાના મૃત્યુ પછીએ પતિને આવા દુઃખો દેવાના ચાલુ રાખવા એનાથી મોટી કૃતઘ્નતા તે કઈ ?

કાર્લાઇલ અને તેની પત્ની જેન વેલ્શ જેમને કાળના પડદા પાછળ ગયે સો વર્ષો તો ક્યારનાય થઈ ગયા. પિસ્તાળીસ વર્ષ એકબીજાને ઓળખનારા અને અખંડ ચાળીસ વર્ષ

લગ્નસંસ્થાના ચોકઠામાં રહીને પોતપોતાની રીતે સ્વતંત્ર અને સહિયારું જીવન જીવનારા આ બે માણસોની અંદરોઅંદરની રીતભાત માટે શેરા મારનારા અને નિવેડો લાવનારા આપણે કોણ? કાર્લાઇલ જેવા અસામાન્ય વિચારકના જીવનનું સિંહાવલોકન કરતી વખતે મનુષ્ય પ્રાણીના પ્રકૃતિધર્મ અંગેની એક પ્રકારની સંયત સમજદારી આપણી પાસે હોવી જોઈએ. આ અલૌકિક માણસ પતિ તરીકે સામાન્ય અને ક્રૂર હતો તોયે શું, અથવા જેનને પોતાના પતિની મહત્તા જણાઈ જ નહીં, તેણે કોક સામાન્ય સ્ત્રીની જેમ એના પતિ પાસેથી ઐહિક સુખની અપેક્ષા રાખીને એના પર એક પ્રકારનો અન્યાય કર્યો હોય તોયે શું, છીછરો નિષ્કર્ષ કાઢવો ભૂલભરેલું છે. ખરું તો કાર્લાઇલ દામ્પત્ય એકમેવાદ્વિતીયમ્ હતું એવું કહેવામાં વાંધો નથી.

આવડા પ્રદીર્ઘકાળ સુધી સહિયારું જીવન કાપવું એટલે તેમાં ક્યારેક સુખના તો ક્યારેક દુઃખના, ક્યારેક કંટાળાના, ક્યારેક જુદાઈના, ક્યારેક ખૂબ જ પ્રેમના, ક્યારેક નૈકટ્યના, સહિયારા પૂર્વાપુષ્પના સંભારણાના અને ભવિષ્યના શમણાંના, કૃતજ્ઞતાથી વિનીત થવાના અને કૃતજ્ઞતાના અહેસાસથી ઉદાસ થવાનાયે નાનાં મોટા કાળખંડ અપરિહાર્ય જ છે. પણ સર્વસાધારણપણે એવું કહી શકાય કે કાર્લાઇલના કર્તૃત્વ માટે આવશ્યક એવું સ્થૈર્ય અને પ્રેમના જતન તેના લીધે જ એને મળી શક્યા. અને જેન જેવી મનસ્વી સ્ત્રીને જીવનમાં આવશ્યક એવાં તાણ-તણાવ અને વૈફલ્ય કાર્લાઇલ જેવા સાથીદાર ને લીધે જ તે હંમેશા પામી શકી. આવી રીતે તેમનું લગ્નજીવન પરસ્પરપૂરક કર્યું. એ બેઉ જણાએ વૈવાહિક જીવન અંગે પોતપોતાની રીતે લખીને આગલી પેઢી માટે એક વિશાળ અને પ્રેક્ષણીય જીવનપટ રંગી રાખ્યો અને પરોક્ષપણે એ તાણતણાવ અને એમનું વિસર્જનય અનુભવવાની આપણને સંધિ આપી. આ બે કુશળ ખેલાડીના સંસારની સોગઠાબાજીની આ રમતનું સુંદર ચિત્ર નિહાળતા રહેવાનો આનંદ લેવો અને જરૂર પડ્યે તો જરીક અંતર્મુખ થઈને એ રંગના ગુણધર્મોનો તાગ લેવાનો પ્રયત્ન કરવામાં શો વાંધો છે?

આ પુસ્તક લખવા પાછળ લેખિકાનો હેતુ ડિકિન્સ અથવા રસ્કિન અથવા કાર્લાઇલ એ કેવા નકામા પતિ હતા એવું સાબિત કરવાનો જરાયે નથી. પરંપરાગત લગ્નસંસ્થા શ્રેષ્ઠ પુરુષોનીય પતિ તરીકે શી દશા કરે છે એ જ આ ઉદાહરણો પરથી સિદ્ધ થાય છે. વિવાહસંસ્થાનો બાધ ન થયો હોય એવી જ્યોર્જ એલિયટ અને જ્યોર્જ હેન્રી લૂઈ એ સાચે જ આદર્શ જોડી લાગે છે. પણ એક આવશ્યક સંસ્થા તરીકે લગ્ન સંસ્થાને મહત્ત્વ આપવું હોય તો ટૉમસ અને જેન કાર્લાઇલની જોડીને જ આદર્શ પતિ-પત્ની કહેવામાં વાંધો નથી. બેઉ જણાં સ્વતંત્રપણે છતાં સહિયારું જીવન જીવ્યા. એક જ ધ્યેયથી બંધાયા. માણસના સ્વાભાવિક ગુણદોષ બંનેમાંય હતા, તોયે પોતપોતાની રીતે વિજયી થતા અને પોતાના કર્તૃત્વનું પૂરેપૂરું માપ પોતે જ કાઢી બતાવવા તે માટે ઝઘડતા રહ્યા. સુંદર ગદ્યમાં પોતાનું મન વ્યક્ત કરીને જેનેય માતૃભાષા સમૃદ્ધ કરી. એ જ તો સમશ્રેષ્ઠોના સાચા લગ્ન કહી શકાય. ❐

અનુસંધાન] રોજનીશી [પૃ. ૨૦૬ થી

તું આગળ વધી શકીશ.'

આ પછી અમે બીજી વાતો કરી. પાછળથી મેં એને કહ્યું કે, 'આપણે જ્યારે ક્યારે અહીંથી બહાર નીકળી શકશું ત્યારે મને ખબર છે કે તું ફરી મારો વિચાર સુધ્ધાં નહિ કરે.'

આ સાંભળીને એ એકદમ ઉકળી પડ્યો, 'એ વાત તદ્દન ખોટી છે. ઍન મારા વિશે તારા મનમાં હું એવો વિચાર પણ નહિ આવવા દઉં.'

બરાબર ત્યારે જ કોઈએ અમને બૂમ પાડી.

એણે મને સોમવારે કહ્યું કે પપ્પા સાથે એને વાત થઈ છે. તારા પપ્પાનું કહેવું છે કે આપણી આ મૈત્રી કદાચ પ્રેમમાં પરિણમે. એનો જવાબ આપતાં મેં કહ્યું કે અમે અમારી ઉપર કાબૂ રાખશું.

પપ્પાની ઇચ્છા છે કે મારે આટલી બધી વાર ઉપર જવાનું બંધ કરી દેવું જોઈએ. પણ મારે એવું નથી કરવું. એનું કારણ ફક્ત એટલું જ નથી કે મને પીટરની કંપની ગમે છે પણ એ પણ છે કે મને પીટર ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. મને ખરેખર વિશ્વાસ છે. અને મારે એ પીટરને સાબિત કરી બતાવવું છે. પણ એની પર વિશ્વાસ મૂક્યા વિના હું ઉપર જવાનું જ બંધ કરી દઉં તો આ વાત સાબિત કરવી કદાપિ શક્ય બનશે નહિ.'

હું તો જવાની જ !

દરમ્યાનમાં ડસેલ નાટકનો અંત આવ્યો છે. શનિવારે રાત્રે ડચમાં એમણે સુંદર શબ્દોમાં માફી માગી. શ્રી વૅનડાન તો તરત જ મનાવાઈ ગયા. આ ભાષણને ડસેલસાહેબે આખો દિવસ સારી પેઠે ગોખ્યું હશે.

રવિવારે એમનો જન્મદિવસ હતો. કોઈ જ અજૂગતા પ્રસંગ વિના એ પાર પડ્યો. અમે એમને ૧૯૧૯ની સારા વાઈનની બાટલી ભેટ આપી. વૅનડાન કુટુંબે (જેને હવે ભેટ આપવામાં કોઈ બાધા નહોતી નડતી) પીકાલીલીની બરણી અને રેઝર બ્લેડનું એક પેકેટ ભેટ આપ્યું. શ્રી કુગ્લરે એમને લીંબુના સીરપની એક બાટલી આપી. (લીંબુંનું શરબત બનાવવા માટે) મીપ તરફથી 'લીટલ માર્ટિન' નામની ચોપડી મળી અને બૅપે એક છોડવો ભેટ આપ્યો. એમણે અમને બધાંને એક એક ઈંડાંની પાર્ટી આપી. [લિ. ઍન. મે. ફ્રૅંક (ક્રમશઃ)

લઘુકથા

ગાંડા માણસો - ૬

બહાદુરભાઈ જ. વાંક

સ્વામી સૂર્યાનંદના અહંકારના પૂતળા જેવા શિષ્યો બધી વાતે પૂરા હતા. ગાંજો-ચલમ ફૂંક્યે રાખવાં, શરાબ-અફીણનું સેવન કરવું, ને હાલતાં કોઈની પણ સાથે ઝઘડો કરવો - આ તેમના સ્વભાવની ખાસિયતો હતી. સવાર-સાંજ ભજનોની સાથે સિનેમાનાં ગીતોની કસેટો લાઉડ-સ્પીકરમાં વગાડ્યા કરે. કુંડલિની જાગરણ નિમિત્તે ઊંચા અવાજે હૂ...હૂ...હા...હા...ના રાગડા તાણીને આસપાસના વિસ્તારને ગજાવી મૂકે. કુંડલિની જાગરણ કરવાની ચેષ્ટામાં કેટલાય શિષ્યો તો અર્ધા ગાંડા જેવા પણ થઈ ગયા હતા. સ્વામી સૂર્યાનંદના આ બધા લાડકવાયા શિષ્યોનો ત્રાસ બરાબર બાજુમાં જ આવેલ ગુરુ બજુવાના આગમના શિષ્યોને ભોગવવો પડતો હતો.

આમેય ગુરુ બજુવાના આગમની કેટલીય જમીન પેશકદમી કરીને સ્વામી સૂર્યાનંદના શિષ્યોએ વાળી લીધી હતી. ત્યારથી જ બંને આગમના શિષ્યો વચ્ચે બહુ મોટી તિરાડ પડી ગઈ હતી. ને બંને આગમના શિષ્યો વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા. આગમની આવેલી જમીનના અનુસંધાને સ્વામી સૂર્યાનંદની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે અને તેમના શિષ્યોના ઉત્તરોત્તર વધી રહેલા ત્રાસ અંગે કંઈક પગલાં લેવા માટે શિષ્યો ગુરુ બજુવાને અવારનવાર રજૂઆત કર્યા કરતા, પણ ગુરુ કશી જ પ્રતિક્રિયા વ્યક્ત કર્યા વગર માત્ર ચૂપચાપ સાંભળી રહેતા. આથી શિષ્યો સમસમીને અંદરખાને ધૂંધવાયા કરતા પણ હવે સૂર્યાનંદના શિષ્યોનો ત્રાસ સહન ન થઈ શકે એટલી હદે વધી જતાં, ગુરુ બજુવાના શિષ્યોએ સ્વયં ગુરુ સમક્ષ જ મોરચો માંડ્યો હોય તેમ રોજ રોજ તેમની ગુરુ સમક્ષ એક જ વાત, 'સ્વામી સૂર્યાનંદ અને તેમના શિષ્યોના ત્રાસમાંથી હવે અમને કોઈ પણ રીતે છોડાવો, નહીં તો અમે બધા જ આ આગમ છોડીને બીજે ક્યાંક રહેવા ચાલ્યા જઈશું.'

શિષ્યોની વારંવારની ફરિયાદ સાંભળીને ગુરુએ એક દિવસ પોતાનું મૌન તોડ્યું, 'સ્વામી સૂર્યાનંદના શિષ્યો જેટલા ગાંડા છે, એથી વધારે ગાંડા તો તમે બધા થઈ ગયા છો, એનો તમને કંઈ ખયાલ છે ખરો ?'

'અમે વળી ગાંડા કંઈ રીતે ?'

'સ્વામી સૂર્યાનંદના શિષ્યોએ આપણા આગમની જમીનનો કબજો લઈ લીધો છે એના કરતાં વધારે કબજો તો તમારા બધાના મનનો લઈ લીધો છે, ને એટલે જ તમે બધા સ્વામી સૂર્યાનંદ અને તેમના શિષ્યોનો જ સતત જપ કર્યા કરો છો ! એટલે સ્વામી સૂર્યાનંદના શિષ્યો સાથેના ઝઘડા માટે સાચા જવાબદાર તો તમે બધા છો !'

'અમે વળી કઈ રીતે જવાબદાર ?' બધા શિષ્યોએ એકી અવાજે ગુરુને પૂછ્યું.

'એ તો તમે બધા જ જાણો છો કે જેના તરફ આપણે ધ્યાન આપીએ છીએ, એના તરફ આપણી ઊર્જા પ્રવાહિત થવા માંડે છે. હવે તમે બરાબર સમજી ગયા હશો કે તમારી સ્વયંની ઊર્જાને કારણે જ એ લોકો તગડા બનીને તમને જ હંફાવી રહ્યા છે. હવે હું તમને પૂછું છું - સાચા ગાંડા માણસો એ લોકો કે તમે બધા ?'

ગુરુની વાત સમજી જતાં હોય તેમ શિષ્યો બોલ્યા, 'આપની વાત સાચી છે. તો પછી અમારે એ લોકોનો પ્રતિકાર કઈ રીતે કરવો ? શું બધું સહન કરી લેવું ?'

''પ્રતિકાર' શબ્દ પણ કેટલો ગાંડપણ ભર્યો છે એને તમને કંઈ ખયાલ છે ખરો ?' ગુરુએ પૂછ્યું.

ગુરુએ જાણે પોતાની પાસેથી બધું જ ઝૂંટવી લીધું હોય તેમ બધા શિષ્યો આક્રોશની લાગણી અનુભવતાં સાવ ઢીલા પડી ગયા.

પ્રતિકારનો સાચો માર્ગ ચીંધતા ગુરુ બોલ્યા, 'હવે તમારે ફક્ત આટલું જ કરવાનું છે. જ્યારે પણ તમે એમના આગમ પાસેથી પસાર થાઓ ત્યારે એ લોકો તમને કટુ વચનો સંભળાવે કે તમારું અપમાન કરે તો પણ એ બધાને ધન્યવાદના ભાવ સાથે વાંકા વળીને મસ્તક નમાવી ચૂપચાપ ત્યાંથી પસાર થઈ જવાનું. બસ, પછી જુઓ શું થાય છે ?'

બીજા દિવસથી જ શિષ્યોએ ગુરુની સૂચનાનો અમલ શરૂ કરી દીધો. સ્વામી સૂર્યાનંદના શિષ્યો સામે આવીને ઝઘડો કરે, અપમાનજનક શબ્દો સંભળાવે કે માથે કચરો કે ગંદું પાણી ફેંકે તો પણ આ બધાની એક જ ચેષ્ટા-ચૂપચાપ મસ્તક નમાવીને ધન્યવાદના ભાવ સાથે ત્યાંથી પસાર થઈ જવું.

પંદરેક દિવસ પસાર થયા હશે, ત્યાં સ્વામી સૂર્યાનંદના શિષ્યો પોતાના શસ્ત્રો જ જાણે કોઈએ ઝૂંટવી લીધા હોય એમ ઢીલા પડવા માંડ્યા ને બહાર ઝઘડવાનું બોલવાનું બંધ થઈ જતા બધાએ હવે અંદરો અંદર જ ઝઘડવાનું શરૂ કરી દીધું. શિષ્યોના અંદરોઅંદરના કજિયાથી સ્વયં સ્વામી સૂર્યાનંદ જ ત્રાહીમામ પોકારી ગયા.

એક દિવસ શિષ્યોએ ગુરુ બજુવાને નવીન સમાચાર સંભળાવતા કહ્યું, 'આજે અમે સ્વામી સૂર્યાનંદના આગમ પાસેથી પસાર થયા ત્યારે એમના આગમના દરવાજે તાળું લટકતું હતું. બધા ક્યાંક બહારગામ ચાલ્યા ગયા હોય એમ લાગે છે.'

'એ બધા ભલે ગમે ત્યાં ચાલ્યા ગયા હોય, પણ તમારે તો આગમને-આગમના દરવાજે લટકતા તાળાને - મસ્તક નમાવીને જ ત્યાંથી પસાર થવાનું છે, એ વાત ક્યારેય પણ ભૂલશો નહીં...' ગુરુએ પાછી બધા શિષ્યોને શીખ આપી.

(અનુસંધાન પૃ. ૨૧૪ પર)

ફિલ્માકાશ-૩૮

૧૯૩૮ની સાલની મરાઠી ધારાની નોંધપાત્ર હિંદી ફિલ્મો

—રજનીકુમાર પંડ્યા—

પ્રભાત ફિલ્મ કંપનીની ૧૯૩૮ની ફિલ્મોની વાત કરીએ ત્યારે એનું એક ઓછું પ્રસિદ્ધ બોલપટ 'મેરા લડકા' પણ યાદ આવે જ. કંપનીએ આ ફિલ્મ મરાઠીમાં 'માઝા મૂલગા' નામથી બનાવી હતી જેમાં શાહુ મોડક અને શાંતા હુબલીકર નાયક-નાયિકા હતાં. જ્યારે હિંદીમાં ઉલ્હાસ અને શાંતા હુબલીકર હતાં. બંનેમાં વસંત ઠેંગડી હિરોની પ્રપંચી મિત્રની નૅગેટિવ ભૂમિકામાં હતા. આ ફિલ્મ તેના દિગ્દર્શક કે. નારાયણ કાલેના અંગત જીવન સાથે સંદર્ભ ધરાવતી હતી. તેઓ ફિલ્મોમાં પ્રવેશ્યા અગાઉ એક ઉદ્દામવાદી પત્રકાર હતા. આ ફિલ્મમાં પણ નાયકને એક ઉદ્દામવાદી પત્રકાર બતાવવામાં આવ્યો હતો જે તેના જુનવાણી પિતાની મરજી વિરુદ્ધ એક પ્રેસ અને અખબાર ચલાવે છે. તેનો કહેવાતો મિત્ર તેની વિરુદ્ધ એના પિતાની સાથે અને સ્ત્રી-મિત્ર નલિની સાથે મળીને અખબારને કબજે કરવામાં સફળ થાય છે. પણ નલિનીને ભૂલ સમજાતાં તે છેવટે નાયકની જ તરફેણ કરે છે. નાટ્યાત્મક વળાંકો, ચૂંટણી-પ્રપંચ અને પ્રણયરંગી પ્રપંચવાળી આ ફિલ્મે ચર્ચા ઠીકઠીક જગાડી હતી પણ તે બહુ ચાલી નહોતી. (કદાચ શાંતારામનો કલાસ્પર્શ તેને મળ્યો નહોતો એના કારણે?) કેશવરાવ કાલેના સંગીતમાં કુલ સાત ગીતો હતાં જે મહદંશે શાંતા હુબલીકરનાં ગાયેલાં હતાં. બાલકરામના સ્વરમાં 'દિલા દો મુઝે રીસ્ટવૉચ' જેવું એક હાસ્યગીત પણ હતું. જો કે આ બધાં કરતાં કંઈક સારું વેચાણ પામેલું ગીત પરશુરામ અને છોટુનું ગાયેલું 'માયામેં કાહે કો ભૂલા સંસાર' હતું, જેની તર્જ મરાઠીના એક પ્રખ્યાત લોકભજન પર આધારિત હતી. હુબલીમાં ૧૯૧૪માં જન્મેલી શાંતા હુબલીકરનું નામ કંઈક પ્રકાશમાં આવ્યું હોય તો આ ફિલ્મથી. એક જ વર્ષ અગાઉ દાદાસાહેબ ફાળકેની પ્રથમ સવાક્ ફિલ્મમાં એણે માત્ર એક એક્સ્ટ્રાની ભૂમિકા કરી હતી. કાંઈક ઠીક કહી શકાય તેવી ભૂમિકા શાંતા હુબલીકરને એ જ વર્ષે મરાઠી ફિલ્મ 'કાન્હોપાત્ર'માં મળી હતી પણ એ મરાઠીમાં હોવાના કારણે વ્યાપક ફલક પર એની નોંધ લેવાઈ નહોતી. (એમ તો એણે છેક ૧૯૩૪માં 'ભેદી રાજકુમાર'માં અર્ધી મિનિટનો રોલ કર્યો હતો તે વાત એક દસ્તાવેજી તથ્ય તરીકે નોંધવી જોઈએ). પણ ૧૯૩૭ની આ બે ફિલ્મો પછી વિખ્યાત શાસ્ત્રીય સંગીતની ગાયિકા હિરાબાઈ બડોદેકરના ભાઈ સુરેશ માનેની ભલામણે ચિઠ્ઠી લઈને એણે પ્રભાતમાં આ ફિલ્મ 'માઝા મૂલગા' (મરાઠી) અને 'મેરા લડકા' (હિંદી)થી પ્રવેશ કર્યો, ને એની પ્રશંસા થઈ.



લલિતા પવારના પતિ જી.પી.પવાર

શાંતા હુબલીકર પૂનાના ડૅક્કન ક્લૉથ એમ્પોરિયમના માલિક બાપુસાહેબ ગીતેને પરણ્યાં હતાં. ૧૯૯૨માં એમનું અવસાન થયું તે પહેલા એમણે શાંતારામના 'આદમી' (૧૯૪૧), 'ઘર કી લાજ', 'પ્રભાત' (૧૯૪૨), 'જીવનનાટક' (૧૯૪૫), 'ઘરગૃહસ્થી' (૧૯૫૮) વગેરેમાં કામ કર્યું હતું. સંગીતની નિસર્ગદત્ત પ્રતિભા ધરાવતી આ અભિનેત્રીએ ફિલ્મ 'આદમી'માં 'અબ કીસ લીયે કલકી બાત' હિંદી, ઉર્દુ, ગુજરાતી, પંજાબી, બંગાળી, તમીલ અને તેલગુ એમ સાત ભાષામાં ગાયું હતું. જેની રેકર્ડે ભારતભરમાં ધૂમ મચાવી હતી. આ ગીતની એની પોતાની જિંદગી પર એટલી મોટી અસર પડી કે આગળ ઉપર તેમણે જે આત્મકથા લખી તેનું શીર્ષક પણ તેમણે એ જ રાખ્યું હતું (કશાલ્યા ઉદયાચી બાત).

શાંતા હુબલીકર ૧૯૯૨માં પૂનામાં અવસાન પામ્યાં. મરાઠી ધારાના હિંદી ફિલ્મનિર્માણની વાત કરીએ એટલે માસ્ટર વિનાયકના ઉલ્લેખ વગર ના જ ચાલે. માસ્ટર વિનાયક વિષે અગાઉના પ્રકરણોમાં આવી ગયું હોવાથી અહીં વિશેષ વિવરણ કર્યું નથી; પણ એમની નિર્માણ સંસ્થા 'હંસ પિક્ચર્સ'ની જે બે સફળ ફિલ્મો આવી તે 'બ્રહ્મચારી' અને 'જ્વાલા' - એમાં 'જ્વાલા' તે શેક્સપિયરના જગવિખ્યાત નાટક 'મૅકબેથ'ની વાર્તા ઉપર આધારિત હતી. એના નિર્દેશક વિનાયક અને સંગીતકાર ધમ્મનખાં અને વળી પાર્શ્વ-સંગીતકાર જુદા હતા. તે દાદા ચાંદેકર. (જે પછી ફિલ્મ 'બ્રહ્મચારી'માં સંગીત-નિર્દેશક બન્યા હતા). કલાકારોમાં રત્નપ્રભા, ચંદ્રમોહન (જેમના વિષે



લલિતા પવાર – એમની યુવાનીમાં

અગાઉના પ્રકરણોમાં માહિતી આવી ગઈ છે.) આશાલતા કે જે આગળ જતાં અનિલ વિશ્વાસનાં પત્ની બન્યાં હતાં તે, વિનાયક પોતે અને રજની હતાં. દસ ગીતો હતાં, જે બધાં જ મહિલા સ્વરોમાં હતા અને મહદંશે રત્નપ્રભાનાં જ ગાયેલાં હતાં; જેમાંથી એક પણ નોંધનીય નહોતું બન્યું. 'મૅકબેથ'ની વાર્તા ઉપર આધારિત એ ફિલ્મમાં સ્ત્રીપાત્રને હકારાત્મક બનાવવા માટે, એના પાત્રાલેખનમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યો.. પ્રપંચી - સ્ત્રીચરિત્રની આંટીઘૂંટી વગરનું પાત્ર હોવાના કારણે વાર્તા નિષ્પ્રાણ બની ગઈ અને ફિલ્મ તદ્દન નિષ્ફળ રહી. એટલી બધી નિષ્ફળ રહી કે તેના કારણે પડેલા આર્થિક ફટકામાંથી તેમની તે પછીની સફળતમ ફિલ્મ 'બ્રહ્મચારી' પણ 'હંસ પિક્ચર્સ'ને પૂરું ઉગારી શકી નહીં.

બીજી ફિલ્મ માસ્ટર વિનાયકે 'બ્રહ્મચારી' બનાવી તે અનેક અર્થોમાં સફળ અને યાદગાર રહી. આર્થિક માપદંડથી તે મજબૂત રહી જ, પણ બીજી બધી રીતે આજ લગીના ફિલ્મ ઇતિહાસમાં એની નોંધ એક સૂક્ષ્મ વ્યંગ-હાસ્યની ફિલ્મ તરીકે લેવાય છે. મુખ્ય પાત્રોમાં વિનાયક પોતે અને મીનાક્ષી હતાં. જ્યારે બીજાં પાત્રોમાં સાલવી, વી.જોગ, દામુઅણ્ણા માલવણકર, નૂરજહાંબાઈ, બાપુરાવ પવાર અને જાવડેકર હતાં. નિર્દેશક વિનાયક પોતે અને સંગીત ઉપર લખ્યું તેમ દાદા ચાંદેકરનું હતું.

એ યુગ રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘના પ્રભાવનો હતો અને આંતરિક તાકાત કેળવવા સારુ એનો ઉપદેશ બ્રહ્મચર્ય, શરીર-વ્યાયામ અને ઉચ્ચ વિચારો અપનાવવાનો હતો. એની સામે કટાક્ષરૂપે આ ફિલ્મની વાર્તા ઘડવામાં આવી હતી. નાયક ઔદુમ્બર એક દહાડો દેશભક્ત જટાશંકરનું ધગધગતું ભાષણ આ વિષય પરત્વે સાંભળીને પોતે સંઘરેલાં અભિનેતા, અભિનેત્રીઓનાં ચિત્રો ફાડી નાખે છે અને આજીવન બ્રહ્મચારી રહીને જાતીયવૃત્તિને કચડી નાખવાનું નક્કી કરે છે. હનુમાનજીને પોતાના આરાધ્ય માને છે. આ પ્રકારનું શિક્ષણ આપતા આશ્રમમાં જોડાય છે. પણ આ બધું કિશોરી (મીનાક્ષીનાં) દર્શન માત્રથી નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. આવી હળવી છતાં કટાક્ષભરી, વાસ્તવલક્ષી વાર્તાનું નિર્વહણ બહુ સારી રીતે કરવામાં આવ્યું હતું. એમાં પંડિત ઇંદ્રનાં લખેલાં ગીતો બહુ મદદરૂપ નીવડ્યાં હતાં. મહાત્મા ગાંધી પણ બ્રહ્મચર્યની જ હિમાયત કરતા હતા. એટલે તેમની રેંટિયા-થિઅરીની હળવી ઠેકડી ઉડાડતું ગીત 'જહાં ચરખા ચલે મતવાલા, વહાં હોગા સદા બોલબાલા' એમાં મૂકવામાં આવ્યું હતું. તો 'બોલો બજરંગબલી કી જય' ગીત પણ પ્રારંભમાં મૂકવામાં આવ્યું હતું. પણ સર્વાધિક લોભામણા સ્ત્રી દેહ દર્શનવાળું ગીત 'જમુના બીચ ખેલું ખેલ, અકેલી ક્યા, સજના!' પણ હતું, જેમાં મીનાક્ષીને સ્નાનપોષાકમાં દર્શાવવામાં આવી હતી. એના જ મોઢે 'બલમ બ્રહ્મચારી, સૂની પડી મેરી ફૂલવારી' અને પછી 'બલમા બ્રહ્મચારી તાજા હુઈ મેરી ફૂલવારી' ગીત મૂકવામાં આવ્યું હતું. લગભગ બધાં જ ગીતો મીનાક્ષીના સ્વરમાં હતાં. એકમાત્ર 'સારંગી રસિયા મિલા દેના' ગીત વિનાયક-મીનાક્ષીના યુગલસ્વરોમાં હતું; જ્યારે 'બજરંગબલી કી જય' યુવાનોના સમૂહસ્વરમાં હતું.

નાયિકા તરીકે મીનાક્ષી પાડુરંગ શિરોડકર આ ફિલ્મથી રાતોરાત દેશખ્યાત થઈ ગઈ. 'બ્રહ્મચારી' ફિલ્મમાં કામ કરવા માટે તેને ખાસ ગોવાથી નિમંત્રિત કરવામાં આવી હતી. આગળ જતાં માસ્ટર વિનાયક સાથે તેની નીકટતા જગજાહેર બની ચૂકી. એમની સાથે મીનાક્ષીએ 'બ્રાંડી કી બોતલ' (૧૯૩૯), 'દેવતા' (મરાઠી-૧૯૩૮), 'ઘર કી રાની' (૧૯૪૦)માં કામ કર્યું. અને જેવા વિનાયક ફિલ્મોમાંથી નિવૃત્ત થયા કે મીનાક્ષીએ પણ લગભગ નિવૃત્તિ લઈ લીધી. જો કે એક ફિલ્મ 'મેરી અમાનત' (૧૯૪૭) અધૂરી હતી તે બીજા પ્રોડ્યૂસરની હતી. તે પૂરી કરી. માસ્ટર વિનાયક ૧૯૪૭માં અવસાન પામ્યા. પછી મીનાક્ષીએ ૧૯૫૩માં એક જ ફિલ્મ કરી અને તેનું નામ હતું 'સોનેરી સાવલી' અને તે મરાઠીમાં હતી. અલબત્ત, 'બ્રહ્મચારી' કે જે પૂનાના આર્યન સિનેમામાં બાવન અઠવાડિયાં એટલે કે આખું વર્ષ ચાલી હતી તેટલી ખ્યાતિ તેને બીજી કોઈ ફિલ્મ ના અપાવી શકી.

'મૅકબેથ'ની શેક્સપિયરની વાર્તા પરથી જેમ 'જ્વાલા' ફિલ્મ બનાવવામાં આવી હતી તેમ 'ટૉલ્સ્ટૉય'ની પ્રખ્યાત કૃતિ રિસરક્શન - RESURRECTION - (પુનરુત્થાન) ઉપરથી એક ફિલ્મ 'દુનિયા ક્યા હૈ ?' આ વર્ષે 'ડાયમન્ડ પિક્ચર્સ' દ્વારા નિર્મિત થઈ હતી અને એમાં અન્નાસાહેબ માઈનકર અને કિકુભાઈ યાજ્ઞિકનું સંગીત હતું. આ ફિલ્મના નિર્માત્રી 'ડાયમ-ડ પિક્ચર્સ'ના નેજા હેઠળ લલિતા પવાર ખુદ હતાં જેમણે તેમાં હિરોઈનનો રોલ ભજવ્યો હતો અને એમના પતિ જી.પી.પવાર એના દિગ્દર્શક હતા. જી.પી.પવાર સ્ટન્ટ ફિલ્મોના દિગ્દર્શક તરીકે જાણીતા હતા. મુન્શી અજીઝ જેવાનાં ગીતો છતાં દસ ગીતોવાળી આ ફિલ્મ સાવ પિટાઈ ગઈ. લલિતા પવારે પોતે એક ગીત 'સખી પ્રેમસુધા ભરને આઈ' જાતે ગાયું હતું. એક પણ ગીત જાણીતું થયું નહીં. સામાજિક ફિલ્મ તરીકે આ ફિલ્મના સફળ થવાની આશા લલિતા પવારને ઘણી ઊંચી હતી.

કર્કશા સાસુ, પ્રેમાળ માતા કે કપટી માસીના અભિનયથી છેક ૧૯૯૦ના દાયકા સુધી અતિ પ્રશંસા પામેલા લલિતા પવાર યુવાનીમાં બહુ મોહક ચહેરાવાળાં ગ્લૅમરસ સુંદરી હતાં. ઈંદોરમાં ૧૯૧૮માં જન્મેલાં લલિતા હનુમાનપ્રસાદે સાવ બાળકલાકાર તરીકે મૂક ફિલ્મોમાં કામ શરૂ કર્યું હતું. તેમનું તખ્તાનું નામ અંબુ હતું. નાનપણમાં જ ઘર પાસે આવેલી આર્યન

સિનેમામાં એ મૂક ફિલ્મો પરિવાર સાથે જોવા જતાં અને એમાંથી જ એમનાં અભિનયની લગની લાગી હતી. અનેક મૂગી ફિલ્મોમાં ૧૯૩૪ લગી કામ કર્યા પછી એમણે પોતે ૧૯૩૫માં 'હિમતે મર્દા' નામની સવાક્ ફિલ્મ બનાવી અને પોતાના બિઝનેસ પાર્ટનર ચંદ્રરાવ કદમ સાથે હિરોઇનનો રોલ કર્યો. તે સ્ટંટ ફિલ્મ હતી અને એમાં તેમણે વ્યાઘ્ર ચર્મની બનેલી બીકીની પહેરીને ભારે ચર્ચા જગાવી હતી. માસ્ટર ભગવાનની પણ એમાં એક ભૂમિકા હતી. લલિતા પવારના પતિ જી. પી. પવારે પણ એક નાનકડી ભૂમિકા એમાં ભજવી હતી. જી. પી. પવાર આર્યન ફિલ્મ કંપનીના માલિક અને દિગ્દર્શક હતા. મુખ્યત્વે સ્ટંટ ફિલ્મો બનાવતા હતા.

અનેક ફિલ્મોમાં ગ્લૅમરસ ભૂમિકા ભજવતાં હતા ત્યારે તેમનું સૌંદર્ય સોળે કળાએ ખીલેલું હતું. પણ ૧૯૪૬માં માત્ર સાડાવીસ વર્ષની વયે માસ્ટર ભગવાનની સાથે એક દૃશ્યના શૂટિંગવેળા માસ્ટર ભગવાનના હાથનો તમાચો (ભજવણી દરમિયાન) જરા જોરથી પડી જતાં તેમના કાનમાંથી લોહી વહેવા માંડ્યું. તેમને હૉસ્પિટલમાં ખસેડવાં પડ્યાં. જ્યાં તેમને ત્રણ વર્ષ લગી સારવાર લેવી પડી અને પક્ષાઘાતનો ભોગ પણ બનવું પડ્યું. ધીરે ધીરે સારાં તો થયાં પણ ડાબી આંખ પર અસર રહી ગઈ, જેને કારણે ફરી વાર ફિલ્મોમાં કામ કરતી વેળા તેમના હિસ્સામાંથી હિરોઇનની ભૂમિકા કાયમને માટે ગઈ. તેમણે ચરિત્ર અભિનયનો સહારો લેવો પડ્યો. અને એમાં પણ તેમણે બહુ લાંબી ઉજ્જવળ કારકિર્દી ભોગવી. કપૂર ખાનદાનની તો એમણે ત્રણ પેઢી સાથે કામ કર્યું. - પૃથ્વીરાજ, રાજકપૂર અને ચિંટુ. તેઓ ચિંટુને કાયમ કહેતાં કે તું હવે જલ્દી લગ્ન કરી લે તો હું કપૂર ખાનદાનની ચોથી પેઢી સાથે કામ કરી લઉં.

લલિતા પવાર જીવનનાં છેલ્લાં બે-ત્રણ વર્ષ જ પૂનામાં નિવૃત્ત જીવન ગાળતાં હતાં. પણ તેમણે ટી.વી.ના નાના પડદે 'રામાયણ'માં મંથરા તરીકેની અદ્ભુત અદાકારી દાખવી હતી. મંથરાના પાત્રને તેમણે પૂરું આત્મસાત્ કર્યું હોય એમ ચાલ, ઢાલ, લટકા જેવા આંગિક ઉપરાંત વાચિક અભિનયની પણ સચોટ છટાઓ બતાવીને એ ભૂમિકામાં પ્રાણ પૂર્યા હતા અને અગાઉની ચરિત્ર ભૂમિકાઓમાં ખૂબ કામ આવેલી પક્ષાઘાતગ્રસ્ત અને આવેશની અભિવ્યક્તિ વેળા વારંવાર ઝીણી થઈ જતી ડાબી આંખ એમના મંથરા તરીકેના અભિનયની એક મજબૂત ઓળખ બની ગઈ હતી.

૧૯૬૧માં રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુના હાથે પરફૉર્મિંગ આર્ટના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ અવૉર્ડ પામનારાં લલિતા પવાર ૧૯૯૮ની ત્રેવીસમી ફેબ્રુઆરીએ અવસાન પામ્યાં. તેમની જન્મ તારીખ ક્યાંક ૧૯૧૪માં તો ક્યાંક ૧૯૧૬માં આપી છે. પણ શ્રી હરીશ રઘુવંશીએ મેળવેલી સાચી માહિતી મુજબ તો ૧૯૧૮ના એપ્રિલની ૧૮મી હતી.

પરંતુ પ્રભાત ફિલ્મ્સ ઉપરાંત બીજા નિર્માતાઓનું નિર્માણ ૧૯૩૮ની સાલમાં કેવું હતું ? (ક્રમશઃ)

[નોંધ : શ્રી હરીશ રઘુવંશીના જણાવ્યા મુજબ લલિતા પવારનું મૂળ નામ અંબિકા લક્ષ્મણરાવ સગુન હતું. જો કે આ લક્ષ્મણરાવ સગુન તેમના પિતા હતા કે પતિ તે વિષે તેઓ સ્પષ્ટ નથી. એન્સાઇક્લો પિડીયો મુજબ તેઓ હનુમાનપ્રસાદનાં પુત્રી હતાં. તો પછી બનવા જોગ છે કે લક્ષ્મણરાવ સગુન એ તેમના પહેલા પતિનું નામ હોય. બીજા પતિ તે જી. પી. પવાર.]

અનુસંધાન]ગાંડા માણસો-૬ [પૃ. ૨૧૧થી

આઠેક દિવસ પછી ગુરુ બજુવા ઉપર સ્વામી સૂર્યાનંદનો પત્ર આવ્યો. સાથે આગમની ચાવી પણ હતી. પત્ર વાંચીને ગુરુને આશ્ચર્ય થયું. બધા શિષ્યોને પાસે બોલાવીને સ્વામી સૂર્યાનંદના પત્રના તથા સાથે આવેલ ચાવીના સમાચાર આપ્યા. પછી બધાની આતુરતાનો અંત લાવવા ગુરુએ બધાને આખેઆખો પત્ર જ વાંચી સંભળાવ્યો, 'પૂજ્ય ગુરુ બજુવાજી, આપની સમક્ષ રૂબરૂ આવી ક્ષમા માંગવાની હિંમત ન ચાલતાં શરમ અને ક્ષોભની લાગણી સાથે આ પત્ર લખી આપને-આપના શિષ્યોને જે કંઈ સહન કરવું પડ્યું છે, તે માટે ક્ષમા માગું છું. મારા શિષ્યોના ગાંડપણભર્યા વર્તન માટે હું પોતે જ જવાબદાર છું. મેં આખી જિંદગી મારા શિષ્યોને ચોક્કસ પ્રકારના આચરણનો જ ઉપદેશ આપ્યે રાખેલો. આ કહેવાતા આચરણના ચોખઠામાં ગોઠવાઈને તેઓ કેટલી હદે જડ અને વિકૃત બની ગયેલા, એની તો મને બહુ મોડી ખબર પડી. જ્યારે ખબર પડી ત્યારે મારો પણ એમના ઉપર અંકુશ રહ્યો નહોતો. આવા કેટલાક ગાંડા અને માથાભારે શિષ્યોને મારા આગમમાંથી હંમેશ માટે રજા આપી દીધી છે. બાકીના કેટલાક શિષ્યોની માનસિક સારવાર કરાવવા માટે હું મુંબઈ આવ્યો છું. અહીંથી ચાર-છ માસ માટે વૃન્દાવનમાં એક આગમમાં રહેવાનો છું. આ દરમિયાન આપ બધા મારા આગમનો પૂરેપૂરો ઉપયોગ કરી શકો તે માટે મારા આગમની ચાવી આ સાથે મોકલું છું. - સ્વામી સૂર્યાનંદ'

શિષ્યોના હાથમાં ચાવી મૂકતાં ગુરુ બોલ્યા, 'મસ્તક નમાવવાનું રહસ્ય હવે તમને સમજાય છે? જેને મસ્તક નમાવતા આવડી જાય છે, એની તરફેણમાં સમગ્ર પ્રકૃતિ કામ કરવા માંડે છે!' ને મુદ્દાની વાત કરતાં ગુરુએ ઉમેર્યું, 'આજે માણસોમાં ગાંડપણની માત્રા વધતી જાય છે. એનાં કેટલાંક મહત્ત્વનાં કારણોમાં આ પણ એક કારણ છે. કમરેથી વાંકા વળીને મસ્તક નમાવવાનું આજે માણસ સાવ ભૂલી ગયો છે!'

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ઍલ્ફ્રેડ લૉર્ડ ટેનિસન (ચાલુ)

ટેનિસનનું 'ઇન મેમૉરિયમ' ઈ.સ.૧૮૫૦માં પ્રકાશિત થયું તે સાથે જ તે વિક્ટોરિયનયુગના એક અગ્રણી-યશસ્વી કવિ તરીકે તે સ્થાપિત થઈ ગયો. કવિ વડ્‌ર્ઝવર્થના અવસાન પછી રાજકવિનું સ્થાન ખાલી પડ્યું હતું તે સ્થાને કવિ ટેનિસનની નિયુક્તી થઈ. વિક્ટોરિયન યુગના એક પ્રતિનિધિ કવિ તરીકે તે સિદ્ધ થયો, 'ઇન મેમૉરિયમ' જેવા તેના એક ઉત્તમ કાવ્યને કારણે.



'ઇન મેમૉરિયમ' તેના એક અત્યંત નિકટના મિત્ર આર્થર હેન્રી હેલામનું યુવાવયે અચાનક વિયેનામાં અવસાન થયું. એ મિત્ર ટેનિસનની પ્રારંભિક કાવ્યરચનાઓનો ભોક્તા હતો. ટેનિસનની સર્જકચેતનાને નવી દિશામાં વાળનાર આર્થર હેન્રી હેલામ હતો. રોમૅન્ટિક કવિઓની છાયામાં ઊર્મિલતા અને વિષાદમાં રચ્યા રહેનાર ટેનિસનને તેણે તેના યુગના પ્રજાસમૂહમાં પ્રચલિત પ્રશ્નો તરફ, નવી વિચારધારાઓ તરફ વાળ્યો.

એ ગાઢ મિત્રના અવસાને વિહ્‌વળ બની ગયેલા ટેનિસનની કલમમાંથી મિત્ર પ્રત્યેની કરુણપ્રશસ્તિઓનો ધોધ પ્રકટી નીકળ્યો. સત્તર સત્તર વર્ષ સુધી તેણે મિત્રના અવસાનના સંદર્ભમાં વિપુલ સંખ્યામાં ઊર્મિકો રચ્યાં. આ ઊર્મિકો કટકે કટકે રચાયા હોવાથી તેમાં બાહ્ય દૃષ્ટિએ સંકલના જોવા મળે નહિ પણ એમાં આંતરિક ક્રમવ્યવસ્થા જળવાઈ છે અને એમાં કવિએ નિરાશા, શોક અને આશા એવા ત્રણ તબક્કા આયોજ્યા છે. ટેનિસને એને દાન્તેની ડિવાઇન કૉમડિના આયોજનરૂપે ગણાવ્યા છે. અને એક આત્માની યાત્રાના ત્રણ ખંડ નિરૂપ્યા છે. The progress if his spirit from the Inferno of Despair through the Purgatorio of benumbed resignation to the Paradise of Faith in nature as the expression of God's beneficial purpose. કવિ પ્રથમ તબક્કામાં ઘોર નિરાશા અને આશંકામાં સજ્જડ માનસિક તનાવ અનુભવે છે. કુદરત હંમેશાં બિનંગત અને અસહીષ્ણુ છે એનું નીચેની પંક્તિઓમાં એ સમર્થ રીતે સૂચન કરે છે :

The seasons bring the flower again,
And bring the firstling to the flock;
And in the dusk of thee, the clock
Beats out the little lives of men.

અંગત મિત્ર પ્રત્યેના પ્રેમને કારણે જ તેને શોકગ્રસ્ત થવું પડ્યું છે. પ્રેમ ઘણી વાર દુઃખનું કારણ બને છે; તેમ છતાં ભલે પ્રેમમાં ખુવાર થવું ઇષ્ટ છે.

I hold it true, whate'er befall
I feel it when I sorrow most
'Tis better to have loved and lost
Than never to have loved at all.

કવિ આશંકામાં સપડાય છે. વિચારે છે. ઇશ્વર અને પ્રકૃતિ વચ્ચે શું સંઘર્ષ હશે ? પ્રકૃતિ એટલે જ દુઃસ્વપ્નો-પ્રેરતિ હશે ? કોઈ વ્યક્તિની જિંદગીની તેને તમા નથી ?

Are God and Nature then at strife,
That Nature lends such evil dreams ?
So careful of the type she seems
So careless of the single life.

માનવીમાં ઈશ્વરનો અંશ છે, એટલે મૃત્યુ પછીય નવજીવન છે એવો વિશ્વાસ કુદરત એની જડતાથી ડગાવી દે છે.

Tho' Nature, red in tooth and claw
With ravine shriek'd against his creed -

તીવ્ર આશંકાઓ વચ્ચેય કવિમાં વિશ્વાસનો તંતુ જળવાઈ રહ્યો છે કે છેવટે તો બધાં અનિષ્ટો દૂર થઈ કશુંક શ્રેયસ્કર પ્રકટશે -

Oh yet we trust that somehow good
Will be the final goal of ill.

અને કવિ ક્રમશઃ નિરાશા, આશંકામાંથી મુક્ત થઈ આશાવાદી બને છે. ઈસુનું નવું વર્ષ બેસે છે અને કવિ આશા અને ઉત્સાહનો ઉદ્‌ગાર કરી ઊઠે છે -

Ring out the old, ring in the new,
Ring happy bells, across the snow:
The year is going, let him go;
Ring out the false, ring in the true.

અને કવિ માને છે કે વ્યક્તિનો પ્રેમ વિશ્વમાં ભળી જાય, પ્રેમ અમર રહે -

My love involves the love before;
My love is vaster passion now;
Tho' mixe'd with God and Nature thou,

I seem to love thee more and more.
Far of thou art, but ever nigh;
I have thee still and I rejoice.

ટેનિસનના 'ઇન મેમૉરિયમ'માં કરુણપ્રશસ્તિરૂપે રચાયેલાં ઊર્મિકોની એક વિશેષતા એ છે કે એમાંનાં સંખ્યાબંધ ઊર્મિકો સ્વતંત્રરીતે પણ માણી શકાય એવાં સ્વયંપર્યાપ્ત છે. અને બીજી વિશેષતા એ છે કે 'ઇન મેમૉરિયમ'માં કરુણપ્રશસ્તિઓ માત્ર શોકોદ્‌ગાર નથી. એ વિચારથી રચાયેલી છે. મિલ્ટનના 'એડોનીસ'ની જેમ. શ્રદ્ધા અને શંકા વિશે કાવ્યના વિશાળ ફલક પર ટેનિસને આ કરુણપ્રશસ્તિઓમાં જે વિચારધારા ફેલાવી છે તે અન્યત્ર નહિ મળે. અને ખાસ તો એની રસાત્મક્તા માનવશાસ્ત્રીયતામાં છે. એમાં આંતરચેતનાના 'ટુ બી ઓર નોટ ટુ બી' (to be or not to be)પ્રકારના સંશય અને શ્રદ્ધા વચ્ચેના, બુદ્ધિ અને ભાવના વચ્ચેનો સંઘર્ષ પ્રસ્તુત છે.

ટેનિસનને એના મિત્ર અને એનાં કાવ્યોના વિવેચક આર્થર હેન્રી હેલામે વિવશતા અને વિષાદને પ્રકટ કરતાં રોમૅન્ટિક કવિતાના પ્રભાવમાંથી છૂટીને નવા યુગના પ્રાણપ્રશ્નોની અને સામાન્ય પ્રજાસમૂહની ચેતનાને સ્પર્શતાં કાવ્યો રચવાની પ્રેરણા આપી હતી. ટેનિસને એ દિશામાં ચેતનાને ચાલના આપી અને પ્રાસંગિક, બોધપરાયણ પ્રશ્નોને કેન્દ્રમાં રાખી કાવ્યરચના કરવા માંડી, પણ એમાં આરંભે એણે ગુમરાહ જેવી સ્થિતિ અનુભવી. ઉદાહરણ તરીકે 'ધ પ્રિન્સેસ' (The Princess)માં તેણે તેઓ માટે ઉચ્ચ શિક્ષણનો વિષય કેન્દ્રમાં રાખ્યો. આ એની નવી પ્રતિબદ્ધતા હતીઃ કાવ્યને સામાજિક પ્રશ્ન સાથે યુક્ત કરવાની. પણ એ એમાં વિષયની બાબતમાં સ્પષ્ટ રહી શક્યો નહિ. એણે મહત્ત્વાકાંક્ષી કાવ્ય રચવાનો મનોરથ 'ધ પ્રિન્સેસ'માં નજર સમક્ષ રાખ્યો, પણ વિચારોની સંદિગ્ધતા મોઘમતા પણ કથનાત્મક કાવ્યની મર્યાદા બની રહી. સાંપ્રત સમયમાંથી સરકીને કોઈ અનિશ્ચિત મધ્યકાળની કથા પોતાના વિષય-નિરૂપણ માટે તેણે પસંદ કરી. રાજકુમારી ઇડાના શૈક્ષણિક પ્રયોગની ઘટના તેમાં રોળાઈ ગઈ છે. માત્ર બે-ત્રણ પ્રેમોર્મિકાવ્યો આ કાવ્યમાં રસપ્રદ બની રહ્યાં છે અને ટેનિસનનાં આ કાવ્યોને ઓગણીસમી સદીનાં પ્રેમકાવ્યોમાં ઉત્તમ ગણાવાયાં છે. એમાંનું એક હાલરડા પ્રકારનું સુંદર ઊર્મિક અહીં ઉતારીએ :

Sweet and low, sweet and low,
wind of the western sea,
Low, low breathe and blow
wind of the western sea !
Over the rolling waters go,
come from the dying moon and blow
Blow him again to me;
While my little one, while my pretty one sleeps.

નિદ્રાવશ શિશુને અનુલક્ષીને પવનને ઉદ્‌બોધનનું આ અત્યંત સુંદર, કલ્પનાસભર ઊર્મિક છે. 'ધ પ્રિન્સેસ' ભલે ટેનિસનની નવી કાવ્યપદ્ધતિને નવા વિષયને નિરૂપવામાં અસફળ રહ્યું પણ 'ઇન મેમૉરિયમ'માં ટેનિસન એના યુગના અનેક વિચારકોની જેમ સાંપ્રત પરિસ્થિતિ વિશે ચિંતનાત્મક છે. એણે ઈશ્વર, કુદરત અને મનુષ્ય તથા તેમના પરસ્પર સંબંધો વિશે આધુનિક વિજ્ઞાન અને લોકોની શ્રદ્ધા પર તેના પડી રહેલા પ્રત્યાઘાત વિશે, ડાર્વિન અને તેની ઉત્ક્રાંતિવાદની ફિલસૂફી વિશે જીવનના મર્મ વિશે એમ અનેક વિષયો પર એક પ્રખર બૌદ્ધિક અભિગમવાળા કવિ તરીકે ચિંતન પ્રકટ કર્યું. મિત્રના અવસાને તેને એક ચિંતનશીલ કવિ તરીકે ઊપસવાનું નિમિત્ત પૂરું પાડ્યું. અહીં કવિ અત્યંત શોકગ્રસ્ત સ્થિતિમાં વિશાળ પાયા પર જીવ, જગત અને ઈશ્વર વિશેની ફિલસૂફીને ગાઢ રીતે સ્પર્શે છે. અમુક તબક્કે એની એ શોકગ્રસ્તતા વિરમે છે અને એને મૃત્યુ કરતાંય પ્રેમ બળવાન છે એની પ્રતીતિ થાય છે :

One God, one law, one element
And one far-off divine event
To which the whole creation moves.

ઈશ્વરની અને પ્રકૃતિની નિયમબદ્ધતામાં શ્રદ્ધા આરોપે છે. ટેનિસનની કરુણપ્રશસ્તિઓમાં એનું ચિંતાગ્રસ્ત-શોકગ્રસ્ત માનસ અને એનો તનાવ પ્રકટ કરતી કવિતાઓ ખરેખર રસપ્રદ છે. અલબત્ત, એમાં કાવ્યાત્મકતા કરતાં આત્મકથાનાત્મક અંશોની વિશેષતા છે. ટેનિસનનો વિષાદ કે

a God is careful of the type but careless of the single life and 'Nature, red in tooth and claw'

જેવી પંક્તિઓ વિશિષ્ટ ચિંતન પૂરું પાડે છે અને ભવિષ્યના આશાવાદ તરફ stretching ' lame hands of faith - જેવી પંક્તિઓમાં વિક્ટોરિયન વિચારધારાઓ ઝિલાતી લાગે. અલબત્ત, કરુણપ્રશસ્તિઓના વિપુલ ગંજમાં કેટલીક કરુણ-પ્રશસ્તિઓમાં નીરસતા પણ લાગે.

ટેનિસનની 'ઇન મેમૉરિયમ'માંથી પસાર થતાં એવો અનુભવ અવશ્ય થાય કે આત્મલક્ષી કવિ તરીકે વિવશ અને વિષાદગ્રસ્ત કાવ્યોની રચનામાં રાચનારો કવિ હવે એના યુગના એક મહાન કવિ-વિચારક તરીકે કેવો નીખરી આવ્યો છે !

(ક્રમશઃ)

પ્રાસંગિક

ડૉ. કુમારપાળ દેસાઈને પદ્મશ્રી એનાયત

લતા હિરાણી

સત્ત્વશીલ સાહિત્યસર્જન, મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ, શિક્ષણ-સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી, ઊંડાણભરી રમતચાહના જીવનલક્ષી દાર્શનિક વિચારધારાનો પુરસ્કાર, જૈનદર્શનનો વિશ્વવ્યાપક પ્રસાર અને સામાજિક કાર્યોમાં પણ હૂંફાળી



સક્રિયતા દાખવતા ડૉ. કુમારપાળ દેસાઈને ઈ.સ. ૨૦૦૪ના પ્રજાસત્તાકદિને ઘોષિત થયેલું પદ્મશ્રી સન્માન એમના દસકાઓના પૂરા નિષ્ઠાપૂર્વકના સાહિત્યસર્જન અને વળી પ્રબળ પુરુષાર્થને સમગ્ર દેશવ્યાપી સ્તરે સાંપડેલી શ્રેષ્ઠ સ્વીકૃતિ છે. છલકાવું એમના સ્વભાવમાં જરાપણ નથી. અભિનંદનના પ્રત્યુત્તરમાં એમના મુખ પર ફરક્યું હળવું સ્મિત-મૃદુ મધુર અને માપસરનું, પરંતુ ચહેરા પર લીંપાયેલો નરવો સંતોષ એમના ઊંડા આનંદની સાખ પૂરતો હતો.

માત્ર ૧૧ વર્ષની વયે લેખનના શ્રીગણેશ કરનાર ખ્યાતનામ સર્જક પિતાના પડછાયે વિકસવાનો ધરાર ઈન્કાર કરનાર, સ્વબળે જ આગળ વધવાની ખુમારી ઝળકાવનાર બાળકુમારપાળ એક વાર્તા લખ્યા બાદ 'ઝગમગ' જેવા એ સમયના લોકપ્રિય બાલસામયિકના કટારલેખક બન્યા. સાહિત્યસર્જનના પ્રારંભકાળમાં બાળસાહિત્યસર્જન તરફની એમનો ઝોક નવી પેઢીના ઘડતર માટેની એમની નિષ્ઠાનું પ્રતીક છે. 'લાલ ગુલાબ' પુસ્તક ૧૯૬૬ના જાન્યુઆરીમાં છપાયું. માત્ર છ જ મહિનામાં ચાર આવૃત્તિ થઈ. આ પુસ્તકની ૬0000 નકલો વેચાઈ ગઈ એ ગુજરાતી બાલસાહિત્યમાં એક વિક્રમ હશે. એમનું પુસ્તક 'નાની ઉંમર, મોટું કામ' ભારતની તમામ ભાષાઓમાં સર્વશ્રેષ્ઠ પુસ્તક તરીકે પસંદગી પામે કે 'અપંગના ઓજસ' જેનું આમુખ પૂ. મોટાએ તથા વિજય મરચન્ટે લખી આપ્યું હતું તે બ્રેઈલ લિપિ અને હિંદીભાષામાં પણ અનુવાદિત થાય, આ સઘળો પ્રતિસાદ માત્ર એમની ઉમદા ચરિત્રોની પસંદગીને ફાળે જતો નથી, માત્ર ડૉ. કુમારપાળની કલમને મળતો નથી પરંતુ આ બંનેની સાથે સાથે ઊછરતી પેઢીમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને હિંમતનાં ઘોડાપૂર જગાવે એવો પ્રેરણાધોધ વહેવડાવવાની એમની પ્રબળ ભાવનાનું પણ એટલું જ મહત્ત્વ છે. બાળકોમાં સંસ્કાર-ઘડતર અને વ્યક્તિત્વઘડતર કાર્યો માટેની એમની ધગશ આજે પણ એટલી જ વેગીલી છે, જેનું પરિણામ બાળસાહિત્ય-લેખનને સતત પ્રોત્સાહન આપવા ઉપરાંત વિદ્યાર્થીઓમાં મૂલ્યસિંચન અર્થે મોહિનીબા અને ગંગાબા કન્યાશાળાની વિદ્યાર્થિનીઓ માટે જૈનધર્મ અને નીતિશિક્ષણ જેવા વિષયોના અભ્યાસક્રમના આયોજનમાં જોવા મળે છે.

માર્ગ કે મંઝિલની શોધમાં અટવાતા માનવીને પ્રેરણા પૂરી પાડે એવાં એમનાં પુસ્તકોમાં, એક સદી પહેલાં આફ્રિકામાં ઉદ્યોગોની સ્થાપના કરનાર શ્રી પ્રેમચંદ વ્રજપાળ શાહ અને શારીરિક, માનસિક અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે અસાધારણ પ્રગતિ કરનાર શ્રી યુ.એન.મહેતાના જીવનચરિત્રો નોંધપાત્ર છે. મધ્યકાલીન સાહિત્ય એમના રસનો અને સંશોધનનો વિષય છે. સંત કવિ આનંદઘન પર એમણે પીએચ.ડી. કર્યું અને પછી જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક, અપ્રસિદ્ધ મધ્યકાલીન કૃતિઓ, મેરુસુંદર ઉપાધ્યાયરચિત બાલાવબોધ એમની સશક્ત રચનાઓ છે. 'શબ્દસંનિધિ', 'ભાવન-વિભાવન' અને 'શબ્દસમીપ' જેવા વિવેચનગ્રંથો ઉપરાંત 'અખબારી લેખન' જેવું પત્રકારત્વક્ષેત્રે અધિકૃત પુસ્તક ડૉ. કુમારપાળ દેસાઈએ આપ્યું છે. ગુજરાતી પત્રકારત્વમાં પિતાએ પ્રારંભેલી કટાર પુત્રએ લાંબા સમય સુધી સંભાળી હોય એવું એકમાત્ર ઉદાહરણ કુમારપાળ દેસાઈનું છે. ૧૯૫૩માં શ્રી જયભિખ્ખુએ 'ઈંટ અને ઈમારત' કૉલમ શરૂ કરી અને ૧૯૭૦થી આજ પર્યંત આ કૉલમ કુમારપાળ દેસાઈ ચલાવી રહ્યા છે. અખબારમાં આ કૉલમ ઉપરાંત 'પારિજાતનો પરિસંવાદ', 'આકાશની ઓળખ' અને 'સ્પૉર્ટ્સ વર્લ્ડ' સહિત છએક કૉલમો તેમની અનેકવિધ ક્ષેત્રોની અત્યંત વ્યસ્તતા, વારંવારના વિદેશપ્રવાસો અને છતાંયે એકધારી પ્રકટ થતી રહી છે. આમાં ઉલ્લેખનીય બાબત એ છે કે એમણે પોતાની કોલમમાંથી પુસ્તકનું સર્જન નથી કર્યું. અખબારમાં પ્રકાશિત થતું લખાણ સીધેસીધું પુસ્તકરૂપે છપાવવાની જ્યાં દોડ ચાલતી હોય ત્યાં આ બાબત નવાઈરૂપ લાગે, કારણ એ જ કે તેઓ અખબારીલેખન અને સાહિત્યિક લેખનને જુદી જ તરાહ માને છે. જ્યારે કોઈ કૉલમના લેખને પુસ્તકમાં મૂકવાની જરૂર પડે ત્યારે તેઓ આખું યે લખાણ નવેસરથી લખે છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑવ્ જૈનોલોજીના ભારત ખાતેના કોઑર્ડિનેટર કુમારપાળ દેસાઈનું જૈનદર્શન અને ભારતીય સંસ્કૃતિના પ્રસાર માટેનું કાર્ય વિશ્વફલક પર વિસ્તર્યું છે.

પચીસથી વધુ વખત વિદેશપ્રવાસો ખેડી ચુકેલા કુમારપાળ દેસાઈએ પ્રવચનો આપવાં ઉપરાંત જુદાં જુદાં કેન્દ્રોમાં પુસ્તકાલય, ગુજરાતી હિંદી શિક્ષણના વર્ગો અને ભારતીય સંસ્કૃતિ તથા જૈનદર્શનને લગતા મ્યૂઝીઅમો વગેરેની રચના માટે સક્રિય સહયોગ પૂરો પાડ્યો છે. લૉસ એન્જલિસ, ન્યૂ યૉર્ક, માન્ચેસ્ટર, હ્યુસ્ટન જેવાં શહેરોમાં આ કેન્દ્રો વિકસાવવા ભારતથી સહયોગ પૂરો પાડ્યો છે. દક્ષિણ આફ્રિકાના કેપટાઉન ખાતે યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં જૈનદર્શનની એમની માર્મિક રજૂઆતોએ આંતરરાષ્ટ્રિય ફલક પર આગવું સ્થાન ઊભું કર્યું છે. ૨૦૦૧માં ભગવાન મહાવીરની ૨૬૦૦મી જન્મકલ્યાણક સમિતિ તરફથી વડાપ્રધાનશ્રી બાજપાઈજીના હસ્તે એમને 'જૈનરત્ન'નો અવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ગુજરાત સરકારે અહિંસા યુનિવર્સિટી સ્થાપવાનો વિચાર કર્યો તો એના માટે Act & Project Report કુમારપાળ દેસાઈએ તૈયાર કર્યો. હાલમાં છ કરોડના અંદાજિત ખર્ચવાળો, વિદેશોમાં રહેલી જૈન હસ્તપ્રતોના સૂચીકરણનો પ્રોજેક્ટ તેઓ સંભાળી રહ્યા છે, જેના મુખ્ય પેટ્રન વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપાઈ છે.

સૂરત શહેર ખાતે પત્રકાર કલ્યાણનિધિ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને 'બેસ્ટ સ્પૉર્ટ્સ જર્નાલિસ્ટ'નો અવૉર્ડ આપવામાં આવ્યો. રમતગમત વિશેના પત્રકારત્વમાં આજના અનેક રમતસમીક્ષકો એમની શૈલી, રજૂઆત અને માહિતી દ્વારા તૈયાર થયેલા છે. નોંધપાત્ર બાબત તો એ છે કે ક્રિકેટની ટેકનિક વિશેના એમનાં પુસ્તકો ગુજરાતી ઉપરાંત હિંદી, મરાઠી અને અંગ્રેજીમાં પ્રકટ થયાં છે અને એની બે લાખ જેટલી પ્રતો વેચાઈ છે. કુમારપાળ દેસાઈના પરિચયમાં આવેલી દરેક વ્યક્તિ એમના સૌજન્ય, મૃદુતા અને મદદરૂપ થવાની તત્પરતાને ભરપેટ વખાણે છે એનાં કારણોમાં પ્રકૃતિદત્ત ઋજુ સ્વભાવ, માતા-પિતાના ઉત્તમ સંસ્કાર અને બહોળું અનુભવવિશ્વ પણ ખરું જ !

સમાજસેવા કરતી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી કે ઉપપ્રમુખ જેવા હોદ્દાઓ પર કાર્યરત કુમારપાળ દેસાઈની પીડિતો પ્રત્યેની અનુકંપા પણ ઉદાહરણીય છે. ગુજરાતમાં આવેલા વિનાશક ભૂકંપ વખતે એમણે રૂ. પંદર લાખ જેટલો ફાળો આપ્યો હતો. અમદાવાદની ઝૂંપડપટ્ટીમાં વસતાં લોકોને મકાનો અપાવવાની બાબતમાં એમનું સક્રિય યોગદાન રહ્યું છે. અનેક જરૂરિયાતમંદ લોકોને સહાય તથા સમાજસેવા કરતી અન્ય સંસ્થાઓને આર્થિક યોગદાન આપવામાં પણ એમની પૂરી નિષ્ઠા રહી છે.

નાનાં-મોટાં ૧૦૫ પુસ્તકોના સર્જક ડૉ. કુમારપાળ દેસાઈ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ રહી ચૂક્યા છે. શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ, પ્રો. અનંતરાય રાવળ સ્મારક સમિતિ, વિદ્યાવિકાસ ટ્રસ્ટ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ગુજરાત સાહિત્ય સભા જેવી અનેક સંસ્થાઓ દ્વારા તેઓ અનેક સાહિત્યિક કાર્યક્રમો યોજતા રહે છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષ અને આર્ટ્સ ફૅકલ્ટીના ડીન તરીકે એમણે ગુજરાત યુનિવર્સિટીમાં જુદી જુદી ભાષાઓનું શિક્ષણ મળે એ માટે સર્ટિફીકેટ કોર્સ શરૂ કર્યા છે એટલું જ નહીં, પરંતુ યુનિવર્સિટીમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે તેઓ સંનિષ્ઠપણે સક્રિય રહ્યા છે. મૂલ્યોની માવજત થાય, મૂલ્યોનું સિંચન થાય એવા સાહિત્ય, એવી પ્રવૃત્તિ માટે તેઓ મથ્યા કરે છે. એક સાહિત્યકારના સામાજિક ઉત્તરદાયિત્વને તેઓ બરાબર સમજે છે અને પૂરું નિભાવે છે.

પદ્મશ્રી જેવું સન્માન પામ્યાની ક્ષણે એમનાં સ્મરણોમાં તરવરતાં હતાં સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લેનારાં અને 'તું જે ધારીશ એ કરી શકીશ' જેવા અદ્ભુત જીવનમંત્રને પુત્રમાં સતત રેડનારાં માતા જયાબહેન અને 'સૌએ અગરબત્તી જેવું જીવન જીવવું' જેવી ઉમદા શીખ આપનાર સત્ત્વશીલ સાહિત્યના સર્જક પિતા જયભિખ્ખુ. એમ માતા અને પિતાએ આપેલા જીવનમંત્રની સુવાસ એમના પ્રત્યેક કાર્યમાં અનુભવાય છે. પત્ની પ્રતિમાબહેનના મૂક એકનિષ્ઠ સહકાર અને સમર્પણે એમના આકરા પથ પર શીળો છાંયડો પાથર્યો છે, કાર્યોને સુગમ બનાવ્યાં છે એનો એમના મનમાં પૂરો આદર છે. ક્ષિતિજો આંબવાની, આકાશને પામવાની એમની પ્રબળ ઝંખનામાં કંઈ કેટલાયે કેળવનારા, ઘડનારા, સાથ આપનારા, હૂંફાળા હાથોનું ઋણ તેઓ સ્વીકારે છે. એમને માટે ગતિ એ જ જીવનનો પર્યાય છે. ડૉ. કુમારપાળ દેસાઈને મળેલું પદ્મશ્રી સન્માન ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ, શિક્ષણ અને સાંસ્કૃતિક જગતને સાંપડેલું સન્માન છે, ગૌરવ છે. ❑

તા. ૧૬-૧-૨૦૦૪થી ૬-૩-૨૦૦૪ દરમિયાન


'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. નિયતિ સર્વજિત દલાલ (યુ.એસ.એ.)	રૂ. ૨૦,૦૦૦
૨. આર. એલ. બક્ષી (મુંબઈ)	રૂ. ૫,૦૨૬
૩. કનુભાઈ આર. શાહ (મુંબઈ)	રૂ. ૨,૫૦૧
૪. ચંદ્રકાન્ત શેઠ (અમદાવાદ)	રૂ. ૧,૦૦૧
	રૂ. ૨૮,૫૨૮

સહુ દાતાઓના આભારી છીએ. ટ્રસ્ટીઓ : 'કુમાર ટ્રસ્ટ'

ચેસ-કૉર્નર : કોયડો- ૩૭

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (**White to play and mate in two**). મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Ke4, Qd3, Rh8, Bf5, Bh2, Ne1, Ng4**

કાળાં : **Kh3, Qh4, Bh1, P-f3**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail -parag@vakharia.net) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ મે ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જાન્યુ. ૨૦૦૪ના અંકમાં આવેલ કોયડા નં. ૩૫નો ઉકેલ.

(૧) **Key move Pc6** છે. **Threat Rb5 ##**

જો ...... **R x R**	૨. **Qh5 #**
જો **Pc3**	૨. **Q x d4 #**
જો ...... **R x Q +**	૨. **Re3 #**
જો ...... **Rdd3 +**	૨. **Rb6 #**
જો ...... **Rdd2 +**	૨. **Re3 #**
જો **Ke5**	૨. **Rc5 #** અથવા **Rb5 #**
જો **Rc3**	૨. **Rb5 #**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૧૪ વાચકો તરફથી મળેલ છે. જે પૈકી સાચો ઉકેલ મોકલનારનાં નામ નીચે પ્રમાણે છેઃ (૧) પ્રો. એ. આર. રાવ, (૨) નૌતમભાઈ વખારિયા)(૩) ડૉ. દિલીપ અહલપરા (૪) ઝેડ. એલ. ઝાલાવાડિયા (અમદાવાદ), (૫)) અજિત યાજ્ઞિક (મુંબઈ), (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર), (૮) કિરણભાઈ શાહ (આણંદ), (૯) ગૌરાંગ જોશી (વેરાવળ), (૧૦) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૧૧) કેવલગિરિ (લોણાવાલા).

☞ *અંક ૯૧૩ના મુદ્રણદોષ નીચે પ્રમાણે સુધારીને વાંચવા :*

≃ અનિશ્ચિત ચાલ

± સફેદનું પલ્લું ભારે

⩲ સફેદ કૈંક અંશે સારી સ્થિતિમાં

∓ કાળાનું પલ્લું ભારે

⩱ કાળું કૈંક અંશે સારી સ્થિતિમાં

ચેસ જગતનું અવનવું :

૧. અમદાવાદનો ખેલાડી તેજસ બાકરે તાજેતરમાં ગુજરાતનો પ્રથમ અને ભારતનો ૧૧મો ગ્રાંડમાસ્ટર બન્યો છે.

૨. અમદાવાદના બાળખેલાડી ફેનિલ શાહે કોમનવેલ્થ ચેસ ચૅમ્પિયનમાં મેડલ જીતેલ છે.

૩. વિશ્વવિખ્યાત ખેલાડી જી. કાસ્પારોવની કમ્પ્યૂટર સામેની રમત નીચે આપેલ છે. કાસ્પારોવ સામેની આ રમતમાં ડ્રૉ કરવા કમ્પ્યૂટર (મશીન) સફળ રહ્યું હતું.

	કાસ્પારોવ (સફેદ)	મશીન (કાળું)		કાસ્પારોવ (સફેદ)	મશીન (કાળું)
૧.	d4	d5	૧૫.	Q x b7	Bd6
૨.	c4	d x c4	૧૬.	Bg5	Rb8
૩.	Nf3	e6	૧૭.	Q x a6	R x b2
૪.	Q3	Nf6	૧૮.	B x f6	Q x f6 +
૫.	B x c4	c5	૧૯.	Q x d6	Q x c3
૬.	o - o	a6	૨૦.	Nd4	Ra2
૭.	Bb3	C x d4	૨૧.	N x e6	f x e6
૮.	e x d4	Nc6	૨૨.	Q xe6 +	Kh8
૯.	Nc3	Be7	૨૩.	Rf1	Qc5
૧૦.	Re1	o - o	૨૪.	Q x d5	Rf x f2
૧૧.	Bf4	Na5	૨૫.	R x f2	Q x f2 +
૧૨.	d5	N x b3	૨૬.	Kh1	h6
૧૩.	Q x b3	e x d5	૨૭.	Qd8+	Kh7
૧૪.	Rad1	Be6		ડ્રૉ	

- અર્પી શાહ

સાહિત્યસંપર્ક

યશવંત પંડ્યા

જન્મશતાબ્દી મહોત્સવ

યશવંત પંડ્યાનો જન્મ વિદ્વત્તા ને વૈદકમાં લબ્ધપ્રતિષ્ઠ એવી સૌરાષ્ટ્રની પ્રશ્નોરા જ્ઞાતિમાં ઈ. ૧૯૦૫માં પચ્છેગામમાં થયો હતો, અગ્રણી સરકારી ઈજનેરના પુત્ર તરીકે મળેલા ઉચ્ચ સંસ્કારને શિક્ષણની અસરને લીધે



કૉલેજકાળથી જ એ લખતા થયા હતા, જેમાં શ્રી જયંતિ દલાલ જેવા સમવયસ્કના સહકારથી નાટ્ય-લેખન અને નાટ્યપ્રવૃત્તિ પ્રત્યે તેમને વિશેષ આકર્ષણ થયું. જોકે તે અગાઉ એમણે 'સાહિત્ય' માસિકમાં 'જગજીવન શિવશંકર પાઠક'ની સહીથી લખેલાં સમકાલીનોનાં રેખાચિત્રો તથા ટૂંકી વાર્તાઓ અને કટાક્ષકાવ્યો પર પણ સફળ હાથ અજમાવ્યો હતો. પણ એમનાં એકાંકી નાટકો કીર્તિદા બન્યાં, અને ગુજરાતી સાહિત્યમાં નવીન શૈલીનાં એકાંકી લખનારાઓમાં આદ્ય એવા સ્વ. બટુભાઈ ઉમરવાડિયા તથા તે પછી શ્રી પ્રાણજીવન પાઠક વગેરેની પરંપરા ચાલુ રાખવામાં તેમનો ફાળો ગણનાપાત્ર હતો. એવી જ પ્રશસ્ય એમની બીજી પ્રવૃત્તિ તે શિષ્ટ અને સંગીન સાહિત્યકૃતિઓનું 'વાર્ષિક' કાઢવાની હતી. જેના ફલસ્વરૂપ નીકળેલા 'વીણા' અને 'શારદા'ના અંકો, આજનાં એવાં પ્રકાશનોના અગ્રચારી કહી શકાય. મુંબઈના જાણીતા 'કલમમંડળ'ના સ્થાપક સભ્યોમાંના તેઓ એક હતા.

પોતે એક સારી કોટિના નાટ્યકાર અને સાહિત્યસેવી હોવા ઉપરાંત ગુજરાતી સાહિત્ય માટેની મમતા દર્શાવતી એમની બે દેણગી સદા યાદગાર રહેશે. એક, તે 'કુમાર' માસિકમાં પ્રકટ થયેલી ઉત્તમ કૃતિ માટે દર વર્ષે અપાતો 'કુમાર-ચન્દ્રક'; અને બીજી, તે પોતાના વતન ભાવનગરની સામળદાસ કૉલેજના ગુજરાતી અભ્યાસખંડ માટે એમણે ગુર્જરસાહિત્યકારોની તૈલરંગી તસ્વીરો શ્રી રવિશંકર રાવળ પાસે ખાસ તૈયાર કરાવી અર્પણ કરી છે તે.

'પડદા પાછળ', 'અ.સૌ. કુમારી', 'મદનમંદિર', 'રસજીવન', 'શરતના ઘોડા', 'ઘરદીવડી', 'ત્રિવેણી' આદિ નાટિકાઓના સંગ્રહો તથા લેખો વગેરે દ્વારા ઈ. ૧૯૨૧થી સવા-દોઢ દાયકા સુધી ચાલેલી એમની એ સાહિત્યપ્રવૃત્તિ ત્યાર પછી વ્યવસાયમાં પડવાને લીધે મંદ પડવા છતાં એમની સાહિત્યપ્રીતિ અને સંસ્કારસંપર્ક તો સતત ચાલુ જ હતાં, અને બૉમ્બે લાઈફ એશ્યોરન્સ કંપનીની દિલ્હી ખાતેની શાખાના સર્વાધિકારી સંચાલક નિમાયા પછી દિલ્હીમાંનું એમનું ઘર સંસ્કારી ગુજરાતીઓનું એક થાણું બની રહ્યું હતું. પોતાની સૌજન્યપૂર્ણ વ્યવહારશક્તિ અને વિશાળ માનવપ્રેમથી કંપનીના હિતોમાં તો એમણે સંવૃદ્ધિ કરી જ બતાવી, પણ સાથે દિલ્હીના ગુજરાતી સમાજ અને વસતિમાં પણ તેમણે અનહદ લાગણી અને સદ્ભાવ પ્રાપ્ત કર્યા હતાં. દિલ્હીના 'ગુજરાતી સમાજ'ના પ્રમુખપદે લાગટ ત્રણ વર્ષ રહીને એમણે આપેલી ઉજ્જ્વલ સેવાઓનો કળશ, તે એમણે એ સમાજને માટે મેળવેલું મોટું મકાન છે. પૂનામાં પૂ. ત્રિવેદીસાહેબે ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ દાખવ્યું એવા જ ગરવા ગુજરાતી તરીકે ભાઈ યશવંત દિલ્હીમાં દીપતા હતા. ગુજરાતના આ સપૂતે દિલ્હીમાં બૃહદ્ ગુજરાત જમાવ્યું હતું. દિલ્હી જઈ આવેલો કોઈક જ એવો ગુજરાતી હશે કે જેનો કોઈ ને કોઈ રીતે એમનો પરિચય મળ્યો ન હોય.

દિલ્હીવાસી બનીને એમણે દિલ્હીનાં સરકારી અને સંસ્કારી કેન્દ્રો સાથે એક ભદ્રજન તરીકે નાતો જમાવ્યો હતો. તેથી અનાથ-સનાથ દરેક નાનામોટા ગુજરાતી માટે કંઈ ને કંઈ સેવા કે માર્ગદર્શન આપવાની એમનામાં વિભૂતિ પ્રકટી હતી. દિલ્હી ખાતે કોઈને કંઈ કામ હોય, મુશ્કેલી હોય, ઠેકાણું ન હોય, એ બધાનું વિશ્રામસ્થાન ભાઈ યશવંત પંડ્યા હતા. કોઈ અદનો વિદ્યાર્થી, કલાકાર, કવિ કે લેખક હોય અથવા ઉચ્ચ કોટિની રાજ-દ્વારી કે સરકારી વ્યક્તિ હોય યા લોકનેતા હોય એ દરેક ભાઈ યશવંતને સ્વજન કે મિત્ર-દાવે મળતા અને તેમનાં સહાય કે સૂચનાનો લાભ પામતા.



(સ્કેચ : ર.મ.રાવળ)

દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીની નાણાંસમિતિનું અધ્યક્ષપદ એ દિલ્હીના એમના વિશાળ સંસ્કારસંબંધોના દ્યોતક રૂપ એક જ ઉદાહરણ બસ થશે.

તેમને માટે દિલ્હીમાં કંઈ અશક્ય રહ્યું નહોતું, છતાં તેમણે કોઈ નેતા કે મુત્સદ્દી મિત્ર પાસે અંગત માગણીની સ્પૃહા બતાવી નહોતી. સર પ્રભાશંકર પટ્ટણી અને તેમના નાતાના માણસો માટે એમણે કેટલાં યે કામો કરી આપ્યાં હશે, સગવડો આપી હશે; પણ એમણે પોતાના વતન ભાવનગરમાં તેનો કદી બદલો ઈચ્છ્યો નહોતો. તેમના જીવનમાં કમાવાની કે નોકરીની ઉપાધિ ન હોત તો એક પ્રખર સાહિત્યસેવી કે સંસ્કારપ્રેમી તરીકે પણ દીપી જાત. સ્વ. બળવંતરાય ઠાકોરના તે નિકટના વત્સ જેવા હતા, અને ઉમાશંકર, કિશનસિંહ વગેરે મિત્રો તેમની સાહિત્ય-ભક્તિને વશ થયા હતા.

પણ આ બધા બાહ્ય વ્યાપારો કરતાં એમના મનમાં ભાવિ ગુજરાતનાં જે સ્વપ્ન હતાં તે જો વાસ્તવિક થાત તો તેમાં કોઈ એકાદ નિસર્ગરમણીય સ્થાને કળાકારો, કવિઓ ને સંગીતપ્રેમીઓનું કલ્પનાનગર રચાત. એક વાર તે માટે તેમણે એક યોજના પણ મિત્રોને મોકલી હતી, આજે તો મિત્રોને એમનાં સંભારણાં રહ્યાં.

માત્ર ૫૦ વર્ષની વયે થયેલી આવા ભદ્ર સજ્જનની વિદાય એમનાં કુટુંબીઓ ઉપરાંત એમના સંપર્કમાં આવનારા ગુજરાતના સાહિત્ય ને સંસ્કારસેવી સર્વ સજ્જનોને તથા એમના સદા યે સહાયતત્પર અને સ્નેહાળ સ્વભાવની મીઠાશ અનુભવનારા સૌને સદાકાળ ખૂંચ્યા કરશે.

- ર.મ.રાવળ

અવલોકન

સંવેદનાને અજવાળતું અજવાળું

[ફાનસને અજવાળે (લલિત નિબંધો) : લે. પ્રફુલ્લ રાવલ, કાઉન સાઇઝ, કાચું પૂઠું, પ્ર. કૃતિ પ્રકાશન, પૃ. ૧૨૦, રૂ.૭૫.]

પ્રફુલ્લ રાવલ પાસેથી મળેલ લલિત નિબંધોનું આ પુસ્તક એકબેઠકે વાંચી નાંખવું પડે એવી રસાળ શૈલીમાં રચાયેલું છે. સામાન્ય રીતે લલિત નિબંધ લખવા માટે સર્જનાત્મકતા, અનુભવવિશ્વ અને પ્રકૃતિ સાથેનું સાન્નિધ્ય અનિવાર્ય હોય છે. જો કે લલિત નિબંધ લખતી વખતે વારંવાર 'હું'થી બચવું જરૂરી બને છે. લેખક પોતે નોંધે છે 'મારી સતત હાજરી એ જ મારા લલિતનિબંધની સાચી ભોંય છે. હું છું અને મારો 'હું' છે. મારો 'હું' મને પ્રિય છે. અતિ પ્રિય છે... છતાંય આ જ 'હું' ને મેં અહીં



પંપાળ્યો નથી કે નથી ખોટાં લાડ લડાવ્યાં. સંયમની શાળામાં એને એકડો ઘૂંટાવ્યો છે. એ પ્રથમ પુરુષ એકવચન રહીને પણ સર્વ પુરુષનું રૂપ લઈ લે છે. આમ મારો 'હું' સર્વમાં રૂપાંતરિત થાય છે.'

'ફાનસને અજવાળે' ૩૮ લલિત-નિબંધોનો સંચય છે. શૈશવસ્મૃતિ, જીવન-મૃત્યુ, પ્રકૃતિ, કૌટુંબિક ભાવ, અતીત, આંતરિક-બાહ્ય સંવેદનો અને વ્યક્તિગત લાગણીઓને સરળ શબ્દોમાં પરોવીને પ્રફુલ્લ રાવલે આ નિબંધો રચ્યા છે.

શહેરની ભાગદોડમાં 'ફાનસ' હવે શોધ્યું જડે નહીં એવો ઘાટ છે ત્યારે પહેલો લલિતનિબંધ 'ફાનસ' લેખકની શૈશવ સાહ્યબીથી આપણને પ્રફુલ્લિત કરી દે છે. 'ફાનસ' સાથે સંકળાયેલ સ્મૃતિની મજા વીજળીના બલ્બમાં કદી ન આવે.

'મારામાં નદી છે', 'બપોર સાથે રૂસણાં', 'અંધકાર માણવો છે ?', 'પોયણાં સાથે સવાર', 'શ્રાવણ', 'સ્મૃતિઓનો સંત્રી', 'તડકો', 'તારા-સત્યના અબોલ પુત્રો', 'પ્રકૃતિ પડખું બદલે છે', 'આષાઢ, તારા સાંનિધ્યે', 'ભાદરવાની સ્મૃતિલીલા', 'યાદનો ઉપહાર' જેવા લલિત નિબંધો લેખકનો પ્રકૃતિ સાથેનો ગાઢ સંબંધ દૃષ્ટિભૂત કરે છે. સાથે સાથે પોતિકી અનુભૂતિને વાચા આપે છે. 'સિલકમાં સખી' ઉત્તરાયણની સ્મૃતિ આધારિત છે. 'વિગત ચહેરા'ના લલિતનિબંધ અંગત સંબંધોના વિશ્વમાં ડોકિયું કરાવી જાય છે.

આ બધા લલિતનિબંધોમાંથી પસાર થતી વખતે લેખકની રસાળ ભાષાશૈલી અને સાહિત્યિક સૂઝ વાચકને સ્પર્શ્યા વિના રહેતી નથી. પ્રફુલ્લ રાવલ કવિજીવ પણ છે એ વાતની પ્રતીતિ આ નિબંધોમાંની કાવ્યાત્મક શૈલીને લીધે નજરઅંદાજ થતી નથી. લેખકે પોતાનાં આંતરિક સંવેદનોને પોતિકી રીતે સુંદર રીતે ભાષાબદ્ધ કર્યાં છે. અંતમાં, ફાનસનું અજવાળું અંતરને અજવાળે એવું પ્રકાશે છે.

*

'અખેપાતરને અકાદમી અવૉર્ડ'

[અખેપાતર (નવલકથા) : લે. બિન્દુ ભટ્ટ, કાઉન સાઇઝ,પાકું પૂઠું, પ્ર. આર.આર.શેઠ કું., પૃ. ૨૮૪, રૂ.૧૧૦.]

દિલ્હીની સાહિત્ય અકાદમીએ ૨૦૦૩ના વર્ષ માટે વિભિન્ન ભારતીય ભાષાનાં જે બાવીસ પુસ્તકો પુરસ્કાર માટે પસંદ કર્યા છે તેમાં ગુજરાતી ભાષામાંથી બિન્દુ ભટ્ટની નવલકથા 'અખેપાતર' પસંદગી પામી છે. ૧૯૫૫થી શરૂ થયેલો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર ૧૯૮૫માં 'સાત પગલાં આકાશમાં' નવલકથા માટે કુન્દનિકા કાપડિયાને મળ્યો હતો. આ અવૉર્ડ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ ગુજરાતી લેખિકા હતા. ૧૯૯૫માં 'અણસાર' નવલકથા માટે આ



પુરસ્કાર વર્ષા અડાલજાને મળ્યો હતો. આ પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી લેખક મહાદેવ દેસાઈ હતા. વીસ વર્ષ બાદ છેક ૧૯૭૫માં આ પુરસ્કાર પહેલી વાર નવલકથા માટે મનુભાઈ પંચોળી 'દર્શક'ને મળ્યો હતો.

મુખ્યત્વે નવલકથાકાર-વાર્તાકાર-અનુવાદક અને વિવેચક એવાં બિન્દુ ભટ્ટ ગાંધીનગરની ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં હિન્દી વિષયનાં વ્યાખ્યાતા અને અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે. બિન્દુ ભટ્ટ 'મીરાં યાજ્ઞિકની ડાયરી' (૧૯૯૨) લઘુનવલથી ગુજરાતી નવલકથા ક્ષેત્રે કાર્યરત થયાં. આ લઘુનવલમાં બે સ્ત્રીઓ વચ્ચેના સજાતીય સંબંધનું આલેખન કરવામાં આવેલું છે. બિન્દુ ભટ્ટ મૌલિક લેખનની સાથે સાથે અનુવાદક્ષેત્રે પણ કાર્યરત છે.

૧૯૯૯માં પ્રકટ થયેલી 'અખેપાતર' નવલકથા ૩૬ હપ્તામાં વહેંચાયેલી છે. દરેક હપ્તામાં કથાનું નાવીન્ય અને તેની આંતર-સાંકળી વાચકને આરંભથી અંત લગી જકડી રાખે છે. કથાબીજ 'કંચનબા'ની આજુબાજુ વણાયેલું છે. કંચનબાનું પાત્ર યુવાનીથી વૃદ્ધાવસ્થા સુધીના સમયપટ ઉપર એક નિર્ભય અને સ્વમાની માનુની તરીકે નોખું તરી આવે છે. રૂખીબા તેમ જ કંચનબાની આસપાસ વણાયેલ પ્રસંગો અને પાત્રોને પણ લેખિકા પૂરતો ન્યાય આપી શક્યાં છે.

વર્તમાન જીવનની રોજબરોજની ઘટનાઓ, ક્લેશ, ઈર્ષ્યા, અદેખાઈ અને સ્વમાન જેવાં અનેક માનવીય સંવેદનોને તેમજ ભારત-પાકિસ્તાનની રચના સમયે ઉદ્ભવેલી નાજુક પરિસ્થિતિ સાથે સાથે આંતર-જ્ઞાતીય ભેદભાવો અને બ્રાહ્મણ પરિવારની રૂઢિચુસ્તતાનું નવલકથામાં સરસ ચિત્ર આલેખાયું છે. કંચનબા પોતાની આગલી અને પાછલી એમ બે પેઢી વચ્ચેના સેતુ દીસે છે. આમ, ત્રણ ત્રણ પેઢીના તાણાવાણા અને આંતર-બાહ્ય સંવેદનોની ઘટમાળ વચ્ચે કપરામાં કપરી પરિસ્થિતિમાં પણ કંચનબા પોતાના અસ્તિત્વને ટકાવી રાખવામાં સફળ રહે છે. કંચનબાનું આવું અનોખું વ્યક્તિત્વ જ આ નવલકથાનું આકર્ષણ કેન્દ્ર છે. પ્રાંતીય લોકબોલી અને સૌરાષ્ટ્ર-કરાચીના પ્રસંગનિરૂપણ નવલકથામાં સુપેરે મહોરી ઊઠ્યાં છે. - *અશોક ચાવડા*

કલાસ્મૃતિ

પાંડવાની ગાયિકા
શ્રીમતી તિજનબાઈ

આપણો દેશ તેના વિવિધ પ્રજા, ભાષા, લોકકલાઓ, ચિત્ર, શિલ્પ તેમજ સાંસ્કૃતિક તહેવારોથી જાણીતો છે. દેશના ઉત્તરે આવેલ, છત્તીસગઢ, આદિવાસી



લોકો, લોખંડની ધાતુ તેમજ ટેરાકોટા માટીનાં અદ્‌ભુત શિલ્પ માટે જાણીતા છે. તેમનાં લોકગીતો અને નૃત્યો પણ લોકપ્રિય થયેલાં છે. તેમાં પણ સન-૧૯૮૮માં ભારત, ફ્રાન્સ, મૈત્રીવિનિમય સહકારથી ફ્રાન્સ દેશના, પૅરિસમાં યોજાએલ 'ફેસ્ટિવલ ઑવ્ ઇન્ડિયા'માં ભારતના અન્ય કલાકારો સાથે છત્તીસગઢના ગ્રામ્ય વિસ્તારની તિજનબાઈ નામની ગાયિકાએ તેની આગવી 'પાંડવાની કથા' શૈલીથી સૌ પ્રેક્ષકોનાં મન જીતી લીધાં અને આ એક જ કાર્યક્રમથી તે લોકકલા જગતની સુપરસ્ટાર બની ગઈ, અને પદ્મશ્રીનો ખિતાબ પણ પામ્યાં.

જે કોઈ ગુજરાતી સદગૃહસ્થે, જીવનમાં એક વાર કવિશ્રી ઝવેરચંદ મેઘાણીનું 'કોઈનો લાડકવાયો' અને લોકકવિ શ્રી દુલાભાપા કાગનું 'મહાભારતના યુદ્ધનું વર્ણન' પ્રત્યક્ષ કે પરોક્ષ સાંભળ્યું હોય અને જે રોમાંચ અનુભવ્યો હોય, તેવું જ રોમાંચક તત્ત્વ આ લોકગાયિકા તિજનબાઈના 'પાંડવાની' કાવ્ય-કથા રચનાઓથી અનુભવાતું હોય છે. હાથમાં લાલ રંગનો એકતારો, ઉપર રાખડીઓ બાંધી હોય, લાલ રંગની સાડી, કાળા રંગનું પોલકું; હાથ, કમર અને ગળામાં ગામઠી ઘરેણાં, ચાંદીનો ઘૂઘરાવાળો કમરપટો, પગમાં ઘૂંઘરું, સેંથામાં કંકુ તેમજ કપાળે મોટો ચાંદલો સાથે મોઢામાં બનારસી પાન. બેચાર સહાયક કલાકારોનો, ઢોલક, મંજીરાં, હારમોનિયમનો સાથ, સાથે સ્ટેજ ઉપર મહાભારતની કથાનાં પાત્રો, યુદ્ધનું વર્ણન, કૃષ્ણ-અર્જુન સંવાદ, જે રીતે લોકબોલીમાં અસ્ખલીત રીતે તેમના મુખેથી વહેવા માંડે છે, ત્યારે શ્રોતાવર્ગ અવાક રહી જાય છે. લોકજીવનમાં વણાઈ ગયેલા એવા હિંદી, ઉર્દુ કે અંગ્રેજી શબ્દપ્રયોગ પણ કથામાં સાંભળવા મળે. ગામઠી બોલીમાં સ્વસ્તીવચન પણ સંભળાય, પણ બધું એકરૂપ બનીને શ્રોતાઓને એકધ્યાન બનાવી શકવા યોગ્ય થાય અને પ્રેક્ષકો જાણે કે કોઈ પુરાણ કાળના સમયમાં ગરકાવ થઈ જાય.

લોકગાયિકા તિજનબાઈનો છત્તીસગઢના અટારીપાટન ગામમાં જન્મ. પાંચ બાળકોમાં સૌથી મોટાં, કુટુંબની જવાબદારી, ૧૩ વર્ષની ઉંમરથી 'પાંડવાની' ગાવાનું શરૂ કર્યું. આ ઉંમરે તેમણે મહાભારતની કથાના પ્રસંગો કંઠસ્થ કરી લીધા. પિતા ચટાઈ, સાવરણી બનાવીને વેચતા-માંડ રૂપિયા પાંચ મળતાં. તેમાં ગુજરાન ચલાવવાનું. પરંતુ તિજનબાઈની મહત્ત્વાકાંક્ષા એટલી તીવ્ર હતી કે જીવનમાં કંઈક બનવું જ છે. તેમણે ૧૫ વર્ષની ઉંમરે ચુનકારી ગામમાં લાગલાગટ ૧૮ દિવસ સુધી કાર્યક્રમ આપ્યો અને સૌપ્રથમ વાર રૂપિયા ૨૦૦ અને ચાર બોરી ઘઉં મળવાથી ઉત્સાહ વધ્યો. અમારી જાતિમાં સ્ત્રીઓ, ગાવા-નાચવાના વ્યવસાયમાં ક્યારેય ના જઈ શકે, પણ મેં બધાં જ બંધનો તોડીને કંઈક કરી બતાવવાનું નક્કી કર્યું, જેનું ફળ મને મળેલ છે. ૧૦ વર્ષની ઉંમરે ગામના જમીનદારના દીકરાના મુંડન પ્રસંગે ગાન-નાચ માટે તેમને બોલાવ્યાં. જિંદગીમાં પહેલી વાર રૂપિયા ૧૦૦નો પુરસ્કાર મળ્યો. જેનાથી તબલાં, અને હારમોનિયમ વસાવવાની પ્રેરણા મળી. ગામડાંના કાર્યક્રમ દરમ્યાન, દિલ્હીના પ્રસિદ્ધ નાટ્યકાર-દિગ્દર્શક શ્રી હબીબ તનબીરની તિજનબાઈ પર નજર પડી. આ કલાપારખુએ તેમની શક્તિ પારખી અને પૅરિસમાં યોજાએલો 'ફેસ્ટિવલ ઑવ્ ઇન્ડિયા'માં તક આપી, ત્યારથી આજદિન સુધી તિજનબાઈએ ફ્રાન્સ ઉપરાંત ઇંગ્લન્ડ, સ્વિત્ઝરલૅન્ડ, જર્મની, ટર્કી, ટ્યુનિશિયા, માલ્ટા, સાઈપ્રસ જેવા દેશના શહેરોમાં પોતાની 'પાંડવાની' શૈલીના કથાનકથી અપૂર્વ લોકપ્રિયતા હાંસલ કરેલી છે.

ગાયિકા તિજનબાઈના અંતરંગ-જીવનમાં ડોકિયું કરતાં સ્ત્રીશક્તિનો પણ પરિચય થાય છે. નાની વયમાં થયેલાં પ્રથમ લગ્ન પડી ભાંગ્યાં. બીજી વખતના લગ્નથી પતિના ત્રાસથી ઘર છોડવું પડ્યું. છતાં તિજનબાઈએ પોતાનાં ગાયન અને કથાનક ચાલું રાખ્યાં અને ઉત્તરોત્તર પ્રસિદ્ધિ પામતાં ગયાં. આજે તેઓ તેમના ચોથા પતિ અને પાંચ બાળકો સાથે રહે છે. ભારત સરકારે તિજનબાઈને ભિલાઈના એક કારખાનામાં માનદ્ નોકરી અપાવેલ છે. જ્યાં તેમને યોગ્ય વેતન અને સન્માન મળ્યાં કરે છે. તેઓ તેમના પતિ તુલસીરામ સાથે ફાજલ સમયમાં બાળકોને 'પાંડવાની' ગીતકથાની તાલીમ આપવાનું કામ કરી રહેલાં છે.

ગાયિકા તિજનબાઈ કહે છે કે જ્યારે હું સ્ટેજ ઉપર એકતારો લઈને આવું છું. ત્યારે મારા ઉપર જાણે કે ભૂત સવાર થઈ જાય છે. અને કહે છે કે, 'દ્રૌપદી ચિરહરણ, કર્ણનું દાન, દ્રૌપદી સ્વયંવર, ભીમસેન દુશાસન વધ જેવી મહાભારતની કથા સમાજના આ લોકોને સંભળાવ જેથી પાંડવરૂપી સત્યનો જય થાય અને કૌરવરૂપી અસત્યનો વિનાશ થાય. નવેમ્બર ૨૦૦૩માં ડૉ. તિજનબાઈને મુંબઈના એક સમારંભમાં બીરલા ગ્રૂપ દ્વારા કલાશીખ પુરસ્કારથી નવાજવામાં આવ્યાં છે.'

– ગજેન્દ્ર શાહ

અનુસંધાન] માઈક મિલ્કન [પૃ. ૧૬૭થી

મિલ્કન જાણે છે કે આજે એનું કૅન્સર ઘટ્યું છે, પરંતુ એ ક્યારે વળતો હુમલો કરશે તે નક્કી નથી. નવો કોઈ ઉપચાર મળે ત્યાં સુધી મિલ્કન ટક્ ટક્ કરતાં બૉમ્બની જેમ જીવી રહ્યો છે. માટે જ આજે એ વધુ ધ્યાનપાત્ર વ્યક્તિત્વ ધરાવે છે. છેલ્લા દાયકાના એના દિવસો અત્યંત કરુણ પસાર થયા છે. આ રીતે જીવવું સહેલું નથી, પરંતુ એ તો ધક્કો મારવાનું ચાલુ રાખવામાં માનનાર જીવનયોદ્ધો છે. એનું જીવન કાચ જેવું છે. આથી જ હોલ્ડન કહે છે - 'If I were in his position, I would be in the French Riviera' સખ્ત કામ કરવું એની રુચિ છે અને એ જ એનું સુખી જીવન છે.

માઈક મિલ્કનનું જીવન એક બાજુ કરુણાના કાવ્ય જેવું છે તો બીજી બાજુ પરિશ્રમનું મહાકાવ્ય પણ છે. ❐

અનુસંધાન] મારો સાઈકલ-પ્રવાસ [પૃ. ૧૮૮થી

પડતી. છતાં ય એ બધાંની સામે મારી વર્ષોની ઈચ્છાપૂર્તિનો આનંદ અવર્ણનીય હતો.

ચાલુ સાઈકલે જ મેં પાણી પીધું, શરબત પીધું, બિસ્કીટ ખાધાં, ચેવડા-ભૂસાના ફાકા માર્યા, આઈસ્ક્રીમ ખાધો, વાળ ઓળ્યા ને માથું હલાવ્યું, આંખો ઝપકાવી, મોં ધોયું-લૂછ્યું, અરીસામાં જોઈ મેક અપ કર્યો, દુપટ્ટો - બે હાથ ઊંચા કરી હવામાં લહેરાવ્યો, માથું ઢાંકી ગળે વીંટાળ્યો, ગૉગલ્સ પહેર્યા-કાઢ્યાં, વૉકમેન પહેર્યું, એકાદ-બે ગીત સાંભળી મૂકી દીધું. વચ્ચે વચ્ચે શરબત, પાણી ચાલુ રાખ્યાં. ચોપડીમાંથી બે-ચાર પાનાં પણ વાંચ્યાં. તે દરમિયાન પૅડલ સતત ચાલુ હં કે! ખરેખર, બહુ મજા આવી. (ગંગાને પણ મનોરંજન સાથે નાસ્તા-પાણી કરાવ્યાં. કોઈ રખે એવું ધારી લે કે, મેં એને ટટળાવી કે રિબાવી! આટલી મજા તો એને પૈસા ખર્ચતા ય ન મળે.)

આવા બધા આનંદનું કોઈ પૂર્ણવિરામ હોતું નથી, પણ સમય પણ થતો હોવાથી (મારો નહીં-મારા ખેલનો) મેં બધો ખેલ સમેટી લીધો. ગંગાને હાશ થઈ હશે ને મનોરંજન મળ્યું હશે તો ખેલ પૂરો થયાનું દુઃખ પણ થયું હશે. આવું ફરી ક્યારે જોવા મળશે? જો એની સાથે એની કોઈ સખી હોત તો મને ખાતરી છે કે, બંને હસીહસીને ગાંડી થઈ ગઈ હોત!

ઘેર ગઈ. કોઈ આવ્યું નહોતું. મને હાશ થઈ. સાઈકલ સ્ટૅન્ડ પર ચડાવી પાંચેક મિનિટ ફરી બેસી લીધું. જ્યારે સાઈકલ પરથી ઊતરી ત્યારે જ ભાન થયું કે અત્યાર સુધી તો હું સ્ટૅન્ડ પર રાખેલી સાઈકલ પર બેઠી હતી ને મનઃપ્રદેશમાં ઘૂમી વળી સપનાં જોઈ આવી હતી. એ તો મારી ફિટનેસ સાઈકલ હતી જે ગમે તેટલાં પૅડલ મારવા છતાં એક મી.મી. પણ આગળ વધતી નહોતી ને બંને હાથ છૂટા રહેવાથી સાઈકલના ખેલના વિચારો આવવા સ્વાભાવિક હતા! ❐

અનુસંધાન] દાદરા અને નગરહવેલી [પૃ. ૧૯૩થી

ચામડાની વસ્તુઓ, ચંપલ, જોડાં, વાંસના ટોપલા, છાબડીઓ, ટોપલીઓ, સાવરણા વગેરે બનાવતાં હતાં. ૧૯૬૭-૬૮થી અહીં નાના પાયે ઔદ્યોગિક વિકાસ શરૂ થયો; સહકારી ધોરણે ઔદ્યોગિક વસાહત સ્થાપવામાં આવી. ત્યાર બાદ સિલ્વાસા મસાત તથા ખડોલીમાં ત્રણ સરકારી ઔદ્યોગિક વસાહતો સ્થાપવામાં આવી. માર્ચ ૨૦૦૧ સુધીમાં ૧૧૮૦ નાના ઉદ્યોગો તથા ૩૩૦ મધ્યમ કક્ષાના કાપડ, ઇજનેરી, પ્લાસ્ટિક, ઇલેક્ટ્રોનિક્સ, રસાયણો, ફાર્માસ્યુટિકલ ઇત્યાદિ ઉદ્યોગોમાં ૩૨,૦૦૦ કરતાં વધારે લોકો રોજગારી મેળવે છે અને તે દ્વારા રૂપિયા ૨૭૪૬ કરોડનો માલ પેદા કરે છે.

સિંચાઈ અને ઊર્જા : પોર્ટુગીઝો પાસેથી સ્વતંત્ર થતા પહેલાં અહીં સિંચાઈની કોઈ સુવિધા નહોતી. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ બાદ, સિંચાઈની વ્યવસ્થા વિકસાવવા યોગ્ય પગલાં ભરવામાં આવ્યાં અને વિવિધ સ્થળે સિંચાઈની ૧૧૮ લિફ્ટ ઇરિગેશન યોજનાઓ પૂરી કરવામાં આવી. દમણગંગાની બહુલક્ષી સિંચાઈ યોજના પૂરી થવાના આખરી તબક્કામાં છે. કેન્દ્રનાં ઊર્જા ઉત્પાદનનાં કેન્દ્રોમાંથી ઊર્જા પૂરી પાડવામાં આવે છે. સમગ્ર પ્રદેશમાં વીજળીની સુવિધા થઈ ગઈ છે.

વાહનવ્યવહાર : આ પ્રદેશની પોતાની વાહનવ્યવહારની પદ્ધતિ નથી. પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોના વાહનવ્યવહારનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રદેશમાં કુલ ૫૪૬ કિ.મી. લંબાઈના રસ્તા છે. ૬૮ ગામોને બધી ઋતુઓમાં વાપરી શકાય એવા માર્ગોથી સાંકળી લેવામાં આવ્યાં છે. મુંબઈથી અમદાવાદનો રેલવે માર્ગ વાપીને જોડે છે. સૌથી નજીકનું હવાઈ મથક મુંબઈ છે.

પ્રવાસન : આ પ્રદેશમાં અનુકૂળ આબોહવા તથા જંગલોના અંતરિયાળ પ્રદેશોને ધ્યાનમાં રાખીને પ્રવાસન વિભાગને ઉચ્ચ અગ્રીમતા આપવામાં આવી છે. પ્રવાસીઓને આકર્ષે એવાં જાણીતાં સ્થળોમાં તાડકેશ્વર શિવમંદિર, વૃંદાવન, ડીઅર પાર્ક ખાનવેલ, વનગંગા લેક, વનવિહાર ઉદ્યાન, પ્રાણીસંગ્રહાલય, બાલઉદ્યાન, આદિવાસી સંગ્રહાલય અને સિલ્વાસામાં હિરવાવન ઉદ્યાન.

ઉત્સવો : આ પ્રદેશમાં હિંદુ, મુસલમાન અને ખ્રિસ્તીઓના સર્વે તહેવારો ઊજવવામાં આવે છે. આદિવાસીઓ તેમના પોતાના તહેવારો શ્રદ્ધાપૂર્વક અને પારંપરિક રિવાજો મુજબ ઊજવે છે. ઘોડિયા અને વર્લી જાતિનાં લોકો દિવાસો અપૂર્વ ઉત્સાહથી ઊજવે છે. ઘોડિયા લોકો રક્ષાબંધન પણ ઊજવે છે. અન્ય તહેવારોમાં વરલી અને કોળી લોકોમાં ભવાડા ઊજવવામાં આવે છે. પાક લણ્યાં પછી બધાં આદિવાસીઓ ખલીપૂજાનો તહેવાર ઊજવે છે. પાક લણતા અગાઉ તેઓ ગ્રામદેવીનો તહેવાર ઊજવે છે. ❐

અનુસંધાન] ગામને અજવાળતા ઘરદીવડા [પૃ. ૧૯૧થી

સપનાંની લિપિ એ ઉકેલી શક્યું નથી. અતુલ પંચાલ હજી એને મન ગામના ગોંદરે લોઢાં ટીપતો લવારિયો જ છે - અમેરિકા જઈને એ ભલે ને બિલ ક્લિન્ટન જોડે બેસીને ગામ-ગપાટા મારતો હોય !

કડિયાદરાનો આ વિવેક તે દિવસે મંચસ્થ મહાનુભાવોને ય ખાસ્સો ભારે પડ્યો. દોઢ વાગ્યે શરૂ થયેલી સભા છ વાગ્યે પણ સમેટાઈ ન હોત. નાછૂટકે અમારે થોડા કડક બનવું પડ્યું. શાળાના ભૂતપૂર્વ આચાર્ય બે શબ્દો કહેવા ઊભા થયા અને એ બે કલાકેય પૂરું ન થઈ શકે એવું લાંબું ભાષણ ભરડવા લાગ્યા છતાં કોઈ ટકોર સરખી ન કરી શક્યું ! આ દીર્ઘસૂત્રતા જ આપણા દારિદ્રનું મૂળ નથી શું? મને કડિયાદરાના વિદ્યાતીર્થમાંથી એક નોખી ભાતનો તણખો મળ્યો તે આ. □

અનુસંધાન] શામળાજીનાં શિલ્પો - ૬ [પૃ. ૧૯૯ થી

મૂર્તિઓ બીજી બધી મૂર્તિઓ કરતાં જૂના સમયની છે. અહીંની વિશ્વરૂપ મૂર્તિના મુકુટનો આકાર મથુરામાં જોવા મળતી ઇન્દ્રની મૂર્તિ સાથે સામ્ય દર્શાવે છે. આ શૈલી સિથિયન શૈલીનાં શિરોઆવરણ તથા ઉદયગિરિમાં જોવા મળતી વિષ્ણુ-મૂર્તિનો ખયાલ આપે છે. અહીંની વિશ્વમૂર્તિ જેવી જ મૂર્તિ નડિયાદ નજીકના કઠલાલ ખાતે પણ છે, તેથી આપણે એમ માનવા પ્રેરાઈ શકીએ કે શામળાજીનું શિલ્પકાર્ય ખેટક (ખેડા) મારફતે ઍલિફન્ટા સુધી પ્રસર્યું હોય !

શામળાજી ખાતેથી ભીલડી (પાર્વતી) સાથે નૃત્ય કરતા ગણેશ તથા વામનની મૂર્તિઓ પણ મળેલી છે. ગુપ્તકાલીન શિલ્પશૈલીના આ અતિ સુંદર અને ઉત્કૃષ્ઠ નમૂના ગણાય છે. શામળાજીમાંથી મળેલી શિવની એક મૂર્તિ વારાણસી (કાશી)ના સારનાથમાંની લોકનાથની મૂર્તિને આબેહૂબ મળતી આવે છે. સારનાથવાળી મૂર્તિ પર પાંચમી સદીનું લખાણ છે. સ્કંધો પર ફેલાયેલા લાંબા કેશ, બાકીની બાંધેલી જટાનો શિરોભાગ, કંઠમાં આરોપાયેલી ૫૧ માળાઓ, તેમાંના ક્રમશઃ મોટા કદના થતા જતા મણકા, મધ્યમાંના અંડાકાર મણકા... આ બધાં લક્ષણો બંને સ્થળોમાંની મૂર્તિઓમાં એકસરખાં જણાય છે. અર્થાત્ આ બંને મૂર્તિઓ એક સમયગાળાની છે. મધ્યપ્રદેશમાંના બુખરા મંદિરોનાં શિલ્પ છઠ્ઠી સદીનાં ગણાય છે, તેમ જ ત્યાંની શિવની-ગણેશની મૂર્તિઓ પરનાં આવરણો તથા માતૃકાઓના અલંકારો શામળાજીની મૂર્તિઓ સાથે લગભગ સામ્ય ધરાવે છે. દેવગઢની મૂર્તિઓની તવારીખ માટે વિદ્વાનોએ ઈ.સ. ૪૭૫થી ૫૦૦નો સમય સૂચવ્યો છે. ઉદયગિરિ (બુદ્ધ-ઉદયગિરિ) અને બેસનગરની મહિષાસુર- મર્દિનીની મૂર્તિઓ શામળાજીની ભીલડીની મૂર્તિ સાથે આબેહૂબ મળતી આવે છે. શામળાજીમાંથી શિશુઓને લાડ કરતી માતાઓની મૂર્તિઓ પણ મળેલી છે, તે કદાચ કૃષ્ણ-યશોદાની હોય કે પછી નંદા, ગૌરી કે અંબિકા પણ હોય !

શામળાજીના રણછોડજી મંદિરમાં જોવા મળતી નંદી (વૃષભ)ની મૂર્તિ ગુપ્તકાલીન છે. એ જ રીતે, શામળાજીમાંથી ગંગાજીની ગુપ્તકાલીન મૂર્તિ પણ મળી છે. (ક્રમશઃ)

અનુસંધાન] યુરોપાયન [પૃ. ૨૦૪ થી

પારદર્શકતા સૌને સ્પર્શી ગઈ. (નહિ તેમને લોચો વાળ્યો કે નહિ અમારા જેવા અજાણને ખોટી માહિતી આપી).

અહીં એક સૌથી આકર્ષક 'ર્‍યુ રિવોલી' લાગ્યો. આખા ઍવન્યૂની બંને બાજુએ મોટા લૅમ્પ ટીંગાવેલા છે. તેની બીજી બાજુ કૉન્કોર્ડ પર લીસા-સોનેરી રંગના થાંભલા પર ચળકતી ફ્રેમમાં કલાત્મક લૅમ્પની એકધારી શ્રેણીને તેના ફૂટપાથ પર ચાલતાં ફૅશનેબલ વસ્ત્રધારીઓ પૅરિસનો એલિસ્માર્ગ લાગે. કદાચ, પૅરિસ એક જ એવું શહેર છે કે જે ચોવીસે કલાક ચેતનવંતું લાગે. માત્ર વાહનને મુદ્દે નહીં, પણ લોકોની અવરજવર અને આનંદપ્રમોદની પ્રવૃત્તિની દૃષ્ટિએ પણ જીવંત વર્તાય.

વિશ્વમાં પૅરિસ સહિત ફ્રેન્ચ પ્રજા સૌથી વધુ પર્ફ્યુમ વાપરે છે. વિશ્વમાં સૌથી વધુ દવા પર પૅરિસમાં ખપે છે ! મોજશોખ અને દવાને સંબંધ હશે ? સૌથી વધુ ફાર્મસી (કેમિસ્ટ)ની દુકાનો પણ અહીં છે. નિત્યનૂતન નાટ્યપ્રયોગો, બેલે, પશ્ચિમની લલિતકળા-નૃત્ય, સંગીતના શો અને ફૅશન આ બધાં ક્ષેત્રોમાં પૅરિસ એ વિકસેલા દેશોમાં અગ્રેસર પ્રયોગભૂમિ છે. કોકાકોલા, મૅકડૉનાલ્ડ અને પિત્ઝાહટના બોર્ડ ખૂબ જ જૂજ લગભગ ભાગ્યે જ જોવા મળે. ભારે 'ફાસ્ટ' જીવન જીવતાં પૅરિસવાસીઓ માટે આવું બધું હોય, તે સહજ લાગે છે. બિકીની અને બુકેની બંનેના સહઅસ્તિત્વને ફ્રેન્ચો પોષે છે !

પોતાની સ્ટાઇલ, નિજી ભાષા અને નિજી સાહિત્ય, તથા પોતાની સંસ્કૃતિ વિશેનો એમને ઊંચો ખયાલ છે. આ બધું તેમની આત્મઓળખની માવજત કરે છે. તો એમને બીજી પ્રજાઓથી પોતાને વધુ સંસ્કારી અને 'આગળ વધેલા' માનવા પ્રેરે છે. ગમે તેમ પણ, ભર્યાભર્યા શહેરી જીવનથી, સાંસ્કૃતિક પ્રતીકો અને સાહિત્યિક પ્રવૃત્તિને કારણે તેની મુક્ત બિન્ધાસ્ત જીવનશૈલીને કારણે તેની વારંવાર મુલાકાત લેવાનું મન થાય તેવું છે. આ પ્રવાસના સમાપનમાં મારા જેવા એક અલ્પકાલીન પ્રવાસીની માત્ર પ્રથમદર્શી છાપ જેવાં વિધાનો કરીશ. (ક્રમશઃ)

ગંગોત્રી

દેશાટન-૬૧



ભારતની ભૂમિ ઘણી પવિત્ર અને વૈદિક, ધાર્મિક અને પૌરાણિક તીર્થ-યાત્રાઓથી સભર છે. ઉત્તરમાં હિમાલય પર્વતમાંથી પવિત્ર નદીઓના જળપ્રવાહ આદિકાળથી સતત વહેતા રહ્યા છે. જળપ્રવાહોનાં ઉદ્‌ગમસ્થાનો ઘણા પવિત્ર અને ત્યાંના સ્નાનવિધિ ઘણા પુણ્ય ફળદાયી મનાય છે. ગંગોત્રી ભાગીરથી ગંગાને જમણે કાંઠે ૧૦,૩૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે. ગંગોત્રી એ ખરેખર ગંગાનદીનું ઉદ્‌ગમસ્થાન નથી. ગંગોત્રીથી ૨૨ કિ.મી. દૂર ઊંચાઈએ ગંગાનું ઉદ્‌ગમસ્થાન આવેલું છે જે ગૌમુખ નામે ઓળખાય છે. ગંગોત્રીમાં ગંગાજીનું મંદિર આવેલું છે. મંદિરમાં ગંગા, યમુના અને સરસ્વતીની પ્રતિમાઓ ઉપરાંત રાજા ભગીરથ અને આદિ શંકરાચાર્યની પ્રતિમાઓ આવેલી છે. અહીંની સાયંકાળની આરતી અત્યંત ભવ્ય હોય છે. ગંગોત્રીમાં એક મોટી ભગીરથ-શિલા આવેલી છે જ્યાં પર્યટકો શ્રાદ્ધ, પિંડદાન વગેરે કરે છે. અહીં ગંગા નદીનો પ્રવાહ ઘણો ઝડપી હોય છે અને ગંગા નદી આશરે ૪૦-૪૫ ફૂટ જેટલી પહોળાઈથી વહે છે. ગંગાકિનારે સાધુ-સંન્યાસીઓની ઘણી કુટિરો આવેલી છે. જ્યાં ઘણા સાધુઓ અખંડ તપસ્યા કરતા હોય છે અને ઈશ્વરની આરાધના કરતા હોય છે. ગંગોત્રીથી ગૌમુખ ૨૨ કિ.મી. દૂર આવેલું છે. ગંગોત્રીની યાત્રાનું માહાત્મ્ય ઘણું છે અને ત્રણ સ્થળે (૧) ઉદ્‌ભવસ્થાન ગૌમુખ, (૨) પ્રયાગ ત્રિવેણી સંગમ અને (૩) ગંગાસાગરના સંગમનાં દર્શન, સ્નાન અને યાત્રાનો અપાર મહિમા છે. - કા. વ. રામી



આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં
ઊડી રહ્યાં છે યાદના અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
('અટકળ'માંથી) - મનોજ ખંડેરિયા

માતૃસ્વરૂપનું જીવંત તીર્થ - પૂર્ણિમાબહેન પકવાસા

ગુજરાતી વિશ્વ સમાજે જેમને ખાસ અવૉર્ડ પ્રદાન કરીને ધન્યતા અનુભવી હતી એ હવે જેમને પદ્મભૂષણ અવૉર્ડ પણ મળ્યો છે તેવાં એકાણું વર્ષના શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા માત્ર ગુજરાત જ નહિ, પણ સમગ્ર ભારતવર્ષ તેમના માટે ગૌરવ લઈ શકે તેવાં માતૃસ્વરૂપાં ગુજરાતી નારી છે, જેમણે છેલ્લાં ત્રીસ વર્ષથી ડાંગ પ્રદેશને પોતાનું કાર્યક્ષેત્ર બનાવીને, ત્યાં એ વનવાસી પહાડીઓની વચ્ચે રહીને એમના સર્વાંગી ઉત્કર્ષ માટે જીવન અર્પણ કર્યું છે. ઋતંભરા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ અને વિશેષ તો ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ દ્વારા ડાંગ જિલ્લો સમગ્ર રાષ્ટ્રના નકશા ઉપર ગૌરવાન્વિત સ્થાન પામ્યો છે.

કર્મવીર પત્રકાર અમૃતલાલ દલપતભાઈ શેઠના નાનાભાઈ વ્રજલાલ શેઠને ત્યાં સુરેન્દ્રનગરમાં પૂર્ણિમાબહેન (મૂળ નામ પુષ્પાબહેન)નો જન્મ ૧૯૧૩ના ઑક્ટોબરની ૧લી તારીખે થયો. ૧૯૨૬માં મહાત્મા ગાંધી આ પરિવારના ત્રણ દિવસ માટે મહેમાન થયા ત્યારે તેર વર્ષની પૂર્ણિમાની ઓજસ્વિતા જોઈને પ્રભાવિત થયા હતા. અને પૂર્ણિમાએ પણ જાણે કે એ જ દિવસોમાં અહિંસા નિર્ભિકતા અને અન્યાય પ્રતિકારની શીખ મેળવી. આખા પરિવારે ત્યારે વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર કરીને ખાદીનો અંગીકાર કર્યો. આ પછી પૂર્ણિમાબહેન મહાત્માજી સાથે પત્ર વ્યવહારથી સતત સંપર્કમાં રહ્યાં, જેનો પ્રભાવ તેમની સમગ્ર જીવનચર્યા ઉપર રહ્યો.



૧૯૨૯માં તેમણે રાઈફલ, શૂટિંગ, જ્યુડો, કરાટે, લાઠીદાવ, લેઝીમ, જાંભીયા, યોગ, સંગીત અને આધ્યાત્મિક સાધનાનો અનુભવ લીધો. ૧૯૩૦માં તેમણે ધ્રોળના મીઠા સત્યાગ્રહમાં ભાગ લીધો અને ઘાયલ સત્યાગ્રહીઓની સેવાનું કામ કર્યું. તેમણે અનેક નાનામોટા સત્યાગ્રહોમાં ભાગ લઈને પોતાની અંદરના વિત્તને પ્રકટ કર્યું. ૧૯૩૦માં તેમની ધરપકડ બ્રિટિશ સરકારે કરી અને તેમને સાબરમતી જેલમાં મોકલી આપ્યાં.

૧૯૩૮માં તેમનાં લગ્ન મંગળદાસ પકવાસાના પુત્ર શ્રી અરવિંદ પકવાસા જોડે થયાં. આ એ જ મંગળદાસ પકવાસા કે જેઓ આઝાદી પછી મધ્યપ્રદેશના પહેલા ગવર્નર થયા હતા. લગ્ન પછી ૧૯૪૦માં પ્રથમ પુત્રી આરતીનો જન્મ થયો અને ૧૯૪૪માં પુત્રી સોનલનો કે જે હાલ સોનલ માનસિંગના નામે એક નૃત્યાંગના અને નૃત્યકલા વિશારદ તરીકે વિશ્વવ્યાપી ખ્યાતિ ધરાવે છે. પુત્ર અનુજ હાલ મુંબઈમાં જ સ્થાયી છે.

૧૯૪૭માં પૂર્ણિમાબહેને એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાંથી મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને શાસ્ત્રીય સંગીતમાં સ્નાતકની પદવી હાંસલ કરી. આ પછી તેમણે મધ્યપ્રદેશના પંચમઢી નામના હિલસ્ટેશન ઉપર આવેલી મિલિટ્રી કૉલેજમાં ઘોડેસવારીની, રાઈફલ, રિવૉલ્વર, મશીનગન વગેરે ચલાવવાની તાલીમ લીધી અને એ પછી તરત જ પંચાસી જેટલી મહિલાઓને પોતે એ તાલીમ આપી. ત્યાર બાદ એમણે નાગપુર એરપોર્ટ ઉપર વિમાની ઉડ્ડયનની છ અઠવાડિયાંની તાલીમ લીધી. નાસિકની ભોંસલે મિલિટ્રી સ્કૂલમાં એમણે સતત વીસ વર્ષ લગી મહિલાઓ માટેની શિયાળુ શિબિરમાં કૅમ્પ કમાન્ડન્ટ તરીકેની સેવાઓ આપી. ૧૯૫૩માં 'શક્તિદળની સ્થાપના કરી.' ૧૯૬૯માં 'શક્તિદળ'નું રૂપાંતરણ 'ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ' તરીકે થયું. આ સંસ્થાની પ્રવૃત્તિ મુંબઈમાં પણ ૧૯૭૪થી શરૂ થઈ. ૧૯૭૫માં ગુજરાત સરકારે સંસ્થાને સાપુતારામાં પચ્ચીસ એકર જેટલી જમીન શૈક્ષણિક સંકુલ માટે આપી. માત્ર શિક્ષણના મોરચે જ નહિ બીજા અનેક મોરચે આ સંસ્થાના માધ્યમથી પૂર્ણિમાબહેન યુદ્ધ આપી રહ્યાં છે.


પૂર્ણિમાબહેનને પદ્મભૂષણ અવૉર્ડ મળ્યો તે પહેલાં પણ અનેક અવૉર્ડ મળી ચૂક્યા છે: આદિવાસી સેવા માટે અમૃત પુરસ્કાર, સંસ્કારકેન્દ્ર વડોદરાનો પુરસ્કાર, મુંબઈનો અભિવાદન ટ્રસ્ટનો પુરસ્કાર, પત્રકાર ફાઉન્ડેશન મુંબઈનો પુરસ્કાર.

- રજનીકુમાર પંડ્યા ('ઓળખ'માંથી ટૂંકાવીને)

*

કાંતિભાઈ પટેલને પદ્મશ્રી ખિતાબ

અમદાવાદમાં દસ હજાર ચોરસ વાર જમીનમાં ફેલાયેલો માત્ર ભારતનો નહીં, સમગ્ર એશિયાનો અદ્યતન અને નમૂનેદાર ગણાતો આશરે ૧૦ કરોડની કિંમતનો શિલ્પ સ્ટૂડિઓ 'શિલ્પ ભવન' શિલ્પકાર કાંતિભાઈ પટેલે રાષ્ટ્રને સમર્પિત કર્યો. કાંતિભાઈ ખેડા જિલ્લાના સોજિત્રા ગામના તબીબ બળદેવભાઈ પટેલના જ્યેષ્ઠ પુત્ર. સિંગાપોર નજીક ઇન્ડોનેશિયાના બોર્નિયા ટાપુમાં જન્મેલા કાંતિભાઈના પિતા પાકા રાષ્ટ્રવાદી. ગાંધીવિચારથી આકર્ષાયેલા બળદેવ-ભાઈએ ૧૯૩૦થી ૧૯૩૫ સુધી ભારતમાં હતા ત્યારે આઝાદીની ચળવળમાં ઘવાયેલા સૈનિકોની સેવા કરી હતી. જે કાળે કોઈ પણ ડૉક્ટર અસ્પૃશ્યોને દવા આપવાનું તો ઠીક, તેમની તપાસ સુધ્ધાં માટે જતા નહોતા તે સમયે સોજિત્રામાં બળદેવભાઈ સામેથી તેમની પાસે જઈને વિનામૂલ્યે સુશ્રૂષા કરતા હતા.



આવા રાષ્ટ્રવાદી અને ગાંધીવિચારક પિતાને ત્યાં જન્મેલા કાંતિભાઈએ ગૂજરાત વિદ્યાપીઠમાં રહીને અભ્યાસ કર્યો છે. કાંતિભાઈ કહે છે, 'હું તો પ્રારંભમાં ચિત્રકામ કરતો એમાંથી શિલ્પ તરફની દિશા મળી અને પછી તો એ જ જીવનકર્મ બની રહ્યું.' કાંતિભાઈને નાનપણથી જ ચિત્રકામમાં રસ હતો. ચિત્રના દરેક વર્ગમાં તેઓ પ્રથમ વર્ગ મેળવતા હતા. ગૂજરાત વિદ્યાપીઠના ઉદ્યોગ વિભાગમાં શિલ્પશિક્ષણગુરુ દત્તા મહા પાસે તેમણે પ્રતિમા-શિલ્પસર્જનની તાલીમ લેવાનું શરૂ કર્યું. એ ..છી એમણે નાગપુર પાસે ખામ ગામમાં શિલ્પાચાર્ય મુકુન્દ શ્રીકૃષ્ણ પંધેજી પાસે જઈ કલાસાધના કરી. તેમણે કોઈ કલાશાળામાં અભ્યાસ નહોતો કર્યો, પણ વિદ્યાર્થીઓને ચિત્રકલા અને પ્રતિમાવિદ્યા શીખવતા જ તેઓ પોતે સિદ્ધહસ્ત શિલ્પી થયા હતા.

અનુભવી અને નિવડેલા ગુરુના માર્ગદર્શનમાં તૈયાર થઈને પ્રતિમાશિલ્પમાં પ્રથમ વર્ગ મેળવીને કાંતિભાઈ વતનમાં આવ્યા. આ દરમિયાન ખેડા જિલ્લાના અડાસ સ્ટેશને, ૧૯૪૨ની લડતમાં શહીદ બનેલા પાંચ વિદ્યાર્થીઓની યાદમાં સ્મારક સ્તંભ રચવાનું કામ તેમને સોંપાયું. તેમણે પોલીસ અત્યાચારનું દૃશ્ય એટલું હૂબહૂ ઊભું કર્યું કે તેમની પ્રતિભાની બધા પ્રશંસા કરવા લાગ્યા. કાંતિભાઈએ માત્ર ૨૭ વર્ષની વયે સરદારની સાડબાર ફૂટની ઊંચાઈની વિશાળકાય કાંસ્ય પ્રતિમાનું સર્જન કર્યું. આજે આ પ્રતિમા વલ્લભ વિદ્યાનગરમાં પ્રવેશતાં જ દૃશ્યમાન થાય છે. આ પ્રતિમામાં સરદારનું મજબૂત અને લોખંડી વ્યક્તિત્વ, તેમની મુદ્રા અને દેહછટા આબાદ ઝિલાયાં છે. આ પ્રતિમાનું અનાવરણ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે કર્યું હતું.

લૉસ ઍન્જલસમાં સ્થાયી થયેલા કાંતિભાઈના લઘુબંધુ આર્કિટેક્ટ રમેશભાઈ પટેલે આ સ્ટૂડિઓની ડિઝાઇન કરી છે. તેઓ કહે છે, 'શિલ્પ મગજથી કદી ના થાય, તેમાં હૃદય જ રેડવું પડે.' આથી જ કાંતિભાઈ જે વ્યક્તિવિશેષની પ્રતિમા બનાવવી હોય તે વિશે ખૂબ અભ્યાસ કરે. તેમના વિશે વાંચે, ફોટોગ્રાફ્સ મેળવે. મહાત્મા ગાંધીની પ્રતિમા બનાવતાં પૂર્વે કાંતિભાઈએ તેમની સાથે ૧૦૦ દિવસ વર્ધામાં રહીને તેમના ચહેરા-દેહ, વર્તન, વ્યક્તિત્વનો અભ્યાસ કર્યો હતો. વિશ્વના કદાચ કોઈ શિલ્પકારને આવી તક નહીં મળી હોય અને એટલે જ કાંતિભાઈએ તૈયાર કરેલી મહાત્મા ગાંધીની પ્રતિમા દેશ-વિદેશમાં ઠેર ઠેર મુકાઈ છે અને વખણાઈ પણ છે.

અમદાવાદમાં ઇન્કમટેક્સ ચાર રસ્તા પર જોવા મળતી દાંડી-કૂચ માટે જતા મહાત્મા ગાંધીની પ્રતિમા જોઈને તો 'ધ બ્રિજ ઑન ધ રિવર ક્વાઈ', 'લોરેન્સ ઑફ અરેબિયા', 'ડૉક્ટર ઝિવાગો' જેવી કૃતિઓના સર્જક ડૅવિડ લીને કહ્યું હતું, 'આટલા આબેહૂબ ગાંધી વિશ્વની બીજી કોઈ પ્રતિમામાં ઝિલાયા નથી. શિલ્પકારે ગાંધીજીના વ્યક્તિત્વને ઉપસાવનાર બધા જ ગુણોનું દર્શન આ શિલ્પમાં કરાવ્યું છે.' તેમણે તો પોતાની એક ફિલ્મના શૂટિંગનો પ્રારંભ જ આ પ્રતિમાના દૃશ્યથી કર્યો હતો. આ પ્રતિમાની આબેહૂબ પ્રતિકૃતિ ન્યૂ યૉર્કના મેનહટ્ટન વિસ્તારમાં મુકાઈ છે. ભારતના કોઈ કલાકાર દ્વારા સર્જાયેલી પ્રતિમા અમેરિકામાં મુકાઈ હોય એવી આ પ્રથમ ઘટના હતી. કાંતિભાઈએ સર્જેલી ગાંધીજીની આવી જ પ્રતિમા ગુયાનાની રાજધાની જ્યૉર્જ ટાઉનમાં પણ મુકાઈ છે.

શિલ્પ-સર્જનની સાડા પાંચ દાયકાથી પણ વધુ લાંબી યાત્રામાં કાંતિભાઈએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ઇન્દુલાલ યાજ્ઞિક,

સ્વામી વિવેકાનંદ, માતા મૅરી, ડૉ. વિક્રમ સારાભાઈ, વિનોબા ભાવે, સુભાષચંદ્ર બૉઝ, લાલબહાદુર શાસ્ત્રી, જૈન મુનિ, સાધ્વી મૃગાવતીજી, મા આનંદમયી, રામકૃષ્ણ પરમહંસ, શાસ્ત્રી મહારાજ, શ્રીમદ્ રાજચંદ્ર, સ્વામી મુક્તજીવનદાસ, કવિ ન્હાનાલાલ વગેરેની મનમોહક પ્રતિમા બનાવી છે.

સ્ટુડિઓમાં અતિથિગૃહ છે અને દેશવિદેશથી અનેક કલાપ્રેમીઓ-જીવનસાધકો અહીં આવતાં રહે છે. વર્ષો અગાઉ જ્ઞાતિજનોએ બતાવેલી કન્યા સાથે જ્ઞાતિના રીતરિવાજ મુજબ તેમનું લગ્ન થયું હતું પણ બેઉના સ્વભાવનો મેળ ન પડ્યો. સાત-આઠ વર્ષ પછી તેઓ છૂટાં પડ્યાં. બાર-તેર વર્ષથી એમનાં બહેન જયશ્રીબહેન તેમની સંભાળ રાખે છે. આજે ૭૮ વર્ષની ઉંમરે પણ ખાદીનો ઝભ્ભો અને લેંઘો પહેરીને સાવ સાદા પહેરવેશમાં તેઓ રોજ લગભગ ૧૨-૧૫ કલાક પોતાના સ્ટુડિઓમાં કામ કરે છે. રાષ્ટ્રને સમર્પિત કરાયેલા આ સ્ટુડિઓમાં હવે રાષ્ટ્રિય લલિતકલા અકાદમી દ્વારા પશ્ચિમ ક્ષેત્રનું પ્રાદેશિક કેન્દ્ર ખોલાશે.

- ('ઓળખ'માંથી ટૂંકાવીને)



ડૉ. ઇન્દ્રદેવ આચાર્યના 'વ્યંગચિત્રો'માંથી સાભાર

ફોર્મ-૪ નિયમ ૮ અનુસાર

પ્રકાશન-સ્થળ	:	કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
પ્રકાશનની સામયિકતા	:	માસિક
મુદ્રકનું નામ, રાષ્ટ્રિયતા અને સરનામું	:	ધીરુ પરીખ, ભારતીય, કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, અમદાવાદ - ૧
પ્રકાશકનું નામ, રાષ્ટ્રિયતા અને સરનામું	:	ઉપર પ્રમાણે
તન્ત્રીનું નામ, રાષ્ટ્રિયતા અને સરનામું	:	ઉપર પ્રમાણે
માલિકનું નામ અને સરનામું	:	ટ્રસ્ટીઓ : હીરાલાલ હ. ભગવતી, બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર ર. શાહ, ધીરુ પરીખ ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

હું, ધીરુ પરીખ, આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને સમજ પ્રમાણે સાચી છે.

૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪

-ધીરુ પરીખ

છો ને હું ના કનકદીવડી, કોડિયું માટીનું થૈ
ઉજ્જવાળું કો ગૃહ ગરીબનું, તોય મારે ઘણું ય.
વેણીભાઈ પુરોહિત

અગાઉ તૈમુર લંગની સમરકંદની કબર પર શબ્દો હતા કે જો મને ફરીથી આ દુનિયાની ઉપર લાવવામાં આવશે તો આ જગત એક મોટામાં મોટા યુદ્ધની ભીષણ જ્વાળાઓથી છવાઈ જશે. બન્યું પણ એવું જ. રશિયન વિજ્ઞાનીઓની ટુકડીએ ૧૯૪૨ના જૂનની ૨૨મી તારીખે તૈમુરના 'મમી'ને ખોદીને બહાર કાઢ્યું અન તે સમયે જ લગભગ ૪૪૦૦ કિ.મી. દૂરથી ૧૯૦ જર્મન ટુકડીઓ અને ૧૪૦૦૦ ટેંકો વડે રશિયા પરના આક્રમણનો આરંભ થયો હતો. વિધિની કેવી વિડંબના !

*


નાગોર અને જ્હેલોરના રાજા બખ્તને તેની ભત્રીજીએ ઈ.સ. ૧૭૨૧માં ઝેરમાં પલાળેલો એક ઝભ્ભો પહેરાવીને મારી નાખ્યો હતો.

*

ઍલેક્ઝાંડર આગોદો નામનો એક ફ્રેંચ બૅંકર ઈ. ૧૮૪૨માં મૃત્યુ પામ્યો ત્યારે આજની કિંમતે આશરે ૧૨૦,૦૦૦,૦૦૦ ડૉલરનો વારસો મૂકી ગયો હતો છતાં પણ તેણે પોતાના વસિયતનામામાં જણાવ્યું હતું: 'આટલી નજીવી રકમ મૂકી જવા બદલ હું મારાં પરિવારજનોની ક્ષમા ચાહું છું.'

*

લિમ્કા બુક ઑફ રેકૉર્ડ મુજબ ઈ.પૂ. ૪૦૦માં સુશ્રુતે સર્વપ્રથમ પ્લાસ્ટિક સર્જરીનો પ્રયોગ કર્યો હતો.



'કુમાર' અક્ષરાંકનમાં 'કમળ'
(સી.એમ.ભટ્ટી, રાજુલા)

करिष्यामि करिष्यामि करिष्यामि चिन्तया ।
मरिष्यामि मरिष्यामि मरिष्यामि विस्मृतम् ॥
('હું ભવિષ્યમાં કરીશ, કરીશ, કરીશ' એવા વિચારમાં અને વિચારમાં 'હું મરી જઈશ, મરી જઈશ, મરી જઈશ' - એ વાત માણસ ભૂલી જાય છે.)
- 'ઉદ્‌ભટસાગર'માંથી

*

દારૂગોળાની શોધ ઈ.પૂ. ૮૦૦૦માં સૌપ્રથમ ભારતમાં થઈ હતી.

*

મરડાના ઔષધમાં અનુપાન તરીકે છાશ, દહીં, મધ, સાકર કે પાણીનો ઉપયોગ કરવો. લાભ થશે.

*

વરિયાળી, દૂધ અને સાકરનું ઠંડું શરબત પીવાથી ઊંઘ સારી આવે છે.

*

શાહજહાંએ ઈ. સ. ૧૬૧૮થી ૧૬૨૨ સુધીમાં શાહીબાગમાં નદીકિનારે બંધાવેલો 'મોતીશાહી' મહેલ ગવર્નરના નિવાસસ્થાન તરીકે વપરાતો. પરંતુ હાલ ત્યાં સરદાર પટેલ મેમૉરિયલ મ્યૂઝીઅમ છે. ઈ. ૧૮૭૮માં રવીન્દ્રનાથ ટાગોર પોતાના ભાઈને ત્યાં અહીં થોડો સમય રહેલા. એમની સ્મૃતિમાં પણ અહીં સ્મારકકક્ષ છે.

*

જો વીજળીની સગડી કે ગૅસના ચૂલા પર ડાઘ પડી ગયા હોય તો થોડું ચોખ્ખું કપૂર એરંડાના તેલમાં પલાળી ડાઘવાળા ભાગ પર ઘસવાથી ડાઘ સાફ થઈ જશે.

*

ગરનાઈ નામની માછલી પાણીમાં તરી, હવામા ઊડી અને જમીન પર ચાલી શકે છે.



નીતિન ભટ્ટ ('ફૂલછાબ'માંથી) સાભાર

*

શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યું : 'બોલો માખી અને હાથી વચ્ચે શો ફેર છે ?'

એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો : 'સાહેબ, માખી હાથી પર બેસી શકે, પણ હાથી માખી પર બેસી શકે નહીં.'

*

ઈટલીની સાન ગ્રાસોની પહાડી પ્રયોગશાળા ૧૪૦૦ મીટર ઊંડી, ૧૦૦ મીટર લાંબી અને ૧૮ મીટર ઊંચી કોતરીને બનાવેલી છે. આ પ્રયોગશાળા ગુરુત્વાકર્ષણના તરંગો શોધવા માટે વિશ્વમાં અજોડ છે.



કલાકણિકા : ૧૯મી સદીની મહારાષ્ટ્રની આ કલાકૃતિમાં ઝૂલામાં બેઠાં બેઠાં દેવી શિવલિંગની પૂજા કરે છે.